# કસસુલ ઓલમા

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •
www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા



| નામ | પેજ |
|---|---|
| ઓલમાએ કિરામની ફઝીલત | 8 |
| (૧) જ. આકા સૈયદ ઈબ્રાહીમ બીન સૈયદ મોહમ્મદ બાકેરૂલ મુસવી | 48 |
| (૨) જ. હાજી મુલ્લા મોહમ્મદ તકી બીન મોહમ્મદુલ બુરગાનીયુલ કઝવયની | 84 |
| (3) જનાબ આખુન્દ મુલ્લા અબ્દુલ કરીમનો અહેવાલ | 156 |

| | |
|---|---|
| (૪) જનાબ શેખ ઝયનુદ્દીને બીન શૈખ નુરૂદ્દીન શહીદે સાની | 175 |
| (૫) જનાબ અલ્લામએ હિલ્લી, હસન બીન યુસુફ બીન અલીનો અહવાલ | 242 |
| (૬) જનાબ મોહમ્મદ બિન મોહમ્મદ બિન નોઅમાન શૈખ મુફીદ (અ.ર.) | 310 |
| (૭) જનાબ સૈયદ મુરતુઝા અલેમલ હોદાનો અહવાલ | 333 |
| (૮) જનાબે મોકદ્દસે અર્દબેલીનો અહેવાલ | 359 |

| | |
|---|---|
| (૯) જનાબ શેખ જાઅફર બીન શેખ ખીઝર નજફી અઅલલ્લાહો મકામોહુનો અહવાલ | 407 |
| (૧૦ થી ૧૫) છ આલીમોનો અહવાલ | 460 |
| (૧૬) આખુન્દ મુલ્લા હસન યઝદી સાહેબનો અહવાલ | 463 |
| (૧૭) જનાબ સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરી સાહેબનો અહવાલ | 476 |
| (૧૮) જનાબ આકા સૈયદ મોહમ્મદ મહદી “બહરૂલ ઓલુમ”નો અહવાલ | 561 |

| | |
|---|---|
| (૧૯) જનાબે સૈયદ રઝી અબુલ હસન મોહમ્મદ ઈબ્નીલ હુસયન અઅલલ્લાહો મકામોહુનો અહવાલ | 591 |
| (૨૦) જનાબ મોહમ્મદ બીન મોહમ્મદ ખાજા નસીરૂદ્દીન તુસી અ.ર. રહમાનો અહવાલ | 604 |
| (૨૧) જનાબ હાજી સૈયદ મોહમ્મદ બાકર બીન સૈયદ મોહમ્મતકી મુસવી શફતી રશ્તી | 643 |
| (૨૨) જનાબ આખુંદ મુલ્લા મોહમ્મદ બાકર મજલીસી | 709 |

| | |
|---|---|
| અઅલલ્લાહો મકામોહુનો અહેવાલ | 709 |
| (૨૩) જનાબે શહીદે અવ્વલનો અહવાલ | 756 |
| (૨૪) જનાબ મોહમ્મદ બીન યાકુબ કુલયની અઅલલ્લાહો મકામોહુનો અહવાલ | 773 |
| (૨૫) જનાબ શેખ અલી બીન શેખ મોહમ્મદનો અહવાલ | 778 |

# ઓલમાએ કિરામની ફઝીલત.....

ઇમામે અલી રઝા અ.મે ફરમાવ્યું :

"આલિમે દીનની નિશાની આ છે કે તે સહનશીલતા અને મૌનનો માલિક હોય."

અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

"આલિમ ન તો મૂરખ હોય છે ન તેના દિલમાં ઘમંડ હોય છે. શયતાનની મકરો ફરેબ ભરી જાળમાં આલિમ નથી આવતો."

અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

“(ખરા) આલિમે દીનની ત્રણ નિશાનીઓ છે. ઇલ્મ, સહનશીલતા અને મૌન. એવીજ રીતે વગર પરશ્રિમે બની બેઠેલા (ખોટા) આલિમના આ ત્રણ ચિન્હો છે કે તે હંમેશા પોતાનાથી ચડીયાતાની સાથે ઝઘડો કરે છે, પોતાનાથી ઉતરતા પર વર્ચસ્વ ચાહે છે અને ઝાલીમોની (કોઇ પણ પ્રકારથી) સહાય કરે છે.”

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

“(નેક) આલિમનો હક આ છે કે તેને (જરૂરત કરતા) વધારે પ્રશ્નો ન કરો. જ્યારે તે મજલિસ (બેઠક)માંથી ઉઠવા ચાહે તો તેનો પાલવ ન પકડો. (કે તે તમને તમારા પ્રશ્નોનો

ઉત્તર આપેજ આપે.) જ્યારે એમના પાસે જાવ અને અમુક લોકો ત્યાં બેઠા હોય તો બધાને સલામ કરો અને આલિમને વિશેષતા સાથે સલામ કરો. આલિમની સામે (વિવેકથી) બેસો, પાછળ ન બેસો.

પોતાની આંખો તથા હાથોથી ઇશારા ન કરો અને વધુ ન બોલો. એવી રીતે કે ફલાણા ફલાણાએ તમારા કથનથી વિરૂધ્ધ આમ કહ્યું છે. આલિમની સંગતમાં જરૂરતથી વધારે બેસીને એને પરેશાન ન કરો.

આલિમ (ની કૃપાઓ)નું ઉદાહરણ ફળદાર ઝાડની જેમ છે કે તમે ઇન્તેઝાર કરો કે તમારા પર (આધ્યાત્મિક માર્ગદર્શનના ફળરૂપી) કોઇ

વસ્તુ ઉપરથી પડે. આલિમનો અજ્ર (આખેરતમાં બદલો) રોઝેદાર, નમાઝી અને અલ્લાહની રાહમાં જેહાદ કરવાવાળાથી પણ વધારે છે.”

ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

“શયતાન માટે આલિમે દીનની મોત દરેક મોઅમીનની મોતથી વધારે પ્રિય છે.”

ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

“જ્યારે કોઇ મોઅમીન આલિમે દીન મૃત્યુ પામે છે તો ઇસ્લામ (ના પ્રચાર અને

પ્રસિધ્ધિ)માં એવા વિદનો નડે છે જેને કોઇ વસ્તુ હટાવી નથી શકતી.”

ઇમામે મૂસએ-કાઝિમ (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું :

“જ્યારે કોઇ મોઅમીને ફકીહ (ઇસ્લામી શરીઅતના કાનુનોનો નિષ્ણાંત) મરી જાય છે ત્યારે મલાએકા એના માટે આંસુ વહાવે છે. જમીનના એ ભાગો રૂદન કરે છે જેના પર એણે ઇબાદત કરી હોય અને આસમાનના એ દરવાજા રોવે છે જેમાંથી થઇને એના અઅમાલ ઉપર ગયા છે.

તેના મરણના કારણે ઇસ્લામના પ્રચારમાં એવી અડચણો તથા મુશ્કેલીઓ પડે છે કે કોઇ

ચીજ એને દૂર નથી કરી શકતી, કારણ કે (ખરા) ઓલમાએ દીન ઇસ્લામના એવીજ રીતે કલ્લિા છે જેવી રીતે શહેરોના રક્ષણ માટેની દિવાલો શહેરની ચારે તરફ હોય છે.”

ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

“શયતાનને સર્વથી વધારે પસંદ આલિમે દીનની મોત છે.”

ઇમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

“મારા વાલિદે બુઝુર્ગવારે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ ઇલ્મને માનવજાતની ભલાઇ કાજે નાઝિલ કર્યા પછી નથી રોકયું પણ

જ્યારે કોઇ (નેક) આલિમે દીન મૃત્યુ પામે છે તો તે પોતાની સાથે પોતાનું ઇલ્મ લઇ જાય છે. પછી એમની જગ્યાએ (આલિમોના રૂપમાં) એવા દુર્જન અને તોછડા લોકો આવી જાય છે જેઓ ખુદ પણ ભટકેલા (ગુમરાહ) હોય છે અને બીજાઓને પણ સત્ય પંથથી ભટકાવી દે છે. સદાચરણ (તકવા અને પરહેઝગારી)ની એવી વાતોનું કાંઇ વજન નથી જેનો (માઅરેફત અને તઝકીયએ નફસરૂપી) કોઇ પાયો નથી હોતો."

ઇમામે ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) ફરમાવ્યા કરતા હતા કે :

"મારૂં પોતાનું મૃત્યુ અને અમારા ઘરવાળાઓના ખૂનને હું સહન કરી શકું છું કારણ કે અમારા સંબંધમાં અલ્લાહે ફરમાવ્યું :

"શું તેઓ આ નથી જોતા કે અમે ભૂમિને તેની ચોમેરથી બરાબર ઓછી કરતા ચાલ્યા આવીએ છીએ ?"

(સુ. રઅદ, આ. ૪૧)

જેનાથી મતલબ ઓલમાનું મરણ પામવું છે." આલીમોના જીવન વિષે વર્ણન કરતાં પહેલાં આલિમોના ફઝાએલ ટૂંકમાં બયાન કરૂં છું. અલ્લાહ તઆલા કુરઆને શરીફમાં ફરમાવે છે કે: "ઈન્નમા યખ્શલ્લાહો મિન એબાદેહલિ ઓલમાઅ." એટલે ખુદાના બંદાઓમાં જેઓ

આલિમો છે તેઓ ખુદાથી ડરે છે. એનું કારણ એ છે કે જ્યારે તેઓ ઈલ્મ શીખે છે ત્યારે ખુદાને ઓળખે છે અને તેના હુકમો જાણે છે, તેથી તેઓ ખુદાની નાફરમાની કરીને અઝાબમાં ગીરફતાર થવાથી ડરતા રહે છે અને ખુદાની નાફરમાની કરતા નથી.

આલિમ હોવા છતા ખુદાથી જે ન ડરે અને ગુનાહ કરે તો તે એવો આલિમ છે કે જાણે વરસાદ વિનાનું વાદળું, બલ્કે તેથી પણ ખરાબ, આલિમ અગર ગુનાહ કરે તો તેને વધારે અઝાબ થવાનો, કેમકે તે ઈલ્મ ધરાવે છે અને જાણે છે છતાં ગુનાહ કર્યા છે.

જો કે આ આયત સામાન્ય આલિમો માટે છે, પણ હક એ છે કે જે ઓલમાની ખુદાએ તાઅરીફ કરી છે તે ખાસ અહલેબયત (અ.સ.) છે, કે તેઓ માઅસુમ હતા અને ખુદાનો ‘હકીકી ખૌફ’ રાખી ડરતા હતા.

હઝરત ઈમામે જાઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું છે કે આલિમો એજ છે કે જેમની વાત તેમના કાર્યની સાથે બંધબેસતી હોય એટલે જે કહે તે કરતા પણ હોય, જે લોકોને શીખામણ આપે તે મુજબ પોતે પણ અમલ કરતા હોય, અગર એમ ન હોય તો તે આલિમમાં નહીં ગણાય.

ખુદાએ તઆલા કુરઆને શરીફમાં સુરએ ‘મુજાદેલહ’માં ફરમાવે છે કે ‘યરફઉલ્લાહુલ્લઝીન આમનુ મિન્કુમ, વલ્લઝીન ઉતુલ ઈલ્મ દરજાત.’ એટલે તમારામાંથી જેઓ ઈમાન લાવ્યા છે તેમના મરતબાને દુન્યામાં તેમની મદદ કરીને અને તેમનો નેક ઝિક્ર કરીને બુલંદ (ઉંચા) કરશે, અને જેઓને દીની ઈલ્મ આપવામાં આવ્યું છે તેઓના દરજ્જાને બુલંદ કરશે.

હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમએ ફરમાવ્યું કે જે પ્રમાણે તમામ ખલ્કત ઉપર ખુદાની ફઝીલત છે તે પ્રમાણે શહીદ ઉપર દરજ્જાની રૂએ આલિમની

ફઝીલત છે, તેજ પ્રમાણે શહીદની ફઝીલત આબિદ ઉપર છે અને રસુલની ફઝીલત તમામ આલમ ઉપર, તેમજ તમામ કલામોની ઉપર કલામુલ્લાહની ફઝીલત છે, અને મારી ફઝીલત જે પ્રમાણે એક અદના માણસ ઉપર છે તે પ્રમાણે આલિમની ફઝીલત તમામ લોકો ઉપર છે.

તેમજ આપે ફરમાવ્યું કે આબિદ ઉપર આલિમની ફઝીલત તારાઓ ઉપર પુનમના ચંદ્રની ફઝીલત સમાન છે, આલિમ અને આબિદની વચ્ચે એકસો દરજ્જાનો ફર્ક છે, અને તે એવા દરજ્જા કે એક દરજ્જાથી બીજા

દરજ્જા સુધીનું અંતર તેજ દોડનાર ઘોડો સીત્તેર વર્ષ સુધી દોડે એટલું છે.

અને આપે ફરમાવ્યું કે કયામતના દિવસે ત્રણ પ્રકારના લોકો ગુનેહગારોની શફાઅત કરશે:

૧. નબીઓ

૨. આલિમો

૩. શહીદો.

'નાજી' અર્ઝ કરે છે કે: આમાં ઈમામો વિશે આવ્યું નથી પણ ઈમામો નબીઓના પેટામાં આવી જાય છે, અથવા આલિમોના સરદાર ઈમામો (અ.સ.) છે તો તેઓ તેમાં આવી જાય છે.

"કલમએ તય્યબહ"માં વર્ણન છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે કોઈ ઈલ્મ એટલા માટે શીખતો હોય કે ઈસ્લામને જીવંત કરે અને તે ગુજરી જાય તો તેનો એક દરજ્જો એ છે કે તે તેના ઈન્તેકાલ પછી બેહીશ્તમાં નબીઓ સાથે હશે. એજ હઝરતે ફરમાવ્યું કે આબીદ હજાર રકાત નમાઝ પડે એ કરતાં આલિમનું સુવું અફઝલ છે, અને આપે ફરમાવ્યું કે હું તમોને એ લોકોના સમુહ વિષે જણાવું કે જેઓ નબીઓ અને શહીદો નથી છતાં તેઓના એ દરજ્જા છે કે જે તેઓને ખુદા તરફથી મળશે કે તેઓ નુરના મીમ્બરો ઉપર બિરાજમાન હશે. તે

જોઈને નબીઓ અને શહીદો ‘રશ્ક’ કરશે, એટલે કહેશે ઓહો! આ લોકોને આવા દરજ્જા મળ્યા!! અમોને પણ એવા દરજ્જા મળે તો કેવું સારૂ! આ સાંભળી કોઈએ પૂછ્યું: યા રસૂલુલ્લાહ! તેઓ કોણ હશે? આપે (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ જવાબ આપ્યો કે તે એ લોકો છે કે જેઓ બંદાઓને ખુદાની અને અમારી મોહબ્બત વિશે ઓળખ કરાવે છે. અને ખુદા જે કામને પસંદ કરે છે તેનો તેઓને હુકમ કરે છે અને જે કામથી ખુદા અણગમો રાખે છે તેની તેઓને મનાઈ કરે છે, તો તેઓ એ લોકોની ફરમાબરદારી કરશે તો ખુદા તેઓને દોસ્ત રાખશે.

'મીફતાહુશ્શેફાઆ'માં બેહારૂલ અન્વારની પહેલી જીલ્દના આધારે વર્ણન છે કે: ઈમામ હસને અસ્કરી(અલય્હિસ્સલામ) થી મનકુલ છે કે એક માણસ, એક બીજા કોઈ માણસને લઈને ઈમામે ઝયનુલ આબેદીન અ.ની ખીદમતમાં આવ્યો, તેને ગુમાન હતું કે આ માણસે તેના બાપને મારી નાખ્યો છે, અને તે માણસે કબૂલ પણ કર્યું : હા! મેં આના બાપને મારી નાખ્યો છે, પણ તે કહેતો હતો કે કોઈ પણ રીતે મને માફ કરી આપ.

ઈમામે ફરમાવ્યું: જો આ માણસનો કાઈ એહસાન તારા ઉપર હોય તો તેને તારા બાપનું ખુન માફ કરી તેને મુકત કરી દે, તેણે કહ્યું:

તેનો એક હક મારા ઉપર છે. પણ એવો મોટો હક નથી કે તેના બદલામાં મારા બાપનું ખુન માફ કરી આપું. તો ઈમામે પૂછ્યું હવે તારી શું મરજી છે? તેણે કહ્યું: મારા બાપના ખૂનના બદલામાં આને કત્લ કરવા ચાહું છું. પણ આનો હક મારા ઉપર છે તેના કારણે જો તે કત્લ થવાને બદલે મને ‘ખૂંબહા’ (ખૂનના બદલામાં અમુક રકમનું વળતર) આપે તો સુલેહ કરીને બક્ષી આપું. હઝરતે પૂછ્યું તેનો તારા ઉપર શું હક છે. તેણે કહ્યું: યા રસૂલુલ્લાહના ફરઝંદ! મારા ઉપર તેનો એ હક છે કે તેણે મને ખુદાની તૌહીદ, મોહમ્મદ સ. ની નબુવ્વત અને અલી

અ. તથા બીજા ઈમામોની મોહબ્બતની તાલીમ આપી છે.

આ સાંભળીને ઈમામે ફરમાવ્યું: ખુદાની કસમ અગર નબીઓ અને ઈમામો સિવાય તારા બાપનું તો શું તમામ દુનિયાનું ખૂન આ માણસે કર્યું હોય તો પણ તેણે તારા ઉપર જે એહસાન કર્યો અને તને જે શીખવ્યું તે હકની બરાબર થઈ શકતું નથી. એટલે તારા બાપનું ખૂન તેના હકની સામે કાંઈ ચીજ નથી, તેણે કહ્યું: આપે સાચું ફરમાવ્યું. પછી આપે તે કત્લ કરનારને કહ્યું: અય શખ્સ! તેં આ માણસને તલકીન કરી (મજકુર બાબતો તાલીમ કરી) તેનો સવાબ મને આપે છે? કે તેના બદલામાં

તારા તરફથી આ શખ્સને તેના બાપના ખૂનના બદલામાં પૈસા (આર્થિક વળતર) આપું કે તે તને કત્લથી મુકત કરે.

તેણે અર્ઝ કરી કે : યા મૌલા! હું પોતે એ સવાબનો મોહતાજ છું. અને આપતો ગની છો. આપને એની કાંઈ જરૂરત નથી. મારા ગુનાહ ઘણાં છે. ગુનાહની બક્ષીસ માટે મને મજકુર સવાબની જરૂરત છે. અને આપને કયાં સવાબની ખોટ છે? કિતાબના લેખક લખે છે કે હદીસ મોટી છે. ટૂંકમાં એ કે આપે તે મરનારના ફરઝંદને એમ પણ ફરમાવ્યું કે આ માણસે તારા બાપને કત્લ કરીને તેને દુન્યાની લઝ્ઝતોથી અને તને તેનાથી ફાયદો

મેળવવાથી અટકાવ્યો પણ તું સબ્ર કરીશ તો તારો બાપ જન્નતમાં તારી સાથે હશે, અને એ માણસે તને ઈમાનની તાલીમ આપી, તેથી તારા ઉપર જન્નત વાજીબ કરી અને તને હંમેશના અઝાબથી નજાત અપાવી, તો તેણે જે ગુનાહ કર્યો તેની સરખામણીએ તેનો એહસાન તારા ઉપર ઘણો જ વધારે છે, છેવટે તેણે પોતાના બાપના કાતિલને બક્ષી આપ્યો.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પાસે ઝિક્ર થયો કે બે માણસ હતા. તેમાં એક માણસ એવો હતો કે વાજીબ નમાઝ પડીને બીજાઓને તાઅલીમ આપતો હતો અને બીજો આખી રાત જાગીને ઈબાદત

કરતો હતો અને દિવસના રોઝા રાખતો હતો. હઝરતે ફરમાવ્યું: પહેલા માણસની ફઝીલત બીજા માણસ ઉપર એવી છે કે તમારામાંના અદના માણસ ઉપર જેવી મારી ફઝીલત છે.

હઝરતે ફરમાવ્યું કે : જે માણસ ઈલ્મનો કોઈ પાઠ એટલા માટે શીખે કે ખુદાની ખુશી માટે બીજાઓને તાઅલીમ કરે અને શીખવે તો ખુદાએ તઆલા તેને સીત્તેર પયગમ્બરનો અજ્ર અતા ફરમાવશે.

ઉપરાંત આલિમોની ફઝીલતમાં બીજી ઘણી હદીસો છે, એટલે સુધી કે આલિમોએ દીનના એહકામ વગેરે લખેલી શાહીને શહીદોના લોહી સાથે તોળશે તો તે શાહી વધી

જશે, તેમજ જે મોઅમીન મરી જાય અને એક પાનું મુકી જાય કે તેના ઉપર ઈલ્મી લખાણ લખેલ હોય તો તે પાનું તે માણસ અને જહન્નમ વચ્ચે આડ અને પરદો બની જશે. અને તે પાના ઉપર જેટલા અક્ષરો હશે તે દરેક અક્ષરના બદલામાં અલ્લાહ તઆલા તેને જન્નતમાં એક શહેર અતા ફરમાવશે. અને તે શહેર સાત દુન્યા કરતા પણ મોટું હશે. આ રીતે આલિમો દીને ઈસ્લામને કાયમ રાખે છે અને જીવંત કરે છે.

આપણા ઉપર આલિમોના હક બેશુમાર છે, જેમકે એ વિશે 'ઝાદુલ યકીન' નામની કિતાબમાં લખે છે કે આગલા ઝમાનામાં બની

ઉમય્યા અને બની અબ્બાસીઓએ શીઆ મઝહબની કિતાબો શોધી શોધીને અને એકઠી કરીને હમ્મામમાં બાળી નખાવી, અને નદીઓમાં પધરાવી દીધી, અને મુનાફીકોને નાણાં આપી આપીને પોતાના સ્વાર્થને પૂરો કરવા માટે ખોટી હદીસો લખાવી અને તે જમાનાના મદ્રેસાઓમાં બચ્ચાઓને એ હદીસો યાદ કરાવી. ઈમામ (અ.સ.) પણ તકય્યાના કારણે એ લોકોને મળતી હદીસ પ્રસંગોપાત કહેતા હતા. અને એ લોકોએ ઈમામો ઉપર ઝુલ્મ કરવામાં કાંઈ બાકી રાખેલ નથી. એટલે સુધી કે બે ઈમામોને તલવારથી અને નવ ઈમામોને દગો કરીને જીવલેણ ઝેરથી શહીદ

કર્યા. એવા ઝાલીમ બાદશાહોના ઝુલ્મ અને અત્યાચારથી ભરેલા ભયાનક વાતાવરણમાં સહીહ અને ખરી હદીસોનો પત્તો કયાંથી લાગે? એવા મુશ્કીલ વખતમાં પણ આલિમોએ સહીહ અને ખરી હદીસો ઘણી મહેનત અને મુસીબત ઉપાડીને બલ્કે જાનને જોખમે મેળવીને ભેગી કરી, મઝહબને ખાનગીમાં બળ આપ્યું અને છેવટે બરાબર મજબુત દલીલોથી આ મઝહબને સાબિત કરી કાયમ રાખ્યો. ઉપર લખેલા કારણથી હદિસોમાં વિરોધાભાસ ઘણો છે. પણ ઈમામોએ હદિસો પારખવાની જે કસોટી બતાવી છે તે પ્રમાણે આલિમો ખરી અને ખોટી હદીસોને પારખીને જુદી કરી નાખે

છે, એટલે સુધી કે તેઓએ હદીસોના રાવીઓનો હાલ તેઓનો મઝહબ અથવા અકીદો તપાસી તપાસીને, નામોનો ઉલ્લેખ કરીને તે કિતાબોનું નામ ‘રેજાલ’ રાખ્યું. જેવો રાવી અને જેવી તેની ચાલ-ચલણ તેવો જ અને તેટલો જ તે ભરોસાપાત્ર કે બિનભરોસાપાત્ર સાબિત થશે. રાવીઓએ બયાન કરેલી હદીસનું નામ પણ રાખવામાં આવ્યું છે. જેમ કે: સહીહ, કવી, મોઅતબર, ઝઈફ, વગેરે. અને એ પ્રમાણે તહકીક કરીને સહીહ હદીસ ચુંટી કાઢવાને ‘ઈજતેહાદ’ કહે છે, અને એટલું ઈલ્મ ધરાવનારને ‘મુજતહીદ’ કહે છે, અને ‘મુજતહીદ’ માટે જેટલા ઈલ્મની જરૂરત છે તે

મેળવે અને શીયા ઈસ્ના અશરી હોવા ઉપરાંત આદીલ પણ હોય તો તેની તકલીદ પણ થઈ શકે છે, એટલે કે તેઓએ શરઈ હુકમો ચુંટીને કાઢયા છે તેની ઉપર અમલ થઈ શકે છે.

‘નાજી’ કહે છે: કેટલાક લોકો તકલીદના અર્થને લોકોને ગેરમાર્ગે દોરવા માટે ખોટા અર્થ કરે છે. અને એવી વાતો કરે છે કે આ તો મુજતહીદની પૈરવી છે અને તેઓના હુકમ મુજબ ચાલવાનું છે. પણ, ખરેખર એવું નથી. મુજતહીદ ખુદા,રસૂલ અને ઈમામના હુકમ ને જ બયાન કરે છે. એ વાત ખોટી અને પાયા વગરની છે કે ‘મુજતહીદ’ પોતાના હુકમો બયાન કરે છે. મુજતહીદ કાલ્પનીક રીતે કોઈ

હુકમ આપતા નથી. પરંતુ અજ્ઞાન લોકો કુરઆન અને હદીસોથી અહકામે દીન સમજી શકતા નથી. તેથી ખાસ ખુદાની ખુશી માટે અને અજ્ઞાન લોકો ગુમરાહ ન થઈ જાય, તે માટે અને જેઓ દીનમાં નથી માનતા તેઓ દીનને સમજી શકે તે માટે ભૂખ-તરસ વેઠીને ફાકા કરીને, મુસીબતો સહીને પણ તેઓ શરીઅતના હુકમો આસાન કરીને બતાવે છે. ખરેખર આ કામનો દરજ્જો જેહાદ કરતા ઓછો નથી.

જેઓ પોતાને અખબારી કહે છે તેઓ એવી દલીલ કરે છે કે ઈજતેહાદ અને તકલીદ એટલે આંખો મીચીને અનુકરણ કરવું, એવું

કહેવાવાળા લોકો નફસની બિમારીથી પીડાતા હોય છે. સાચી વાત તો એ છે કે તેઓ આલિમ નથી પણ અજ્ઞાનતાનું પ્રદર્શન કરનારા છે. કારણકે તેઓ પણ આલિમોને પુછીને અમલ કરે છે અને મુજતહીદ અને મોકલ્લીદ ને ‘બશીર’ અને ‘મુબશ્શીર’ કહે છે. તો તકલીદ(પુછી ને તેના પર અનુસરણ કરવું) તો તે આમાં પણ છે. પરંતુ ફર્ક એ છે કે ‘ઉસૂલી’ તે હદીસોની ચકાસણી કરીને પછી અમલ કરે છે. ‘અખબારી’ઓ જે હદીસ સાંભળે તેના ઉપર અમલ કરે છે. ગમે તે રાવી સારો હોય કે ખરાબ હોય. અને તેથી તેઓ છેતરાઈ જાય છે. પૂરી તહકીક ન કરવાને કારણે નમાઝે

જમાઅત અને નમાઝે જુમ્આથી વંચિત રહે છે. ‘નાજી’ કહે છે કે : કોઈ શખ્સ તકલીદથી લોકોને ફેરવે અને તેના કહેવાથી કોઈ તકલીદ છોડી દે તો શું તે કોઈ ફરીશ્તો છે કે વહી લઈને આવ્યો છે કે તેના કહેવાથી હજારો આલિમોનો વિરોધ કરીએ ? આતો તેને પોતાનો મુજતહીદ માની લીધો ગણાય કે તે કહે તે ખરૂં, અને દીનના આલિમો અલ્લામાએ ‘હીલ્લી’ જેવાકે એક મસઅલામાં શક પડયો તો બારમા ઈમામ (અલય્હિસ્સલામ)એ રસ્તામાં મળીને મસઅલાનો બરાબર જવાબ આપ્યો. જનાબ સય્યદ મુરતઝા જેવા કે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) તેઓને તાલીમ

આપવાની ભલામણ કરી, જનાબે શેખ મુફીદ જેવા કે તેઓની પ્રશંસા બારમા ઈમામ અ.મે ફરમાવી, જેમકે એ આલિમોના જીવનનું વર્ણન આ કીતાબમાં છે.

કોઈ જાહીલ માણસ કહે છે કે તકલીદ ન કરો અને બે ચાર વાત આડી અવળી કહે તો તેની વાત ઉપર છેતરાઈ જવું એ કેટલી નાદાની છે? આ તો એક ફુરૂએ દીનની બાબત છે, પણ કાલે કોઈ ઉસુલેદીનમાં ખોડ બતાવનાર નીકળે કે અરે! ખુદાને હાથ ન હોય એવું બને? જુઓ કોઈ ચીજ બનાવ્યા વિના બનતી નથી તો બનાવવા માટે હાથની જરૂરત છે. તે અલબત્ત ખુદાને હાથ તો હોવા જોઈએ

અને તેને હાથ છે અને કુરઆનની આયતો બતાવે કે ખુદા ફરમાવે છે ખુદાનો હાથ સર્વેની ઉપર છે, વગેરે તો શું એમ કહેનારની વાત થી છેતરાઈને ખુદાને હાથ પગવાળો માનશો ? વળી કોઈ નીકળે કે અરે જો ખુદા ફલાણા ગામમાં બેઠો છે તેણે ઈન્સાનનું રૂપ ધારણ કર્યું છે તો શું એવા ફરેબમાં આવી જવું? મતલબ કે કોઈએ તેના ફરેબમાં આવી જઈ ફરેબ ખાવો નહી. એવી વાત કહેનારની લાયકાત તપાસવી તેનું ઈલ્મ તપાસવું અને જયાં જ્યાં ઉચ્ચ કક્ષાના આલિમ હોય ત્યાં જઈને એવી બાબતો વિશે જાણ કરવી અને ખાતરી કરવી, પછી એઅતેકાદ કરવો. આતો કોઈ કહે ભાઈ તકલીદ

શા માટે કરવી, તકલીદતો મુજતહીદોએ પેટ ભરવાનો ધંધો કાઢયો છે, લ્યો એવા એક બોલથી ફરેબમાં આવી જઈ કોઈ તકલીદ છોડી દે, તો મઆઝલ્લાહ કાલે કોઈ શીઆનો દાવો કરનાર કહે કે પયગમ્બરે કુરઆન બનાવ્યું છે, જેમકે નસારા કહે છે તો તેના કહેવાને ખરૂં માનવું ?

હદીસોમાં છે કે જે આલિમના ઈલ્મથી લોકોને ફાયદો પહોંચે તે આલિમ સીત્તેર હઝાર આબીદ કરતાં બેહતર અને અફઝલ છે, અને આસમાનના સીતારાઓ ઉપર જેમ પુનમના ચંદ્રની ફઝીલત છે તેમ આબિદો ઉપર આલિમની ફઝીલત છે. હઝરત ઈમામે જાઅફરે

સાદિક અ. ફરમાવ્યું કે શીઆ આલિમો રાહે ખુદામાં ઈબ્લીસની સરહદ ઉપર રખેવાળ છે કે શયતાનના લશ્કરને અટકાવે છે, અને વાએઝ તથા નસીહત કરીને શયતાનના ફરેબમાં આવવા દેતા નથી. જે શીઆ એવું કામ ઈખ્તીયાર કરે કે અમારા દોસ્તોને દીનના ઈલ્મ અને આદાબ તાલિમ કરે અને હિદાયત અને નસીહત અને વાએઝ કરે, જે કામનો હુકમ છે તે કરવાનું કહે, જે કામની મનાઈ છે, તે કામ કરવાની મનાઈ કરે તો રૂમ અને તુર્કના કાફરો સાથે દસ કરોડ જેહાદ કરવા કરતાં અફઝલ છે, કેમ કે તે અમારા દોસ્તોના ઈમાનને દુશ્મનોના શરથી બચાવે છે, આ ઉપરાંત આલિમોની

ફઝીલતની ઘણી હદિસો છે, બારમા ઈમામ અલય્હિસ્સલામ ગાયબ થવા પછી આ દીનને આલિમોએ સંભાળી રાખ્યો અને કોશિશો કરી દીને હકને લોકોમાં ફેલાવ્યો અને આજે પણ દીને હકનો પ્રચાર કરી રહ્યા છે. જાહેર કર્યો અને કરે છે.

“મીફતાહુ શશફાઆહ”માં બેહારની નવમી જીલ્દને આધારે લખે છે કે ઈબ્ને અબ્બાસથી મનકુલ છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવ્યું કે જ્યારે મોઅમીન મરી જાય છે તો તેના માટે જમીન અને આસમાન ચાલીસ દિવસ સુધી રડે છે, અને આલિમ મરી જાય છે તો તેના માટે

ચાલીસ મહીના સુધી રડે છે, અને રસુલનો ઈન્તેકાલ થાય તો તેના માટે ચાલીસ વર્ષ સુધી રડે છે. અને અય અલી જ્યારે તું શહીદ થઈશ ત્યારે તારા માટે પણ ચાલીસ વરસ સુધી રડશે અને "મોઆલે મુલ્ઝુલ્ફા"ના આધારે લખે છે કે ઈબ્ને અબ્બાસથી મનકુલ છે કે જ્યારે કોઈ નબી મરી જાય છે ત્યારે તેના માટે આસમાન અને જમીન ચાલીસ વરસ સુધી રડે છે, અને જ્યારે આલિમ મરી જાય છે તો તેના માટે ચાલીસ મહીના સુધી રડે છે, પણ ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદત ઉપર ઝમીન અને આસ્માન હંમેશા રડયા કરે છે.

“અનવારૂલ હીદાયહ”ના આધારે લખે છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી મનકુલ છે કે જે કોઈ આલિમની ખીદમત કરે તો એવું છે કે જાણે તેણે સીત્તેર હજાર વરસ સુધી ખુદાની ખીદમત કરી, તેને ખુદા હંમેશા હજાર શહીદોનો સવાબ અતા ફરમાવશે, અને ફરમાવ્યું કે કોઈ આલિમ ગુજરી જાય અને તેના મરવાથી જે ગમગીન ન થાય તે મુનાફીક છે, ખરેખર આલિમના ઈન્તકાલ જેવી મોટી મુસીબત કોઈ નથી. જ્યારે આલિમ મરી જાય છે ત્યારે તમામ આસમાન અને આસમાનવાળા સીત્તેર દીવસ સુધી રડયા કરે છે, અને આલિમના મરવાથી

જે મોઅમીન અને મોઅમેના ગમગીન થાય તો તેના માટે ખુદાએ તઆલા હજાર આલિમ અને હજાર શહીદનો સવાબ લખે છે, અને ઈમામે મુસીએ કાઝીમ અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે જ્યારે ફકીહ (દીનના મસાએલ જાણનાર મોમીન) મરી જાય છે, ત્યારે તેના માટે મલાએકા રડે છે, અને જે જમીન ઉપર ખુદાની ઈબાદત કરતો હતો તે પણ રડે છે અને આસમાનના જે દરવાજાથી તેના આમાલ ઉપર જતા હતા તે પણ રડે છે. તેના મરવાથી ઈસ્લામમાં એક ખોટ પડી જાય છે કે તેને કોઈ ચીજ પુરી કરી શકતી નથી. કેમકે મોઅમીન

ફકીહ, દીને ઈસ્લામને સાચવનાર કિલ્લો છે જેમકે શહેરને કિલ્લો સાચવે છે.

ઈબ્ને અબ્બાસથી મનકુલ છે કે જ્યારે મોઅમીન ખુદાની રહમતે પહોંચે છે ત્યારે તેનો મુસલ્લો તેની ઈબાદતની જગ્યા, અને તેની રોજી ઉતરવાની જગ્યા તેના માટે રડે છે.

હકીકતમાં દીને ઈસ્લામના આલિમનો ઘણો મોટો મરતબો છે. આપણી દુન્યાદારીની નજરમાં જે પૈસાવાળો હોય તેનો મરતબો મોટો લાગે છે, પણ ખરૂં જોતાં ખુદા અને રસુલની નજરોમાં આલિમનો મરતબો અને દરજ્જો ઘણો માનવંત અને બુલંદ છે.

સય્યદુલ વસીયીન ઈમામુલ મુત્તકીન અસદુલ્લાહીલ ગાલિબ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે કે તમામ ઈન્સાન શકલ અને સુરતમાં એક સરખા છે, કેમકે તમામના માનનીય પિતા (બાપ) હ. આદમ અ. અને માતા (મા) જ. હવ્વા અ. છે, ઈન્સાનની અસલ પૈદાઈશ પાણી અને માટીથી છે, અને છેવટે તેઓને તે જ માટીમાં મળી જવાનુ છે, જો એ સીવાય બીજી કોઈ ચીજ તેઓના ખમીરમાં હોત તો અલબત્તા તેઓની ફખ્ર અને બડાઈ કરવી યોગ્ય ગણાત. પછી આપે ફરમાવ્યું કે જો તું તારા નસબને ફખ્રની રૂએ બયાન કરે તો જાણ કે બક્ષીશ અને

મહેરબાનીના સબબથી અમારૂં નસબ સર્વે કરતાં વધારે બુઝુર્ગ છે, એટલે હું સર્વે કરતાં અફઝલ છું, તેથી ઈન્સાને કોઈ રીતે ફખ્ર અને દામંડ કરવું યોગ્ય નથી, પણ દીનના આલિમો અને શરીઅતના હાદીઓ ફખ્ર કરે તો તેઓએ એવો ફખ્ર કરવો વાજબી છે કેમકે તેઓ પાસેથી લોકો હીદાયત મેળવે છે અને હક રસ્તા ઉપર આવે છે.

# (૧) જ. આકા સૈયદ ઈબ્રાહીમ બીન સૈયદ મોહમ્મદ બાકેરૂલ મુસવી

જનાબ આકા સૈયદ ઈબ્રાહીમ સાહેબ મહાન આલિમ હતા અને પોતાના સમયમાં સુપ્રસિધ્ધ હતા, ફિકહ, ઉસુલ અને રેજાલ વીગેરે ઈલ્મમાં બહુજ હોંશીયાર હતા અને લોકોને તાઅલીમ આપવામાં પણ બહુજ માહીર હતા. આપ કરબલામાં હતા ત્યારે ફીકહના મસાએલનો દર્સ થાય તે વખતે

આપની પાસે સાતસોથી હજાર માણસો ભેગા થતા, જેમાં મોટા મરતબા અને ઈલ્મવાળા લોકો આવતા. જેમકે આકા શેખ ઝયનુલ આબેદીન બાર ફરોશી, આકા સૈયદ હુસૈને તુર્ક વિગેરે આવતા, આપ મસાએલ બયાન કરીને લોકોને કહેતા કે આનો મતલબ આ મુજબ છે, હવે તે બાબત વિષે તમારે જે કહેવું હોય અને દલીલો કરવી હોય તે કરો, આપ કોઈના જવાબથી આજીઝ થતા નહતા, કોઈ ઝગડો થાય તેવા સવાલ પુછે ત્યારે જવાબ

આપવાથી તકરાર થશે તો તેનો જવાબ ન આપતા.

કરામત (૧) એક વખત મજકુર સાહેબને સ્વપ્નામાં જનાબે ફાતેમા (સ.અ.) આવ્યા અને કલમ દાવાત આપીને ફરમાવ્યું કે અય ફરઝંદ તું મસાએલ વિષેની કોઈ કિતાબ લખ, તેથી એક કિતાબ લખી. તે પછી લોકોએ તકલીદની ખ્વાહીશ કરવાથી એક મોટી કિતાબ બે ભાગમાં ફકત બેજ મહીનામાં લખી. જે બે મહીનામાં લખવી મુશ્કીલ છે, આ પણ એક કરામત તરીકે ગણાય છે. ઉપરાંત નમાઝ, હજ

વીગેરે બાબતોની ઘણી કિતાબોનું સંપાદન કર્યું, જેના નામ લખવાની જરૂરત લાગતી નથી તેથી લખ્યા નથી.

તેઓને સંતાનમાં ફકત દીકરીઓજ હતી. એક દીકરીની શાદી પોતાના શાગીર્દ સાથે કરી અને તે શાગીર્દ તેઓની હાજરીમાં જમાઅતની નમાઝ પડાવતા અને સબક આપતા, અને લોકોના ઝગડા પતાવતા અને વાએઝ કરતા હતા, આપના ગુજરી જવા પછી આપના શાગીર્દને લોકોએ ઝેર આપીને મારી નાખ્યા, અને તે શાગીર્દ ને બે દિકરા હતા.

સામર્રાનો કીલ્લો મજકુર આલિમના હસ્તકમાં પુરો થયો છે, દર વરસે હીંદુસ્તાનથી કેટલી રકમ તેઓ પાસે આવતી હતી, અને તેઓ ગરીબો મીસકીનોને આપતા અને ઈમામોના રોઝા મરામત કરાવવાના કામમાં વાપરતા. તેઓની નમ્રતા અને મીઠાસ વિશે લખે છે કોઈ નાનું સમજદાર છોકરૂં અમીરનું કે ગરીબનું હોય તેઓ પાસે જાય તો તેની પણ તાઝીમ કરતા અને ઉભા થતા. રાવી કહે છે કે એવી તાઅઝીમ બીજા કોઈ પાસે મેં જોઈ નથી. કોઈ ગાળો આપે તો પણ

કાંઈ કહેતા ન હતા. એક વખત એક જંગલી અરબ એ જનાબના દર્સમાં આવ્યો અને કેટલીક દીની અદાવતના કારણે અપશબ્દો બોલવા લાગ્યો. તે ખૂબજ ખરાબ બોલતો હતો, પણ તે જનાબ તેને જવાબ પણ આપતા ન હતા, નીચે જોઈ પોતાના કામમાં મશગુલ હતા. ત્યારે એક સૈયદ હઝરત ઈમામ હુસૈન અ. ના રોઝા મુબારકનો ખાદીમ ત્યાં આવ્યો તેણે એ બનાવ જોઈ તે અરબનું ગળું પકડયું, ત્યારે એ જનાબે ફરમાવ્યું કે તેને છોડી દો અને

કંઈ પણ સજા કરશો નહીં, કેમકે તે દીવાનો છે.

પણ તે ખાદીમે ન માનતા તેને ખેંચીને સહેનમાં લઈ જઈને તેને કેટલીક લાકડીઓ મારી.

તેઓ સબક આપતા તે વખતે લોકો તકરાર ઝગડો કરતા પણ પોતે પોતાના કામમાં મશગુલ રહેતા. કોઈ કાંઈ તકરારમાં બોલી જાય તો તેઓ સ્મિત કરતા અને વધારે ખરાબ લાગે તો મોંઢું ફેરવી લેતા, અને કહેતા કે ખરાબ વાત ન કરો.

દર વરસે હીંદુસ્તાનથી આશરે એંશી હજાર રૂપીયા આવતા, ઉપરાંત ઈરાનમાંથી પણ અમુક રકમ આવતી. તે બધી રકમ ગરીબો, અને જરૂરત મંદોને પહોંચાડતા, પોતે બીલકુલ ભેગું ન કરતા બલકે રોજ રોજના ખર્ચ જેટલુ લેતા.

મજકુર આલિમને કોઈ બાદશાહના ખાનદાનની ઓરત મળતી હતી પણ જનાબે કબૂલ કર્યું નહી, અને કહ્યું કે તમો રાજવીઓના ખાનદાનનો ખર્ચ ઘણો હોય છે, અને અમો તો ફકર અને ફાકા કરીએ (ભુખ્યા રહીએ) છીએ. તેના જવાબમાં

કહેવરાવ્યું કે તમારી પાસેથી કશુંજ લેવામાં નહીં આવે, બલકે તમારા ઘરનો ખર્ચ અમો આપીશું. જનાબે તેના જવાબમાં કહ્યું કે મારે ઓરત બચ્ચા છે અને તેઓની સાથે ગરીબીની હાલતથી ગુજરાન ચલાવું છું. જ્યારે તમારા ખાનદાનની ઓરત લાવું તો તે ઘરના માણસોથી આખં મીંચીને ચાલવું જોઈએ, અને તે અદલ ન કહેવાય. તેના જવાબમાં તેઓએ કહ્યું કે ફકત તમારી સાથે સગપણ થાય એટલુંજ ચાહીએ છીયે, બાકી તમો તમારી ઓરત અને બચ્ચા પાસેજ રહ્યા કરજો. એ મુજબ કહેવામાં આવ્યું છતાં

પણ જનાબે બીલકુલ એ વાત કબૂલ કરી નહીં.

કરામત (૨) હિન્દુસ્તાનથી લોકોએ તકલીદ માટે એક કિતાબ મંગાવી, જનાબે તેઓ માટે કિતાબ સાથે કાગળ લખીને કોઈ સાથે રવાના કર્યો, તેઓ કીશ્તીમાં બેઠા અને કીશ્તી તુફાનમાં સપડાઈ જવાથી અંદરથી બધો સામાન દરિયામાં નાખી દીધો, તે સામાનમાં તે કિતાબ અને કાગળો જેમાં હતા તે પણ દરિયામાં ફેંકાઈ ગયા, પછી હિન્દુસ્તાનવાળાઓએ એ અહવાલ લખી મોકલ્યો અને ફરીથી કિતાબ મંગાવી.

જનાબે જવાબમાં લખ્યું કે કાગળો અને તે કિતાબ અહીં મને સલામત મળી છે, એક દીવસ નદીને કીનારે ગયો તો એક દરિયાના જનાવરો માંથી એક જનાવર અજબ તરાહનું મરેલું પડેલું. કોઈએ તેનું પેટ ચીરતા તે થેલી નીકળી. તેમાં તે કિતાબ તથા કાગળો હતા, જરાય ડાઘ પણ લાગેલ નથી.

કરામત (૩) એક શખ્સ જનાબની સાથે ઝગડો કર્યા કરતો હતો અને જે ફરમાવે તેનો ઈન્કાર કરતો, એક વખત જનાબે ફરમાવ્યું કે આવા બદકલામ ન કર. તેણે

જવાબમાં કહ્યું કે હું બદ કલામીની વાતો સાભળું છું એટલે તમો એવી વાતો કરો છો, એ મુજબ કહીને ઘરે ગયો. ત્યાં કમરમાં દર્દ પેદા થયું, ઘણી દવા કરી ઝીયારતોની માનતા કરી. બયતુલ્લાહ ગયો. પણ સારૂં થયું નહીં, તે જનાબ ગુજરી જવા પછી તેઓના બચ્ચાઓ માટે કેટલીક ચીજો મોકલતો, ઘણી સારી રીતે એહસાન કરવા લાગ્યો.

કરામત (૪)એ બુઝર્ગવારના ઝમાનામાં કરબલામાં એક સૈયદ ઈબ્રાહીમ જઅફરી કરીને એક શખ્સ હતો. તે જરા અમીર હોવા

છતા ફીતના અંગેજ હતો, તે વખતના ત્યાંના હાકીમ સાથે તેના સંબધો સારા હતા. ઘણું કરીને મજકુર આલિમની સાથે વધારે ઝગડો અને તકરાર કરતો અને હીંદુસ્તાનના ધર્માદાનો પૈસો જે આવતો તેની પોતે માંગણી કરતો કે મને આપો, પણ તે હક ગરીબ ફકીરોનો હોવાથી તેઓ તેને આપતા ન હતા, એક દીવસે મજલીસમાં તેણે જનાબની સામે પ્યાલો ભોંય ઉપર પછાડીને ફોડી નાખ્યો. તે વખતે ત્યાં શેખ મોહમ્મદ બીન શેખ અલીબીન શેખ જાઅફર હતા, તે ચીલમ પીતા હતા

તેઓએ તેની ગેર વર્તણુંક જોઈને તે ચીલમ તેના માથાપર જોરથી મારી દીધી.

એક વખત સૈયદ ઈબ્રાહીમ કે જે તે જનાબ સાથે ઝગડો અને તકરાર કરતો હતો તે કોઈ ગુનાહના સબબે કેદ થઈ ગયો. એક દીવસ કોઈ જરૂરતને માટે સાંકળથી બાંધી તેને મજકુર આલિમની પાસે લાવ્યા અને બગદાદથી હુકમ થયો કે બે કલાકથી વધારે તે આલિમની પાસે રહેવું નહીં. પછી તે શખ્સે ત્યાં આવી તેજ આલિમના પગ ચુમ્યા અને જે જરૂરત હતી

તે બયાન કરી, જનાબે તે બાબતનો સંતોષકારક ખુલાસો કરી આપ્યો.

'નાજી' કહે છે કે એથી એ કરામત સાબિત થઈ કે જે શખ્સ હંમેશા આડો ચાલતો, ઝગડો અને તકરાર કર્યા કરતો, તેને તેજ સાહેબના પગ ચુમવાની ફરજ પડી તો અત્રે અહીં એટલું યાદ રાખવું કે ઈન્સાન અગર કોઈ મોટા હોદ્દાપર હોય અથવા સાહેબે માલ હોય તો પણ કદાપી પોતાની ઈઝ્ઝત અને જાહો જલાલત ઉપર મગરૂર ન થવું, અને કોઈ ગરીબ માણસ સલામ કરે તો બેપરવાઈથી તેની સલામને

ઉડાડી ન મુકવી, તેમજ દરેક સમયે આજેઝી અને નરમાશથી વર્તીને ચાલવું જોઈએ, જો એમ ન વરતે અને મગરૂરી કરે તો ખુદાવંદે કરીમ મોટે ભાગે કોઈપણ વખતે એનો બદલો આ દુનિયામાં પણ લે છે.

જ્યારે કોઈ પાસે સંપતિ હોય છે ત્યારે તે સમજે છે કે તે તો કાયમ રહેવાની છે. હવે જવાની નથી પણ એને ખબર નથી કે એક ઘડીમાં તે બધું પાયમાલ થઈ જાય છે, અને તેવા હજારો દાખલા સાંભળવામાં અને જોવામાં આવે છે.

કરામત (૫)એ જનાબનો એક શાગીર્દ હતો, તે બહુજ હોંશીયાર હતો. તેણે પણ દર્સની મજલીસ કરી અને લોકોને બળજબરીથી તેની પાસે દર્સ માટે લઈ જવા લાગ્યા, એટલે સુધી કે જે જનાબ તેના ઉસ્તાદ હતા, તેમને પણ ત્યાં આવવા કહ્યું. જનાબે કેટલાંક બહાના કર્યાં અને ગયા નહીં, તેણે માન્યું નહીં અને જનાબ ઉપર સખ્તી કરવા લાગ્યો, તેથી તે જનાબ કંટાળીને કરબલાથી કાઝમૈન અને સામર્રા તરફ ઝિયારત માટે ગયા, ત્યાર બાદ કરબલા પર હુમલો થયો, કેટલાક ખરાબ

માણસોને પકડયા, કેટલાંક તોફાનીને કત્લ કર્યા અને કેદ કરેલાઓને બગદાદ લઈ ગયા.

લેખક કહે છે કે આ જનાબ મારા ઉસ્તાદ હતા અને મેં તેઓની ખીદમત કરેલી અને કેટલીક બાબતો મેં નજરે જોએલી, હવે જ્યારે એ બુઝર્ગવાર તે નાદાન શાગીર્દથી કંટાળીને કાઝમૈન ગયેલા અને ત્યારપછી કરબલા ઉપર ચઢાઈ કરી. લશ્કર આવ્યું ત્યારે મેં ઈસ્તખારો જોયો કે આ વખતે અહીંયા કરબલામાં રહું કે નહી? તો ઈસ્તખારામાં કુરઆનની એક આયત

આવી, તેનો અર્થ એકે બાદશાહ એક ગામમાં દાખલ થયો અને તે ગામને બરબાદ કરી નાખીને ફસાદ કર્યો. એથી હું સમજ્યો કે અહીંયા ફસાદ થવાનો છે. તેથી અહીં રહેવું ન જોઈએ, તેથી હું પણ કાઝમૈન ગયો અને ત્યાંજ રહ્યો, પાછળથી કરબલામાં કત્લ તથા કેદ કરવાના બનાવ બન્યા. એક દિવસ હું કેટલાક તાલીબે ઈલ્મ સાથે જુના બગદાદમાં ગયો. તો જોયું કે કરબલાથી જેઓને કેદ કરીને લાવવામાં આવ્યા તેઓને તે તરફથી લઈને નીકળ્યા તો જોયું કે એ કેદીઓની અંદર તો મારા ઉસ્તાદનો

તે નાદાન શાગીર્દ પણ એવી રીતે કેદ હતો કે ગળામાં સાંકળ નાખેલી, ઉઘાડું માથું અને હાથ રસ્સીથી બાંધેલા હતા. અને તેને નવા બગદાદ તરફ લઈ જતા હતા અને તેને કત્લ કરવાનો હુકમ પણ થએલો હતો.

તે વખતે અમારામાંથી એક તાલિબે ઈલ્મને તેણે એ વાતની વિનંતી કરી કે મેં ઉસ્તાદ સાથે દાણીજ બેઅદબી કરી પણ તેઓ સહન કરતા રહ્યા, અને મને તે બેઅદબીની આ સજા થઈ, માટે મારા તરફથી તેઓને વિનંતી કરો કે મને કોઈ પણ રીતે કત્લ થતો બચાવે.

જ્યારે એ વાત મજકુર જનાબને કહી તો તેઓએ તેજ વખતે બગદાદના તાજીરને લખ્યું કે ફલાણા શખ્સને હાકીમ પાસેથી ખરીદી લ્યો અને કત્લ થવાથી બચાવો. તેના માટે જેટલો ખર્ચ થાય તે હું પોતે તમોને આપીશ. જનાબ તે તાજીરને સાથે લઈને હાકીમની પાસે ગયા. એ શાગીર્દને ખરીદી લેવા માંગણી કરી, તેણે કહ્યું આ બુઝુર્ગવારની ખાતર હું પૈસા લીધા વગર બક્ષી આપું છું અને તને કેદમાં નહીં રાખું, તેમજ કત્લ પણ નહીં કરૂ, પણ તેને તુર્કસ્તાનના બાદશાહ પાસે મોકલ્યા વગર

છુટકો નથી. માટે તમો બેફિકર રહો કે તેને કોઈ જાતની ઈજા થવા નહીં પામે, પછી તેને ત્યાં મોકલ્યો, ત્યાંથી તેને મુકત કર્યો.

તો એ પણ એ જનાબની કરામત હતી કે તેઓની એવી બેઅદબી કરી તેથી બહુજ ઓછા સમયમાં તે શખ્સ કત્લ થવાના ગુનાહમાં પકડાઈ ગયો અને તેને પોતાના ઉસ્તાદ પાસે આજેજી કરી જાન બચાવવાની માંગણી કરવી પડી.

હકીકતમાં આ બંને ચોથી અને પાંચમી કરામતો કરામતમાં દાખલ છે, એટલુજં નહીં પણ એ જનાબની બેહદ રહમદીલી

અને બુરા સાથે ભલાઈ કરવી સાબિત થાય છે, જેણે એટલી બેઅદબી કરી કે શાગીર્દ હોવા છતાં પોતાના ઉસ્તાદને એક સાધારણ માણસની જેમ બોલાવવાની બળજબરી કરે અને તેના ત્રાસથી એ જનાબને બીજી જગ્યાએ જવું પડે, છતાંય તેને સખતીમાં જોઈ તેના હાલ ઉપર રહમ કરીને કત્લ અને કેદથી છોડાવ્યો.

એ જનાબને એક વખત જનાબે ફાતેમા (સ.અ.) સ્વપ્નમાં આવેલા, તે બયાન આગળ થયું, પણ જનાબે હૈદરે કર્રાર મૌલા અલી (અ.સ.) પણ તે જનાબના સ્વપ્નમાં

આવેલા છે. જેમકે તે જનાબ પેહલા નજફે અશરફમાં રહેતા હતા એક દિવસ રાત્રે સ્વપ્નમાં મૌલા અલી અ. એ ફરમાવ્યું કે તમો અહીં થી કરબલા રહેવા માટે જાઓ, તેઓએ વિચાર્યું કે સ્વપ્નમાં જે બીના બને તેનો એતબાર નથી, તેથી તે વાત ઉપર ધ્યાન આપ્યું નહીં, વળી બીજી વખત તેજ મુજબ થોડા ફર્ક સાથે સ્વપ્નમાં જોયું કે મૌલાએ ફરમાવ્યું કે તમો કરબલા જાઓ. પેહલુ સ્વપ્નું સાચું છે, તે વખતે પણ એ જનાબે કાંઈ કાળજી રાખી નહીં, પછી ત્રીજી વખત એ મૌલાએ સ્વપ્નમાં આવીને હુકમ

કર્યો કે તમો નજફ મુકી કરબલા જઈને રહો.

એ મુજબનો હુકમ થવાથી પછી તેઓને ખાત્રી થઈ, તેથી નજફથી કરબલાએ મોઅલ્લા રહેવા માટે ગયા.

સાહેબે કિતાબ એજ જનાબના શાગીર્દ બયાન કરે છે કે બહુજ અજબ ભરેલી વાત તે સાહેબ પાસેથી સાભંળી કે એક વખત અમો બેઠા હતા અને કેટલીક વાતો નીકળતાં માછલીના મોટા કદ બાબતની વાત નીકળી. તો ફરમાવ્યું કે તવરેતમાં ખુદાવંદે કરીમે હઝરત મુસા અ. ને ખબર

આપી કે મેં દરિયામાં એક માછલી પેદા કરી છે તે માછલીનો ખોરાક હંમેશા ત્રણ માછલી નકકી કર્યો છે, અને જે ત્રણ માછલી તેના ખોરાક માટે છે તે દરેક માછલી ત્રણ મહીનાના રસ્તા જેટલી એટલી લાંબી છે, તો વિચારો કે તેને ખાનારી માછલી કેટલી મોટી હોવી જોઈએ?!!!!!! (સુબ્હાનલ્લાહ)

પછી ફરમાવ્યું કે એક વખત હઝરત સુલયમાન પયગમ્બર જેઓ બાદશાહ હતા, પોતાના મોટા લશ્કરને લઈને એક વિશાળ દરિયા તરફ ગયા, તે વખતે હઝરતના

લશ્કરમાંથી કોઈ એક સૈનકિ એવી ઈચ્છા વ્યકત કરી કે દરિયો કેટલો લાંબો છે તેની તપાસ કરો, ત્યાં એક નાનુ પંખી આવ્યું. જેનો ખોરાક હંમેશા દાઉંનો એક દાણો હતો, તે હંમેશા એક વરસના રસ્તાના અંતર સુધી ઉડીને જતું, તે વખતે તેને ઘઉંના ત્રણ દાણા આપીને ઉડાડયું, તે પંખી તે ત્રણ દાણા લઈ રવાના થયું, ઉડતા ઉડતા એક વરસના રસ્તા જેટલે ઉડીને ગયું, ત્યાં રાત પડી ગઈ અને દરિયામાં એક ટેકરા જેવું નજરે પડયું તેની ઉપર બેસી રાત ગુજારી. સવારના ઉઠી ઘઉંનો એક દાણો ખાઈને

આખો દિવસ ઉડયું. જ્યારે રાત પડી ત્યાં વળી બીજો ટેકરો જોયો. તેના ઉપર બેસીને બીજી રાત પણ ગુજારી, સવાર થઈ ત્યારે તે બીજો દાણો ખાઈને ઉડયું. ત્રીજા દિવસે પણ એક વરસના રસ્તા જેટલા અંતરે રાત પડી તે વખતે એક ટેકરો નજર આવ્યો તેના ઉપર બેઠું, અને સવારે તે ત્રીજો દાણો ખાઈ ગયું.

અને વિચાર્યું કે તેણે ત્રણ વરસનુ અંતર પસાર કર્યું, ત્રણ દાણા પણ પુરા થઈ ગયા, હવે ન કીનારો દેખાય છે કે ત્યાં જાય. દરિયાની વચ્ચે છે, હવે પાછા જવાની પણ

શક્તિ નથી કે ખોરાક વગર કેવી રીતે જાઉં? હવે શું કરવું? તે નો વિચાર કરતું હતું ત્યારે એક માછલીએ મોંઢું બહાર કાઢીને કહ્યું કે ઓ પંખી તું કયાં જાય છે? અરે જ્યારે ઉડીને એક વરસને અંતરે આવીને જે ટેકરા ઉપર બેઠું તે મારી પૂંછડી હતી, જ્યારે બીજે દિવસે બીજા વરસના અંતર જેટલો રસ્તો પસાર કરીને જે ટેકરા ઉપર બેઠું તે મારી કમર હતી, હવે આજે આ ત્રીજે દીવસે ઉડીને અહીં બેઠું તે મારૂં માથું છે, તો વિચાર કર કે આ ત્રણ વરસનું અંતર તો ફકત મારા શરીરની લંબાઈ

જેટલું છે. તે હું પોતે છું અને મારી એ હાલત છે, આ મોટા દરિયામાં જે મોટી મોટી માછલીઓ છે તેમની બીકથી હું અહિંયા રહું છું, કયાંક એવું ન થાય કે અંદર જવાથી મને તે મોટી માછલીઓ ગળી જાય.

તો મારા જેવી એક નાની માછલી કે તેને બીજી મોટી માછલી ખાઈ જાય તેની બીકથી અહી છું તારી મુસાફરી ફકત મારી પુંછડીથી તે માથા સુધી પુરી થઈ, તો વિચાર કર કે દરિયાના છેડા સુધી કેવી રીતે

પહોંચી શકીશ? માટે તું જા અને હઝરત સુલૈમાન અ. પાસે આ વાતનું વર્ણન કર.

પંખીએ કહ્યું કે ઓ માછલી હવે હું પાછું કેવી રીતે જાઉં ? મારી પાસે ખોરાકી નથી. માછલીએ કહ્યું, હું તને થોડીવારમાં તારી અસલી જગ્યાએ પહોચાડી દઈશ. તું મારા માથા ઉપર બેસી જા. એમ કહીને પોતાનું માથું પાછળ ફેરવ્યું તો જ્યાં પુંછડી હતી ત્યાં માથું આવી ગયું અને તેજ ઠેકાણેથી તે પંખી નીકળેલું ત્યાં જઈ હઝરતની ખિદમતમાં હાજર થઈ તમામ હકીકત કહી.

"નાજી" અરજ કરે છે કે અલ્લાહની અજબ કુદરત છે, તે વિષે જરા પણ શકનું કારણ નથી. તે માલિકે બેશુમાર એવી અજબ ચીજો પેદા કરી છે કે જને આપણે જોઈ પણ નથી અને સાંભળી પણ નથી, જેણે કીડી જેવડા જાનવરથી મોટા જાનવર જોયા કે સાંભળેલ ન હોય, તેને હાથી વિશે કોઈ વાત કરે તો કેટલી અચરજ થાય ! પણ જુએ ત્યારે તેને ખાત્રી થાય.

મજકુર આલિમ આશરે ૬૦ વરસની ઉમ્મરે સન ૧૨૬૪ હીજરીમાં કરબલામાં કોલેરાની બીમારીમાં ખુદાની રહમતે

પહોંચ્યા, કરબલામાં તેમની વફાતથી બહુજ ગમગીની ફેલાઈ અને લોકો મરસીયા પડતા, માતમ કરતા કરતા તેઓના જનાઝાને ઉપાડી હઝરત ઈમામ હુસૈન અ. અને જનાબે અબ્બાસ અલમદાર અ.ના રોઝા મુબારકમાં તવાફ કરાવીને ગામમાં ફેરવી સહનની પાસે તેઓના મકાન પાસે દફન કર્યા.

'નાજી' અરજ કરે છે કે પયગમ્બરો અને ઈમામોએ મોઅજીઝા બતાવ્યા, સબર અને શુક્ર કરનારા, રહમદીલ અને પરહેઝગારીમાં પણ શ્રેષ્ઠ હતા. તેઓ એવા પરહેઝગાર

અને કરામતવાળા હતા કે આપણે આશ્ચર્યમાં ડુબી જઈએ. તેઓ ખરેખર માઅસુમ હતા. પણ કેટલાંક આલિમના આલીશાન દરજ્જા પરવરદિગારે બનાવ્યા છે તે એવા બુઝુર્ગો સાથે સંબંધિત છે. આપણો શું હાલ થશે તે ખબર નથી, માટે અય બિરાદરો મારા મહેરબાનો! જો આપણે ગુનેહગારો જન્નતને લાયક છીએ એમ કહેવા ઝબાનમાંથી આવાઝતો નીકળે નહી તેમ ખાતરી પણ ન થાય, કેમ થાય? કયા આધારે કયા એવા સારા અને પરહેઝગારીવાળા અમલ કરીએ છીયે?

તોપણ અલ્લાહની રહમતથી નાઉમ્મીદ થવું તે એક મોટો ગુનોહ છે, તેથી નાઉમ્મીદ થવું નહી, અને અહલેબત અ.ની મોહબ્બત રાખી તેમની શફાઅતની ઉમ્મીદ રાખી જેમ બને તેમ આપણા માલિકો મુખ્તારને રાજી રાખવાના અને નજાતના સાધન માટે હીમ્મત બાંધી થોડા દિવસનું કામ દુનિયામાં તડાકા અને ફડાકાને છાપરે મુકી ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત રહીએ તો ઈન્શાઅલ્લાહ બેડો પાર થઈ આલી દરજામાં પહોંચવાના અને પંજેતને પાક અ. આપણાથી રાજી અને ખુશનુદ થવાના કે આ અમારા એવા

દોસ્ત અને મોહીબ હતા કે અમારી ખુશીના કામ કરી પરવરદિગારે આલમને રાજી કર્યો તેથી શફાઅત કરશે. ઈન્શા અલ્લાહ.

# (૨) જ. હાજી મુલ્લા મોહમ્મદ તકી બીન મોહમ્મદુલ બુરગાનીયુલ કઝવયની.

જ. હાજી મુલ્લા ઈલ્મમાં મશ્હુર, કામીલ, ફાઝીલ અને સખી હતા. ‘બુરગાન’ નામના ગામમાં એ જનાબની વિલાદત થઈ છે, તે તેહરાનના તાબામાં છે, અને કઝવયનમાં રહેતા અને ત્યાંજ ખુદાની રહમતે પહોંચ્યા છે, તેઓ ત્રણ ભાઈ હતા

અને સર્વેથી મોટા પોતે, વચલા ભાઈ જનાબ હાજી મુલ્લા મોહમ્મંદ સાલેહ અને નાના ભાઈ હાજી મુલ્લા અલી, એ બુઝુર્ગવારના પિતા બહુજ દીનદાર અને પરહેઝગાર હતા.

હાજી મુલ્લા મોહમ્મદ સાલેહ આ જનાબના ભાઈ બયાન કરે છે કે એક દિવસ મારા પિતાએ સ્વપ્નમાં જોયું તે કહે છે એક ઠેકાણે હ. રસૂલેખુદા સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ બેઠા છે, અને ઓલમા કેરામ હઝરતની ખિદમતમાં હાજર છે, તમામથી ઉચી મોટી જગ્યાએ ઈબ્ને ફહદ

અલયહીર રહમા એક આલિમ હતા તે બેઠેલા, તે વખતે હું અજબ થયો કે આ ઈબ્ને ફહદ કરતાં બીજા ઘણા આલિમો મશહુર અને મોટો દરજ્જો ધરાવનાર હોવા છતા તેઓ કેમ પાછળ બેઠા હશે? અને ઈબ્ને ફહદને કેમ મોટી ઉંચી જગ્યા મળી હશે?

તે વખતે મેં હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને એ બાબતનું કારણ પૂછ્યું, હઝરતે જવાબ આપ્યો કે આ તમામ આલિમો છે. તેઓ પાસે ફકીરો માંગવા આવતા અને તેઓ

પાસે એ લોકોને આપવાનો માલ હોય તો આપતા અને જો ન હોય તો ન આપતા અને કહેતા કે અમારી પાસે નથી, પણ આ ઈબ્ને ફહદ એ શખ્સ છે કે તેઓની પાસે ફકીરોને આપવાનો માલ હોય તો પણ આપતા અને ન હોય તો પણ ઈન્કાર ન કરતા. બલકે ગમે તેમ કરીને આપતા અને હરગીઝ કોઈને નાઉમેદ કરીને આપ્યા સીવાય ખાલી હાથે પાછો ફેરવતા ન હતા, એ કારણથી તેઓનો તમામ આલિમો કરતાં મોટો મરતબો થયો અને આ દરજજે પહોંચ્યા.

મજકુર આલિમ જેઓનું બયાન થાય છે તે સાહેબ મસઅલા-મસાએલમાં ઘણા હોંશિયાર હતા તે વિશેની કેટલીક હકીકત લખી છે પરંતુ બીજા આલિમો સાથે જે વિશે મુકાબલો કર્યો અને દલીલો કરી છે તે બયાન સામાન્ય વર્ગને સમજમાં ન આવે, તેથી અત્રે લખતો નથી. એ જનાબ જુમ્માની નમાઝ જમાઅતથી પડાવતા હતા, અને ખુત્બો બહુજ ઉમદા પડતા, વાએઝ પણ બહુજ સારી રીતે કરતા હતા, અને એવી શીરીં (મીઠી) ભાષામાં ફસાહત અને બલાગત સાથે વાએઝ કરતા કે તે

ઝમાનામાં તમામ કરતાં વધારે મશહુર હતા, તેઓની ઝબાનમાં એવી તાસીર હતી કે બયાન કરે અને હીદાયતના કલામ કહે તો લોકોના દીલોમાં અસર થતી, અને અજાએબ ભરેલી રિવાયતો ફરમાવતા અને ઈમામ હુસૈન અ.સ.ના ગમનું બયાન પણ અસરકારક રીતે પડતા હતા અને કુરઆનની ઘણી આયતોની તફસીર અને તાવીલ બયાન કરતા હતા.

મજકુર જનાબ જ્યારે વાએઝ કરવા બેસતા ત્યાં તાલીબે ઈલ્મ તથા આલિમો

સાંભળવા આવતા, અને એ જનાબ જે બયાન કરતા હતા તેને લખી લેતા હતા.

એ જનાબની ઈબાદત વીશે લખે છે કે અરધી રાત પછી મસ્જિદમાં જતા અને સુબ્હ સાદિક સુધી મુનાજાત, દુઆ અને આહોઝારીમાં મશગુલ રહેતા. તેઓએ અરબી ભાષામાં પંદર મુનાજાત મોંઢે યાદ કરેલી હતી તે પઢતા હતા.

એ જનાબને ઘણી વખત જોએલ કે ઠંડીના એવા દીવસો કે જેમાં બરફ પડતો હોય, ત્યારે પણ રાતના મસ્જિદના કોઠા ઉપર આસમાનની નિચે પોસતીન પેહરી,

માથે અમામો બાંધી ઉભા ઉભા મુનાજાતમાં મશગુલ છે અને હાથ આસમાન તરફ ઉંચા કરેલા છે, બરફ એમજ વરસતો અને તેમના શરીર ઉપર ચારે તરફ બરફ છવાઈ જતો.

એ જનાબના નાના ભાઈની ઈબાદત એવી હતી કે હમેંશા રાતના રડયા કરતા અને પોતાની ગરદનમાં સાંકળ નાખતા અને સવાર સુધી ઈબાદતમાં મશગુલ રહેતા, પણ અંતમાં બીજા રસ્તે ચડી ગયા. (અલ્લાહ ગરીકે રહેમત કરે)

એક શખ્સ બયાન કરે છે કે એક વખતે એકાંતના સમયે તે જનાબના કુતુબખાનામાં તેમની સાથે મુલાકાત થઈ. એક આલિમ વીશે મેં પૂછ્યું તો તેઓએ યોગ્ય જવાબ આપ્યો. પછી મને પૂછ્યું કે તમોએ કેટલી કીતાબો લખી છે? મેં તેમને ફેહરિસ્ત (લીસ્ટ) બતાવ્યું, તે જોઈને તેઓએ ફરમાવ્યું કે ખુદાએ તને તવફીક આપી કે આ નાની ઉમરમાં આટલી કીતાબો લખી. જો કે આટલી મુદ્દતમાં એટલી કીતાબો લખવી મુશકીલ છે. પછી ફરમાવ્યું કે દરેક ચીજ માટે "માલીખુલ્યા" જરૂરી છે.

(“માલીખુલ્યા” નો અર્થ મગજમાં ખામી આવવી. પણ જો કોઈ કામના ઉમંગમાં હોય તે સારો છે, વધારે થાય તો દીવાનાપણું છે.) કામ માટેની ધગશ, લગન ઉત્સાહ! દિલ લાગે તોજ કેટલીક બાબતો શકય બને છે, ‘માલીખુલ્યા’ તેને તે કામમાં મશગુલ રાખે છે, ઈજતેહાદ (મુજતહીદ થવા) માટે, કીતાબ લખવા માટે અને બાદશાહત ભોગવવા માટે ‘માલીખુલ્યા’ જરૂર હોવું જોઈએ, જો ‘માલીખુલ્યા’ ન હોય તો બાદશાહત ચલાવી ન શકે, અને લખાણના મતલબથી એમ પણ જાણવા મળે છે કે

ઘણે ભાગે 'માલીખુલ્યા' હોય તેનેજ બાદશાહત મળે છે, અને દરેક કામ માટે તે કામમાં મશગુલ થવા માટે 'માલીખુલ્યા' જરૂરી છે, નહી તો કામ થાય નહી.

એ મુજબ ફરમાવીને એક વાત બયાન કરી કે આકા મોહમ્મદખાન બાદશાહને છ-સાત ભાઈ હતા. એક દિવસે ઉસ્તરાબાદમાં એના છ ભાઈ ભેગા થયા અને આપસમાં મળીને એક જણને બાદશાહ નીમી સલ્તનતનું કામ ચલાવવા માટે વ્યવસ્થા કરવા લાગ્યા, તેઓએ આકા મોહમ્મદખાનને તે વખતે બોલાવેલ નહીં,

રાતના વખતે એ છ ભાઈ એક જગ્યાએ કોઈ મશ્વેરા માટે ભેગા થએલા. ત્યાં તેઓના મોટા ભાઈ આકા મોહમ્મદખાન પણ ગયા, (મજકુર મોટાભાઈની 'મા' જુદી હતી) પછી એ સાહેબે કહ્યું કે તમોએ ભેગા થઈને એક વ્યકિતને બાદશાહ નીમ્યો પણ એમ બને નહીં, હું મોટો ભાઈ છું અને હક મારો છે, માટે મને બાદશાહ બનાવો, અને જો એમ નહીં કરો તો સવારે આપણી વચ્ચે તકરાર અને ઝગડો થશે, અને ઝગડો થવાથી બીજો કોઈ ફાવી જશે, અને તમારી એમ જ મરજી હોય તો લ્યો, આ વખતે હું એકલો

તમારી પાસે હાજર છું. માટે મને મારી નાખો એટલે પછી તમારે વાંધો ન આવે.

આ સાંભળીને તે ભાઈઓએ વીચાર કર્યો કે લડાઈ વગર ખાનગીમાં ભાઈને મારી નાખવો તે ખરાબ વાત છે, અને અંતે તે આપણો મોટો ભાઈ છે, એમ વિચારીને તેનેજ બાદશાહ બનાવ્યો અને બીજા ભાઈઓ કમર બાંધી તેની તાબેદારી કરવા લાગ્યા.

તો એથી મતલબ એ કે બાદશાહત ચલાવવાની આવડત તે છ જણમાંથી કોઈને ન હતી અને આકા મોહમ્મદખાનમાં

તેની આવડત હતી તેથી બાદશાહત એને મળી.

મજકુર આલિમની હાજર જવાબીની ખુબી વખાણવા લાયક હતી. હાજર જવાબી વિશે એક દાખલો લખેલો છે કે જનાબ રીઝવાન મઆબ આકા સૈયદ મોહમ્મદ સાહેબ મુસાફરીએ જતા તો ઈરાનના ઘણા આલિમો તેઓની સાથે રહેતા, તે ઝમાનામાં હાજી મુલ્લા મોહમ્મતકી પણ હતા અને તેઓ પણ સાથે જતા, એક વખત નાએબે સલ્તનત લડાઈની સરદારી લઈ લડવા ગયા અને પ્રથમ પોતે ફતેહ મેળવી પણ

આખરમાં હારી ગયા, એ બાબત ફતેહઅલી શાહને બયાન કરી, તમામની રૂબરૂ બાદશાહે હારી જવાનું કારણ પૂછ્યું પણ કોઈએ કાંઈ જવાબ આપ્યો નહીં, ફરી પૂછ્યુ તો પણ કોઈ બોલ્યું નહીં, ત્રીજી વખત પુછવાથી મજકુર હાજી મુલ્લાએ કહ્યું કે રજા આપો તો હું બયાન કરૂં પણ તે બાબત કહેવા પહેલા એક હીકાયત બયાન કરીશ.

એ મુજબ કહીને તે હીકાયત કહેવા લાગ્યા, કે બની ઈસરાઈલના ઝમાનામાં એક આબીદ દેરામાં ખુદાની ઈબાદત કરતો હતો, તેની બાજુમાં એક મોટું ઝાડ હતું

રસ્તાના મુસાફરો અને કાફલાવાળાઓ તે ઝાડ નીચે ઉતરતા અને આરામ કરતા. ચોર તે ઝાડ ઉપર બેસીને છુપાઈ રહેતા, જયારે કાફલાવાળા સુઈ જતા ત્યારે તેઓ ઉતરીને માલમતા ચોરી લેતા.

આબીદે એ હાલત જોઈ તેથી તેના દીલમાં આવ્યું કે ખાસ ખુદાની ખુશી માટે એ ઝાડને કાપી નાખું તો મુસાફરોને ચોરોથી રક્ષણ મળે. એવી નીય્યત કરીને પોતે એકલોજ કુહાડો લઈને તે ઝાડ કાપવા ગયો, ઝપાટાથી કાપવા લાગ્યો, ત્યાં શયતાન મલઉન ઈન્સાનની શકલમાં

આવ્યો અને આબીદ સાથે તકરાર કરવા લાગ્યો કે આ ઝાડ કાપવા નહીં દઉ, આપસમાં ઝગડો થયો એટલે સુધી કે બંને જણ કુસ્તી કરવા લાગ્યા અને આબીદે એકદમ શયતાનને જમીન પર પછાડયો, તેનું માથું કાપવાનો ઈરાદો કર્યો, (શયતાનને ખુદાએ મોહલત આપી છે તેથી તે મરી ન શકે) પછી આબિદના દીલમાં કાંઈ આવવાથી તેને મુકત કર્યો. પછી શયતાન ત્યાંથી ભાગી ગયો અને આબિદ પોતાના કામમાં મશગુલ થયો. સાંજ સુધીમાં અરધું ઝાડ કપાઈ ગયું. પછી રાત

પઢવાથી ઘરે જઈ સુઈ ગયો અને વિચાર કર્યો કે હવે બાકીનુ ઝાડ સવારે જઈને કાપીશ, તે સાથે દિલમાં એવો પણ ખ્યાલ આવ્યો કે એ ઝાડ કાપવાથી મુસાફરોને ચોરોથી અમાન મળશે તેથી હું તેઓ પાસેથી પૈસા લઈશ અને તેથી મારૂ ગુજરાન સારી રીતે ચાલશે.

બીજે દીવસે સવારના જઈને ઝાડ કાપવા લાગ્યો, ફરીથી તે દિવસે પણ શયતાન આવ્યો અને ઝાડ કાપવાથી મનાઈ કરી, તેથી વળી આપસમાં ઝગડો થયો. એક બીજા કુશ્તી કરવા લાગ્યા, તે

વખતે શયતાને આબિદને ઉપાડીને જમીન ઉપર પછાડયો અને કહ્યું કે ખબરદાર આ ઝાડ કાપીશ નહીં.

તો અય બાદશાહ પહેલે દીવસે તે આબિદે ખુદાની ખાસ ખુશી માટે ફકત "કુરબતન એલલ્લાહ" તે ઝાડ કાપવાનો ઈરાદો કરેલ, તેથી શયતાનનું ચાલ્યું નહીં અને તેને પછાડી તેનું માથું કાપવા ચડી બેઠો એટલી કુવ્વત અને શક્તિ આવી. પણ બીજે દીવસે તેની નીય્યત બદલાઈ ગઈ અને કુરબતનની નીય્યત ન રહેતા માલ લેવાની લાલચ થઈ તેથી તેનું બળ ચાલ્યું

નહી અને શયતાને આબીદને પછાડીને ધમકાવ્યો. તો અય બાદશાહ આ વખતે નાએબે સલ્તનત પહેલી લડાઈમાં ફાવ્યા તે તેઓની નીય્યત કુરબતન એલલ્લાહ હતી અને બીજી વખતે જે હારી ગયા તો તે કુરબતનની નીય્યત ન હતી.

આ સાંભળીને ફતેહઅલીશાહ બાદશાહે એ જનાબને ઈનામ આપ્યું.

‘નાજી’ અરજ કરે છે કે હકીકતમાં જો ઉંડાણથી વીચારીને જોઈએ તો જેટલા કામ ખુદાની ખુશીના હોય છે તેમાં આખરે ફતેહ થાય છે, પરંતુ તેમાં જો કોઈ બીજો મતલબ

હોય તો ફતેહમંદી થવી મુશ્કીલ છે. કેટલાંક દીનનો ડોળ દેખાડી દુનિયા કમાવાના સાધન કરે છે પણ આખરે તે બાબત છુપી ન રહેતાં ખુલ્લી પડી જાય છે અને કેટલાંક એ બાબતથી દુર રહે છે અને દીને ઈસ્લામનું જ કામ ખુલુસથી કરે છે, પણ નાદાન લોકો એથી ઉલટું સમજી તોહમત મુકે છે, તે પણ આખરે જાહેર થઈ જાય છે. અને તોહમત મુકનાર પસ્તાય છે.

મજકુર આલીમ સાથે હાજી મીરઝા આકાસી વઝીર દુશ્મની રાખતો હતો. તેથી હંમેશા એ બુઝુર્ગવારની ઈઝ્ઝતમાં ઘટાડો

થાય એવા આયોજનમાં રહેતો, એટલું જ નહીં પણ બીજા આલીમોની પણ પાછળ લાગેલો રહેતો.

એક વખત બાદશાહ મોહમ્મદશાહ કઝવીનમાં આવ્યો, તે વખતે વઝીરના ફરેબથી બાદશાહે હુકમ આપ્યો કે મજકુર આલીમ અને તેના બીજા બંને ભાઈ આ ગામ મુકીને ચાલ્યા જાય.

આ મુજબ હુકમ થવાથી મજકુર આલીમ પોતાના ભાઈઓને લઈને બાદશાહની કચેરીમાં ગયા, થોડીક વાર

બેઠા ત્યાં વઝીરે ઈશારો કર્યો કે હવે ઉઠી જાઓ.

તે વખતે એ આલીમે મોહમ્મદશાહ બાદશાહને અરજ કરી કે તમારી પાસે એક જરૂરી વાત કહેવાની છે અને તે વાત કહેવા પહેલા જરૂરી છે કે એક નાની એવી હીકાયત ટુંકમાં બયાન કરૂં; પણ આપનો આ હુઝુરીયો મને ઈશારા કરે છે કે ઉઠી જાઓ અને અહીંથી ચાલ્યા જાઓ.

બાદશાહે હુઝુરીને મના કરી કે ચાલ્યા જવાનો ઈશારો કરીશ નહિ. પછી તેણે આલીમને કહયું કે બયાન કરો.

આલીમે પહેલા હીકાયત બયાન કરી કે જે વખતે હ. યુસુફ અ.ના ભાઈઓએ હઝરતે યુસુફ ઉપર જાત જાતના ઝુલમ ગુજાર્યા અને કૂવામાં નાખ્યા; છેવટે મીસરના કાફલાવાળાને વેચી દીધા અને તે યુસુફને કૈદ કરીને લઈ ચાલ્યા અને એક યકલુસ નામનો હબશી સખત ખરાબ મીજાજવાળો ગુલામ હતો તેને હઝરતે યુસુફ અ.ને સોપી દીધા.

જ્યારે તે કાફલો આલે યાઅકુબના કબ્રસ્તાનમાં પહોંચ્યો તો હઝરતે યુસુફ અ. ની માતાની કબર આવી, ત્યારે જ. યુસુફ

અ.સ.મે ઉંટ ઉપરથી જમીન ઉપર પછાડી ખાધી, અને પોતાના ઉપર પડેલી મુસીબતો બયાન કરીને રડવા લાગ્યા.

જ્યારે યકલુસ ગુલામે હઝરતે યુસુફ અ.ને ઉંટ ઉપર ન જોયા તો તેઓની તપાસ કરવા ગયો, તો જોયું કે એક કબર ઉપર રડી રહયા છે, તે વખતે એ ગુલામે હઝરતે યુસુફ અ.ને એક તમાચો માર્યો, હઝરતે યુસુફે પરવરદિગારની બારગાહમાં ફરિયાદ કરી અને રડીને બદદોઆ કરી.

તેથી એકદમ ખુદાનો ગઝબનો દરિયો જોશમાં આવ્યો અને એક જમીનના

ફરીશ્તાને હુકમ કર્યો તેથી ધરતીકંપ થયો, જમીન હલવા લાગી, વાવાઝોડું આવ્યું અને ફરીશ્તાને હુકમ થયો કે કાફલાની સામે જઈ લોકોને અટકાવો.

એ મુજબ હુકમ થવાથી તે કાફલામાં શોરબકોર થઈ ગયો, તેથી તે લોકો સમજયા કે આ બાબત હ. યુસુફના કારણે થઈ છે. તેથી તમામ લોકો તેઓ પાસે પનાહ લઈ ગયા, તે વખતે હઝરત યુસુફે નેક દુઆ કરી તેથી તોફાન બંધ થઈ ગયું.

એ વખતે મલાએકાએ ખુદાવંદે કરીમની દરગાહમાં અરજ કરીકે અય

પરવરદિગાર, હઝરતે યુસુફ અ.ના ભાઈઓએ કેટલો બધો ઝુલમ કર્યો તેનાથી તું આગાહ છે. તેમને કૂવામાં નાખ્યા, કપડાં છીનવી લીધા, તમાચા ઉપર તમાચા માર્યા, કાંટાળી જમીન ઉપર ઉઘાડે પગે ચલાવ્યા અને છેવટે તેમને વેચી નાખ્યા, તો પણ એ ઝુલમ કરનારને તેં કાંઈ સજા કરી નહીં અને ઈન્તકામ લીધો નહી અને આ વખતે હઝરતે યુસુફ અ.ને ફકત એક તમાચો માર્યો ત્યારે તારા ગઝબના દરિયામાં જોશ આવ્યો, અને તમામ

કાફલાવાળાઓને ઘેરી લીધા તેનું શું કારણ છે ?!

એ વખતે હકતઆલાએ જવાબ આપ્યો કે અય મલાએકા! તમારૂં કહેવું બરાબર છે, પણ તે લોકોએ જે ઝુલમ કર્યો તે અલબત નાહક હતો, પણ તે તેના ભાઈ અને પયગમ્બરના દીકરા હતા. તેથી મેં સબ્ર કરી, પણ આ એક ગુલામે હબશીએ પયગમ્બરના દીકરા ઉપર ઝુલમ કર્યો કે જે તેનો સગો પણ ન હતો. તેના કારણે આ મુજબ કર્યું .

તો અય બાદશાહ આ વખતે અમોને શહેરમાંથી કાઢી મુકવાનો હુકમ થયો છે, તે જો અગર ખાસ તમારા ફરમાનથીજ છે તો અમો માન આપીને કબૂલ કરીએ છીએ કે તેમાં અમોને જરાય વાંધો નથી. પણ જો આ વઝીર હાજી મીરઝા આકાસીનો હુકમ હોય તો અમે હઝરત યુસુફને જે યકલુસી ગુલામે તમાચો માર્યો તે યકલુસી ગુલામની બરાબરીઓ તેને ગણીએ છીએ, જો તેના હુકમથી અમોને નીકળવું પડે છે તો તે અમારી શાનથી ખીલાફ છે.

આ કલામ સાંભળીને બાદશાહને એટલી બધી અસર થઈ કે વઝીરની બદલી કરી અને એ આલીમની ઘણી ઈજ્જત કરીને માન આપ્યું.

'નાજી' કહે છે કે એ વઝીર આલીમને શા માટે કાઢતો હશે? આલીમ બીચારાને તો કાંઈ તેનું હુજુરીપણું આંચકી લેવાનું ન હોય. પણ હા, કેટલાંક હરામ કામથી તે આલીમ મનાઈ કરતા હશે અને વઝીર સાહેબને તે નાપસંદ હશે, તેથી તેઓને કાઢી મુકવાનો હુકમ કર્યો હશે. જયાં બાદશાહ આવા સમજુ હોય ત્યાં કદાપી

વઝીરના તાબેદાર થાય નહિ અને તે ઈન્સાફ કરવાનું છોડે જ નહીં. ખરેખર હક વાત કડવી છે, પણ ખુદા હંમેશા હકની તરફ છે, અને છેવટે હકની ફતેહ અને ફતેહ છેજ; અને નાહકની હમેશા માટે ઝીલ્લત અને રૂસ્વાઈ થાય જ છે.

એ મજકુર વઝીર એ આલીમથી હંમેશા દુશ્મની કરતો હતો, આ બાબતે આગળજણાવેલ છે. એ વઝીરની ખુશામત માટે અને વઝીરને સારૂં લગાડવા માટે થઈને લોકો પણ એ આલીમની સાથે દુશ્મની કરતા હતા.

એક વખત એક હકીમ બાશી નામના માણસે, એક હીરાની વીંટી મજકુર આલીમને હદીયા તરીકે ભેટ આપી.

એ હકીમ બાશીનું કામ વધી ગયું અને વઝીર સાથે દોસ્તી થઈ. તેને કારણે બાદશાહ પાસે પણ હકીમનું માન વધી ગયું.

એક વખત એ હકીમ બાશીએ વઝીરના કહેવાથી અથવા વઝીરને સારૂં લગાડવા માટે એ આલીમ પાસે પોતે આપેલી હીરાની વીંટી પાછી માંગી.

આલીમે તરત વીંટી પાછી મોકલી. તે વખતે હકીમ બાશીએ વીંટી પરત મોકલી અને કહેવરાવ્યું કે મેં જે વીંટી આપને આપી હતી, તે આ નથી. કેમકે તે તો બહુજ કીમતી એટલે સાતસો તુમાનની હતી અને આ હલકી લાગે છે.

આલીમે તેજ વીંટી પાછી મોકલીને પૈગામ મોકલ્યો કે હું જયારે ઈસ્ફેહાનમાં હતો તે વખતે બહુજ ગરીબ હતો. ખાવા માટે વાંધા થતા. એક વખત કાંઈ પૈસા મળવાથી ગોશ્ત અને રીંગણાનું શાક ખાવાનું મન થયું. તેથી તે પકાવીને ખાધું.

તેમાં એટલી તો લિઝ્ઝત મળી કે જેની હદ નથી. ત્યારપછી કેટલાક સમય પછી ખુદાએ દુનિયાની નેઅમત બહુજ આપી તો તે લિઝ્ઝત મને લાગેલી તેથી તેજ તરકારી પકાવવાનો હુકમ કરીને ખાધી પણ તેમાં કાંઈ લીજજત મળીં નહીં, વળી ફરીને કેટલીકવાર પકાવ્યું પણ તેવી લિઝ્ઝત મળી નહીં. તેથી ગામના જાણીતા રસોઈયાઓ પાસે પકાવીને ખાધું, તો પણ એ લિઝ્ઝત તો મળીજ નહીં. તેથી હું સમજ્યો અને દીલને કહયું કે એ લિઝ્ઝત ફકીરી અને ફાકાના વખતમાં મળી હતી

અને તે સમયે બહુજ ભુખ્યો હતો, અને આ વખતે પરવરદિગારની નેઅમતમાં ડુબેલો છું તેથી તે લિઝ્ઝત મળતી નથી. તો સાહેબ તમારો પણ એવો હાલ થયો છે કે પહેલા તમો ગરીબ હતા અને એવી મોટી દોલત તમારી પાસે ન હતી તેથી તે વખતે આ વીંટી તમારી નજરમાં ઉંચી કિમ્મતની દેખાતી હતી અને તેની કિમ્મત સાતસો તુમાનની સમજતા હતા. પણ આ વખતે તમો પૈસાવાળા થયા અને ઉંચા દરજ્જે પહોંચ્યા છો તેથી આ હીરો તમારી નજરમાં આવતો નથી તેથી તમને તે હલકી

કીંમતનો દેખાય છે, પણ વીંટી અને હીરો તેજ છે જે આપે મને આપેલ હતો.

એ આલીમની કેટલીક ઉમદા કીતાબો જેમકે “અયનુલ ઉસુલ” “મિનહાજુલ ઈજતેહાદ” તેના ૨૪ ભાગ છે. તે સીવાય કેટલાક રીસાલા છે. એ આલિમ ફીકહના મસઅલામાં પોતાના જમાનામાં ખૂબજ હોંશિયાર અને મશ્હુર હતા.

ઈરાનના બાદશાહ ફતેહઅલીશાહના ઝમાનામાં કોઈ માણસે તે આલીમની બેઅદબી કરેલી અને તે જનાબે પણ કાંઈ કહેલું. ફતેહઅલી શાહે ઠપકો આપ્યો. પછી

બીજે દિવસે ફતેહઅલીશાહ પોતાના ખાસ માણસોને વાત કરી કે ગઈ રાત્રે મેં ખ્વાબમાં જનાબે ફાતેમા (સ.અ.)ને જોયા. તેઓ એ ગુસ્સે થઈને ફરમાવ્યું કે મારી અવલાદની સાથે કેમ બે અદબી કરી હવેથી તેઓની સાથે અદબથી વર્તવું અને તેની ઈઝ્ઝત હુરમત રાખવી અને જો એથી ઉલટું કર્યું તો તમારી સલ્તનત ખતરામાં પડશે. (એ આલીમ સૈયદ ન હોવા છતાં જનાબે ફાતેમાએ તેમને પોતાની અવલાદ ફરમાવી તે વિશે લખે છે કે ઓલમા જનાબે

ફાતેમાની રૂહાની અવલાદ ગણાય છે, એટલો ઉંચો મરતબો આલીમોનો છે.)

પછી એ જનાબને તથા તેઓના ભાઈઓને બોલાવીને ઈનામ, ઈકરામ અને માન આપી કિમતી લિબાસ આપ્યા.

કઝવેનમાં એ જનાબ શરીઅતના હુકમ જારી કરતા અને ગુનેહગારોને સજા આપતા અને અદાલતથી ફૈસલા આપતા, એક વખત એક માણસને કોઈ ગુનાહને કારણે સજા કરી તેથી તેને તે સજા નાગવાર ગુજરી તેથી એક રાત્રે તે હથિયાર લઈને મધ્ય રાત્રીએ જનાબને મારવા માટે ગયો,

તો જોયું કે ચીરાગ બળે છે અને એ બુઝુર્ગવાર ખુદાની ઈબાદતમાં મશ્ગુલ છે.

આપનું એ શખ્સ તરફ ધ્યાન ગયું નહીં અથવા જોવા છતાં તેને દફે કરવાની કોશીશ કરી નહીં, ગમે તે કારણ હોય પણ એ શખ્સને કોઈ રોકનાર કે અટકાવનાર ન હોવાથી હાથમાં હથિયાર લઈને બેધડક અંદર જવા લાગ્યો. ત્યાં પાછળથી કોઈએ કમરમાં હાથ નાખી તેને પાછો ખેંચ્યો તેથી તેણે પાછળ જોયું તો કોઈ દેખાણું નહીં. તેથી એમ સમજ્યો કે તેને વહેમ પડી ગયો છે એમ વીચારી વળી દરવાજાની અંદર

દાખલ થવા ગયો, ત્યાં વળી ફરીથી કોઈએ કમર પકડીને બાહર ખેંચ્યો, વળી ત્રીજી વખત અંદર જવા ગયો તો તે વખતે પણ કોઈએ ખેંચ્યો, છેવટે તે સમજ્યો કે આ કુદરતી બાબત છે. તેથી પછતાયો અને તૌબા કરી અને હથિયાર ફેંકીને એ જનાબની ખિદમતમાં અંદર ગયો, તે વખતે કોઈએ અટકાવ્યો નહીં અને કમર પકડી નહીં, અંદર જઈને એ બુઝુર્ગવારના હાથ ચુમીને માફી માગી પાછો ગયો. એ માણસે ત્રણ વખત તેણે હુમલો કર્યો અને ત્રણે વખત તેને કોઈએ પાછો ખેંચ્યો તો પણ એ

બુઝુર્ગવારને ખબર પડી નહીં, અને ઈબાદતમાં મશ્ગુલ રહ્યા.

એક વેપારી હતો તેને પણ કોઈ એવાજ પોતાના અણગમતા ફેંસલાથી એ બુઝુર્ગવાર સાથે કીનો અને અદાવત પેદા થઈ તેથી એ જનાબને કત્લ કરવાનો ઈરાદો કરી એ રાત્રે જવા માટે તૈયાર થયો. ત્યાં તેના રૂના ઢગલામાં આગ લાગી અને તેને નુકસાન થયું તેથી તે સમજ્યો કે આ બદ ઈરાદો કરેલો તેથી આવો બનાવ બન્યો. જેથી કરીને તે ડર્યો અને પરવરદીગારની બારગાહમાં તૌબા કરી.

એ જનાબ મુજતહીદ હતા. તેથી ફતવો આપતા અને તેઓને ઈમામે હુસૈન(અલય્હિસ્સલામ)ની મુસીબત માટે જે લોકો શબીહ વગેરે બનાવે છે તેના માટે હરામનો હુકમ આપેલો અને ગીત સંગીતના રાગમાં મરસિયા પઢવાની મનાઈ કરેલી.

એક દિવસ ખ્વાબમાં હઝરત રસૂલેખુદા મોહમ્મદે મુસ્તફા(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને જોયા કે મસ્જિદમાં મીમ્બર ઉપર બેસીને તે જનાબને કહ્યું કે અય આખુન્દ! મારા ફરઝંદ હુસૈનના ગમમાં

રાગમાં મરસિયો પઢવાની મનાઈ ન કરવી જોઈએ એવી રીતે પઢે તો પઢવા દે!!!

જેનો ખુલાસાવાર હવાલો કીતાબ ‘મજાલેસુલ મુત્તકીન’ માં આપેલો છે. વધુ વિગત જોવી હોય તો તે કિતાબમાં જોવા ગુજારીશ છે.

વાતનો સારાંશ એ કે ખ્વાબ જોયા પછી એ જનાબે શબીહ બનાવવા માટે રજા આપી અને રાગમાં મરસિયો પડવાની મનાઈ કરતા ન હતા અને પોતે એવી શબીહની મજલીસોમાં જઈને બેસતા હતા.

ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના ગમમાં જે લોકો શબીહ વગેરે કાઢે છે અને મરસીયા પડે છે તેમાં તેઓનો હેતુ હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબતમાં રડવા અને રડાવવાનો છે. જેમ કે તાજીયા (તાબુત) બનાવે છે, તેનો અસલ હેતુ તો હઝરતની ઝરીહ (રોઝા) મુબારકનો નકશો છે કે જેમાં તેઓની કબ્ર શરીફ છે તે બનાવીને ગમગીન થવાનું છે, અને તે ગમગીન થવા માટે રડવા અને માતમ માટે તાઝીયા બનાવવા માટે અને તે તાઝીયાની પાસે માતમ કરવું અને નૌહા પઢવા એ

સવાબનું કામ છે. પરંતુ આ ઝમાનામાં જાહીલો તાઝિયા સાથે ખેલ-વાજા અને રાતા પીળા રંગીન કપડા પહેરી નાચે કુદે અને રમત ગમત કરે અને વાઘ ને રીંછ બને અને તમાશા કરે તે બીલકુલ સારૂં કામ નથી, બલ્કે એવા કામોથી તમામ મુસ્લીમ બિરાદરોએ બચવું જોઈએ.

મજકુર આલીમના ઝમાનામાં બીજા કેટલાક આલીમો હતા, તેમાં એક આલીમ બહુ જ હોંશીયાર અને કાબીલ હતા પણ કેટલીક જગ્યાએ શીઆ અકીદાની ફીકહની બાબતમાં શરતચુક કરેલી જેનો ઉલ્લેખ

અત્રે કરવો અસ્થાને છે. તે આલીમની કેટલીક કરામતો લખી છે તો કરામતો વિશે ભરમાવું નહીં, કરામત છે તે હક દીન ઉપર હોય તે જ બતાવે તેમ નથી, બલ્કે તે તો કાફર હોય અને પોતાના નફસને તકલીફમાં નાખી કોઈ અમલ કરે તો તેને પણ કરામત જેવી બાબતો બતાવી શકે છે. કેમ કે કયામતમાં - આખેરતમાં તો તેના માટે કોઈ સવાબ નથી. ખુદાએ આદીલ આ દુનિયામાં જ તેનો બદલો તેને આપે છે એટલે કે નફસને તકલીફ આપી કોઈ એવા કામમાં મશ્ગુલ થવાથી દુનિયાનો મતલબ પુરો

થાય છે. તેથી કાંઈ હક વાત સાબીત થતી નથી, અને તેથી એવી કરામતોથી ફરેબમાં પણ આવવું નહીં.

‘કસસુલ ઓલમા’ના સંપાદકના કાકા કહે છે કે એક વખત હું ઈમામે રઝા (અલય્હિસ્સલામ)ની ઝીયારત કરવા માટે ગયો. થોડા સમય ત્યાં રહ્યો. એક દરવેશને જોયો કે તેની પાસે ‘તય્યુલ અર્ઝ’ ની કરામત હતી.(એટલે કે ખૂબ જ થોડો સમયમાં લાંબી મુસાફરી કરવી.) મેં તેની સાથે દોસ્તી કરીને તેની પાસે ‘તય્યુલ અર્ઝ’ શીખવાની ઈચ્છા વ્યકત કરી. તેણે ઈન્કાર

કર્યો. પરંતુ છેવટે બહુજ આગ્રહ કરવાથી તેણે કહ્યું કે એ બાબત તમારાથી નહીં બને અને તમો એને લાયક નથી, આગ્રહ કરતા તેણે કહ્યું કે બે શરત કબૂલ કરો તો એ કરામત બતાવું. પહેલી શરત એ કે આ જેને તમો ઈમામ કહો છો તે આ ઠેકાણે દફન છે તેને ઈમામ કહેવાનું છોડી ધ્યો. અને તેમને તમારા ઈમામ ન માનો. બીજી શરત એ કે એક અઠવાડિયા સુધી નમાઝ ન પડો. મેં કહ્યું કે ઠીક તમારા કહેવા મુજબ કરીશ, પછી તે મારા ઠેકાણે ગયો અને નમાઝનો વખત આવ્યો તે વખતે મેં વિચાર્યું કે

ઈમામને ઈમામ કહેવા તે તો દીલની વાત છે અને તેની પાસે મેં કબૂલ કરેલ છે કે આ જનાબને ઈમામ નહી કહું, પણ દિલની વાતની તેને ખબર નહીં પડે, હવે નમાઝ માટે ઘરની અંદર છુપી રીતે દરવાજો બંધ કરીને નમાઝ પડીશ, અને દરવેશને કહીશ કે 'નમાઝ નથી પડતો'. પછી ઘરનો દરવાજો બંધ કરી વૂઝુ કરીને નમાઝ પઢવા ઉભો રહ્યો. ત્યાં તે દરવેશ મારી પાસે આવીને બોલ્યો કે "મેં કહ્યું ન હતું કે તું આ કામને લાયક નથી", એમ કહી ચાલતો થયો, પછી તેને જોયો નહીં, તો એથી

મતલબ એ છે કે એવી બાબતો બતાવવાથી ઈમાનદારી અને હક હોવાનું સાબીત થતું નથી.

‘નાજી’ અર્ઝ કરે છે કે અજબ નથી કે તે દરવેશ ઈબ્લીસ શૈતાન પણ હોય કે આ બીચારાને ફરેબ આપી એવું વચન લીધું, તેમણે કહેવું જોઈએ કે અય દરવેશ! તું દરવેશ નહીં પણ ઈબ્લીસ છો. મારે એ કરામત ઈમાનના ભોગે શીખવી નથી.

બીજી નકલ એજ મતલબ માટે લખી છે કે જો કોઈ ઈન્સાનમાં કોઈ કરામત જેવી વાત જોવામાં આવે તો તેથી કાંઈ હક

સાબિત નથી, જેમ કે હઝરત ઈમામે જાફરે સાદિક(અલય્હિસ્સલામ)ના ઝમાનામાં હિન્દુસ્તાનથી એક માણસ આવ્યો અને તે એવો હોંશીયાર જાણકાર હતો કે જે કોઈ પોતાના હાથમાં કાંઈ લઈને છુપાવે તો તે કહી શકતો હતો.

એ ખબર હઝરતની ખિદમતમાં પહોંચી, હઝરતે તેને બોલાવીને પોતાના હાથમાં કોઈક ચીજ રાખીને પૂછ્યું કે કહે! મારા હાથમાં શું છે? તે વખતે તે શખ્સની વાત સાચી નીકળી. હઝરતે ફરમાવ્યું કે તેં કહ્યું તે સાચું છે. પછી હઝરતે ફરમાવ્યું, કે હવે

બીજી ચીજ હાથમાં લઉં છું, એમ કહી પોતાનો હાથ ઘરની બહાર લાંબો કર્યો. થોડીવાર પછી હાથ અંદર લાવીને પૂછ્યું કે હવે કહે કે કઈ ચીજ છે?

તેણે વિચાર્યું પણ કંઈ સમજણ ન પડી. ફરી વખત વિચારીને બોલ્યો કે હીંદુસ્તાનના જઝીરામાંથી ફલાણા જઝીરામાં ફલાણા પંખીના માળામાં એક ઈંડુ નથી, હઝરતે હાથ ખોલીને ફરમાવ્યું કે: હા, બરાબર છે.

પછી હઝરતે પૂછ્યું, કે તું બતાવ કે આ અમલ તને કયાંથી પ્રાપ્ત થયો?

તેણે જવાબ આપ્યો કે મારો નફસ જે ચાહે છે તેનાથી ઉલ્ટું કરૂં છું, તો એ નફસકશી(નફસને મારવા)ના કારણે આ શક્તિ મળી છે.

હઝરતે ફરમાવ્યું: "તારો નફસ કુફ્રને ચાહે છે કે ઈસ્લામને?" તેણે કહ્યું કે "કુફ્રને ચાહે છે," હઝરતે ફરમાવ્યું કે "શા માટે આ બાબતમાં તારા નફસથી ઉલટો ચાલતો નથી?" તે વખતે કહ્યું કે: "લ્યો એ બાબતમાં પણ નફસથી ઉલ્ટો ચાલીને ઈસ્લામ કબૂલ કરૂં છું" એમ કહી મુસલમાન થઈ ગયો.

હઝરતે પૂછ્યું કે હવે તપાસી જોઈએ તને કોઈ ચીજની હવે ખબર પડે છે? તેણે કહ્યું કે નહીં: હઝરતે ફરમાવ્યું કે તારૂં કહેવું હક અને સાચું છે, કેમકે પહેલા તુ મુસલમાન ન હતો અને રિયાઝત મેળવેલી, પણ કાફરો માટે આખેરતમાં નેક બદલો નથી, તેથી ખુદાએ તને એ તારી નફસકશીના બદલામાં દુન્યામાં એ કરામત આપેલી, કે જેના કારણે તું તમામ ચીજોને જાણતો હતો. હવે તું મુસલમાન થયો. તેથી ખુદાએ તે તારો સવાબ આખેરતમાં રાખ્યો

અને ત્યાં આપશે. તેથી દુન્યામાંથી એ કરામત તારાથી દૂર થઈ ગઈ.

'નાજી' અર્ઝ કરે છે કે આવી કેટલીક બાબતો જેમ કે આપણને કોઈ વેપાર કે ધંધા માટે જવું હોય ત્યાં મજલીસ વીગેરેનું નેક કામ આવ્યું અને ત્યાં ગયા. હવે ત્યાંથી આવ્યા પછી ખબર પડે કે જો મજલીસમાં ન ગયા હોત અને તે વેપારનું કામ કરવા ગયા હોત તો લાભ થાત. તો તે ઉપરથી જરા રંજ કે સદમો થાય છે, પણ એમ નથી સમજતા કે આ દુન્યાનો નજીવો લાભ ન મળ્યો પણ આખેરતની કેટલી કમાણી થઈ?

અને તે કેટલી અઝીમ દૌલત મળી તે ઉપર ધ્યાન નથી આપતા. જો એ બાબત ઉપર ધ્યાન આપી ખ્યાલ કરે તો તે રંજ અને સદમો દૂર થઈ દિલ રાજી થાય, પણ પાછો શયતાનનો ફરેબ તે વારંવાર યાદ આવ્યા કરે કે જો હવે એક વખત મજલીસમાં ન જતે તો શું થતે? એવો મોટો લાભ ખોઈ નાખ્યો, પણ શયતાનને લાઅનત આપી એ ખ્યાલ છોડીને આખેરતના અઝીમ સવાબ તરફ ધ્યાન આપવું જોઈએ. કેટલીક વખત એવા બનાવ ખાસ ખુદા તરફથી ઈમ્તેહાન માટે બને છે કે આ શયતાનના ફરેબમાં

આવે છે કે નહીં. કેટલીક વખત તેના ભેદ ખાનગીમાં રહે છે કે આપણો લાભ હોય પણ આપણને તરત ખબર ન પડતાં પાછળથી ખબર પડે છે, જેમ કે તે બારામાં એક સાંભળેલી વાત નોંધું છુ. જો કે એ નકલ સહીહ હોવાની ખાતરી નથી. બે માણસ ઘરેથી બહાર નીકળ્યા, એક માણસ મસ્જિદમાં નમાઝ પઢવા ગયો અને બીજો નાચ જોવા ગયો, રસ્તામાં જે માણસ મસ્જિદમાં જતો હતો તેને કાંટો વાગ્યો અને જે નાચ જોવા ગયો તેને કોઈએ થોડા રૂપિયા આપ્યા, જાહેરમાં તો નમાઝ પઢવા

જનારને નુકસાન થયું અને નાચ જોવા જનારને ફાયદો થયો, પછી અમૂક સમય પછી એવું જાહેર થયું કે જે માણસ નમાઝ પઢવા ગયો હતો તેનું ખૂન થવાનું હતું તે નમાઝની બરકતથી બચી ગયો. અને ફકત કાંટો વાગી તે બલા દૂર થઈ, અને જે નાચ જોવા ગયો તેને ઘણી દવલત મળનાર હતી તો નાચના ગુનાહની બદીના કારણે મળી નહીં અને ફકત થોડી જ દૌલત મળી.

હવે આ ઉપરથી એટલું જ સમજવાનું કે આ તો એક દુન્યાનો નફો નુકસાન જાહેરી રીતે થયો અને તેનું કારણ પણ મળી

આવ્યું, પણ એ કારણની ખબર ન પડતે તો પણ એવો વિચાર કરવાનો કે નમાઝ ખુદાની ખુશીનું કામ છે તો નમાઝ પડયો. ખુદાને રાજી કર્યો. ભલા ખુદાને રાજી કરવો એ કાંઈ નાની વાત નથી. અઝીમ દવલત મળી સમજવી, અને નાચ જોવા ગયો તેમાં ખુદા નારાજ છે. અને ખુદાને નારાજ કરવો તે બેહદ ગુનાહનું કામ છે.

તે સાહેબ લખે છે કે જે સુફી લોકો ચીલ્લો વગેરેનો અમલ કરે છે અને તેથી પોતાનો મતલબ પાર પાડે છે, પણ તેવું કરવું હરામ છે. જેમકે ચાળીસ દિવસ સુધી

કેટલીક વસ્તુ ખાવી નહીં, ભુખ્યા રહેવું વીગેરે કેટલીક બાબતો છે, હા જે બાબતો ઈમામોથી વારિદ હોય જેમકે સલવાત છે, કુરાનની કોઈ આયત છે, કોઈ ઈસમ છે અથવા કોઈ દુઆ છે. તો તેની શરતો મુજબ પડે તો ઈન્શા અલ્લાહ તેની હાજત પુરી થાય છે અને બેશુમાર સવાબ પણ મળે છે.

એ બુઝુર્ગવારના ઝમાનામાં ઘણી બાબતો બની, કેટલાંક આલીમો સાથે સવાલ જવાબ થયા વીગેરે ઘણી બાબતો લખેલ છે. જે લખવાથી લંબાણ થતા

વાંચનાર કંટાળે તેથી ખાસ ખાસ વાતો લખી છે.

મીરઝા જવાદ નામનો એક શખ્સ કઝવૈનનો રેહવાસી હતો તે કહે છે કે એ જનાબની શહાદતના થોડા દીવસ પહેલાં તે જનાબની ખીદમતમાં ગયો, તે જનાબે ફરમાવ્યું કે ઈલતેમાસે દુઆ, એટલે મારા હકમાં દુઆ કરો.

મેં અર્ઝ કરી કે દીન અને દુન્યાની નેઅમતો ખુદાએ તમોને આપી છે. જેમકે ઈઝ્ઝત, સરવત, ઈલ્મ, અવલાદ, શરીઅતના અહકામ બતાવવા અને

ઈલ્મની કીતાબો લખવી. તો હવે તમારી બીજી કઈ આરઝુ બાકી રહી છે?

તેઓએ જવાબ આપ્યો કે શહાદતની આરઝુ રાખું છું! મેં કહયું કે આપ હંમેશા શહાદતના દરજામાં છો, બલ્કે તેનાથી પણ વધારે મરતબો ધરાવો છો, કેમકે હદીસોથી સાબિત છે કે આલીમોની શાહી (રોશનાઈ) શહીદોના ખૂનથી વધારે દરજ્જો ધરાવે છે, તેઓએ ફરમાવ્યું એ હદીસ સાચી છે, પણ હું હકીકી 'શહાદત' ચાહુ છું કે મારા લોહીમાં રંગાઉ!

પછી એક દિવસ હંમેશાની આદત મુજબ અડધી રાત્રે મસ્જિદમાં જવા ચાહયું કે ત્યાં જઈને ઈબાદતમાં મશ્ગુલ થાય, તેઓની પત્નીએ કહયું : “તમો આજની રાત અને હવે પછી રાતના મસ્જિદમાં ન જાવ.” જવાબ આપ્યો : “શું તમો ડરો છો કે મને કોઈ મારી નાખશે? હું શહાદતને દોસ્ત રાખું છું પણ એ નેકબખ્તી કયાંથી મળે?” પછી પોતે મસ્જિદમાં ગયા, આંખોમાં આંસુ અને બેકરારીથી દરગાહે પાક પરવરદિગારમાં દોઆમાં મશગુલ થયા.

જયારે સવાર થવા આવી તો એક સ્ત્રી ઈબાદત માટે આવી, રોશની કરવા લાગી અને જનાબ સીજદામાં જઈ મુનાજાતે ખમસા અશર પઢવા લાગ્યા અને બહુજ આજીઝીથી પઢતા અને રડતા હતા, ત્યાં શેખી મઝહબના કેટલાક લોકો ત્યાં આવ્યાં અને આપની ગરદન ઉપર નેજો માર્યો. એ જનાબ કાંઈ બોલ્યા કે ડર્યા નહીં, ફરી બીજો વાર કર્યો તે વખતે તે જનાબે સીજદામાંથી માથું ઉંચું કરીને ફરમાવ્યું કે મને શા માટે મારી નાખો છો ? તેના જવાબમાં મલઉનોએ મોઢા પર એક નેઝો માર્યો કે

તેથી મોંઢુ ચીરાઈ ગયું, એટલે સુધી કે આઠ વખત નેઝા માર્યા તે સ્ત્રી આ દ્રશ્ય જોઈ બુમો પાડવા લાગી તેથી તે મલઉનો ભાગી ગયા. તે જનાબ મહેરાબમાંથી બહાર નીકળ્યા કે જેથી મસ્જિદમાં ખુન પડે નહીં, જેવા મસ્જિદના દરવાજા પાસે ગયા કે ત્યાં ઝખ્મોના કારણે પડી ગયા, એકતો ઝઈફી, વળી રાતની ઈબાદત, રાતનો ઉજાગરો અને શરીર ઉપર ઝખમ લાગેલા તેથી શક્તિ કયાંથી હોય ? ગશ આવી ગયો અને લોહીમાં ખરડાઈ ગયા.

જયારે તેમની પત્ની તથા દિકરાઓને ખબર પડી તો મસ્જિદમાં આવી ઘરે લઈ ગયા, મોંઢામાં ઝખમ થએલા તેથી બરાબર બોલી શકતા ન હતા, અને પ્યાસ બહુજ લાગતી પણ પાણી પી શકતા ન હતા. પાણી મોંમાં નાખવાથી ઝખમ ઉપર તકલીફ થતી હતી તેથી પીતા ન હતા અને તે હાલતમાં જનાબે મઝલૂમે કરબલા ઈમામે હુસયન અ.ની પ્યાસને બહુજ યાદ કરતા હતા અને રોતા હતા અને કહેતા હતા કે યા અબા અબ્દીલ્લાહ ! તમારા ઉપર

મારી જાન ફીદા થાય અય મવલા આપની પ્યાસ નો કેવો હાલ હતો?

બે દીવસ પછી આ ફાની દુન્યાથી કુચ કરીને આકા ઈમામે હુસૈન અ.સ.ની ખિદમતમાં પહોંચ્યા, તેઓની લાશ મુબારકને કરબલાએ મોઅલ્લા પાક જગ્યામાં લઈ જવા ચાહયું પણ ત્યાંના સ્થાનિક લોકોએ પોતાના શહેરમાં એવા અવલીયાનો રોઝો મકબરો બને તેથી હાજી મિરઝા અબુલ કાસીમે તેમના માટે બનાવી રાખેલ ત્યાંજ દફન કર્યા.

કેટલાક સમય પછી કબરની તાઅમીર કરવા અને દુરૂસ્ત કરવા માટે કબર ખોલી તો તે બુઝર્ગવારની લાશ મુબારક તાજી હતી, જરાપણ સડી કે ગળી ન હતી.

એ જનાબની શહાદત સને ૧૨૬૪ હીજરીમાં થઈ. સુબ્હાનલ્લાહ! જુઓ એ બુઝુર્ગવારની ફઝીલત! કે જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ની જેમ ઘરેથી ઉઠીને મસ્જિદમાં ગયા, જાણે કે જાણતા હતા કે શહાદતની રાત છે અને મસ્જિદની અંદર મેહરાબમાં ઈબાદતે ખુદામાં શહીદ થયા; આકા અમીરૂલ મોઅમેનીન

(અલય્હિસ્સલામ)ની માફક તેમના ફરઝંદો ઘરે લઈ ગયા અને બે દિવસ પછી જન્નતે આલીમાં મવલાની ખીદમતમાં પહોંચી ગયા.

હકીકતમાં હદીસમાં વારીદ છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું છે કે "અલ ઓલમાઓ ઉમ્મતી અંબેયાએ બની ઈસરાઈલ" એટલે મારી ઉમ્મતના આલીમો બની ઈસરાઈલના પયગમ્બરો સમાન છે.

જયારે ઓલમા માટે આ હદીસ છે તો વિચારો કે તેઓનો દરજ્જો અને મરતબો અને એહતેરામ કેટલો જાળવવો જોઈએ?

બીજી હદીસમાં છે કે હઝરતે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે મારી ઉમ્મતના આલીમો બની ઈસરાઈલના પયગમ્બરો કરતાં અફઝલ છે! અલ્લાહો અકબર! વિચારો કે ખુદાએ આપણા ઓલમાને કેટલી બુઝુર્ગી આપી છે? કે જેની કોઈ હદ નથી, હકીકતમાં જો વિચારીએ તો ઓલમાના પગ ચુમવા જોઈએ અને હદ થી વધારે આદર

અને સન્માન કરવું જોઈએ, કોઈ નબીનો રોઝો હોય અને તેની ઝીયારત નસીબ થાય તો આપણે કેટલો ફખ્ર કરીએ છીએ. અમે કરબલા તરફ ગયા તો હઝરત નુહ (અલય્હિસ્સલામ) અને હઝરત ઓઝૈર (અલય્હિસ્સલામ)ની કબ્રની ઝિયારત નસીબ થઈ, જો કે એ બુઝુર્ગવારની કબ્ર છે, જાહેરમાં તો કાંઈ દેખાતું નથી તો પણ અલબત તે બુઝુર્ગવારોની તુરબત મુબારકની ઝિયારતમાં ઘણો સવાબ છે, તો મતલબ એ કે જે બુઝુર્ગવારો કે જે આ જમાનાના ઓલમા જેઓની જિંદગીમાં

મુલાકાત નસીબ થાય તેઓની કદ્ર ન કરવી તે કેટલી ભુલ છે? અફસોસ કે જમાનામાં સુધરેલા લોકોએ આલીમોને કમઝોર અને નકામા કરી નાખ્યા, આલીમોની હીમ્મત અને કમર તોડી નાખી! તેમને બેઈઝ્ઝત કરવા લાગ્યા, તેમના ફરમાનની મશ્કરી કરવા લાગ્યા! અલ્લાહ તઆલા આપણને આલીમોની ઈઝ્ઝત કરવાની તોફીક આપે (આમીન).

# (3) જનાબ આખુન્દ મુલ્લા અબ્દુલ કરીમનો અહેવાલ

જ. આખુન્દ મુલ્લા આલીમ ઈરાનમાંના ઈસ્ફહાનના રહેવાસી કઝવીનમાં રહેતા હતા, આપ બહુ જ મોટા આલીમ હતા, તે વખતમાં તેઓની સમાન કોઈ આલીમ ન હતા. પણ તેઓએ બહુ જ ઓછી કિતાબોનું સંપાદન કર્યું હતું. ઉસુલેદીનના ઈલ્મમાં ઈરાક અજમમાં તેઓની જેવું કોઈ ન હતું. એ જનાબ બહુ જ હોંશિયાર હોવાથી લોકોએ ચાહ્યું કે તેઓ પાસેથી ઈલ્મ શીખે, તેથી

કેટલાંક તેમની પાસે ગયા અને ઈલ્મનો દર્સ આપવાની માંગણી કરી. તેઓએ કહ્યું : હું ઈલ્મ શીખવાડું પણ તેમાં કેટલીક શરતો છે, ૧. એકસો માણસો તાલીમ લેનારા હોવા જોઈએ, જો તેથી ઓછા હશે તો સબક નહીં મળે. ૨. સબક આપતી વખતે વચ્ચે કોઈએ સવાલ જવાબ કરવા નહીં. કોઈ અર્થ પૂછવો હોય તો દર્સ પૂરો થઈ જવા પછી ખુશીથી પુછે. ૩. અરબી ભાષામાં બતાવીશ એટલે સબક વખતે અરબી સિવાય બીજી ભાષા વાપરવામાં નહીં આવે. ૪. કોઈએ એમ કહેવું નહીં કે હવે આટલો સબક બસ

છે. બલ્કે મને પોતાને જેટલું યોગ્ય લાગશે ત્યારે પુરૂં કરીશ. ૫. જો તમો મતલબ ન સમજો તો આવતા બંધ થવું નહીં, પણ છ મહીના સુધી તો જરૂર આવવું. અને ત્યારપછી પણ જો સમજ ન પડે તો આવવું બંધ કરી શકશો.

જ્યારે આ શરતોનું વર્ણન કર્યું ત્યારે તો તે લોકોએ એ તમામ શરતો કબૂલ કરીને તેઓની પાસે સબક લેવા ગયા. (એ તાલીમ લેવાવાળા પણ મોટા દરજ્જાના આલીમ સમજવા અને તે સબક નાની

એવી બાબતનો નહીં બલ્કે ઉચ્ચ દરજ્જાના ઈલ્મનો સબક સમજવો.)

પછી સવારના એક કલાક દિવસ ચડતા સબક લેવા જતા અને ઝોહરથી બે કલાક પહેલાં પાછા આવતા, એક એક બાબત વિશે ઘણી દલીલો આપી સાબીત કરી આપતા. અને બીજે દિવસે વળી એવી દલીલો કરતા કે આગલા દિવસની વાત રદ કરી નાખતા, વળી ફરીને સાબિત કરતા, એ મુજબ સબક આપવાનો તરીકો રાખેલો. લોકો કંટાળી જતા.

બીજી જગ્યાએ લખે છે કે લોકો એમ સમજતા કે એવી આદત પડી ગઈ છે, પણ પોતે ખુદ કહેતા કે હું જાણીને એ મુજબ દલીલો કરૂં છું. એ તમામ બાબતોની દલીલો મારી પાસે છે, શાગીર્દો સારી રીતે સમજે તે માટે એમ કરૂં છું.

આ જનાબ બયાન કરે છે કે હું 'અર્દબેલ' નામના ગામમાં હતો અને ત્યાંના મદ્રેસામાં પડતો હતો, અને તે ગામમાં એક વેપારી હતો. તે મશ્હુર હતો કે બહુજ કંજુસ-બદદીલ છે અને નેક કામમાં પૈસા વાપરવામાં કંજુસાઈ કરતો. એટલે સુધી કે

કોઈ દિવસ રોટીનો ટુકડો પણ ફકીરને આપતો ન હતો, અને ઘણી વાર તો પોતાના ઘરે ખાતો પણ ન હતો. બલ્કે જેને નાણા કર્ઝ આપેલ હોય તેના ઘરે જમતો, એટલે સુધી કે એક વખત કોઈએ તેનો સામાન લઈ, પકાવી અને જમવા બેસાડયો. ખાતી વખતે નીવાલો ગળે અટકયો તેથી સમજ્યો કે આની અંદર મારા ઘરનો સામાન હશે.

એક વખત આ આલીમ અને બીજા કેટલાક તેઓના સાથીદારો, તાલીબે ઇલ્મ વિગેરે રાતના વખતે બેઠેલા અને આપસમાં

એ બખીલની વાત નીકળી, તમામ લોકોએ કહ્યું કે હરગીઝ બનવાજોગ નથી કે એ બખીલ પાસેથી કોઈ શખ્સ કાંઈ ચીજ પણ ફકીર માટે લઈ શકે! મજકુર આલીમ કહે છે કે તે વખતે મેં કહયું કે હું તેની પાસેથી કાંઈક ચીજ તાલીબે ઈલ્મ માટે આવતીકાલે લાવી આપીશ. તેઓએ કહયું કે એ બનાવજોગ નથીજ, આમ વાત વધી ગઈ એટલે સુધી કે આપસમાં અહદ અને નઝર થઈ કે જો હું તેની પાસેથી કાંઈ પણ ચીજ લાવું તો, તે તમામ તાલીબે ઈલ્મ મને અમુક અમુક રકમ આપે.

તે બખીલ ધનવાન હતો. તે વખતે તેના જેવા પૈસાવાળા ત્યાં ઓછા હશે. એટલે સુધી કે દસ હજાર તુમાન તો ફકત હંમેશા પોતાની દુકાનમાંજ તૈયાર રાખતો કે કોઈ વખતે વધારે માલ આવે તો ઘરે લેવા જવું ન પડે, ઘણા લોકો તેના કર્જદાર હતા.

એ વાયદો આપસમાં થયા પછી સવારે હું તેની પાસે ગયો અને સલામ કરી. તેણે સલામનો જવાબ આપ્યો. હું એક ખુણામાં બેસી ગયો. થોડીવાર બેસવા પછી મેં કહયું કે તમને મારે કંઈક કહેવું છે માટે જો ધ્યાનથી સાંભળો તો બયાન કરૂં. તેણે કહયું

કે કહો! તે વખતે મેં દુનિયાના નાશ થવાનો હાલ બયાન કર્યો અને દલીલો આપી કે આ દુન્યાનો માલ હમેશાં રહેતો નથી અને આખેરતનો અઝાબ ઘણો સખત છે વગેરે તથા અહલેબયત અ.ની હદીસો વીગેરે બહુજ નસીહતકારક બાબતો સંભળાવી, આ સાંભળવાથી તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તે વખતે હું સમજયો કે હવે તેનું દીલ નરમ થયું હશે. ઈન્શા અલ્લાહ મારા કલામની અસર થશે એવું વિચારીને મેં કહયું: તમારી આવનારી આફતો અને મુશ્કેલીઓ દૂર થાય તે માટે જો કાંઈ રકમ

મદ્રેસાના તાલીબે ઈલ્મ માટે આપો તો સારૂં, હકતઆલા રોઝે કયામત મુસીબતને દીવસે તમારા ઉપર રહમ ફરમાવશે અને સખ્તીઓથી બચાવશે.

એ સાંભળીને તે શખ્સે એકદમ ચાલીસ તુમાન મને આપ્યા અને કહયું કે જાઓ એ તુમાન તે મદ્રેસાના તાલીબે ઈલ્મને વહેંચી આપો, પછી તે તુમાન લઈને ગયો અને તાલીબે ઈલ્મને વહેંચી આપ્યા.

'નાજી' અરજ કરે છે કે હકીકતમાં નસીહત એવી ઉમદા ચીજ છે કે ઈન્સાનના દીલને નરમ અને નુરાની કરે છે. ઘણા

શ્રીમંત લોકો લાખો રૂપીયાના માલીક છે. વાહીયાત કામોમાં હજારો રૂપીયા વાપરે છે. જેવા તેવા ફંડોમાં મોટી મોટી રકમો આપે છે અને દીનના કામમાં ઘણે ભાગે મદદ પણ કરતા નથી. છતાંય કોઈ એવી નસીહતની બાબત વાંચવા કે સાંભળવામાં આવે તો તેથી દીલ નરમ થઈને ખુદાના ખૌફથી સવાબ માટે પણ આપે છે.

કલામની તાસીર વિષે એક કિસ્સો છે, બની ઈસરાઈલમાં એક બાદશાહે એક શહેર બનાવ્યું અને તે એવું સરસ અને ઉમદા બનાવેલ કે તે વખતમાં તેના જેવું બીજું

કોઈ શહેર નહતું. પછી લોકોને જમવાની દાઅવત આપી જમાડયા અને શહેરના દરવાજે ચોકી રાખીને કહયું કે જેમ જેમ લોકો જમીને નીકળતા જાય તેમ તેમ તેઓને પુછવું કે આ શહેરમાં કોઈ અયબ છે? ચોકીદારોએ એ મુજબ કર્યુ જે નીકળે તેને પુછતા, કોઈએ કોઈ જાતનો અયબ કાઢયો નહીં, પણ ત્રણ શખ્સોએ કહયું કે હા આ શહેરમાં બે ખામી છે એક તો એ કે છેવટે આ મકાન ખરાબ અને બરબાદ થઈ જશે; બીજો એ કે તેનો માલીક મરી જશે, તે કાયમ નહીં રહે.

આ વાત બાદશાહે સાંભળી. તેથી તેઓને પૂછ્યું કે ભલા એવું કોઈ મકાન છે કે તે ખરાબ નહીં થાય અને તેનો માલિક મરે નહીં? તેઓએ જવાબ આપ્યો કે હા! તે આખેરતનું મકાન છે કે તે ખરાબ નહીં થાય અને તેનો માલિક હમેશાં કાયમ તેમાં રહી સુખ અને આરામ પામવાનો. આ કલામ બાદશાહના દીલમાં એવા તો અસર થઈ ગયા કે પોતાની બાદશાહત છોડી આખેરત કમાવવા માટે ખુદાની ઈબાદત અને બંદગીમાં મશ્ગુલ થયો. આ જમાનામાં એવી તાસીરવાળી પ્રકૃતિ રાખનારા ઘણાંજ

થોડા હશે. છતાં પણ જે બુઝુર્ગવારોના કલામ છે તેમાં અસર રહેલો છે જો કોઈ ખરા દીલથી સાંભળે તો જરૂર ફાયદો થાય.

એ જનાબ “કીમીયા” માં બહુજ હોંશિયાર હતા. તે સમયે તેઓ તે કળામાં પૂર્ણ હતા, “કીમીયા” નો અર્થ બધા જાણે છે તોપણ તેની થોડી સમજ આપવાની કે ખુદાવંદે આલમે કેટલીક ચીજમાં ખાસીયત એવી રાખી છે કે અગર ત્રાંબાને ગાળી તેમાં એક જાતના ઝાડના પાનનો રસ તેમાં નાખે તો તે સોનુ થઈ જાય વગેરે. પણ તે ઝાડ

મળવું મુશ્કીલ છે. જો કે તે ઝાડનું નામ તથા તેની ઓળખ લોકોએ લખી છે. એ સીવાય બીજી પણ કેટલીક રીતથી કીમીયા બને છે. પણ દીન તથા દુનિયાના કાનુન પ્રમાણે તે બનાવવાની મનાઈ છે, પણ શરીઅતમાં લાચાર હોય અને બનાવવું પડે તો તે વિશેનો જુદોજ હુકમ છે, તેઓનું ફરમાવવું એમ હતું કે કીમીયાનો હુન્નર કરબલામાં એક દરવેશે શીખવ્યો હતો.

એક હિકાયત છે કે હાજી તકી સાહેબના વખતમાં એક નીકાહ થયા. આ સાહેબ ફરમાવે છે કે તેમાં કાંઈ વાંધો પઢવાથી

મારી પાસે ફેંસલા માટે આવ્યા. મારા ઈલ્મ મુજબ સૈયદના નીકાહ બાતીલ હતા. તેવું કહેવાથી દુશ્મની થઈ.

એક વખત રાતના સ્વપ્નમાં જોયું કે જાણે કોઈ આવીને કહે છે ચાલો તમોને બોલાવે છે. એ સાંભળીને મને દીલમાં ખોફ લાગ્યો અને ગભરાયો કે કોણ અને શા માટે બોલાવતા હશે? પછી હું તેની સાથે ડરતો ડરતો ગયો. તે આગળ અને હું પાછળ હતો, એક મકાન પાસે પહોંચ્યા તો તેણે કહયું આ મકાનમાં તમોને બોલાવે છે. હું તે મકાનમાં ગયો તો જોયું કે ઘણા માનવંત અને

ઈઝ્ઝતવાળા સૈયદો બેઠા છે અને તે હાજી સૈયદ તકી સાહેબ પણ તેઓમાં બેઠેલા છે, મેં તેઓને સલામ કરી તે સાદાતોએ સલામનો જવાબ આપ્યો.

સર્વેથી ઉચી જગ્યાએ જે સૈયદ બેઠા હતા તેઓએ મારી તરફ સખતાઈથી ફરમાવ્યું કે મારા ફરઝંદ સૈયદ તકીનું દીલ શા માટે દુખાવ્યું? હવેથી એવું કામ કરતો નહીં. અને સૈયદને રાજી કર!!

હું સ્વપ્નામાંથી જાગ્યો અને સવારે તેઓને ઘરે જઈને ભૂલ થઈ તેની માફી

ચાહી અને પોતાના સ્વપ્નની હકીકત બયાન કરી. સૈયદ મારાથી રાજી થયા.

ફરી થોડા સમય બાદ કોઈ એવોજ ઝગડો આવ્યો અને તેમાં તે સૈયદની ભુલ જાણવા મળી, તેથી મેં તેઓની બાબત બાતીલ ઠેરવી. આમ, ફરી વખત તેમની અને મારી વચ્ચે ફસાદ થયો. વળી ફરીને પહેલાની જેમ સ્વપ્ન જોયું અને તે બુઝુર્ગવારે બોલાવીને ઠપકો આપી સૈયદ સાહેબને રાજી કરવાનું ફરમાવ્યું. વળી સવારે તેઓની મુલાકાત કરી ભૂલની માફી માંગી. તેઓએ માફ કર્યું , અને આ વખતે

પણ મેં મારા સ્વપ્નાનો હાલ બયાન કર્યો નહીં, પણ તેઓએ પોતેજ કહ્યું કે રાત્રે તમોને જે ઠેકાણે બોલાવ્યા હતા અને તમોને ઠપકો મળ્યો તે મજલીસમાં હું પણ બેઠો હતો, આ સાંભળીને હું બહુજ નવાઈ પામ્યો!

# (૪) જનાબ શેખ ઝયનુદ્દીન બીન શૈખ નુરૂદ્દીન શહીદે સાની

જ. શૈખ ઝયનુદ્દીન વિશે તેમની ખૂબસુરતી અને ચેહરો મુબારક વખાણવા લાયક વગેરે બાબતોની ઘણી તાઅરીફ લખી છે. બચપણમાં ઈલ્મ શીખવા જતા તે વખતે ઉમર ઘણી નાની હતી, રમત ગમતનો શોખ ન હતો, તેઓના વાલીદ

ઉસ્તાદને કહેતા કે આને મારવાની જરૂરત નથી. તે ધ્યાન આપીને શીખશે.

શેખ ઝયનુદ્દીન કુકઆની કહે છે કે બસ્સા નામના ગામડામાં મેં સ્વપ્નમાં જોયું કે એક ઈન્સાન બહુજ નેક હયબતવાળા જેમના હાથમાં પાણીનો એક કુઝો હતો. તેઓ શહીદે સાનીના મોંઢા પર રાખી કુઝાનું મોંઢું ઉઘાડી પાણી પીવરાવવા લાગ્યા અને તે જનાબ થોડું થોડું કરી પાણી પી ગયા.

મજકુર આલીમની ઘણી કરામતો લખેલી છે તે પૈકી કેટલીક કરામતો નીચે મુજબ છે.

કરામત (૧) પોતે બયાન કરે છે કે સને ૯૬૦ હીજરી રબીઉલ અવ્વલની ૧૦મી તારીખે બુધવારના દિવસે ‘રમલા’ નામના ગામમાં ત્યાંની મસ્જિદમાં ગયા, જેનું નામ ‘જામાએ અબયઝ’ છે અને ત્યાં નબીઓની ઝિયારતો પણ છે કે ત્યાં એક ગારમાં દફન છે. હું પણ ત્યાં ગયો, તો દરવાજાને તાળું લગાવેલું હતું અને કોઈ ખોલનાર પણ ન હતું. તે વખતે તાળા ઉપર હાથ રાખી જરા

ખેંચ્યું તો તે તાળુ ખુલી ગયું. તેથી ગારમાં જઈ નમાઝ અને દુઆ પઢવામાં મશગુલ થયો, પણ કાફલો ચાલ્યો જશે તે વિશે ધ્યાન રહ્યું નહી. પછી ગારમાંથી ગામમાં ગયો અને કાફેલાની તલાશ કરી તો જાણવા મળ્યું કે કાફલો રવાના થઈ ગયો છે.

એ વખતે ચિંતામાં મુકાઈ ગયો પણ બીજો કોઈ ઉપાય ન હતો. હું પણ તે રસ્તે રવાના થયો. ચાલતા ચાલતા થાકી ગયો અને કાફલાની સાથે થઈ શકયો નહીં. એવી હાલતમાં જોયું કે એક શખ્સ ખચ્ચર ઉપર

બેસીને આવ્યો અને કહ્યું કે મારી પાછળ બેસ, આ સાંભળીને હુ તેની પાછળ બેઠો અને વીજળીની જેમ તે ખચ્ચર ચાલવા લાગ્યું. તેથી થોડીવારમાં કાફલો મળી ગયો. મને નીચે ઉતારી દઈને કહ્યું : જા તારા દોસ્તો ભેગો થઈ જા! એમ કહી તે પણ કાફલાની અંદર ગયા, પછી કાફેલામાં ઘણી તપાસ કરી તે સાહેબ જોવામાં આવ્યા નહી અને આ અગાઉ પણ કયારેય તેમને જોયેલા ન હતા.

કરામત (૨) સુન્નત જમાતના એક આલીમ પાસે ગયા અને કેટલીક બાબતોમાં

સવાલ જવાબ થયા બાદ તેઓ બહાર નીકળવા લાગ્યા. તે વખતે તે આલીમે કહ્યું કે આ મારા કિતાબખાનામાંથી જે કિતાબ તમારા મઝહબની હોય તે લઈ લ્યો; આ બુઝુર્ગવારે ન વિચાર્યું ન તપાસ્યું એકદમ હાથ નાખી એક કિતાબ લઈ લીધી. પછી જોયું તો કિતાબ જ. અલ્લામા હીલ્લી અલયહીર્રહમા જે શીઆના મોટા આલીમ થઈ ગયા છે, તેઓની લખેલી તે કિતાબ હતી.

કરામત (3) હાજી શમસુદ્દીન મોહમ્મદ બિન હીલાલ શહીદે સાનીની મદદ કરતા

અને ખર્ચ માટે રકમ આપતા હતા, તેઓ ઈલ્મ શીખતા હતા તે વખતે જનાબનો અને તેઓના બચ્ચાઓનો ખર્ચ પણ આપતા, એક વખત એ બુઝુર્ગવાર મુસાફરીએ ગયા, તે કાફેલા સાથે એક શામી બેદીન નાસ્તિક હતો, તેને જોઈને હાજી શમસુદ્દીને કહ્યું કે આ શખ્સ ખરાબ છે અને તે જે કાફલામાં હોય તે કાફલામાં હું મુસાફરી નહીં કરૂં, કેટલીક બીક દેખાડી પણ આ જનાબ તો રવાના થયા, જયારે ‘કતલા’નામના ગામમાં પહોંચ્યા તો ત્યાંના હાકીમે માલની ઝકાત લેવા માટે તે કાફલાને રોકયો અને

તે કાફલાવાળાઓને અને મજકુર આલિમને તે કાફલાવાળા સાથે હાકીમની પાસે લઈ ગયા ત્યાં તે આલિમે જોયું કે તેજ શખ્સ જેના માટે બીક બતાવી હતી હાકીમની પાસે બેઠો છે. જયારે આ બુઝુર્ગવારને તે મરદુદે જોયા તો બોલ્યો કે જુવો જુવો જેના માટે મેં વાત કરી તે આ પોતેજ છે.

મેં કહ્યું: તેં મારા માટે આ લોકોને શું કહ્યું છે? તેણે કહ્યું કે મેં કહ્યું કે તમો મીસર ઈલ્મ શીખવા જાઓ છો અને હાજી શમસુદ્દીને તમોને મોકલ્યા છે અને તમારી મદદ કરે છે. આ મુજબના શબ્દો સાંભળ્યા

તો મજકુર આલીમના દિલમાં ખૌફ પેદા થયો કે આ લોકો મારા મઝહબની વિરૂધ્ધ છે અને તેઓ પાસે આ મરદુદે એવી એવી વાત કહી તેથી હવે જે થાય તે ખરૂં.

પણ કુદરતે ખુદાથી અને આ જનાબની કરામતથી એવો બનાવ બન્યો કે તમામ લોકો પાસેથી ઝકાતી સામાન તપાસીને લેવાનું હતું તેની પાસેથી લીધું. આ બુઝુર્ગવારનો એવો નૂરાની ચેહરો કે તેનાથી શરાફત જાહેર હતી તેથી હાકીમે પોતાના હાથથી ચીઠ્ઠી લખી આપી કે એ જનાબનો સામાન માફીમાં છે, માટે કોઈ જગ્યાએ

તપાસવો પણ નહીં, જ્યારે બાહેર નીકળ્યા તો તે શામી કહેવા લાગ્યો કે તમારી પાસે કાંઈક કરામત છે કે તેના કારણે તમારી સામે કોઈ બોલી શકતું નથી, પછી તો તે મરદુદ કોઈ પણ રીતે એ સાહેબને નુકસાન પહોંચાડી શકયો નહી, અને દરેક ઠેકાણે તેઓનો સામાન વીખાવીને જોવાથી બચી ગયો. બલ્કે કેટલાંક બીજા મોઅમીનોનો સામાન પણ પોતાના સામાનમાં ભેળવી નુકસાનીથી બચાવતા હતા.

'નાજી' અર્ઝ કરે છે કે હક તઆલાએ આલિમોને પણ એવી એવી કરામતો આપી

છે કે જેની હદ નથી, અને ખાસ કરીને જેઓ ખુદાની ખુશીના કામો કરે અને તેના ઉપર તવક્કલ કરે તો તેજ તેમાં મદદ કરનાર છે. ઈન્સાન જ્યારે તે મઅબુદની મરજીનું કામ માથે ઉપાડી અને તેમાં મશ્ગુલ રહે તો તેજ તેની મદદ અને સહાય કરી તેનું કામ પુરૂ કરે છે. અને દુશ્મનો ગમે તેટલી અદાવત કરી તે કામ રોકવા ચાહે તો એક રજ કે વાળ પણ હલાવી શકે નહીં, જ્યારે કોઈ માણસ હીમ્મત રાખી કદમ મજબુત રાખે અને ઈમ્તેહાન માટે અગર કાંઈપણ બલા આવે તો તેને સહન કરીલે અને

સાબીત કદમ રહે તો ઈન્શા અલ્લાહ ગૈબી મદદ થાય છે.

ઈન્સાન મુસીબત કે બલાના આસાર જુએ ત્યારે ત્રણ ગાઉ જેટલો લાંબો ઠેકડો મારે, તો મદદ પણ પંદર ગાઉ છેટે ભાગી જાય, પણ એક મત થઈ સંપ સલાહથી કામ કરે તો બેહદ ફૈઝ પહોંચે.

ફારસી પંકિતનો ભાવાર્થ :

અગર બે દિલ એક સંપ થાય તો પહાડને તોડી નાખે, અને જો ટોળું સામે આવે તો તેને પણ વિખેરી નાખે, તેમજ જે કામ માટે તે હિમ્મત રાખીને કરે તો અગર

કાંટા હોય તો ગુલદસ્તો(ફૂલનો ગોટો) થઈ જાય, પણ હીમ્મત અને એક સંપ જરૂરી છે. જ્યાં સંપ અને હીમ્મત હશે ત્યાં તેઓની હંમેશા ફતેહ થશે અને ફતેહમંદ રહશે, પણ જ્યાં મતમતાંતર - વિરોધાભાસ - વિખવાદ અને કુસંપ હશે ત્યાં તકરાર, લડાઈ, કજીયા અને તમામ કામ બગડેલા અને વગોવવા જેવા હશે.

કરામત (૪) મોહમ્મદ બીન અલી બીન હસન ઉદી, જેઓ જનાબ શહીદે સાનીના શાગીર્દ હતા. તેઓએ પોતાના રીસાલામાં એ જનાબનો અહેવાલ લખ્યો છે. તેમાં

લખ્યું છે કે મેં મીસરમાં સ્વપ્નું જોયું પરંતુ તેનો પુરો અહેવાલ યાદ રહ્યો નહીં, પણ એટલું તો ચોક્કસ યાદ છે કે હઝરત પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને મેં જોયા અને તેઓએ જનાબ શહીદે સાનીને આકેબત (આખેરત) બખૈર થવાનો વાયદો આપ્યો.

કરામત (૫)એ જ જનાબ લખે છે કે હું તથા કેટલાક સાહેબો જનાબે શહીદે સાનીની સાથે મુસાફરીમાં હતા, અને ઉઝબેકના સુલતાનોમાંથી એક સુલ્તાન હજ કરીને આવ્યો હતો અને તેની સાથે કેટલાક

માણસો હતા. તેમાં એક શીયા અજમી પણ હતો અને એક મુલ્લા પણ હતો. એ સુલ્તાન એ મુલ્લાની પાછળ જમાતની સાથે નમાઝ પડતો હતો. એ લોકો આ જનાબ શહીદે સાની તથા તેમના સાથીઓથી છેટે ઉતરતા હતા પણ તેઓમાં જે શીયા અજમી હતો તેણે એ સુલ્તાનને જ. શહીદે સાની વિશે એવી એવી વાતો કરી કે તેથી તેના દિલમાં એ જનાબની મોહબ્બત પેદા થઈ. અને તે પછી પોતાના મુલ્લાની પાછળ નમાઝ પઢવાને બદલે જ. શહીદે સાનીની પાછળ નમાઝ પઢવા લાગ્યો, અને દરેક

મન્ઝીલમાં પડાવની જગ્યાએ સુલ્તાન જ. શહીદે સાનીની પાસે આવતો અને તેમની સાથે વાતચીત કરતો, તેથી તેમની મોહબ્બત વધતી જતી હતી. પેલા સુલ્તાને પોતાના મુલ્લાને બીજું કામ સોંપી આપ્યું, મુલ્લાં સાથે એક બુઢો પણ હતો તેને આ કારણથી જનાબે શહીદે સાનીની સાથે હસદ થયો અને એટલે સુધી દુશ્મની થઈ કે એ મુલ્લાને કહ્યું કે આપણે જ્યારે બગદાદ પહોંચીશું ત્યારે આ આલીમ (શહીદે સાની)ને સારી રીતે સજા કરીશું. કુદરતે ખુદાથી એ જનાબને તેઓના ઈરાદાની ખબર પડી ગઈ

તેથી તેમણે વિચાર કર્યો કે જો કરબલા તરફની ઝિયારત માટે જઈશ તો એ હસદખોરો કોઈ પણ રીતે ઝુલ્મ કરશે. માટે જો ઝીયારતો કરવાનું ન બની શકે તો છુપી રીતે પોતાના વતન તરફ ચાલ્યા જવું કે તેથી એ ઝાલીમોના ઝુલ્મથી નજાત મળે.

પછી જ્યારે મુસલ શહેરમાં પહોંચ્યા ત્યારે એ હસદખોર બુઢો બીમાર થઈ ગયો એટલે સુધી કે તે ત્યાં રહી ગયો અને કાફલો ત્યાંથી રવાના થઈ ગયો અને બગદાદ પહોંચી ગયો પણ એ હસદખોર ન હોવાથી એ જનાબને કોઈ પણ જાતનો ખૌફ

રહ્યો નહીં. તેથી કરબલા અને તેના અતરાફમાં ઈમામો (અલય્હિસ્સલામ)ની જે ઝિયારતો હતી તેનાથી મુશર્રફ થયા.

કરામત (ર) લખે છે કે જ્યારે એ જનાબ હલબ ગયા ત્યારે વિચાર થયો કે કાફલો રૂમ તરફ જાય છે માટે તેની સાથે જવું કે નહીં અને તે માટે ઈસ્તેખારો જોયો તો ઈસ્તેખારો સારો આવ્યો નહીં, તેથી આપ એ રસ્તે ગયા નહીં, પણ એ રસ્તો ટુંકો હોવાથી કેટલાક તાલીબે ઈલ્મ (વદ્દિયાથી૦) રૂમને રસ્તે એ કાફલા સાથે ગયા અને બીજે રસ્તે જવાનો એ જનાબે

ઈસ્તેખારો જોયો તો સારો આવ્યો. એ રસ્તો એવો હતો કે ઘણે ભાગે લોકો ત્યાંથી જતા ન હતા અને તેથી લોકો ચાલવા રાજી થયા નહીં, વળી બીજા કાફલા સાથે જવા કુરઆનનો ઈસ્તેખારો જોયો તો સારો આવ્યો નહીં, એટલે સુધી કે ચોથો કાફલો મુખ્ય રસ્તેથી જવા તય્યાર થયો ત્યારે તે કાફલા સાથે જવા માટે ઈસ્તેખારો જોયો તો પણ સારો આવ્યો નહીં, મતલબ એ કે જે રસ્તો બરાબર યોગ્ય ન હતો એ રસ્તે જવા માટે ઈસ્તેખારો સારો આવતો અને આ જનાબ એ રસ્તે જવા માટે ઢીલ કરતા હતા.

છેવટે એ જનાબે કુરઆનનો ઈસ્તેખારો જોયો તો એજ રસ્તેથી જવાનો ઈસ્તેખારો સારો આવ્યો કે જે રસ્તે જવા ચાહતા ન હતા. આખરે ઈસ્તેખારા ઉપર અમલ કરીને એજ રસ્તે રવાના થઈ ગયા. પછી મુખ્ય રસ્તેથી જવાનો ઈસ્તેખારો ખરાબ આવવાના અને બીજે રસ્તેથી જવા માટે ઈસ્તેખારો સારો આવવાના ભેદ અને કારણો જાણ્યા.

તેમાંનું એક કારણ એ પણ જાહેર થયું કે એ ધોરી રસ્તે જનાર કાફલાને ચાર મન્ઝીલ સુધી ખાવાનું કાંઈ મળ્યું નહી અને

તેથી ઘણી સખ્તી વેઠવી પડી, અને આએ ખરાબ રસ્તે દરેક મંઝિલમાં જાતજાતની નેઅમતો ખૂબજ સસ્તી મળતી હતી, એટલે સુધી કે મુખ્ય રસ્તે જાનવરો માટેનો ઘાસનો પૂળો દસ દીરહમમાં મળતો હતો અને આ ખરાબ રસ્તે એક દીરહમમાં મળતો હતો.

કરામત (૭) મજકુર જનાબે પોતાના રીસાલામાં પોતાના અહેવાલમાં લખેલ છે કે ખુદાની નેઅમતની એક એવી અજાએબી મેં જોઈ કે જે ઝમાનામાં હું ઈસ્તમબુલમાં હતો, ત્યાં એક દિવસ કેટલાક સાહેબોની સાથે

જનાબ અબુ અય્યુબ અન્સારીની ઝીયારત માટે ગયો. તેમની કબર ઉપર સુલ્તાન મોહમ્મદે એક કુબ્બો બનાવ્યો હતો, અને એ કુબ્બો શહેરની બાહર હતો. જ્યારે અમો એ રોઝા પાસે પહોંચ્યા ત્યારે હું એકાંતની જગ્યામાં જઈ કુરઆનમાંથી ઈસ્તેખારો જોવા બેઠો કે જ્યારે હું ઘરેથી નીકળ્યો ત્યારે મારી પત્નીને હમલ હતું અને જમાદીઉલ અવ્વલમાં બચ્ચું પેદા થનાર હતું. અને મારી ઉમ્મેદ હતી કે ખુદા એક ફરઝંદ અતા ફરમાવે અને તે નેક થાય, તો આ વખતે જમાદીઉલ અવ્વલ મહીનો શરૂ

થયો હતો તેથી જોયું તો પહેલાજ પાનામાં આયત નીકળી કે “વ બશ્શરનાહો બે ગુલામીન હલીમ”(એટલે કે તમને ખુશખબરી એક નેક ફરઝંદની આપવામાં આવે છે.)એ આયત જોઈને મેં ખુદાને શુક્રનો સીજદો કર્યો, એથી હું સમજ્યો કે ખુદાએ તઆલાએ મને ફરઝંદ ઈનાયત કર્યો હશે, પછી માહે રજબની નવમી તારીખે મંગળવારના દિવસે વતનથી કાગળો આવી પહોંચ્યા, તેમાં લખેલું હતું કે ખુદાએ એક ફરઝંદ ઈનાયત કરેલ છે.

મોહમ્મદ બીન અલી બીન હસન કહે છે કે એ જનાબની મોટી બીબી કે જે શેખ અલી મયસીની દીકરી હતી અને તે એ જનાબની માસીની દીકરી હતી તેને મજકુર ફરઝંદ થયો હતો અને તેનું નામ જનાબે મોહમ્મદ રાખ્યું.

કરામત (૮)એ જનાબ લખે છે કે એક મુસાફરીમાં બરફ પડયો અને સોમવારની રાત્રે એ બરફ ઉપરજ સુઈ રહેવું પડયું અને સરદી ઘણી હતી છતાં ઉંઘ આવી ગઈ રાત્રે સ્વપ્નું આવ્યું કે જનાબ શેખ જલીલ મોહમ્મદ બીન યાકુબ કુલયની

(મુજતહેદ)ની ખીદમતમાં બેઠો છું, તેઓ ખુબસુરત અને સારા દેખાવડા હતા, અને મારી સાથે કેટલાંક સાહેબો પણ હતા, જેમાં એક મારા દોસ્ત અને રફીક શેખ હુસયન બીન અબ્દુસ્સમદ હતા. તે વખતે એ જનાબને કહ્યું કે તમોએ જે “કાફી” નામની કિતાબ લખી છે તે અમને આપો તો તેની નકલ કરી લઈએ, એ સાંભળીને એ જનાબ ઘરમાં ગયા અને એ કિતાબનો પહેલો ભાગ લાવીને અમોને બતાવ્યો તે ખૂબજ સારા હરફમાં લખેલો હતો, પહેલું પાનું બહુજ ભપકાદાર સોનેરી રોશનાઈથી લખેલું હતું

એ જોઈને અમો હયરત પામી ગયા અને તે સાથે બહુજ ખુશી થયા. કેમકે આ પહેલાં આવું સ્વચ્છ અને સારા અક્ષરમાં લખાએલું જોએલ નહીં. પછી તેના બાકીના ભાગ અમોએ માગ્યા તો તેઓએ જવાબ આપ્યો કે બીજા ભાગો હાથ વગા નથી પણ તમો આ ભાગને જુઓ ત્યાં સુધીમાં હું બીજા ભાગ શોધું છું, એમ કહીને ઘરની અંદર ગયા અને બીજો ભાગ લાવ્યા, જોકે એ ભાગ મોટો હતો પણ તેના હરફ સારા ન હતા તેથી આપે કહ્યું કે આ ભાગને સારા હરફમાં લખ્યો નથી તેથી મને સદમો થાય છે.

એ વખતે મારા એક પરહેઝગાર ભાઈ શેખ ઝયનુદ્દીન કુકઆની હતા તેઓએ કહ્યું, કે અસલ નુસ્ખો (અસલ પ્રત) મારી પાસે છે અને તે પહેલા ભાગ જેવો સારા હરફથી લખેલો છે અને તેમણે મને એ ભાગ આપ્યો તેથી હું ઘણો ખુશી થયો. તે પછી બીજા ભાગો પણ શોધીને આપ્યા. અને તે પહેલા જેવા ખુબસુરત હરફોમાં લખેલા હતા, અને અમો તે ભાગ લઈને બાહેર ગયા. એ કિતાબને લોકોએ લખવામાં કાંઈક ફેરફાર કરેલ તેથી એ જનાબની શીકાયત હતી તે વખતે અમોએ કહ્યું કે અય આકા અમોએ

શામમાં અમારા દોસ્તોમાંથી ઝયનુલ આબેદીન ગરાબેલી પાસે એ કિતાબનો એક નુસ્ખો જોયો કે તે બે જીલ્દમાં બહુજ સારા હરફમાં લખેલ છે અને એ દરેક જીલ્દ (ભાગ) શરાયા નામની કિતાબ જેવી છે અને એ કિતાબ દોસ્ત અને દુશ્મનની સામે ફખર કરવા જેવી છે, એ સાંભળીને એ જનાબ બહુજ ખુશી થયા અને બંને હાથ ઉંચા કરીને તેના માટે દુઆ કરી, પરંતુ એ દુઆ અમોને યાદ રહી નહીં એટલામાં મારી આંખ ખુલી ગઈ.

કરામત (૯) મોહમ્મદ બીન અલીબીન હસન ઉદી લખે છે કે એ જનાબે મને ઈરાક તરફની ઝીયારતો કરીને આવ્યા પછી ખબર આપી અને તે સન ૯૫૬ હીજરીનું હતું, એ જનાબે જે ફરમાવ્યું તેનો મતલબ અને ખુલાસો એ છે કે મસ્જીદે કુફાના મહેરાબમાં કીબલા વિશે તેમને કાંઈક ફરક માલુમ પડયો અને પોતે પોતાના ઈજતેહાદ પ્રમાણે તપાસ કરીને ફેર બતાવ્યો, તો તાલીબે ઈલ્મોએ તે માન્ય રાખ્યું પણ એક શખ્સ મુસા નામના અજમીએ એ બાબત માન્ય રાખી નહીં અને તેથી ત્રણ દિવસ

સુધી મુલાકાત પણ કરી નહીં. બીજા મોટા મોટા આલીમોએ એ કીબલા વિશે કાંઈ વાંધો લીધેલ નહીં તેથી એ સાહેબનો તે વિશે સખત ઈન્કાર કરતો હતો પણ તે પછી તે શખ્સે સ્વપ્નમાં જોયું કે હ. રસૂલેખુદા(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ મેહરાબમાં એજ પ્રમાણે જમાતની સાથે નમાઝ પડાવી કે જે પ્રમાણે આ જનાબે તહકીક કરી હતી અને ફરમાવ્યું કે આ પ્રમાણે દીશામાં ફેર છે, તો આ મુજબ નમાઝ નહીં પડે તો નમાઝ બાતીલ છે એ સ્વપ્નું જોઈને એ શેખ મુસા તે જનાબ પાસે

ગયા, અને હાથ ચુમીને પોતે ઈન્કાર કરેલ તે વિશે માફી ચાહી. જનાબે તેને સવાલ કર્યો હવે શામાટે મારી તહકીકને માન્ય રાખીને માફી માંગી? તો તેણે પોતાના સ્વપ્નાનો હાલ બયાન કર્યો.

કરામત (૧૦) જુમ્આની રાત્રે ઝરીહ મુબારક પાસે બેસી એ જનાબ કુરઆન પડયા, પછી ખુદા તરફ ધ્યાન કરી દુઆ કરી કે અય પરવરદિગાર મારૂં આખર (અંજામ) શું થનાર છે અને દુશ્મનો મારી સાથે કેવી રીતે વર્તશે તે કુરઆનમાંથી નીકળે એમ કહી કુરઆન ખોલ્યું તો એક

એવી આયત નીકળી જેમાં બરાબર એજ મતલબ હતો કે જે થનાર હતું તે ખુશખબરી હતી તેથી શુકરનો સીજદો કર્યો.

કરામત (૧૧) મોહમ્મદ બીન અલી બીન હસને લખ્યું છે કે મજકુર આલીમે પહેલે જે કિતાબ લખી તે "શરહે ઈરશાદ" નામની હતી. તેઓએ તે કિતાબ ગુપ્તરીતે લખવી શરૂ કરી હતી અને મને પણ ખબર નહતી. એક રાત્રે મેં સ્વપ્નમાં જોયું કે મજકુર શહીદે સાની એક ઉંચા મીમ્બર ઉપર બેસી ખુતબો પડે છે કે તેવો ખુતબો મેં કયારેય સાંભળ્યો ન હતો, બહુજ ઉમદા

ફસાહત અને બલાગતવાળો ખુતબો હતો. પછી એ ખ્વાબની વાત શહીદે સાનીને કહી, તેઓ સાંભળીને અંદર જઈ તે કિતાબમાંનો થોડોક ભાગ લાવી મને બતાવ્યો મેં જોયું કે તેમાં ઉમદા ખુબી ભરેલો ખુતબો લખ્યો છે, મને ફરમાવ્યું જો આ એજ ખુતબો છે જે તેં સ્વપ્નમાં સાંભળ્યો અને તેને ગુપ્ત રાખવા ભલામણ કરી.

કરામત (૧૨) શેખ અલી બીન મોહમ્મદ બીન હસન બીન ઝયનુદ્દીને પોતાની એક કિતાબના હાંશીયામાં લખ્યું છે કે મેં એક મારા મજબુત ભરોસેદાર શખ્સ

પાસેથી સાંભળ્યું કે શહીદે સાનીએ એક વખત સ્વપ્નામાં જોયું કે બેહીશ્તની અંદર પોતે સૈર કરે છે અને એક મકાનમાં કેટલીક કુરસીઓ રાખેલી છે અને દરેક કુરસી ઉપર મશ્હૂર જે આલીમો છે તે બેઠા છે. અને જે કુરસી ઉપર શહીદે અવ્વલ જે મોટા આલીમ થઈ ગયા છે તે બેઠા છે, તેઓની બાજુમાં એક કુરસી ખાલી પડી છે તેના પર કોઈ પણ બેઠું ન હતું, શહીદે સાની કહે છે કે મેં પૂછ્યું: આ કુરસી કોના માટે છે? જવાબમાં કોઈએ કહ્યું કે આ કુરસી તમારા માટે છે, તે વખતે પોતે સમજ્યા કે શહીદે

અવ્વલની પાસે મારી જગ્યા છે તો મને પણ શહીદ કરશે તેથી પોતે પણ તે શહીદે અવ્વલની માફક કીતાબો તસનીફ કરવા લાગ્યા.

કરામત (૧૩)એ કરામતનો ટૂંક ખુલાસો એ કે જનાબે પોતાની હયાતીમા શહાદતની જે જગ્યા બતાવેલી તે જ જગ્યાએ શહીદ થયા.

કરામત (૧૪) મોહમ્મદબીન હસન ઉદીએ ખ્વાબમાં બેહીશ્ત જોઈ, તેનો ખુલાસો નીચે મુજબ છે. એ સાહેબ કહે છે કે કોઈએ મને કહ્યું કે શા માટે ગમગીન છો?

મેં કહ્યું: કેમ ગમગીન ન થાઉં ? મારી હાલત એવી છે કે હું વતનથી દૂર છુ. કહ્યું: ડર નહીં કેમ કે તારા માટે બાર મકાન રહેવાના છે અને તે દરેકની અંદર નેહરો જારી છે.

એ વખતે સ્વપ્નામાં હતો તો પણ એ જ હાલતમાં આંખો ઉઘાડી તો જોયું કે એજ મુજબની જગ્યા છે જેમકે તે શખ્સે સ્વપ્નામાં ખબર આપી હતી. તે વખતે જાગીને ખુદાનો હમ્દ અને શુક્ર કર્યો. બીમાર હતો તે બીમારી ઓછી થઈ ગઈ.

તે પછી મંગળવારની રાત્રે અજાએબ ભરેલું સ્વપ્નું જોયું, તે રાત્રે શરૂઆતમાં સુતી વખતે પોતાની હાલત વિશે ચિન્તામાં હતો કે આ બીમારીમાં મરી ગયો તો આકેબત કેવી થવાની? બેહીશ્તમાં જઈશ કે દોઝખમાં જઈશ. શો હાલ થવાનો? પછી પોતાના નફસને ખિતાબ કરી પોતાના ઐબ કહ્યા: અરે! કયા અમલથી બેહીશ્તમાં જઈશ? ઉમર મુસાફરીમાં ગુજરી, અને તેમાં તહારત પણ બરાબર રહી નહીં હશે. ઉપરાંત કોઈ એવો અમલ પણ નથી કે જેના સબબથી ખુદા બખ્શી આપે, પણ

ઈમાન અને હુબ્બે અહલેબય્ત એ ચીજો ઉમદા અને મોટો નજાતનો વસીલો છે, તો અલ હમ્દો લીલ્લાહ ઈમાન છે તે બેહિશ્તમાં દાખલ થવાનું કારણ છે. અને ગુનાહને બદલે અઝાબ થવા બાદ પણ છેવટે તો જન્નત મળવાની છે અને જો પયગમ્બરે ખુદા શફાઅત કરે તો અઝાબ પણ નહીં થાય. ટૂંકમાં એ કે એવા એવા વિચાર અને ફિકરમાં જ સૂઈ ગયો ત્યાં ખ્વાબ જોયું કે એક મકાન વહેશતનાક, જ્યાં ન ઘાસ છે, ન પાણી. એવા ઠેકાણે ઉભો છું કે કોઈ મોહીબ કે દોસ્ત પણ પાસે નથી અને અંગ

પર કપડા પણ નથી. એક લુંગી છે કે દુટીથી ગોંઠણ સુધી બાંધી છે અને જોયું કે મારૂં શરીર ખરાબ અને બદસુરત થઈ ગયું અને ગુમડા થઈ ગયેલા છે એ જોઈ હૈરતમાં પડી ગયો.

એટલી વારમાં કોઈકે કહ્યું: ચાલ!

મેં કહ્યું: કયાં?

જવાબ આપ્યો કે કયામત આવી ગઈ છે તને હિસાબ આપવા બોલાવે છે. હું તેની સાથે ગયો. તે મને એક ઉજ્જડ જંગલમાં લઈ ગયો. એટલામાં બીજુ કોઈ આવ્યું અને કહ્યું: ચાલ! મેં કહ્યું: કયાં? જવાબ આપ્યો કે

અમને હુકમ થયો છે કે તને જહન્નમમાં લઈ જઈએ.

આ સાંભળી ઉદાસ, પરેશાન અને ભયભીત હાલતમાં તેની સાથે ચાલ્યો. રસ્તામાં કહ્યું: મને પયગમ્બરે ખુદા(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને ઈમામો(અલય્હિસ્સલામ)ની પાસે લઈ ચાલો તો તે મારી શફાઅત કરે. તેઓએ જવાબ આપ્યો: અમોને એ બાબતની રજા નથી. મેં કહ્યું : જો તેઓ પાસે લઈ જવાની રજા નથી તો તેઓના

મકાન પાસેથી મને લઈને ચાલો. એમાં તમે ખુદાની નાફરમાની કરી નહીં ગણાશે.

પછી તેઓ તે તરફથી મને લઈ ચાલ્યા, ત્યાં જોયુ કે અમારી જમણી બાજુએ હઝરત રસૂલેખુદા(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા અમીરૂલ મોઅમેનીન(અલય્હિસ્સલામ) બેઠા છે. અમોને જોવાથી તેઓએ બોલાવ્યા તેથી તેઓની પાસે ગયા, મેં આજેઝી તથા ખાકસારી સાથે તેઓને સલામ કરી અને શરમના કારણે મેં મારૂં માથું નીચે કરી લીધું. કારણકે મને જહન્નમમાં મોકલવાનો

હુકમ થયેલો. હ. રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ વિચારીને ફરમાવ્યું: આ શખ્સને જન્નતમાં લઈ જાવ. તેઓએ અર્ઝ કરી: નેકીના સહીફામાં કાંઈ જ નથી અને બદીનો સહીફો ભરેલો છે. તે વખતે હઝરતે મારી તરફ ઈશારો કરી સહીફા માંગ્યા. મેં તે સહીફા આપ્યા, તે સહીફામાં પહેલા વરકમાં મોટા હરફથી લખેલું હતું કે 'અલ ઈમાન વ હુબ્બે અહલેબય્ત' અને બાકી તમામ સહીફો કોરો હતો. ફકત આ બે જ બાબત લખેલી હતી કે ઈમાન અને અહલેબય્તની મોહબ્બત છે.

બીજા સહીફામાં જોયું તો તમામ ભરેલો હતો જરા પણ ખાલી ન હતો.

પછી હઝરતે બંને સહીફા ગોઠણ નીચે રાખી ફરમાવ્યું: જાવ આ શખ્સને બેહીશ્તમાં લઈ જાવ, તેઓએ કહ્યું: યા હઝરત! આ શખ્સના સહીફા જોયા? તે વખતે તે બંને સહીફા હઝરતે તેઓને આપ્યા. તેઓએ જોયા તો નેકીનો સહીફો નેકીઓથી ભરપૂર હતો, અને ગુનાહના સહીફામાં ફકત થોડાકજ ગુનાહ હતા, તે વખતે હઝરતે તેઓને ફરમાવ્યુ: એમાં નજર કરો!

તેઓએ અર્જ કરી જેવો આપનો હુકમ, હઝરતે જમણી બાજુ ઈશારો કરીને ફરમાવ્યું બેહીશ્તમાં લઈ જાઓ, તેઓએ અર્જ કરી યા હઝરત બેહીશ્તમાં લઈ જવાનું કામ અમારૂં ન હોય.

તે વખતે હઝરતે ફરમાવ્યું તું પોતે બેહીશ્તમાં જા! મેં અરજ કરી, યા મવલા બેહીશ્ત કયાં છે ? હઝરતે જમણા હાથ તરફ ઈશારો કરીને ફરમાવ્યું કે આ તરફ જા! એક નુરાની દરવાજો હશે તેમાં દાખલ થજે. મેં અર્જ કરી યા હઝરત દરવાજો ખુલ્લો હશે? ફરમાવ્યું ઈન્શાઅલ્લાહ ખુલ્લો

હશે, મે અર્જ કરી યા હઝરત કેવી રીતે બેહીશ્તમાં જાઉં ? જુવો કે મારી સુરત ખરાબ અને બદ થઈ ગએલી છે, હઝરતે ફરમાવ્યું જે વખતે બેહીશ્તમાં જઈશ તો કવસરની નહર બેહીશ્તના દરવાજા પાસે હશે તે નહરમાં ગુસલ કરજે તેથી તારી બદ સુરતી ચાલી જશે અને ખુબ સુરતી આવી જશે. પછી બીજી તરફ જોજે ત્યાં ઉમદા કપડા પડયા હશે તે પહેરજે, પછી ત્યાં જઈ જે ચીજો હોય તે ખાજે અને આરામ કરજે.

મેં અર્જ કરી ત્યાં શું છે ? હઝરતે ફરમાવ્યું આ સવાલ મજાનો છે! જાણ કે

ત્યાં રૂતબ, અગુંર અને દુધ છે, મે અર્જ કરી અય મવલા કસમ છે તમારા હકની હું દુધ અને રૂતબને વધુ પસંદ કરૂં છું, હઝરતે ફરમાવ્યું હા તમારા દેશનો એ ખોરાક છે, પછી મે અર્જ કરી તે પછી હું શું કરૂં? હઝરતે ફરમાવ્યું ત્યાં બેસજે એટલે સુધી કે કોઈ આવીને એ મકાનમાં લઈ જશે જે ખુદાએ તમારા માટે બનાવ્યું છે.

પછી હઝરત પાસેથી નીકળી રવાના થયો, થોડે દુર ગયો ત્યાં જોયું કે એક નુરાની દરવાજો ખુલ્લો છે, ત્યાં કોઈ ન હતું, નહેર જોઈ તે જારી હતી તેમાં ગુસલ

કર્યું. તે વખતે મારી બદસુરતી ચાલી ગઈ; પછી ત્યાંથી બીજી તરફ ગયો ત્યાં કેટલાંક કપડાં પડેલાં હતાં. કેટલાંક મોટી પેટીમાં, કેટલાંક ટોપલીમાં, તેમાંથી લઈને પહેર્યા, પછી નજર કરી તો ઝાડ અને ઉમદા ઉમદા મેવા જોયા. રૂતબ, અગુંર અને દુધ પણ હતું, જે રીતે હઝરતે ખબર આપી હતી એવીજ જાતની તમામ ચીજો જોઈ, તે લઈ મરજી મુજબ ખાઈ થોડીવાર આરામ કરવા બેઠો, જેથી સખતી, બીક અને હૈબત હતી તે દુર થાય, ત્યાં એકાએક બે માણસો આવ્યા અને મને સલામ કરીને કહ્યું કે જે જે

ચીજનો ખુદાએ વાયદો કરેલ છે તે જો! તેઓની સાથે ગયો, હજુ થોડીજવાર ચાલ્યો ત્યાં એક ઉમદા દરવાજામાં દાખલ થયા, ઉમદા ઉમદા ઝાડ, મેવા, હરિયાળી, જમીન ઉપર ઉગેલા હતા, તેઓએ કહ્યું હજુ તો આ જગ્યા તારા મકાનની શરૂઆત છે.

પછી આગળ ચાલ્યા તો બીજી ઉમદા જગ્યા જોઈ કે ત્યાં નહેર જારી છે, તે વખતે કહ્યું બેસ, તેથી હું બેઠો. તેઓએ કહ્યું કાંઈ ખાવું નથી? મેં કહ્યું હોય તો ઠીક, તે વખતે ખોરાક હાજર કર્યો. તેમાં પ્રકાર પ્રકારની ઉમદા ઉમદા ખુશ્બુદાર નેઅમતો હતી, તે

ખોરાક એક રૂપાળા જવાનના હાથમાં હતો, તેઓ સાથે એક ઓરત હતી ન જવાન ન બુઢી, પછી મને કહ્યું કે ખા! મેં કહ્યું તમો મારી સાથે નહીં ખાઓ? તેઓએ જવાબ આપ્યો અમો મલાએકા છીએ અને આ ખીદમતગારો છે, તે વખતે તે ઓરતને મેં કહ્યું તું તો મારી સાથે ખા! તેણીએ જવાબ આપ્યો કે થોડીવારમાં તારી સાથે બેસીને ખાનાર આવશે અને તે મારા કરતાં તને વધારે વ્હાલી અને પ્યારી હશે.

હજુ એ વાતો કરીએ છીએ ત્યાં એકા એક એક રૂપાળી ખુબસુરત ઓરત આવી,

કોઈ વખતે કોઈએ એવી ઓરત જોઈ નહીં હશે, નજીક આવીને મને સલામ કરી મારા પગ ચુમ્યા અને મારી જમણી બાજુ બેઠી. તેણીને કહ્યું કે બીસમીલ્લાહ ખા! મેં પહેલી ઓરતને પૂછ્યું કે આ કોણ છે? તેણીએ જવાબ આપ્યો કે આ હુરૂલઈન છે. ખુદાએ તારા માટે મુકર્રર કરી છે, પછી તેણીએ તથા મેં ખાવાનું ખાધું. વારં વાર તેણીના રૂપ અને ખુબ સુરતી તરફ જોતો હતો, અને અજબ થતો હતો. પછી તે બે મલાએકા જે મારી પાસે હતા તેઓએ કહ્યું કે ઉઠ અને એ કરામત કે ખુદાએ તને અતા કરી છે તે જો,

ત્યાંથી ઉઠીને તેઓની સાથે સૈર કરી. ત્યાં ત્રણ ચાર શખ્સ નેક સુરત વાળા આવ્યા, તેઓ પાસે સવારીનું એક સુંદર પલાણ વાળું જાનવર હતું, તેઓએ કહ્યું એની ઉપર બેસ.

તે વખતે હું તેના ઉપર સવાર થયો અને તેઓ મારી આગળ ચાલ્યા, બાગ બગીચા અને નેહરોની થોડીવાર સૈર કરી, તેઓએ મને પૂછયું કે કેટલી જગ્યાએ સૈર કરી? મેં કહ્યું ખબર નથી, તેઓએ કહ્યું સો ફરસખ જેટલા અંતરની સૈર કરી અને હજુ તો બીજી ઘણી જગ્યા તારા માટે છે, વળી

જમણી તરફ લઈ ગયા અને ત્યાં પણ સૈર કરીને એક દિવાલ પાસે પહોંચ્યા, મેં પૂછ્યું આ દિવાલ કેવી છે? તેઓએ કહ્યું આ હદ શેખ ઝયનુદ્દીનની છે, મેં પૂછ્યું શેખ ઝયનુદ્દીન આ વખતે કયાં છે? જવાબ આપ્યો તે એવા ઠેકાણે છે કે જે પરવરદિગારે તેને અતા કરેલ છે, મેં પૂછ્યું તે સાહેબને (એટલે આ આલીમ જે શહીદે સાનીનો અહવાલ છે તેમને) બાગી અને ઝાલીમ લોકોએ તકલીફ આપી હતી તેનાથી ઝખમ થયા હતા તે દુરૂસ્ત થઈ ગયા? જવાબ આપ્યો હા, તેમને હવે ઝખમ

નથી અને તેમના તમામ ઝખમ સારા થઈ ગયા, મેં પૂછ્યું એ બુઝુર્ગવાર શહીદેસાનીની પાસે કોણ કોણ છે? જવાબ આપ્યો તેઓના તમામ અસહાબ તેઓની પાસે છે, અને કેટલાક નામ લીધા જેમકે શેખ મોહમ્મદ હુર, સૈયદ અલી, શેખ બહાઉદ્દીન અને બીજા કેટલાંક જેમના નામ યાદ નથી, મેં કહ્યું કે હું ઈરાદો રાખું છું કે સૈયદ અલી બીન સાયગને જોઉં, જવાબ આપ્યો હમણાં તેઓ આવશે.

હજુ એજ વાતોમાં હતા ત્યાં જોયું કે બે શખ્સ બેઠા છે તેઓના આસારથી હયબત

અને વકાર જાહેર છે, મેં કહ્યું આ બુઝુર્ગવાર કોણ છે? જવાબ આપ્યો કે એક હઝરત ઈમામે મુસીએ કાઝીમ અ. અને બીજા હઝરત ઈમામે રઝા અ. છે, તે વખતે હું પાસે ગયો અને સલામ કરી, તેઓએ સલામનો જવાબ આપ્યો, ખુદાએ મને નેઅમતો આપી તેની મુબારકબાદી આપી, થોડીવાર તેઓની ખીદમતમાં રહયો ત્યાં તેઓ તશરીફ લઈ ગયા, ત્યારપછી તે મજકુર સૈયદ અલી આવ્યા, તેઓનો ઈસ્તીકબાલ કરી અમોએ પોતાના મોહાવરા મુજબ વાતો કરી, મેં પૂછ્યું શહીદેસાની અને

તેઓના અસહાબનો શું હાલચાલ છે ? જવાબ આપ્યો કે ખૈરિયતથી છે અને કહ્યું હવે કેટલાક માણસો આવશે તેઓ માટે જગ્યા મુકર્રર કરી રાખીએ, એમ કહી કેટલાક નામ લીધા તે યાદ નથી, ત્યાં તો આખ ખુલી ગઈ અને પસીનો થઈ મારી બીમારી દફે થઈ. મજકુર આલીમ વિશે લખે છે કે તેઓને દુન્યામાં રાહત થોડી અને મુસીબત વધારે હતી. અને ઘણી બધી બાબતોની અડચણ હતી તો પણ તે સાહેબે ઘણી કિતાબો તસનીફ કરેલી તેમાંથી કેટલીક ખરાબ થઈ ગઈ, કેટલીક બળી

ગઈ. તે ઉપરાંત એકસો કિતાબો બચી ગઈ જે ખાસ તેઓનાજ હાથની લખેલી નિકળી.

એ જનાબની કરામતમાંથી એક એ પણ છે કે જે વખતે લખવા બેસતા તો એક કલમમાં શાહી લેતા ૨૦ થી ૩૦ લીટી લખતા અને કયારેક ૪૦ થી૪૮ લીટી લખતા. એ જનાબે પોતાના કામના વખત મુકર્રર કરેલા, જમાઅતની નમાઝ પડાવવી, ઈલ્મી દર્સ આપવો, મેહમાનોની ખબર લેવી અને ઘરની ખબર રાખવી. એ ઘણી જાતના ઈલ્મમાં કામીલ હતા, નવ વરસની ઉમરમાં કુરઆને શરીફ ખતમ

કરેલું, એ જનાબે ઘણી જગ્યાએથી ઈલ્મ હાસીલ કર્યું, અને અસંખ્ય આલીમો તૈયાર કર્યા અને એવી એવી આલીશાન કિતાબો તસનીફ કરી કે મોટા મોટા આલીમો પણ તાઅરીફ કરતા હતા, તે કિતાબોના નામ તથા તાઅરીફ અને કયા કયા ગામે ગયા તે બાબતે અહેવાલની જરૂરત નહીં હોવાથી અહીં બયાન કરેલ નથી. પણ એક કિતાબ જે હાલમાં તમામ ઓલમામાં મશહુર છે, તેમાંથી ફીકાહના મસાએલનો દર્સ દેવાય છે તે “શરહે લુમઆહ” છ મહીના અને છ દીવસ સુધી લખી, અને એક કિતાબ ઈલ્મ

સીખનારના આદાબ વિશે લખી છે તેમાં એક બાબત આ પણ લખી છે કે આગળના ઝમાનાના આલીમોની ઈઝ્ઝત અને કદર ઘણી હતી, અને અત્યારના આલીમોની કદર થોડી છે તેનું કારણ એ છે કે આગળના આલીમો લોકોથી છેટે રહેતા તેથી લોકો તેમની પાસે ખાસ ચાહીને જતા. અને તે આલીમો લોકો પાસેથી કાંઈ લેવાની લાલચ કે ખાહીશ ન રાખતા તેથી લોકો વધારે આપતા અને સમજતા કે અકસીરે અઅઝમ આલીમો પાસે છે, અને અત્યારના આલીમો લોકોથી મળવા ચાહે છે

અને લાલચ રાખે છે તેથી લોકો છેટે ભાગે છે, લોકોથી નાણાની ખાહીશ રાખવાથી લોકો આપતા નથી અને લોકો સમજે છે કે અકસીર અઅઝમ અમારી પાસે છે.

'નાજી' અર્ઝ કરે છે કે "ઓલમાઅ" ખુદાની રહમત છે અને તેઓની તઅઝીમો તકરીમ કરવી જરૂરી છે, પણ અફસોસ કે આ ઝમાનામાં આલીમને લોકો રહમતને બદલે ઝેહમત સમજે છે અને તેઓની તઅઝીમને બદલે બેઈજ્જતી કરે છે, પણ નથી જાણતા કે ખુદાને તેઓ શું જવાબ આપશે?

એ જનાબની વીલાદત સને ૯૦૧ હીજરી શવ્વાલ મહીનાની ૧૩મી તારીખે થઈ હતી. અને વફાતના બારામાં એ જનાબનો અહેવાલ લખ્યો છે કે તેમને શહીદ કર્યાં છે. જે વખતે તેઓના ઈલ્મની ચર્ચા અને શોહરત ચારે તરફ ફેલાણી અને રૂમના સુલ્તાનને એ જનાબની ખબર પડી કે શીયા મઝહબનો એક એવો મોટો આલીમ છે તેથી તેણે સાત માણસ મોકલ્યા કે તે જનાબને બોલાવી લાવે, આપણે તેઓને જાણીએ જેથી ઈલ્મ અને મઝહબ વિગેરેની ખબર પડે. એ સાત જણા એવા નાપાક

અને ખબીસ હતા કે તેઓને બોલાવીને લાવતા હતા ત્યારે રસ્તામાં બેઅદબીઓ કરતા હતા અને એ જનાબની કરામતો પણ જોતા હતા, જયારે કરામતો જોઈ તો એ મલઉનોએ આપસમાં મશ્વેરો કર્યો કે એવી કરામતોના સબબથી સુલતાન તેઓને કાંઈ તકલીફ નહીં આપે અને આપણને હલાક કરશે માટે બેહતર છે કે તે જનાબને મારી નાખીએ. અફસોસ કે એવા બુઝુર્ગોના વધારે દુશ્મન હોય છે, આખરે રસ્તામાં તે સાહેબને મારી નાખી માથું કાપીને સુલતાન પાસે લઈ ગયા.

તે વખતમાં સૈયદ અબ્દુર રહીમ અબ્બાસી કે જેઓ અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલીબની નસલમાંથી હતા અને બાતીનમાં શીઆ હતા, સુલતાને તેમને એક મોટો હોદ્દો સોંપેલો હતો. તેઓને આ બાબતની ખબર પઢવાથી કલમદાન લઈ બાદશાહની પાસે આવી કલમદાન સામે રાખીને કહ્યું મને નોકરીથી માફ રાખો. સુલતાને તેનું કારણ પૂછ્યું તો જવાબ આપ્યો કે આપના નોકરો અને ખીદમતગારો કાએદા અને કાનુનથી ઉલટા ચાલવા લાગ્યા છે. તમોએ એ આલીમને

એટલા માટે બોલાવ્યા કે બીજા આલીમો સાથે મુકાબલો કરી એ જનાબનું ઈલ્મ અને મઝહબ માલુમ કરવો પણ તે લોકોએ તે જનાબને કતલ કરી માથું કાપી આપની પાસે લાવ્યા અને આપ એ બાબતનો ઈન્સાફ ન કરતાં ચુપ રહયા અને તે મારનારાઓને કંઈ સજા ન કરી, તો કોઈ વખતે એવું પણ થાય કે કોઈ જરૂરત માટે મને બોલાવવા મોકલશો તો મારૂં પણ માથું કાપીને લાવશે.

તો એવા સુલતાનની નોકરી કરવી તે ભુલ ભરેલું છે; માટે હવેથી હું આ નોકરીથી માફી ચાહું છું.

આ હકીકત સાંભળીને સુલતાને કહ્યું કે લ્યો એ સાતે જણ તમને સોંપી દઉ છું, તમારી મરજીમાં આવે તે સજા તેમને આપો.

પછી શું પુછવું? આવા બુઝુર્ગ આલીમના કાતીલ હાથમાં આવ્યા અને હાકીમે હુકમ આપ્યો ! સૈયદે હુકમ કરી એ મલાઈનોને આગની અંદર નાખી બાળી નખાવીને જહન્નમમાં મોકલી આપ્યા.

બીજી રીવાયતમાં એ જનાબની શહાદત બીજી રીતથી લખી છે, પણ મતલબ મળતો છે. એ જનાબને નદીને કીનારે શહીદ કર્યા, તે રાત્રે તુર્ક લોકોએ જોયું કે તે જગ્યા ઉપર આસમાનથી નુર ઉતરે છે અને ઉપર જાય છે, તેથી તે લોકોએ તે જનાબને ત્યાં દફન કરીને કુબ્બો બનાવ્યો.

એ જનાબ ૫૫ અથવા ૫૬ વરસની ઉમરમાં શહીદ થયા.

એ જનાબના શાગીર્દ જનાબ શેખ બહાઈના વાલીદ જનાબ શેખ હસન બયાન

કરે છે કે હું મારા એ શહીદ ઉસ્તાદની સાથે એક વખતે ઈસ્તમબુલમાં સવારી ઉપર બેસીને ગયા હતા, એક ઠેકાણે પહોંચ્યા ત્યાં તે જનાબના ચહેરાનો રંગ બદલાઈ ગયો અને ગમગીન થઈને ફરમાવ્યું કે એક બુઝુર્ગનું ખુન આ જગ્યા ઉપર થશે, થોડી મુદ્દત બાદ તેજ જગ્યા પર તે જનાબને શહીદ કર્યા.

એ બાબત પણ એ જનાબની કરામત હતી, અને એ શહીદની શહાદતની બાદ એક કરામત એ પણ જાહેર થઈ કે તેઓને શહીદ કરવા બાદ ઈસ્તમબુલમાં બહુજ

સખત વરસાદ થયો અને નદી જોશમાં આવી. અને એવો ભય હતો કે શાયદ કે ઈસ્તમબુલ ગરક થઈ જાય. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ્ઝાલેમીન.

# (૫) જનાબ અલ્લામએ હિલ્લી હસન બીન યુસુફ બીન અલીનો અહવાલ

આપણે જનાબે અલ્લામએ હીલ્લીની તાઅરીફ અને કરામતો સાંભળીએ છીએ અને તેઓ વિષેની કેટલીક ચીજો મશહુર છે. તેઓના અહેવાલનો ખુલાસો આ મુજબ છે, એ સાહેબ માટે કેવા કેવા અલકાબ લખ્યા છે કે તેના ઉપરથી તેમની બુઝુર્ગી અને સાહેબે કરામત સાબીત થાય છે, તો

આ અલકાબ અરબી ઝબાનમાં છે તેજ નકલ કરૂં છું એટલે તે અલફાઝની શીરીનીથી દીલ બાગ બાગ થઈ જાય!

હસન બીન યુસુફ, બીન અલી, બીન મઝહર હીલ્લી અહલ્લહુલ્લાહો દારે કરામતેહી, મોલકકબ-બ-જમાલુદ્દીન વ માઅરૂફ-બ-આયતીલ્લાહે ફીલ આલમીન, મરકઝે દાએરએ શરાએ મોબીન, વ મુનતહાએ ફઝાએલે અવ્વલીન આખેરીન, વ મોખસ્સસે કવાએદે અરબાબે યકીન, વ તઝકેરએ ખાતેરે મોઅમેનીન, વ તબસેરએ મોહતદીન, વ સાલેકે મનાહેજે યકીન, વ

મીનહાજે કરામતે અકરમીન. (એ તમામ અલકાબોનો ખુલાસો એ કે એ જનાબ આ દુન્યા માટે અલ્લાહની નિશાની, શરાઅ મુબારકને રોશન કરનાર, પહેલાના તથા આખરના ફઝાએલ ધરાવનાર, યકીન વાળાઓને મજબુત કરનાર, હિદાયતનો રસ્તો બતાવનાર, કરામતો બતાવનાર, દીન માટે રોશની પહોંચાડનાર વિગેરે.)

સૈયદ મુસ્તુફા તફરીશી કિતાબે 'નકદુર્રેજાલ'માં લખે છે કે મને દીલમાં એમ થાય છે કે એ જનાબ અલ્લામએ હીલ્લીની તઅરીફ ન લખું, કેમકે એ જનાબની

તવસીફ, ઈલ્મ, અને તસનીફ, ફઝાએલ, તાઅરીફ વિગેરે જો લખું તો આ કિતાબ પુરતી નથી.

એ જનાબની વીલાદત સને ૬૪૮ હીજરી માહે રમઝાનની ૧૯ મી તારીખે છે. અને વફાત સને ૭૨૬ હીજરી માહે મોહર્રમની ૧૧મી તારીખ શનીવારની રાત્રે થઈ હતી. તે ઉપરથી એ સાહેબની ઉમર ૭૭ વર્ષ અને ૩ મહીનાની થઈ.

એ જનાબે ઈલ્મ કોની કોની પાસેથી મેળવ્યું અને કેવી કેવી રીતે શીખ્યા તે વિશે ઘણી તફસીલ છે. એક સુન્ની સુલતાને

પોતાના મઝહબના કેટલાક આલીમો બોલાવી આ જનાબની સાથે મુકાબલો કરાવી દીનની બાબતમાં હ.અલી (અલય્હિસ્સલામ), હ. રસૂલેખુદાનો વસી અને ખલીફા છે તેની સાબીતી માટે મુનાઝેરો કરાવ્યો, આખર આ જનાબે દલીલો અને હદીસથી હઝરતે અલી અ.ની ખીલાફત અને વસીપણું હઝરતે રસૂલેખુદા સ.અ.વ.ની બાદ તરતજ છે એમ સાબીત કરી આપ્યું.

એક સુલતાન, એક વખતે કોઈ એવાજ કારણે પોતાની બીબીને એક વખતમાં ત્રણ

વખત તલાક આપી, પણ તેણીની સાથે મોહબ્બત વધારે રાખતો અને બહુજ ચાહતો તેથી પસ્તાણો કે હવે તેણી પાછી મારા નીકાહમાં આવે, તે મસઅલો પોતાના મોટા મોટા આલીમોને પુછયો, તેઓએ જવાબ આપ્યો કે સાહેબ એ ઓરત હવે આપ ઉપર હરામ થઈ ગઈ, તે પછી નીકાહમાં આવી નહીં શકે જયાં સુધી તે “મોહલ્લીલ” નહીં થાય ત્યા સુધી તેણી સાથે નીકાહ જાયઝ નથી, ‘મોહલ્લીલ’ એટલે તે ઓરત બીજા કોઈ શખ્સ સાથે નીકાહ કરે અને તે બીજો શખ્સ તેણી સાથે સોહબત કરવા પછી

પોતાની ખુશીથી તેણીને તલાક આપે તે પછી તેનો ઈદ્દો પુરો થાય અને એ ઓરત પોતાની ખુશીથી તે પહેલા શવહરને કબૂલ કરે તે વખતે તેણી સાથે તે આગલાને નીકાહ કરવા જાયઝ થાય છે, તે સીવાય હરામ છે. જયારે એવો મસઅલો નીકળ્યો તો સુલતાન વીચારમાં પડી ગયો કે આ બાબત તે કેમ બને? કે તેની બીબી સાથે બીજો કોઈ નીકાહ કરે અને ઓરત નીકાહ કરવા રાજી થાય, વળી તે રાજી ખુશીથી તેણીને ઉપર લખેલી શરતે તલાક આપે, વળી તલાક આપવા પછી ઈદ્દત બાદ તે

ઓરત આની સાથે રાજી થાય અને તે પછી નીકાહ થાય.

સુલતાને પૂછ્યું, આ મસલો કોઈ રીતે હલ થાય તેમ છે કે બસ આએજ હુકમ સીવાય બીજો કોઈ ઈલાજ નથી? સુન્ની આલીમોએ કહ્યું નહીં. સુલતાને પૂછ્યું. ઈસ્લામમાં કેટલા ફીરકા છે, કોઈ ફીરકો એવો પણ છે કે એ ઓરત બીજા પાસે ગયા સિવાય હલાલ થાય ?

આલીમોએ કહ્યું, હા ઈસ્લામની અંદર એક શીઆ ફીરકો છે તેઓ બહુજ થોડા છે. તેઓના મઝહબમાં બીજાની સાથે નીકાહ

કરવાની જરૂરત નથી, તમારે તે ઓરત સાથે નીકાહ કરવા દુરૂસ્ત છે; સુલતાને પૂછ્યું તેઓનો આલીમ કયાં છે ? જવાબ આપ્યો કે હીલ્લામાં થોડાક ઓલમાઅ તે લોકોના છે, અને તેઓમાં સૌથી મોટા આલીમ અને રઈસ અલ્લામએ હીલ્લી છે.

આ સાંભળીને સુલતાને હુકમ કર્યો કે અલ્લામા હીલ્લીને મારી પાસે લાવો. તેઓ આવ્યા ત્યારે ઘણાજ માન અને ઈજજતથી દરબારમાં બેસાર્યા, જે વખતે અલ્લામએ હીલ્લી આવ્યા તો પોતાના નાઅલેન (પગરખા) બગલમાં લઈને આવ્યા. આ

બાબત તે લોકોને પસંદ ન આવી અને તેમની શાનથી ખીલાફ લાગ્યું.

તે વખતે સુલતાનના સુન્ની આલીમોએ આપસમાં વીચાર કર્યો કે આ વખતે અલ્લામાને સુલતાન સામે શરમીંદા અને ઝલીલ કરવાનો બરાબર મવકો છે, એમ વીચાર કરીને અલ્લામાને કહ્યું કે તમો સુલતાનના દરબારમાં આવ્યા પણ તેઓને સીજદો કર્યો નહીં અને દરબારમાં જોડા બગલમાં લઈને આવ્યા તે બેઅદબી અને ન છાજતી વાત છે.

અલ્લામાએ જવાબ આપ્યો કે તમારા અને અમારા બંન્નેના મઝહબથી સાબીત છે કે ખુદા સિવાય બીજા કોઈને પણ સીજદો કરવો જાએઝ નથી, ખુદાએ ફરમાવ્યું છે કે "એઝા દખલતુમ બોયુતન ફસલ્લેમુ" એટલે 'જે વખતે તમો મકાનમાં જાઓ તો સલામ કરો', તો મેં ખુદાના ફરમાન મુજબ સલામ કરી.

હવે તમો જે પગરખા બગલમાં લાવવા માટે મને ઠપકો આપો છો તે વિશે જાણવું કે મેં સાંભળ્યું છે કે હઝરતે રસૂલેખુદા સ. એક વખત કોઈને ત્યાં દાઅવતમાં ગયા, ત્યાં

હઝરતે રસૂલેખુદા સ.ના પગરખા હનફી સાહેબના મઝહબવાળો કોઈ શખ્સ ચોરી ગયો અને આ ઠેકાણે પણ એ મઝહબના કેટલાક છે તેથી મને બીક લાગી કે શાયદ કોઈ મારા પગરખાં ચોરી લે તો ! માટે બગલમાં રાખ્યા.

આ કલામ સાંભળીને તે મઝહબના આલીમે કહ્યું અરે તમોને કાંઈ ખબર નથી? બીલકુલ જાણતા પણ નથી કે હનફી મઝહબ કયારથી ચાલુ થયો ! અરે હઝરતે રસૂલેખુદા સ.ના વખતમાં તે લોકો કયાં

હતા? હઝરતની બાદ એક સો વર્ષે હનફી મઝહબ શરૂ થયો છે.

આ સાંભળીને જનાબ અલ્લામાએ કહ્યું કે હું ભુલી ગયો કદાચ માલેકી મઝહબવાળો હશે. તો તે મઝહબવાળા એ પણ તેજ જવાબ આપ્યો કે હઝરતે રસૂલેખુદાના ઝમાનામાં માલેકી મઝહબ કયાં હતો? તે વખતે અલ્લામાએ કહ્યું હમ્બલી મઝહબવાળો હશે. તે મઝહબવાળાએ પણ તે મુજબ જવાબ આપ્યો, અલ્લામાએ કહ્યું શાયદ કોઈ શાફેઈ મઝહબવાળો હશે. શાફેઈ આલીમે કહ્યું કે

સાહેબ તમો આવી વાતો શું કરો છો? હઝરત રસુલ સ.અ.વ.ના ઝમાનામાં આ ચારમાંથી એક પણ મઝહબ ન હતો આ તો ત્યારપછી બધા ફિરકા નીકળ્યા છે.

જયારે ચારે મઝહબવાળાના આલીમોએ અલ્લામાને ખોટા ઠેહરાવ્યા, તે વખતે અલ્લામાએ બાદશાહને કહ્યું સાહેબ સાંભળો આ આલીમો ઈકરાર કરે છે કે હઝરત રસુલ સ.ના વખતમાં આ ચારે મઝહબ ન હતા તેઓની પછી સો વરસની બાદ એ બધા મઝહબ નીકળ્યા છે, તો ફરમાવો તે મઝહબ કેવા કહેવાય ?!

આ સાંભળી તમામ ચુપ થઈ ગયા, પછી તે તલાકની બાબતનો જવાબ આપ્યો અને સાબીત કરી આપ્યું કે આ મુજબ એકજ વખતે ત્રણ તલાક જાયઝ નથી અને એમ કરવાથી એ ઓરત સાથે નિકાહ કરવા હરામ થતા નથી, અને મોહલ્લલ એટલે બીજા સાથે નિકાહ કરીને તલાક દેવરાવવાની જરૂરત નથી, એ તલાક પાછી ખેંચી લેવાય છે, એટલે ઓરત તરીકે ગણવાથી તલાક તુટી જઈ હલાલ થાય છે, નિકાહ કરવાની પણ જરૂરત રહેતી નથી.

'નાજી' અર્જ કરે છે કે એ જનાબે એ મુજબ જોડા બગલમાં લઈ મજકુર બાબતો હીકમતથી કહી, કે એમ કરીને તેમને કાયલ કરવા થાય, સીધી રીતે દલીલ કરવા જાય તો બાદશાહ કહે કે તમોને વાદવિવાદ માટે બોલાવ્યા નથી ફકત મસઅલો પુછવા માટે બોલાવ્યા છે, તેથી એ જનાબ એ ચાર મઝહબ વિશે કાંઈ બોલી શકે નહીં, અને એમ બોલવું જુઠમાં ગણાતું નથી. પણ મસલેહતમાં ગણાય છે.

એ જનાબની ઉંચી સમજ અને હોંશિઆરી બેહદ હતી. કેટલીક વખત બીજા

મઝહબવાળાઓને કાએલ કરેલ છે. અને હાજર જવાબી પણ હતા, હોંશિયારીની બાબતમાં લખે છે કે જે વખતે પોતે નાના બાળક હતા તે વખતે પોતાના મામા પાસે પઢતા હતા, બાળપણ હોવાથી કયારેક ભાગી જતા તો તેઓના મામા તેમને પકડવા માટે પાછળ દોડતા હતા, જે વખતે તેઓ નજદીક પહોંચતા તો અલ્લામા સમજતા કે હવે પકડી લેશે, તેથી તે વખતે વાજીબ સીજદાની આયત પડતા, તે સાંભળીને તેઓના મામા સીજદો કરતા ત્યાં આ સાહેબ આગળ નીકળી જતા, અને

નાબાલીગ ઉપર સીજદો વાજીબ ન હોવાથી પોતે સીજદો ન કરતા.

એ સાહેબની કેટલીક કરામતો પણ છે તેમાંથી કેટલીક લખવામાં આવે છે.

કરામત (૧)એ જનાબના ઝમાનમાં એક સુન્ની આલીમે શીઆઓના રદમાં એક કિતાબ લખી અને તે કોઈને આપતો ન હતો, હરવખત તે કિતાબ પોતાની પાસે રાખતો અને લોકોને સંભળાવતો. જે વખતે અલ્લામાને આ બાબતની ખબર પડી તો તેનો જવાબ લખવાનો ઈરાદો કર્યો પણ કિતાબ ન મળે તેથી લાચાર હતા. આખર

પોતાના શાગીર્દને શીખવ્યું કે તું તે આલીમનો શાગીર્દ થા અને થોડી મુદ્દત પછી એ કિતાબ મુતાલેઓ કરવાના બહાનાથી માંગી લાવ, આખર તે શાગીર્દ તેની પાસે જઈ શાગીર્દ બની એક વખતે તે કિતાબના મુતાલેઆનો શોખ બતાવી વાંચવા માંગી, અને બીજી રીવાયત મુજબ તે આલીમે કસમ ખાધેલી કે એક રાતથી વધારે માંગે તો કોઈને આપવી નહીં, આખર બહુજ લાચારી કરવાથી એક રાત માટે તે કિતાબ આપી, તેણે તે કિતાબ અલ્લામાને આપી, અલ્લામાએ રાતોરાત

નકલ ઉતારવી શરૂ કરી, પણ કિતાબ મોટી હોવાથી પુરી થઈ શકી નહીં, છેવટે ઉંઘ આવી ગઈ અને હાથમાંથી કલમ પડી ગઈ. સવારના આંખ ઉઘડી તે વખતે બેહદ અફસોસ કરવા લાગ્યા, પછી કિતાબ ઉપર નજર કરે છે તો તે તમામ કિતાબની નકલ ઉતારેલી જોઈ અને પાછળ બારમા ઈમામ અ.નું નામ લખાએલું જોયું અને લખેલું કે મેં કિતાબને મુકમ્મલ પુરી કરી.

અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદ વ આલે મોહમ્મદ.

કરામત (૨) શેખ અસદુલ્લાહ કાઝમૈનીએ “મકાબીસ” નામની કિતાબમાં લખ્યું છે કે એક વખતે એ સાહેબે સ્વપ્નામાં જોયું કે કયામત બરપા થઈ અને જનાબ અલ્લામાએ હીલ્લી તમામ આલીમોની આગળ છે.

કરામત (૩) સાહેબે કિતાબ કહે છે મેં મુલ્લા સફરઅલી લાહેજીથી સાંભળ્યું છે કે તેઓ પોતાના ઉસ્તાદ આકા સૈયદ મોહમ્મદ બિન આકા સૈયદ અલીએ ફરમાવ્યું કે એક વખત અલ્લામા જુમ્આની રાતે જનાબે ઈમામે હુસયન અ.ની ઝીયારત

માટે જતા હતા અને એકલા સવારી પર બેઠેલા અને હાથમાં કોરડો હતો, રસ્તામાં એક અરબ ચાલીને જતો હશે તેની સાથે વાતો કરવા લાગ્યા, થોડી વાતો કરવાથીજ અલ્લામા સમજી ગયા કે આ અરબ ફાઝીલ અને હોંશિયાર છે, તેથી ઈલ્મની વાતો કરવા લાગ્યા. તે વખતે તે અરબની કાબેલિયતથી ખબર પડી કે બહુજ ઈલ્મનો દરિયો અને કામીલ શખ્સ છે, તેથી અલ્લામાને જે જે મસઅલામાં સમજ પડી ન હતી અને જે મસઅલા મુશ્કીલ હતા તે એક એક બાબત પુછવા લાગ્યા અને તે

અરબ બરાબર જવાબ આપતા ગયા, એટલે સુધી કે એક મસઅલામાં બહુજ મતભેદ થયો, તે અરબે ફતવો આપ્યો કે આ મુજબ છે; અલ્લામાએ કહ્યું કે આ બાબત એમ નથી કેમ કે ફતવો આપવા જેવી હદીસ આ બાબત વિશે મળી નથી, અરબે કહ્યું, ફતવો આપવા માટે આ બાબતની હદીસ શેખ તુસીએ ‘તહઝીબ’ નામની કિતાબમાં બયાન કરી છે, તમો તે કિતાબના અમુક પાને જોજો તેમાં અમુક સતર (લીટી)માં હદીસ લખેલી છે. અલ્લામા હયરતમાં પડી ગયા કે આ શખ્સ કોણ હશે?

એમ વીચાર કરી અરબને પૂછ્યું કે આ ઝમાનામાં બારમા ઈમામ અ.ની ઝીયારત નસીબ થાય ખરી? એમ કહે છે ત્યાં અલ્લામાના હાથમાંથી તાઝીયાનો પડી ગયો, તે વખતે તે અરબે જમીન ઉપરથી તાઝીયાનો લઈ અલ્લામાના હાથમાં આપીને કહ્યું કે આ ઝમાનાના ઈમામની મુલાકાત કેમ ન થાય? જુવો કે આ વખતે તમારા હાથમાં તેનો હાથ છે!

આ સાંભળી અલ્લામા સમજી ગયા કે આ પોતેજ સાહેબુઝ્ઝમાન અ. છે તેથી પગચુમવા એકદમ સવારીથી નીચે પડી

ગયા તેથી ગશ આવી ગયો, હોશ આવ્યો તે વખતે નજર કરી તો કોઈ ન હતું, પછી ઘરે ગયા અને તહઝીબમાં જોયું તો તેજ જનાબે ફરમાવ્યા મુજબ એ જ પાનામાં એજ લીટીની અંદર એ હદીસ લખેલી હતી, અને તેમાં લખેલું હતું કે આ એ હદીસ છે કે હઝરત સાહેબુઝ્ઝમાને મને તેની ખબર આપી છે.

કરામત (૪) સુન્ની બાદશાહ ખુદાબંદાની સામે મઝહબ વિશે એવી ગુફતગો કરી કે તેના તમામ ઓલમા જવાબ આપી શકયા નહીં, તેથી ખુદાબંદા બાદશાહ તથા બીજા

લોકો શીઆ થઈ ગયા, અને બાદશાહે સીકકા ઉપર ચહારદા માઅસુમીન અ.ના નામ મુબારક નકશ કરાવ્યા, અને મસ્જીદોને પણ ઈમામોના નામથી નકશીદાર બનાવી.

કરામત (૫) અલ્લામાથી વધારે કિતાબો કોઈએ સંપાદન કરેલ નથી, એ છતાં કે એ જનાબ હંમેશા લોકોને તાઅલીમ આપવામાં મશગુલ રહેતા હતા અને મુસાફરીઓ પણ કરતા હતા, બાદશાહો અને રઈસો સાથે મોહબ્બત પણ રાખતા હતા, અને દીને ઇસ્લામનો મુનાઝેરો પણ બહુજ

કરતા હતા. એટલા કામ કરવા છતાં એ જનાબે એટલી કિતાબો સંપાદન કરી કે તે કરામતમાં ગણાય છે.

મનકુલ છે કે એ જનાબે પાંચસો કિતાબો સંપાદન કરેલ છે; શેખ ફખરૂદ્દીન તૌરીહી 'મજમઉલ બહરયન' નામની કિતાબમાં લખે છે કે અલ્લામાના હાથની લખેલી અને તેઓનીજ બનાવેલી પાંચસો કિતાબો મેં જોઈ છે. અને તે સિવાય તે જનાબની બીજી ઘણી કિતાબો છે કે તે તેઓની બનાવેલી અને બીજાના હાથની લખેલી, તો એ તમામ મળીને હજાર

કિતાબો એ જનાબની બનાવેલી હતી એમ પણ કેટલાક રીવાયત કરે છે.

મનકુલ છે કે એક વખત જનાબે મજલીસી અ.ર. સાથે વાત થઈ તેમાં આ બાબત નીકળી કે અલ્લામાએ કિતાબો ઘણી બનાવી છે, તે વખતે તેઓએ કહ્યું કે મારી તસનીફ પણ ઓછી નથી, આ સંભળીને એક શાગીર્દે કહ્યું કે પણ તેમાં એટલો ફેર છે, કે તમોએ તાઅલીફ (ઉતારો) કરેલ છે અને અલ્લામાએ તસનીફ કરી (રચી) છે, આ બાબત જનાબે મજલીસી (અ.ર.)એ કબૂલ કરી, પણ હકીકતમાં જનાબે

મજલીસીની પણ સંપાદન કરેલી ઘણી કિતાબો છે.

તાઅલીફ અને તસનીફમાં ઘણો તફાવત છે. તાઅલીફ એટલે બીજી કિતાબોમાંથી ચૂંટીચૂંટીને એક કિતાબ બનાવવી તે, અને તસનીફ એટલે ખાસ જુદી જ જાતની એક નવી કિતાબ લખીને તૈયાર કરવી. તો પણ આખરે ઉંડી નજરે તપાસતાં તેમાં પણ એજ તાલીફ જેવો મતલબ નીકળશે. કેમ કે જે જે બાબતો આલીમો લખે છે તે કાંઈ કાલ્પનિક લખતા નથી. આગળની કિતાબો જોઈને લખે છે,

પણ થોડી મહેનત પડે અને પોતાના તરફથી અર્થ (સમજૂતી) વધારે ન બતાવે તે તાઅલીફ અને વધારે કિતાબો તપાસે અને તેનો અર્થ (સમજૂતી) પોતે બયાન કરીને લખે તે તસનીફ છે. પ્રાપ્ય વિગતો (તાઅલીફ) કરતાં તસનીફ વધુ અઘરી અને મહેનતવાળી બાબત છે.

એ જનાબે પોતાની પઢેલી વાજીબ નમાઝમાં શક થવાથી ત્રણ-ચાર વખત ફરીને કઝા પઢી. આવી બીજી ઘણી બધી ફઝીલત અને બુઝુર્ગી તેમનામાં જોવા મળે છે.

કરામત (૬) આ બાબત કસસુલ ઓલમામાં નથી પણ હાજી નાજી સાહેબે એ ‘નુદબતુલ અઝા’ નામની કિતાબમાં વાંચેલી હતી અને બહુજ અજાએબ અને તેમાં મહાન શંકાઓનું સમાધાન હતું તેથી અહીંયા છઠ્ઠી કરામત તરીકે લખવામાં આવે છે, એ જનાબ અલ્લામાએ પોતાની કિતાબ ‘તઝકેરા’માં લખેલ છે કે મેં એક હદીસ જોઈ કે જે કોઈ હ. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબત ઉપર રડે અને તેની આંખમાંથી આંસુનું એક ટીપું નીકળે તો તેના તમામ ગુનાહ માફ થઈ

જાય છે. તેથી મને બહુ જ વિચાર થયો કે આંસુંનું એક ટીપું પઢવાથી એટલો બધો સવાબ શા માટે હશે? તેનું કારણ કોઈ રીતે ધ્યાનમાં આવ્યું નહીં. પછી મેં એ હદીસ પણ જોઈ કે જે શખ્સ જુમ્માની ચાલીસ રાત સુધી હઝરતે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના કુબ્બાની અંદર જાગે અને ઈબાદત કરે તો તેને ઝમાનાના ઈમામ હઝરત મહદી(અ.ત.ફ.શ.)ની ઝિયારત નસીબ થાય છે.

તેથી હું મારા ગામ હિલ્લાથી કરબલાએ મોઅલ્લા જુમ્માની રાત્રે જઈને હઝરત

ઈમામ હુસૈન(અલય્હિસ્સલામ)ના કુબ્બાની અંદર ઈબાદત કરવા લાગ્યો, એટલે સુધી કે જુમ્માની ઓગણચાલીસ રાત પસાર થઈ ગઈ, અને છેલ્લી ચાલીસમી રાત્રે ઈબાદત કરવા જવા ઘરેથી ઘોડા ઉપર બેસીને નીકળ્યો, અને ચાલતા ચાલતા એ જ વિચાર કરતો હતો કે એ બે હદીસો કેવી હશે? ત્યાં એકાએક એક શખ્સ મારા ઘોડા પાસે આવ્યો, અને ઘોડાની લગામ પકડીને કહ્યું કે અય શૈખ તમો શું વિચારો છો?

મેં તેને કોઈ ગામડાનો રહેનાર વટેમાર્ગુ ધારીને કહ્યું: તમોને મારા વિચારથી શું કામ છે? તમે તમારા રસ્તે ચાલ્યા જાવ!

આ સાંભળીને તેઓએ કહ્યું કે તમો તમારો સવાલ રજૂ કરો. કદાચ એવું બને કે તમને તેનો સંતોષકારક જવાબ મળી જાય.

આ સાંભળીને મેં કહ્યું: મેં હદીસમાં જોયું છે કે જે શખ્સ હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબતમાં રડે અને તેની આંખમાંથી આંસુનું એક ટીપું નીકળે તો તેના માટે બેહિશ્ત વાજીબ થાય છે, તો આ બાબત સમજમાં નથી આવતી કે

આંસુના એક ટીપામાં આટલો બધો સવાબ હોય ખરો? અને બીજી હદીસ એ જોઈ છે કે જે કોઈ હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના કુબ્બામાં (કબ્ર મુબારક) પાસે જુમ્માની ચાલીસ રાત સુધી ઈબાદત કરે તો તેને ઝમાનાના ઈમામની ઝિયારત નસીબ થાય છે. તો મેં એ હઝરતના કુબ્બામાં જુમ્માની ઓગણ ચાલીસ રાત સુધી ઈબાદત કરી અને દુઆ માંગી પણ હજુ સુધી ઈમામની ઝિયારત નસીબ થઈ નથી. હવે એક રાત બાકી રહી છે તેથી એ

માટે જ જાઉં છું કે ઈમામ(અલય્હિસ્સલામ) મળી જાય તો તેમને આ પ્રશ્ન રજૂ કરૂં.

એ શખ્સે આ સાંભળીને કહ્યું કે હું તમારી શંકાનો જવાબ આપું છું તે સાંભળો. એક મહાન બાદશાહ જે આખી દુન્યા ઉપર હુકુમત કરતો હોય તે શિકાર કરવા લશ્કર લઈને જાય છે અને લશ્કરથી છુટો પડીને એકલો જંગલમાં ચાલ્યો જાય, એટલે સુધી કે કોઈ મેદાનમાં જઈ પહોંચે અને તેને ખુબ ભૂખ અને તરસ લાગી હોય અને ત્યાં ખાવા પીવાનું મળે એમ ન હોય પણ ત્યાં એક ડોશીની ઝૂંપડી દેખાય, બાદશાહ લાચાર

થઈને તે ડોશીને કહે કે મને બહુ જ તરસ લાગી છે માટે પાણી પીવરાવ, તે ડોશી પાસે તે વખતે એક બકરી સિવાય બીજું કાંઈ ન હોય, તેથી એ ડોશી તે બકરીને દોઈને દૂધ પીવરાવે છે. પછી બાદશાહે કહ્યું કે હવે ભૂખનો કાંઈ ઈલાજ કર, તો તે ડોશીએ પોતાની તમામ પૂંજી અને જીવન નિર્વાહની ચીજ બકરીને ઝબહ કરીને તેના કબાબ શેકીને તેને ખવરાવે છે, તો હવે કહો કે જ્યારે તે ડોશી બાદશાહના દરબારમાં જાય ત્યારે તેને તેના બદલામાં શું આપે ? તે ડોશીએ બાદશાહની ખુશી માટે પોતાની

પાસે જે હતું તે આપી દઈ મુફલીસ થઈ ગઈ. હવે તે બાદશાહ તેના બદલામાં પોતાની આખી બાદશાહત આપી દે તો પણ તે બુઢીયા કરતાં કાંઈ વધારે આપ્યું કહેવાય નહી.

તો એ જ પ્રમાણે હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ પોતાના ઘરબાર અને માલ-ઔલાદ સર્વસ્વ રાહે ખુદામાં આપીને પોતે પણ શહીદ થઈ ગયા, તો ખુદા તેના બદલામાં તેમને પોતાની તમામ ખુદાઈનો ઈખ્તીયાર આપી દે તો પણ તેમના કરતાં કાંઈ વધારે આપ્યું ગણાય નહીં, અને

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબત ઉપર રડવાનો જે સવાબ છે તે કંઈ એ રડવાની અને તે આંસુની કિંમત નથી, પણ એ હઝરતની શહાદતના કારણથી તેમના પ્રત્યે એટલી લાગણી તથા હમદર્દી ધરાવનારને એવો મહાન બદલો આપવામાં આવશે.

આ તમારી એક શંકાનો જવાબ આપ્યો, હવે બીજી શંકા (કે ઓગણ ચાલીસ જુમ્માની રાત હ. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના કુબ્બામાં ઈબાદત અને ઝિયારત કરી તો પણ ઝમાનાના ઈમામની ઝિયારત કેમ ન

થઈ? તો જાણી લ્યો કે હજુ ચાલીસ જુમ્માની રાત પૂરી થઈ નથી છતાંય તમારા ઈમામ તમારી સાથે છે, અને તમને જવાબ આપી દીધો છે. આ સાંભળીને જનાબ અલ્લામાએ હિલ્લી એકદમ પોતાના ઘોડા ઉપરથી નીચે કુદી પડયા, અને એ ઝમાનાના ઈમામના પગ ચૂમ્યા, ત્યાં તેઓ ગાએબ થઈ ગયા.

મજકુર બનાવ બીજી રીતે પણ એક કિતાબમાં લખેલ છે, તેને પણ દર્જ કરીએ છીએ કે તે પણ ધ્યાનમાં રહે, જાણવું જોઈએ કે હ.ઈમામ હુસયન અ.ની મજલીસ

અને અઝાદારીમાં દિન તથા દુન્યાના બેશુમાર ફાયદા છે અને તે મશહુર છે; તેમાનો એક અઝીમ અને સર્વે કરતાં મોટો ફાયદો એ છે કે હઝરત ઈમામે હુસૈન (અ.સ.)ના ગમમાં તેઓની માઅરેફત સાથે અગર એક આંસુ નીકળી જાય તો બેડો પાર થઈ જાય અને જન્નતનો હકદાર થઈ જાય. આ મુજબની હદીસો ઘણી વારિદ થઈ છે, પણ એ હદીસમાં એવો સવાબ હોવાથી વાંચનાર અને સાંભળનારા હેરત પામી જાય છે, કેટલાંકને તો ખાત્રી થતી નથી, કેટલાક કાચા ઈમાન ધરાવનારા ઈન્કાર

કરે છે, અને નામના મુસલમાન તો મશ્કરી કરે પણ ખરા ઈમાનદારોને તેનું સંપુર્ણ યકીન છે. જયારે આખી જિંદગી ગુનાહ કરીને પછી અફસોસ કરીને પસ્તાય-તૌબા કરે તો ખુદા તમામ ગુનાહ માફ કરી જન્નત અતા કરે છે. એ હદીસને તમામ ઈસલામી ફિરકા કબૂલ રાખે છે, ત્યારે એ મઝલુમના ગમમાં રોવાથી અલ્લાહ તઆલા ગુનાહ માફ કરીને જન્નત અતા કરે તેમાં શું અજુગતું લાગે છે? આમાં અને તેમાં શો ફેર છે?!

એ સિવાય એ હદીસ ખરી હોવા વિશે હઝરતે સાહેબુઝ્ઝમાન આ ઝમાનાના ઈમામ હ. મહદી અ. મે બરાબર દાખલો આપીને બહુજ ઉમદા ખુલાસો કર્યો છે. એક મોટા બુઝુર્ગ આલીમે જયારે એ હદીસ જોઈ કે હ. ઈમામે હુસયન અ.ની મુસીબત ઉપર રોવે તો જન્નત વાજીબ છે, ત્યારે એ સાહેબ ફરમાવે છે કે મને શક થયો કે એટલી નાની બાબતમાં આટલો મોટો સવાબ મળે તે અજબ છે, દીલને સમજાવ્યું કે એટલો સવાબ હોય શકે, પણ દીલ માનતું ન હતું

અને એ વિશે હું હયરાન અને પરેશાન રહયા કરતો હતો.

જયારે કોઈ રીતે મારા દીલનો ખુલાસો ન થયો ત્યારે વિચાર્યું કે દરેક ઈમામના ઝમાનામાં સવાલનો જવાબ મળે છે, તેથી આ ઝમાનાના ઈમામના સરદાબમાં જઈ દુવા માટે હાથ બુલંદ કર્યા, તમામ રાત રોવા અને દુવામાં પસાર થઈ સવાર થતાં મારી આંખ લાગી ગઈ, તરતજ નુરાની ચહેરાવાળા નેક ખસલતવાળા અને ફરીશ્તા સીફતવાળા એક બુઝુર્ગવાર દેખાયા. તેઓએ ફરમાવ્યું, અય મુલ્લા તું સર

ઉઠાવ, જયારે મેં માથું ઉંચું કર્યું તો તેઓએ ફરમાવ્યું કે તમારા દીલમાં ઈમામ હુસયન અ.ની મુસીબત ઉપર રોવા વિશે જે વહેમ ઉત્પન્ન થયો છે તેને હું કાઢી નાખું છું, આ સાંભળી હું ઘણોજ ખુશી થયો અને સેવકની જેમ અદબ બજાવી લાવ્યો, તે બુઝુર્ગે ઘણીજ મહેરબાનીથી ફરમાવ્યું મુલ્લા હું એક હીકાયત બયાન કરૂં છું તે ધ્યાન આપીને સાંભળો, તેથી તમારો વહેમ નાબુદ થશે અને તમે હુસયન અ.ની અઝાદારી કરવી ફરજ સમજશો.

એક વખત એક બાદશાહ, શીકાર માટે પોતાનું લશ્કર લઈને જંગલ તરફ રવાના થયો, હરવા ફરવા અને શીકારમાં કેટલાક દિવસ વીતી ગયા અને પોતાના મુલકથી દુર નીકળી ગયો. એક દીવસ બાદશાહે એક હરણની પછવાડે ઘોડો દોડાવ્યો, હરણ છલાંગો મારતું આગળ જતું હતું, બાદશાહ ઘોડા ઉપર બેસીને હરણની પાછળ પાછળ તેના તાકમાં ચાલ્યો જતો હતો, હરણ થોડે દુર જઈ નઝરથી છુપાઈ ગયું, બાદશાહ પરસેવામાં રેબઝેબ અને હયરાન થઈને ઉભો રહયો, પોતાની એકલતા ઉપર ઘણોજ

ગભરાયો, તેને ઘણીજ તરસ લાગવાથી જીવ જવાની નજીક હતું, તે ખુબજ હયરાન હતો કે યા અલ્લાહ હવે હું શું કરૂં? અને કયાં જાઉં? જો પાણી ન મળ્યું તો ચોકકસ હું મરી જઈશ, વળી ગભરાઈને પોકાર કરતો હતો યા અલ્લાહ જયારે તે તમામ ચીઝોને પાણીથી તરો તાઝા અને જીવતી રાખી છે, તો મને પણ પાણી પહોંચાડી દે. અય ખુદા હું પણ તારી મખલુક છું, મને તારી નેઅમત (પાણી)થી મહેરૂમ રાખ નહીં, આમ ફરિયાદ કરી ચારે તરફ દિવાનાની માફક તે ભયંકર જંગલમાં હેરાન પરેશાન

ફરતો હતો, ચાલવાની કુવ્વત રહી નહીં તેમ જીવતા રહેવાની હીમત પણ રહી નહીં. વિચિત્ર દિલગીરીમાં મુબતેલા હતો, ત્યાં એકાએક તેણે સામે નઝર કરી, તો કોઈ આબાદીની નિશાનીઓ અને ચિન્હ માલુમ થયાં, તેથી ઘોડો ઘણીજ તાકીદથી દોડાવ્યો, જોયું કે એક ઝુંપડીની સામે એક ડોસી બેઠી છે. ત્યાં પાસે જઈ ઘોડા ઉપરથી કુદી પડયો, બાહર નીકળેલી ઝબાનને દેખાડી, ઈશારાથી પાણીનો સવાલ કર્યો. ડોસી ઘણીજ મહેમાન નવાજ હતી, જોકે તંગીમાં મુબતેલા રહેતી હતી. પણ

મેહમાનની ખીદમતમાં જાન ફીદા કરતી હતી, તરતજ પોતાના ફરઝંદને હાંક મારી, અને એક ગાય જે તેની પાસે હતી તેનું દુધ દોહવાને કહ્યું, નેક બખ્ત ફરઝંદ ઘણીજ તાકીદથી દુધ લઈ બાદશાહ પાસે આવ્યો. બાદશાહ તે દૂધ પી ગયો અને ઘણો ખુશી થયો, અને ગયેલી શક્તિ પાછી આવી એટલે તેને જિંદગી મળી. મેહમાન નવાઝ ઝઈફા (ડોશી) ઘણીજ ગમગીન હતી કે આજે મહેમાન મારા ઘરેથી ભુખ્યો જવા ચાહે છે, નેક એઅતેકાદવાળી ડોશીને કદીએ પસંદ ન હતું કે મહેમાન ભુખ્યો રહી પાછો

ચાલ્યો જાય, પણ બીચારી શું કરે? તેની પાસે શું હતું? કે જેથી મેહમાન માટે ખાવાનો સામાન લાવે? માં દીકરો બંને પરેશાનીમાં બેઠા હતા, છેવટે માંએ કહ્યું બેટા એક છરી તું લઈ આવ, દિકરો ગભરાઈને કહ્યું માં છરીને શું કરશો? ડોસીએ જવાબ આપ્યો કે આ ગાયને ઝબાહ કરી, મેહમાનને જમાડીશ.

દિકરાએ કહ્યું, અય વ્હાલી માં આ એક ગાય આપણા ગુજરાન માટે છે, તો શું આ જંગલમાં હવે તરફડી તરફડીને મરી જવાનો ઈરાદો છે?

ડોશીએ કહ્યું જે કાંઈ કીસ્મતમાં લખેલું છે તે જરૂર થવાનું છે. પણ દીકરા મહેમાન આપણે ત્યાંથી ભુખ્યો જાય તે મને પસંદ નથી.

છોકરાએ કહ્યું, માં તમારી ખુશી, હું તો તમારા ફરમાનનો તાબેદાર છું.

આ વાતચીત થયા પછી ગાય ઝબાહ કરી, દીલની ખાહીશ મુજબ મહેમાનની મહેમાન નવાઝી કરી, બાદશાહ જ્યારે ખાઈ પીને સૈર (તૃપ્ત) થયા પછી ઘણીજ મહેરબાનીથી ડોસીનો અહવાલ દરયાફત કર્યો. ડોશીએ કહ્યું, અય બંદએ ખુદા,

અમારો અહવાલ તું પુછ નહી. જે દુખ, દર્દ અને ગમ છે તે બેહતર છે, અમારા વિશે જાણીને શું કરશે. હું ચાહતી નથી, કે મારા દુખની કહાણી સંભળાવીને તમને ગમગીન કરૂં, મારો ખુદા માલીક છે, હું તેનીજ પાસે મારો અહવાલ બયાન કરવો મુનાસીબ સમજુ છું.

પછી બાદશાહના ઘણાજ આગ્રહથી ડોશીએ દીલગીર થઈને કહ્યું, અય બંદએ ખુદા ! અમો મા દિકરો કેટલીક મુદ્દતથી આ જગ્યાએ રહીએ છીએ, અને ખુદાની ઈબાદતમાં અમો અમારી જિંદગી ગાળીએ

છીએ. અમારા નિભાવ માટે ખુદાએ પોતાના ફઝલથી ફકત આ એક ગાય આપી હતી, તો તેના દુધ ઉપર નિભાવ કરી ખુદાનો શુક્ર બજાવી લાવતા અને આમાં આજ સુધી મેહમાનોની ફરજો પણ અદા કરતા હતા. પણ આજે એ પહેલો મવકો હતો કે તમારી ઝીયાફતના માટે અમારી પાસે કાંઈ હતું નહી અને તમારૂં એમજ ભૂખ્યા પાછા જવું તે મને ઠીક લાગ્યું નહી, તેથી આ ગાયને ઝબાહ કરી તમારી સામે ખાણું હાજર કર્યું .

હવે પરવરદિગાર પોતે માલિક છે, જયારે આજ સુધી તેણે રોજી આપી અને

રિઝકનો ઝામીન રહ્યો, તો હવે શું માત્ર મારા માટે પોતાના ખઝાનાનો દરવાજો બંધ રાખવો વાજીબ ગણશે? આ સાંભળી બાદશાહ રોઈ પડયો અને છોકરાનું નામ લખી લીધું અને તેને કહ્યું કે અય ડોશી જયારે તને કોઈ જરૂરત હોય તો તારા છોકરાને ફલાણા શહેરના બાદશાહ પાસે મોકલી આપજે, તે હક પરસ્ત છે અને તારી ઉમ્મીદ બર લાવશે. તે પછી બાદશાહે થોડી અશરફીઓ જે પોતાના ખીસામાં હતી તે તેને બક્ષીશમાં આપીને ચાલતો થયો.

થોડી મુદ્દત ઐશઆરામથી ગુજરી, પણ એ અશરફીઓ ખલાસ થયા પછી એ મા દિકરાને ફાકા થવા લાગ્યા. ત્યારે છોકરાએ એક દિવસે કહ્યું મા તમને યાદ છે? કે જયારે એક મુસાફર અહીંયા આવ્યો હતો, કે જેને ગાય ઝબાહ કરી ને ખવરાવી હતી, તેણે કહ્યું હતું કે જયારે તમને કોઈ જરૂરત હોય તો ફલાણા બાદશાહ પાસે જવું તે તમારી ઉમ્મીદ પૂરી કરશે, મા એ કહ્યું બેટા તું દિવાનો થઈ ગયો છે, શું બાદશાહ આપણા જેવા ગરીબોનો ખ્યાલ કરતા હશે? આ સાંભળી છોકરો ચુપ થઈ ગયો, કેટલાક

દિવસ પછી જયારે તે ભુખથી ઘણોજ બેચૈન થયો તો ફરીથી તેણે પોતાની મા પાસે અર્જ કરી કે જો આપ રજા આપો તો હું તે શહેરમાં જાઉં, શાયદ ત્યાંના બાદશાહને અમારી ખરાબ હાલત ઉપર કાંઈ રહેમ આવે, છેવટે માએ છોકરાની વિનંતી ઉપર રજા આપી. છોકરો ફરતો ભટકતો તે અજાણ્યા શહેરમાં ગયો અને બાદશાહના રાજ મહેલ પાસે જઈ પહોંચ્યો અને બાદશાહની ખીદમતમાં પોતાને જવા દેવા સિપાહીઓને ખાહીશ જણાવી. સિપાહીએ કહ્યું ચાલ દુરથા, તું જંગલી માણસ છે,

તારી ઈચ્છાને બાદશાહ પાસે પહોંચાડવી મુશ્કીલ છે.

છોકરાએ કહ્યું, હું તો બાદશાહ પાસે જરૂર જઈશ.

સિપાહીએ કહ્યું, નકામો બકવાસ કર નહી, માર્યો જઈશ.

છોકરાએ કહ્યું, માર્યો જાઉં અથવા જે કાંઈ થવાનું હોય તે થાય પણ બાદશાહ પાસે તો જરૂર જઈશ. આ વાતનો જે શોર પુકાર બુલંદ થયો તેથી બાદશાહે તપાસ કરી કે આ શોર પુકાર કયાંથી આવે છે, શા માટે થાય છે? કેટલાંક હુઝુરીયાઓએ કહ્યું,

હુઝુર એક દિવાનો અંદર આવવા માટે જીદ કરી રહયો છે પણ દરવાનો તેને રોકી રહયા છે.

બાદશાહે કહ્યું, હમણાં તેને હાજર કરો. તેથી છોકરાને મહેલની અંદર લાવવામાં આવ્યો. છોકરાએ નામ ગામ બતાવ્યું તેથી બાદશાહે તેને ઓળખ્યો અને નોકરોને ફરમાવ્યું કે આને નવરાવી ધોવરાવી અને નવા કપડાં પહેરાવી હાજર કરો, તરતજ હુકમનો અમલ કરવામાં આવ્યો. બાદશાહે તેને પોતાની સાથે બેસાડી ખાણું ખવરાવ્યું, સુવાને એક ઉમદા મકાન આપ્યું, બીજે

દિવસે સવારમાં બાદશાહે ખાસ દરબાર ભરવા માટે હુકમ આપ્યો, તેમાં શહેરના અમીરો, મોટેરા તથા શરીફ અશરાફ તમામ હાજર થયા, તે સિવાય વઝીરો અને અમલદારો પોત પોતાની જગ્યાએ કુરસીયો ઉપર બેઠા, ઘણોજ મજમો ભરાયો, તમામના આવ્યા પછી બાદશાહે તે છોકરાને બોલાવ્યો, અને પોતાની પાસે તખ્ત ઉપર જગ્યા આપી. પછી તમામ લોકો તરફ મોંઢું કરીને કહ્યું, કે હું તમો લોકોને એક સવાલ કરૂં છું, તો બહુજ વીચારીને તેનો જવાબ આપો. હું બાદશાહ

છું, અને એક શખ્સે મારી મહેમાની કરીને પોતાની તમામ મીલકત મને આપી દીધી, હું તેની સાથે શું સુલુક કરૂં ? તમામે જવાબ આપ્યો કે આપ હુઝુર બાદશાહ છો, અને આજે ઘણીજ મોટી બાદશાહી હુજુરના કબજામાં છે, મુનાસીબ છે કે તેને એટલું ઈનામ આપો કે જિંદગી સુધી તેને કોઈ ચીજની ખાહીશ બાકી રહે નહીં અને આરામથી પોતાની જિંદગી પુરી કરે, બાદશાહે કહ્યું નહીં આ બરાબર અદલ નથી, ફરીથી કહો, તમામે અર્જ કરી હુજુર તેને કોઈ મોટા ઓહદા ઉપર નીમો, આ

વાત પણ પંસદ આવી નહી, તો ફરીથી તેઓને વિચારીને જવાબ આપવા કહ્યું, તો તેઓએ જવાબ આપ્યો કે તેને કોઈ મુલક આપો. બાદશાહે કહ્યું તો પણ તેનો બદલો થઈ શકતો નથી, લોકોને માલુમ થયુ કે આ છોકરાને પૂરે પૂરો અને મોટામાં મોટો બદલો આપવા ચાહે છે, તેથી કહ્યું કોઈ ઈલાકો-પ્રદેશ આપો, બાદશાહે કહ્યું નહીં, ભાઈઓ તમો લોકોએ મારા સવાલ ઉપર પૂરતું ધ્યાન આપ્યું જ નથી, આ કાંઈ લાયક જવાબ નથી, હું કહું છું કે તે માણસે પોતાની તમામ દોલત મને આપી દીધી,

તો હું તેના બદલામાં તેને શું આપું? બરાબર ઈન્સાફ અને અદલથી જવાબ આપો.

છેવટે તમામ લોકોએ કહ્યું: હુઝુર તેને અડધું રાજ્ય આપો, બાદશાહ ગુસ્સે થયો અને કહ્યું શું તમે આવો ઈન્સાફ આપો છો? એહસાનનો બદલો તો તેનાથી વધારે કરવો જોઈએ, અદાલતની ખિલાફ કોઈ કામ કરવું હું પસંદ કરતો નથી, તેથી તમો જાણો કે જે માણસે પોતાની તમામ પૂંજી મને આપી છે, તે આજ માણસ છે, પછી પોતાનો તમામ કીસ્સો ખુલાસાવાર બયાન કરીને કહ્યું કે

મારી તમામ બાદશાહી તેને હવાલે કરી આપું છું અને ખરો ઈન્સાફ આજ છે, હવે તમોને હુકમ આપું છું કે જેવી રીતે મારા હુકમના તમે તાબેદાર હતા, તેવીજ રીતે આ છોકરાને પોતાનો માલીક અને બાદશાહ સમજી તેની ફરમાબરદારી કરજો અને પોતે ત્યાંથી રવાના થઈ જંગલમાં ગયો, અને પોતાની બાકી રહેલી જિંદગી ખુદાની બંદગીમાં ગાળી.

પછી તે બુઝુર્ગે ફરમાવ્યું: કેમ! મુલ્લા દુન્યાના એક હાકિમને કે જેની અદાલત, ખુદાએ તઆલાની અદાલત સામે કોઈ

હકીકત રાખતી નથી, તેને આ મુનાસબ લાગ્યું નહીં કે તેનો અધુરો બદલો આપે, તો ખુદાવંદે તઆલા અહકમુલ હાકેમીન અને અઅદલુલ આદેલીન છે, તે ઘણો જ મોટો આદિલ છે. તો ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)એ ખુદાની રાહમાં પોતાની તમામ મિલકત આપી દીધી, ઘર લુંટાવી દીધું, દોસ્ત, અસ્હાબ, રફીક અને મોહીબ કોઈ બાકી રાખ્યું નહી, એટલે સુધી કે પોતાના ભાણેજો, ભાઈઓ અને ફરઝંદો અને પોતાની વ્હાલી જાન પણ ખુદાની રાહમાં આપી દીધી, કેમ મુલ્લા ખુદા

ઈન્સાફી નથી? તે પોતાના સાચા આશીક ઈમામે હુસૈન(અલય્હિસ્સલામ)ને જન્નત અને જહન્નમનો અધિકાર આપે તેમાં આશ્ચર્ય થવા જેવું શું છે ? અને અધિકાર આપ્યા પછી એ જનાબ પોતાના દોસ્તોને જન્નતમાં દાખલ કરે, અને ઝાલીમોને જહન્નમમાં નાખે. આ સાંભળી હું ઘણો જ રોવા લાગ્યો અને મેં કહ્યું: અય ફરીશ્તા! અય તમામ મખ્લુકમાં બુઝુર્ગ! તમે કોણ છો? ફરમાવ્યું કે ઓ મુલ્લા હું તમારો ઈમામ છું, આમ કહીને તે બુઝુર્ગ ત્યાંથી ગાએબ થઈ ગયા અને હું રડતો રડતો મકાન ઉપર પાછો

આવ્યો અને સમજ્યો કે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબત ઉપર રડનાર જન્નતી અને રસ્તગાર છે.

હાજી નાજી કહે છે કે કેમ ન હોય ખુદાએ મૌલાને ઘણો ઈખ્તેયાર આપ્યો છે.

હું એ જનાબને અર્ઝ કરૂં છું કે અય મઝલુમે હુસૈન(અલય્હિસ્સલામ) આપ ઉપર મારી જાન ફીદા થાય! તમારો એહસાન કયામત સુધી ઈસ્લામ ઉપર છે. કોઈ એહસાન ભુલનાર મુસલમાન આપનો હક અદા ન કરે અને આપની યાદગીરી કાયમ ન રાખે તો તેને તેના બદ અમલની સઝા

ભોગવવા માટે તૈયાર રહેવું જોઈએ, અય હુસૈને મઝલુમ (અલય્હિસ્સલામ) તમારાથી દૂર ....ગુલામ જ્યાં સુધી જીવતો છે ત્યાં સુધી તમારી તાઝીયાદારી કરશે, તમારી યાદગાર કાયમ કરવામાં દિલતોડ કોશિશ કરીશ, હાથ હંમેશા તમારા માતમ માટે વકફ રાખીશ, અને આપની સારી યાદગાર મારા દિલની અંદર નકશ કરી લઈશ, ઈન્શાઅલ્લાહ ઝમાનાના ઝાલીમ હાથ અટકાવી શકશે નહીં, જો કે હું જાણું છુ કે

એક હુસૈને નીસ્ત કે ગર્દદ શહીદ-વરના
બીસ્યારન્દ દર આલમ યઝીદ

એટલે કે એક હુસૈન નથી કે શહીદ થાય, જો કે યઝીદ તો ઘણા છે.

અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ્ઝાલેમીન

# (૬) જનાબ મોહમ્મદ બિન મોહમ્મદ બિન નોઅમાન શૈખ મુફીદ (અ.ર.)

એ જનાબની બુઝુર્ગી અને ફઝીલત ઘણી છે અને લોકોના સવાલોના ઘણા જવાબ આપ્યા છે, ખાસ કરીને હઝરત અલી(અલય્હિસ્સલામ)ની ખિલાફત વિશે બહુ જ ઉમદા અને દિલચસ્પ જવાબ આપેલ છે અને વિરોધી લોકો ચુપ થઈ ગયા અને બાદશાહે તેમને ઈનામ આપેલ.

એ જનાબની કરામતો અને બુઝુર્ગી વિશે કેટલીક બાબત લખી છે તે નીચે મુજબ છે.

કરામત (૧) એક ગામડાના માણસે આવીને સવાલ કર્યો કે એક ઔરત હમલવાળી ગુજરી ગઈ છે અને પેટમાં બચ્ચું જીવતું છે તો હવે શું કરવું?

એ જનાબે જવાબ આપ્યો કે મૈયતનું પેટ ચીરવું નહીં અને એમજ દફન કરી દો, આ સાંભળી તે શખ્સ રવાના થયો, રસ્તામાં જોયું કે પાછળથી એક ઘોડે સવાર બહુજ ઝડપથી આવે છે, અને નજીક આવી ને કહ્યું

કે અય શખ્સ સાંભળ કે જનાબે શેખ મુફીદે કહ્યું છે કે તે ઓરતનું પેટ ચીરી, બાળક કાઢીને પછી દફન કરો, તે શખ્સે જઈ એ મુજબ અમલ કર્યો. થોડી મુદ્દત બાદ જનાબે શેખ મુફીદને એ બાબતની ખબર પડી, તે વખતે આપે ફરમાવ્યું કે મેં કોઈને કહેવા મોકલેલ નથી; પણ એમ સમજાય છે કે તે બુઝુર્ગવાર બારમા ઈમામ હઝરત મહદી અ. હતા. તો હવે મારાથી અહકામે દીનમાં ખતા અને ભુલ થાય છે, માટે બેહતર છે; કે હવેથી ફતવો નહીં આપું અને કોઈને બતાવીશ નહીં, એમ કહી ઘરનો દરવાજો

બંધ કરીને બેઠા, ત્યાં હઝરત ઈમામે મહદી અ. તરફથી કાગળ આવ્યો કે તમો ફતવો આપો, અહકામે દીન ચલાવો. જો ભુલ થશે તો અમો બતાવીશું અને સુધારી લેશું. આ હુકમ થવાથી એ જનાબ ફરીથી ફતવો આપવા લાગ્યા, અને આ મુજબ ગૈબતે કુબરામાં આ સાહેબ માટેજ ખાસ કાગળ આવેલો.

કરામત (૨) એક દિવસ એ જનાબે ખ્વાબમાં જોયું કે બગદાદની અંદર કર્ખ નામની મસ્જિદમાં પોતે બેઠા છે, ત્યાં જનાબે ફાતેમાએ ઝહરા અ. ઈમામે હસન

અને ઈમામે હુસૈન અ.ના હાથ પકડી આ જનાબની પાસે આવ્યા, અને ફરમાવ્યું અય શેખ આ મારા બચ્ચાઓને ઈલ્મેદીન સીખવો ! આ સ્વપ્નું જોઈને એકદમ જાગી ગયા અને હેરતમાં પડયા કે આ શું હશે? અને મારી શું હેસિયત કે ઈમામોને સીખવું, અને જે સ્વપ્નમાં ઈમામોને જુવે તે સ્વપ્નું શૈતાની હોયજ નહી.

પછી સવારના એજ મસ્જિદમાં જઈને બેઠો કે જે સ્વપ્નમાં જોએલું, ત્યાં જોયું કે જનાબે સૈયદ મુરતઝા અને જનાબે સૈયદ રઝી, તેઓની મા આ બંને ફરઝંદોના હાથ

પકડી કનીઝોને સાથે લઈને શેખ પાસે આવીને કહ્યું અય શેખ આ મારા ફરઝંદોને ઈલ્મે દીન શીખવો!!

તે વખતે પોતે સમજ્યા કે રાત્રે જે સ્વપ્નું આવેલું તેની આ તાઅબીર છે, તે વખતે એ સાહેબઝાદાઓની તાઅઝીમ કરીને બહુજ ઈઝ્ઝત અને એહતેરામથી શીખવતા હતા, એ બંને સાહેબ આખરે મોટા આલીમ અને મહાન મુજતહીદ થયા છે.

કરામત (૩) એક વખત એજ જનાબના શાગીર્દ સૈયદ મુરતઝાએ કોઈને કહ્યું કે ઘોડા પર ઝીન રાખો, તે વખતે આ જનાબે

શેખ મુફીદે કહ્યું કે મેં આ ઝીન ઉપર કુતરાને પેશાબ કરતાં જોએલ છે માટે તેથી તે નજીસ છે માટે પાક કરાવીને રાખો. જનાબે સૈયદ મુરતઝાએ કહ્યું તમો એક જણ છો તે એક જણની ગવાહી પર યકીન કરવું જરૂરી નથી, બે જણની ગવાહી પર યકીન કરવું જોઈએ. શેખે ફરમાવ્યું બે ગવાહીની જરૂર નથી, બલ્કે એક ગવાહી બસ છે, આખર બંનેમાં એ મસઅલા બાબતે તકરાર થઈ અને આખર બંનેના મતથી એ સવાલ લખીને હઝરત અલી અ.ના રોઝા મુબારકમાં હઝરતની ઝરીહમાં નાંખ્યો,

સવારના તે કાગળ પાછો મળ્યો, તેના પર જનાબે અમીરૂલ મોઅમેનીન અ. લખેલું હતું કે- અલહકકો મઅલ વલદી વશ્શયખો મોઅતમદી. યાઅને હક છે તે મારા ફરઝંદ તરફ છે એટલેકે સૈયદ મુરતઝાનું કહેવું વાજબી છે કે બે ગવાહીથી સાબીત થાય છે, અને શેખ પણ ભરોસાપાત્ર છે, એટલે શેખ મુફીદે જે કહ્યું તે પણ વાજબી છે કે તેઓ એમ સમજીને કહે છેકે એક આદીલની ગવાહી બસ છે, મતલબ એકે તેમાં તમો બંનેની ભુલ નથી.

એ જનાબની વફાત સને ૪૧૩ હીજરી, માહે રમઝાનની ૩જી તારીખ જુમ્આની રાત્રે થઈ છે અને વિલાદત સન ૩૩૮ હીજરી, માહે ઝીલકાદની ૧૧મી તારીખે છે. તે જનાબના જનાઝા ઉપર (૮૦૦૦) આઠ હઝાર શીઆ ભેગા થયા અને બગદાદનું મેદાન તંગ થઈ ગયું અને જનાબ સૈયદ મુરતઝા સાહેબે નમાઝ પડાવી અને તેમના મકાનમાંજ દફન કર્યા. થોડા વર્ષ પછી ત્યાંથી મૈયત કાઢીને કુરેશના કબ્રસ્તાનમાં દફન કરી.

‘મજાલેસુલ મોઅમેનીન’માં લખ્યું છે કે હઝરત સાહેબુઝ્ઝમાન (અ.સ.)ના હાથ મુબારકથી શેખ મુફીદની કબર ઉપર કેટલીક પંકિતઓ લખેલી છે અને તે પંકિતઓમાં પોતાની દીલગીરી જાહેર કરી છે.

જેમકે “મસાબીહુલ કોલુબ”ને આધારે લખે છે કે જયારે આ જનાબ પોતાના ગામથી બગદાદ રહેવા માટે ગયા ત્યારે ત્યાંના સુન્ની મઝહબવાળા કાઝી અબ્દુલ જબ્બારની પાસે આપ ગયા અને સાધારણ જગ્યાએ બેસી ગયા, અને કાઝીને કહ્યું કે જો

રજા આપો તો કાંઈક પુછું! કાઝીએ રજા આપી.

શેખ મુફીદ : ગદીરની હદીસ સર્વ માન્ય છે કે નહી?

કાઝી : સર્વ માન્ય છે તેમાં કાંઈ વાંધો નથી.

શેખ મુફીદ : એ પ્રસંગે હ. રસૂલેખુદા સ.મે જનાબે અલી અ.ને “મૌલા” કહયા તે ‘મૌલા’ના તમો શું અર્થ કરો છો ?

કાઝી : તેના અર્થ તમામ કરતાં શ્રેષ્ઠ.

શેખ મુફીદ : જયારે એ શબ્દના એ મુજબ અર્થ છે ત્યારે સુન્ની અને શીયામાં ઈમામત વિષે શા કારણે મતભેદ છે?

કાઝી : ઓ બીરાદર ગદીરના પ્રસંગની જે બાબત છે તે ‘રીવાયત’ છે, અને ઈમામત વિષે જે બાબત છે તે ‘દીરાયત’ છે, તો જયાં ‘દીરાયત’ હોય ત્યાં ‘રીવાયત’થી કામ લેવાની જરૂરત નથી.

ગુતરાતી વાંચક વર્ગ ‘રીવાયત’ અને ‘દીરાયત’નો અર્થ સમજે તેથી ખુલાસો અને તેનો મતલબ અહીં રજૂ કરીએ છીએ. ‘રીવાયત’ છે તે સાંભળેલી વાત છે, અને

‘દીરાયત’ એ છે તે બાબતનો અમલ થયો હોય, તો જેના ઉપર અમલ થઈ ચુકયો હોય તે વધારે ભરોસાપાત્ર ગણાય છે. જો કે અમલ હક થયો હોય કે નાહક થયો હોય તે જુદી વાત છે, તો કાઝીનો મતલબ એ કે હ.અલી અ.ને ઈમામ નીમ્યા પણ હજુ તેઓ ઈમામતની ગાદીએ બેઠા ન હતા, અને હઝરત અબુબકર તો ઈમામતની ગાદી ઉપર બેસી ગયા તેથી તે વધારે વજનદાર બાબત કહેવાય.

જનાબે શેખ તેનો સીધો જવાબ નહી આપતા બીજી રીતે તેનો જવાબ આપ્યો તે નીચે મુજબ છે.

શેખ મુફીદ : હ. રસૂલેખુદા સ.મે હ.અલી અ.ને ફરમાવ્યું કે “યા અલી હર્બોકા હર્બી, વ સિલ્મોકા સિલ્મી” એટલે જેણે તમારી સાથે જંગ કરી, તેણે મારી સાથે જંગ કરી. જેણે તમારી સાથે સુલેહ કરી, તેણે મારી સાથે સુલેહ કરી. એ હદીસ સહી છે ?

કાઝી : બેશક સહી છે

શેખ મુફીદ : જમલની લડાઈમાં જે જે અસ્હાબોએ હ.અલી અ. સાથે લડાઈ કરી હતી તેમના માટે તમે શું કહો છો ?

કાઝી : લડાઈ કરી તે ખરી વાત છે, પણ પાછળથી પસ્તાઈને એ લોકોએ તવબા કરી છે.

શેખ મુફીદ : એ જંગ કરી તે તો ‘દીરાયત’ છે અને તૌબા કરી તે ‘રીવાયત’ છે, તો’ રીવાયત’ કરતાં ‘દીરાયત’ વધારે ભરોસાવાળી બાબત છે ! મતલબ કે હ. અલી અ. સાથે જંગ કરી તે અમલ થએલી ચોક્કસ બાબત છે, તેથી તેઓ હ. રસૂલેખુદા

સ. સાથે જંગ કરવાના ગુનાહમાં ફસાયા, અને પાછળથી તવબા કરી તે ‘રીવાયત’ છે, તેના ઉપર ભરોસો નથી.

મતલબ કે જનાબ શેખ સાહેબ એ કાઝીના જ શબ્દોમાં તેમને જવાબ આપીને કાએલ કર્યો, કે તમે અમોને ‘રીવાયત’ ઉપર અમલ કરવાની મના કરો છો, અને તમે પોતે ‘રીવાયત’ ઉપર અમલ કરો છો.

એ સાંભળીને કાઝી સાહેબ ચુપ થઈ ગયા, અને કબૂલ કર્યું કે તમે મને કાએલ કર્યો, પોતે હઠધર્મી નહી હોવાથી આડો અવળો જવાબ નહી આપતાં તેમણે પુછયું

કે તમારૂં શું નામ છે? આપે કહ્યું શેખ મુફીદ ! એ નામ સાંભળતાજ પોતે પોતાની ઉચીં જગ્યાએથી ઉભો થઈ ગયો અને તે જગ્યાએ એ જનાબને બેસાડીને કહ્યું “અન્તલ મુફીદ હકકા” તમોજ ખરા મુફીદ છો ! અને હક ઉપર છો.

આ બનાવથી એ કાઝી સાહેબની મજલીસમાં જે જે આલીમો બેઠા હતા તેમને માઠું લાગ્યું, તેથી કાઝીએ કહ્યું કે ઓ આલીમો તમો માઠું લગાડો નહી કેમકે તેમનો જવાબ આપવાથી હું લાચાર થયો, છતાં તમો કોઈ જવાબ આપી શકતા હો તો

જવાબ આપો કે તે મારી જગ્યાથી ઉઠીને પહેલા બેઠા હતા ત્યાં બેસે!

એ સાંભળીને એ આલીમોએ કાંઈ જવાબ આપ્યો નહીં, તે વખતના સુલતાન અઝીઝુદ્દવલાને એ વાતની ખબર પઢવાથી જનાબ શેખ મુફીદને સવારી માટે શોભાયમાન ઘોડો, ઉમદા પલાણ અને સોનેરી લગામ તથા કેટલુંક નાણું નજરાણા તરીકે મોકલ્યું અને કામ કરવા એક ગુલામ પણ આપ્યો, અને હમેશાં પુષ્કળ રોટી અને ગોશ્તનું શાક તેમને ત્યાં આવનારાઓને ખાવા માટે મોકલવાનો બંદોબસ્ત કર્યો,

ઉપરાંત પહેરામણી તરીકે લિબાસ તથા અમામો મોકલ્યો, અને ત્યારથી તેમનો લકબ ‘મુફીદ’ તરીકે મશહુર થયો. અને તેથીજ ‘શેખ મુફીદ’ ના નામથી ઓળખાય છે.

એક વખત આપ બગદાદના શરીફને ત્યાં ગયા, અને કેટલાક બેઠેલામાંથી એક માણસે શેખને પૂછ્યું કે તમો શીઆ એવો દાવો કરો છો કે હ. રસૂલેખુદા સ. મઅસુમ છે, તેમનાથી જરા પણ ભુલચુક થતી નથી, તો કુરઆનમાં છે કે ખુદાએ હઝરતને ફરમાન કરેલ છે કે “વશાવિરહુમ ફિલ અમ્ર,

ફએઝા અઝમ્તા ફતવકકલ અલલ્લાહ” એટલે જયારે કોઈ કામ કરવું હોય ત્યારે મશ્વેરો કરો એટલે બીજાઓનો મત લ્યો, અને જે કામ કરવા ચોકકસ ઈરાદો કરો ત્યારે ખુદા ઉપર તવકકલ કરીને કરો. એ હઝરત સિવાય બીજા તો મઅસુમ ન હતા તેમનાથી ભુલ ચુક પણ થાય, અને હઝરત માઅસુમ હતા, તેમનાથી ભુલચુક થવાનો જરા પણ સંભવ ન હતો છતાં કોઈ કામ માટે બીજાનો મત લેવા ખુદાએ હુકમ કર્યો તેનું શું કારણ ?

આપે જવાબ આપ્યો કે ખુદાએ એમ નથી ફરમાવ્યું કે બીજાઓનો મત લીધા પછી કામ કરો, પણ એ આયતમાં એટલુંજ ફરમાન છે કે બીજાઓનો મત લ્યો, એટલે તમો જે કરવા ચાહો છો તે વિષે બીજાનો કેવો મત છે તે સાંભળો, અને પછી તમોએ જે કામ કરવાનો ઈરાદો કર્યો છે તે ખુદા પર તવકકલ કરીને કરો. આમાં બીજાના મત ઉપર અમલ કરવાનો હુકમ નથી અને એ મુજબ મત જાણવાનો હુકમ થયો તેમાં અનેક ફાયદા છે કે આપ જે કરવા ધારો છો તે કામમાં કોણ કોણ મળતું છે, તેમજ કોણ

કોણ વિરૂધ્ધ છે, અને તેઓએ જે જે મત આપ્યો તે શા કારણે આપેલ છે, તથા મોઅમીન અને મુનાફીકની તેથી કસોટી થાય, હિતેચ્છુ અને વિરોધીની પરખ થાય, ઉપરાંત મત લેવાથી લોકોને સારૂં લાગે તથા મોહબ્બત વધે, અને એ મત આપનારાઓ એક બીજાના મતની આપલે કરે, તેથી તેઓમાં જેની ભુલ હોય તેને પોતાની ભુલની ખબર પડે અને જેનો મત બરાબર સાબિત થાય તે મુજબ બધા એકમત થઈ કામ કરવા તૈયાર થાય, તેથી આપસનો મતભેદ દુર થાય. મતલબ કે

એથી હઝરતને ફાયદો ન હતો પણ તે લોકોના ફાયદા માટે ખુદાએ એ પ્રમાણે ફરમાન કર્યું , અને એ રીવાજ ચાલુ થાય એટલે લોકો મશ્વેરો કરીને કામ કર્યા કરે કે તેથી ભુલચૂક થવાથી બચી શકાય.

# (૭) જનાબ સૈયદ મુરતુઝા અલેમલ હોદાનો અહવાલ.

એ જનાબનું નામ મુબારક અલી ઈબ્ને હુસૈન ઈબ્ને મુસા ઈબ્ને ઈબ્રાહીમ બીન ઈમામે મુસા અલ કાઝીમ અલયહીસ્સલામ છે. કુન્નીયત એ સાહેબની 'અબુલકાસીમ' લકબ મુરતુઝા અલેમલહોદા ઝુલમજદએન અને અબુ સમામીન છે. તેઓની વાલેદાનું મુબારક નામ ફાતેમા બીન્તે હુસૈન બીન અહમદ બીન હસન બીન નાસીરે અસમ અને તે અબુમોહમ્મદ હસનબીન અલીબીન

અસરફ બીન અલી ઈબ્નીલ હુસૈન ઈમામે ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ છે.

એ જનાબના વખતમાં સુન્નત જમાઅતમાં બહુજ ગડબડ પેદા થઈ અને આપસમાં જુદાજુદા મત થવા લાગ્યા. તે વખતે તેઓએ ભેગા થઈને ચાર મઝહબ ઉપર ઈજમાઅ કર્યો એટલે સુન્નત જમાઅતમાં ચાર મઝહબ (ફિકહ) મુકર્રર કર્યા. તે વખતે આ આલીમે ખાહીશ કરી કે તમોએ વધારીને પાંચ મઝહબ મુકર્રર કરો, ૧-જાઅફરી (શીઆહ), ૨-શાફઈ, ૩-હમ્બલી, ૪-માલેકી, ૫-હનફી. તેથી મતલબ એ હતો

કે મુસલમાનોમાં પાંચ મઝહબ ગણાય તો પછી સુન્ની અને શીઆ વચ્ચે તકરાર અને ઝગડો ખતમ થઈ જાય.

તે વખતના સુલતાને જનાબ સૈયદ મુરતઝા સાહેબને કહ્યું આ બાબત અમો કબૂલ કરીએ છીએ પણ બે લાખ તુમાન અમોને આપો તો એ બાબત પાસ કરીએ, તે વખત તે સાહેબે પોતાની પાસેથી ભેગું કરી એક લાખ તુમાન આપવા કહયા, પણ તેઓએ કબૂલ કર્યા નહીં અને બીજા શીઆ લોકો પાસે દવલત ન હતી અથવા હતી તો દેવા માટે રાજી ન થયા અથવા શીઆ

ઓછા હશે વીગેરે કારણથી બીજા એક લાખ તુમાન ભેગા થયા નહીં તેથી તે કામ મવકુફ રહ્યું.

'નાજી' અરજ કરે છે અફસોસ એવી બાબત આગળ પણ હતી કે દીનની મદદ કરવાથી લોકો બહુજ પછાત રહેતા, તો આ ઝમાનામાં પણ એજ હાલત છે તો તેમાં નવાઈ ન જાણવી, જુઓ કે આ ઝમાનામાં માલદાર લોકો ભેગા થઈ એક મતથી દીન ઈસ્લામની કેળવણી માટે હીમ્મત કરે તો દીનનો એટલો બધો ફેલાવો થાય કે જેની હદ ન રહે. મસ્જીદો, ઈમામવાડાઓ,

મદરેસા વગેરે બનાવી દીને મોહમ્મદીના અરકાન બતાવે કે તેથી લોકો ઈલ્મ અને માઅરેફતથી ભરપુર થાય, જાહિલ અને નાદાન રહી તકરાર, કઝીઆ અને ફસાદ ન કરે. બાદશાહો, સુલતાનો અને અન્ય હુકુમતો જેની જેની હદમાં અને રૈયતમાં હોય તેઓની તાબેદારી કરે, કેમકે હદીસોથી હુકમ છે કે તમો ચાહતા હો કે તમારો બાદશાહ તમારા ઉપર ઝુલ્મ ન કરે અને અદલ ઈન્સાફથી વરતે તો તમો ખુદાની નાફરમાની ન કરો ગુનાહના કામથી છેટે રહો.

એ સાહેબની કેટલીક કરામતો છે.

કરામત (૧) જનાબ શેખમુફીદ અ.ના અહેવાલમાં બયાન થયું કે તેઓએ ખ્વાબ જોએલ કે જનાબે ફાતેમા અ.સ. હસનૈન અ.સ.ના હાથ પકડી શેખને કહ્યું આને તાઅલીમ કરો અને સવારે આ જનાબની વાલેદા આ સાહેબ તથા આ સાહેબના ભાઈ જનાબ સૈયદ રઝીનો હાથ પકડીને શેખ મુફીદ પાસે લઈ ગયા.

કરામત (૨) જનાબે શેખ મુફીદના અહવાલમાં બયાન થઈ ચુકી છે કે આ બંને સાહેબની વચ્ચે એક મસઅલામાં વાંધો

પડેલો અને છેવટે મવલા અલી અ.ની ઝરીહ મુબારકમાં કાગળ નાખીને તેનો જવાબ માગ્યો, તો તેનો જવાબ આવ્યો કે સૈયદ મુરતુઝા હક ઉપર છે. અને શેખનું કહેવું પણ વ્યાજબી છે. તો એવો જવાબ મળવાથી આ કરામત એ સાહેબની જાહેર થઈ તેના શુક્ર માટે એક લાખ તુમાન રાહે ખુદામાં વાપર્યા અને ગરીબો મીસકીનોને સદકો કર્યો.

કરામત (૩) એક વખતે એ જનાબ નજફે અશરફમાં હતા, એક વખત એક સાઈલ હઝરત અમીરૂલ મોઅમેનીન

અ.સ.ના રોઝાની બારગાહમાં જઈ રવાકમાંથી અર્ઝ કરવા લાગ્યો કે, યા અમીરૂલ મોઅમેનીન અ.આ જે સોના અને રૂપાના કંદીલો તમારી કબ્ર મુબારક પર ટાંગેલા છે તેની તમોને હાજત નથી. માટે તેમાંથી એક કંદીલ (ફાનસ) મને આપો એટલે હું મારી બાકીની તમામ ઉમર તમારી બખ્શીશની બરકતથી આરામ સાથે ગુજારૂં.

સુબ્હાનલ્લાહ ખુદાની કુદરત જુઓ અને મવલાની સખાવત વિશે વિચાર કરો કે તેજ વખતે એક કંદીલ તે કંદીલોમાંથી નીકળી

જમીન પર પડયું, તે વખતે સાઈલ સમજ્યો કે મૌલાએ મારી અરજ કબૂલ ફરમાવી, એક કંદીલ મને બખ્શીશ આપ્યું તેથી તે લેવા ગયો, ત્યાં ખુદ્દામ લોકોએ મના કરી તેને લેવા ન દીધું અને ત્યાંથી ઉપાડી તેજ જગ્યાએ રાખી દીધું.

બીજે દિવસે સાઈલ ફરીને અરજ કરી તો અગાઉની જેમ કંદીલ નીચે આવ્યું, પણ ખુદ્દામોએ લેવા ન દેતાં પાછું ત્યાજ ટાંગી દીધું, વળી ત્રીજે દીવસે પણ એજ મુજબ બનાવ બન્યો તેથી ખુદ્દામોએ એ ખબર આ જનાબ સૈયદ મુરતઝા સાહેબને કહી અને

પૂછ્યું કે આ કંદીલ દરવેશને આપીએ કે નહી ?

આ સાંભળીને એ સાહેબે જવાબ આપ્યો કે તે કંદીલ હતું ત્યાંજ ટાંગી દો, દરવેશને આપવું નહીં. હાસીલ કલામ એકે દરવેશને નાઉમ્મીદ રાખ્યો; જે વખતે રાત થઈ તો તે વખતે જનાબે ફાતેમા અ. આ જનાબ સૈયદ મુરતુઝા સાહેબના સ્વપ્નામાં આવીને ફરમાવ્યું કે દરેક ફીરકામાં દીવાના હોય છે. તો આ દરવેશ આલે મોહમ્મદનો દીવાનો છે માટે કંદીલ હઝરત અલી (અ.સ.)એ તેને બખ્શીશ આપ્યું છે તમો તેને આપી દો અને

તેને રાજી કરો કે અમો પણ તમારાથી રાજી થઈએ.

પછી જનાબે ફાતેમા સ.અ.તે દરવેશના ખ્વાબમાં જઈ ફરમાવ્યું કે સૈયદ મુરતઝા તે કંદીલ તને આપવા આવશે માટે લઈ લે અને બીજુ જે કાંઈ જોઈએ તે પણ લઈ લે અને તેઓથી રાજી થા.

પછી એ જનાબ સૈયદ મુરતુઝા સ્વપ્નામાંથી બેદાર થઈ દરવેશને બોલાવી તે કંદીલ આપીને ફરમાવ્યું કે હવે તું મારાથી રાજી થા. દરવેશે કહ્યું જે બુઝુર્ગવાર તમારા ખ્વાબમાં આવ્યા તે

મારા ખ્વાબમાં પણ આવ્યા છે માટે જયાં સુધી બીજી કેટલીક રકમ નહી આપો ત્યાં સુધી રાજી થઈશ નહિ. આખર તેના કહેવા મુજબ રકમ આપી અને તેને રાજી કર્યો.

કરામત (૪) એ સાહેબ જુના બગદાદમાં રહેતા હતા, અને તેઓનો એક શાગીર્દ નવા બગદાદમાં રહેતો હતો. તે હંમેશા ઈલ્મ શીખવા માટે એ જનાબની પાસે આવતો, પણ બંને બગદાદની વચ્ચે નદી હોવાથી પુલ ઉપર થઈને આવતો અને તે પુલ હંમેશા રાત્રીના ખોલી નાખી સવારના બાંધતા હતા, તેથી પુલ બાંધવા સુધી આ

શાગીર્દને રોકાવું પડતુ હતું અને જે વખતે તે પહોંચતો તે વખતે તે જનાબ બીજા શાગીર્દોને સબક આપી રહેતા. સબક ખતમ થવામાં થોડીવાર બાકી રહેતી તે વખતે આ શાગીર્દ પહોંચ્યો તેથી આ શાગીર્દ અરજ કરી કે આ કારણથી મને વાર લાગે છે, તો મહેરબાની કરી સબક આપવામાં જરા મોડું કરો તો બધાની સાથે શામીલ થાઉં.

આ સંભળીને તે જનાબે એક દુવા લખીને આપી. તેઓએ કહ્યું કે આ દુઆ તારી પાસે રાખજે અને તેને ખોલીને તું જોઈશ નહી. અને જે વખતે તારે આવવું

હોય અને પુલ દુરસ્ત ન કર્યો હોય તે વખતે આ દુઆ તારી પાસે રાખી પાણી ઉપર ચાલવું કે ઈન્શા અલ્લાહ પાણીમાં ગરક થવા પામીશ નહીં. તે દીવસથી હંમેશા તે શાગીર્દ તે દુઆ પાસે રાખીને પાણી ઉપર ચાલીને જતો હતો અને તેના પગ અને જોડા કાંઈ પણ પાણીમાં પલળતા ન હતા, કેટલાક દીવસ બાદ તેના દીલમાં ખ્યાલ થયો કે તે સાહેબે શું લખ્યું છે તે હું જોઉં તેથી તે દુઆ ખોલીને જોઈ તો તેમાં ફકત “બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ” લખેલું હતું. પછી તે દુઆ પોતાની પાસે

રાખી, બીજે દીવસે જે વખતે પોતે પાણી ઉપર ચાલવા માટે પગ મૂકયો તો પાણીની અંદર પેસી ગયો અને પાણી ઉપરથી ચાલી શકયો નહીં.

કરામત (૫)એ જનાબનું 'અલેમલ હોદા' લકબ થવાનું કારણ એ છે કે ઘણા ઓલમા બુલંદ મરતબાવાળા જેમકે શહીદે અવ્વલ કીતાબે અરબઈનમાં લખે છે કે કાદીર અબ્બાસનો વઝીર મોહમ્મદ બીન હુસૈન હતો, તે સને ૪૨૦ માં બીમાર થયો અને બીમારી બહુજ લાંબી થઈ, એટલે સુધીકે એક વખતે હઝરત અલી અ.ને ખ્વાબમાં

જોયા તે વખતે હઝરતે ફરમાવ્યું કે અલેમલ હોદાને કહો કે તમારી પર દુઆ પડે એટલે આ બીમારીથી શફા મળે. તે વખતે વઝીરે પૂછ્યું કે યા મવલા 'અલેમલ હોદા' કોણ છે? હઝરતે ફરમાવ્યું કે અલી ઈબ્નીલ હુસૈન અલ મુસવી એટલે આ જનાબ સૈયદ મુરતઝા; વઝીરે સવારે ઉઠીને એક પત્ર તે સાહેબને લખ્યો. તેમાં પોતાના માટે દુઆ કરવા લખ્યું અને એજ લકબ જે હઝરતે ફરમાવેલ તે લખ્યું.

જનાબે એ કાગળ જોયો તેમાં એ લકબ લખેલો જોયો, તેથી એ સાહેબે જવાબમાં

લખ્યું કે “અલ્લાહ અલ્લાહ ફી અમરી ફઈન્ન કબૂલી લેહાઝલ લકબે શનીઅતુન અલય્યા” એટલે અલ્લાહ અલ્લાહ હું એ દરજાને લાયક નથી કે મને આવા લકબથી યાદ કરો.

તે વખતે વઝીરે લખ્યું કે સાહેબ એ લકબ મેં મારા તરફથી લખેલ નથી બલકે સ્વપ્નામાં મૌલા અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવી ગયા તેથી લખ્યું છે.

આખરે એ જનાબની દોઆથી વઝીરને શફા મળી. તે વખતે વઝીરે કાદીર અબ્બાસીને એ હકીકત લખી અને લખ્યું કે

એ જનાબ લકબ કબૂલ કરતા નથી, બાદશાહે અરજ કરી કે અય સાહેબ તમારા દાદાએ જે લકબ આપ્યો તે તો કબૂલ કરવું જોઈએ.

એ જનાબને ‘અબુસમાનીન’ પણ કહે છે અને તેનું કારણ એ છે કે તે જનાબની વફાત બાદ હજારથી પણ વધારે કીતાબો નીકળી. કેટલીક પોતાની તસનીફ કરેલી, કેટલીક ખાસ ઉમદા, કેટલીક બીજાઓની અને એક કિતાબ લખી તેનું નામ સમાનીન (એંસી) રાખ્યું. જે ચીજો પોતાની પાછળ મુકી ગયા તે એંસી એંસી હતી, એટલે એંસી

અથવા એસીસો અથવા એસી હજાર વિગેરે. ઉપરાંત હઝરતની એકાસી વર્ષની ઉમ્મર થઈ, તો એવા કારણથી 'અબુ સમાનીન' કહેવા લાગ્યા.

એ જનાબની કીતાબોની કીંમત ત્રીસ હજાર તુમાન હતી, એ છતાં કે કેટલીક ઉમદા ઉમદા અને નફીસ નફીસ કીતાબો ઉમરા અને વઝીરોને મોકલેલી.

એ જનાબની વીલાદત બા સઆદત સને ૩૫૦ હીજરીમાં થઈ અને વફાત સને ૪૩૬ માં થઈ. પણ ઉપર જે બાબત આવી કે તે બુઝુર્ગવારની ઉમ્મર ૮૧ વર્ષની હતી

તે ઉપરથી સને ૪૩૦ થી ૩૧ હિજરીમાં વફાત થઈ હોવી જોઈએ, મહીના અને તારીખમાં ઈખ્તેલાફ છે, એક રીવાયતમાં મોહર્રમની પાંચમી તારીખ અને બીજી રીવાયતમાં રબીઉલ અવ્વલની ૨૫મી તારીખ છે, અને ત્રીજી રીવાયતમાં ૨૨મી રબીઉલ અવ્વલ લખે છે.

એ સાહેબને ઈલ્મની દવલત મળેલી તે તો બહુજ હતી પણ માલની દવલત પણ ઘણી હતી, લખે છે કે એક વખત મક્કાની સફરમાં પોતાના ભાઈને નવ હજાર તુમાન આપ્યા, અને બગદાદથી તે મકકા સુધી

તમામ ઠેકાણે એ જનાબની મીલકત હતી, તેઓના ગુજરી જવા બાદ તેઓના ફરઝંદ પોતાના વાલીદના જનાઝા પર નમાજ પડયા અને પોતાના મકાનમાં દફન કર્યા. તે પછી પોતાના જદ હઝરત ઈમામે મુસીએ કાઝીમ અ.ના રોઝા મુબારકમાં મય્યતને લઈ ગયા, બીજી રીવાયમાં છે કે ઈમામ હુસૈન અ.ના રોઝામાં લઈ ગયા છે.

એ જનાબે ફકીર લોકો માટે એક ગામ ખાસ વકફ કરેલ હતું.

શેખ નજ્જાશી નામના સાહેબે પોતાની કીતાબમાં લખેલ છે કે હું પોતે તથા જનાબ

અબુ યોઅલા મોહમ્મદ બીન હસન જાઅફરી અને જનાબે સલ્લાહ બીન અબ્દુલ અઝીઝ સાહેબે ગુસ્લ આપ્યું. એ જનાબની બુઝુર્ગી વિશે શીઆ અને સુન્ની તમામે પોતાની કિતાબોમાં લખેલ છે અને શીઆના ચોથી સદીના દીનને ઝીન્દા કરનાર આ સાહેબ ગણાય છે.

એ જનાબને ઈજતેહાદનો ઈજાઝો જનાબે શેખ મુફીદ અલયહીર્રહમાએ આપેલ છે. મજકુર જનાબને શેખ સદુકના ભાઈ હુસૈન ઈબ્ને અલી બીન બાબવયહનો પણ ઈજાઝો છે; અને તે ઈજાઝો આપનાર એવા

બુઝુર્ગવાર છે કે જે બારમા ઈમામ અ.સ.ની દોઆથી પેદા થયા છે. તેમજ જનાબે શેખ તુસી અને જનાબ ઈબ્ને દુર્રાજ જેવા સાહેબોના પણ ઈજાઝા છે, અને આ સાહેબો પાસે દસ૦ પઢેલ છે, અને આ જનાબ એ બુઝુર્ગવાર પાસે સબક પડતા તે વખતે બંને બુઝુર્ગવારને દર મહીને મહેનતાણું આપતા. બાર તુમાન જનાબ શેખ તુસીને અને આઠ તુમાન જનાબ ઈબ્ને દુર્રાજને દર મહીને આપતા હતા.

એ સાહેબનું એક દીવાન (કાવ્ય સંગ્રહ) છે. તેમાં વીસ હજાર પંકિતઓ છે. એક

વખતે જનાબ શેખ મુફીદ દર્સ આપવા વખતે આવ્યા. આ જનાબે દર્સ આપવો મવકુફ કરી પોતાની જગ્યાથી ઉભા થઈ ત્યાં બેસાડયા, અને પોતે તેઓની સામે બેઠા, જનાબે શેખે ફરમાવ્યું તમો દર્સ આપો હું સાંભળવા ચાહું છું. કેમકે શેખને આ સૈયદ સાહેબના કલામ બહુજ ખુશ માઅલુમ થતા હતા, અને તેઓ ઘણા ઈલ્મના દર્સ આપતા હતા.

એક વખત દુકાળ પડેલો તેથી એક યહુદી એ જનાબની ખીદમતમાં આવ્યો અને પોતાના ગુજરાન માટે ફરેબ કરીને

કહ્યું, સાહેબ મને ઈલ્મે નુજુમ શીખવો, એ બુઝુર્ગવારે ખુશીથી હા પાડી તેના ખર્ચ માટે વ્યવસ્થા પણ કરી આપી. અને તેના ગુજરાન માટે મહીનો પણ મુકરર્ર કર્યો, થોડી મુદ્દત પછી એ જનાબની સોહબતના અસરથી એ યહુદી મુસલમાન થઈ ગયો.

આપની કિતાબોથી આલીમોએ બહુજ ફયઝ ઉઠાવેલ છે, અને આપ સાહેબની કિતાબોના નામ તથા તાઅરીફો જે લખેલ છે તે અહીંયા લખવું જરૂરી લાગ્યું નહિ તેથી લખેલ નથી, પણ એક બાબત અહીં લખું છું કે 'કસસુલ ઓલમા' વાળા બુઝુર્ગવાર લખે

છે કે હકીકતમાં એ સાહબેના કલામને તે ઝમાનાથી આ ઝમાના સુધીના ઓલમા તમામ ફુરૂઅ અને ઉસુલને અમલથી અને એતેકાદથી બીલા તશબીહ ‘કુરઆને મજીદ’ પછી ખૂબજ મહત્વનું સમજે છે.

# (૮) જનાબે મોકદ્દસે અર્દબેલીનો અહેવાલ

જનાબ અહમદ બીન મોહમ્મદ અર્દબેલી મશ્હુર 'મોકદ્દસે અર્દબેલી' અને માઅરૂફ મોહક્કીકે અર્દબેલી' છે. એ સાહેબે એવું તો ઈલ્મ હાસીલ કરેલ અને એટલાતો પરહેઝગાર હતા જેની કોઈ હદ નથી. આબીદ પણું અને અદલો ઈન્સાફ પણું એ સાહેબ પર ગોયા ખત્મ હોય એવા દરજ્જાના એ બુઝુર્ગવાર હતા, તેઓના ઈલ્મની તાઅરીફ જે લખી છે તેના

અલ્ફાઝના માઈના ગુજરાતીમાં થઈ શકતા નથી, હા તેનો મતલબ લખી શકાય તે તો ટુંકમાં લખ્યો અને પરહેઝગારી માટે એ સાહેબની એક એવી ઉમદા હીકાયત છે કે તે વાંચતા જશો અને અજબ થતા જશો, અને ખુદાની કુદરતની અજાયબી જોશો. એ હીકાયતમાં કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં લેવા જેવી છે મનકુલ છે કે 'ઈસ્ફેહાન' ની અંદર આલીશાન મસ્જિદની તાઅમીર ત્યાંના કેટલાક સફવી બાદશાહોના હાથે પુરી થઈ છે, એટલે બહુ જ આલીશાન મસ્જિદ બનાવી. જેણે બનાવવી શરૂ કરી

તેના વખતમાં પુરી થઈ નહીં, વળી તે પછી જે બાદશાહ થયો તેણે બનાવી તો પણ પુરી થઈ નહીં એટલે સુધી કે એકની બાદ બીજો બાદશાહ બનાવતો, આખર શાહ અબ્બાસ સાહેબના ઝમાનામાં એ મસ્જિદ પુરી થઈ.

એ મસ્જિદમાં કેટલીક એવી એવી ઉંચી કીંમતની ચીજો છે કે દરેકની કીંમત સાત-સાત હજાર (મૌજુદા ઝમાનાના નહિ પણ એ સમયના) તુમાન થાય છે.

૧. મસ્જિદના ગુંબદના મહેરાબમાં એક ફિરોઝો નસબ(જડેલ) છે તેની કીંમત સાત હજાર તુમાન છે.

૨. સેમાક નામના પથ્થરનો એક તખ્તો બે હાથ લાંબો અને એક હાથ પહોળો છે તે એવો તો સાફ છે ગોયા હલબી આઈનો.

3. આરસપહાણના એકજ પથ્થરમાંથી બનાવેલું એક મિમ્બર છે, તેને સત્તર કે અઢાર પગથીયા છે તેની કીંમત પણ સાત હજાર તુમાન છે.

૪. મસ્જિદના દરવાજાને સોના અને રૂપાથી બનાવેલ છે તેની કીંમત પણ સાત હજાર તુમાન છે.

૫. એક સાંકળ મસ્જિદના દરવાજા ઉપર ટાંગેલી છે તેની કીંમત પણ સાત હજાર તુમાન છે.

એ મસ્જિદ સુલ્તાન જન્નત મકામ શાહ અબ્બાસના વખતમાં પુરી થઈ, તેથી એ બાદશાહે ખ્વાહીશ કરી કે જનાબે 'મુકદ્દસે અર્દબેલી' સાહેબ નજફે અશરફથી અહીંયા ઈસ્ફેહાન આવીને જમાઅતની નમાઝ આ મસ્જિદમાં પડાવી જાય, અગરચે બાદશાહને

તમામ ઓલમા પર ચાહના હતી, વળી પોતાના શહેરમાં જનાબ નાએબે ઈમામ હાકીમે શરાઅ 'શેખ બહાઈ' એક મોટા ઝબરદસ્ત આલીમ હતા, તો પણ તેઓને ખાસ કરી આ 'મુકદ્દસે અર્દબેલી' ઉપર બહુજ એઅતેકાદ હતો, જેમ કે એક વખતનો ઝિક્ર છે કે કોઈ કામને પ્રસંગે જનાબ 'મુકદ્દસે અર્દબેલી'એ શાહ અબ્બાસને કાગળ લખ્યો તેમાં ફકત આ જ મુજબ શરૂઆતમાં લખ્યું કે 'અખી અઅઝ્ઝ' શાહ અબ્બાસ, એટલે મારા ભાઈ ઈઝ્ઝતવાળા. શાહ અબ્બાસ પાસે આ કાગળ જવાથી

બાદશાહને બહુ જ ખુશી થઈ. વસીય્યત કરી કે આ કાગળ મારા કફનમાં રાખશો કે તેથી ખુદા મને બખ્શી આપે કે 'નાએબે ઈમામે' મને ભાઈ કહ્યા છે, અગર જો હું અઝાબને લાયક હોત તો શા માટે એ બુઝુર્ગવાર મને ભાઈ કહીને લખતે?

'નાજી' અર્જ કરે છે હકીકતમાં એ બાદશાહનું સમજવું હક હતું, કેમ કે કોઈ મુજતહેદ નાએબે ઈમામ હાકીમે શરાઅ, તાઅરીફના બે શબ્દો જેને લખી આપે તેના માટે એક મોટી નેઅમતે ઉઝમા અને દીન દુન્યાની દવલત છે.

તો આ જગ્યા પર ખાસ મારા દોસ્તો અને ચાહવાવાળા બીરાદરોના દીલ ખુશ થવા માટે ખુદાવંદે કરીમની શુકર ગુઝારી તરીકે તેની નેઅમતને જાહેર કરૂં છું, કે 'રાહેનજાત' અને 'નુરે ઈમાન' અને બીજી કીતાબોની બરકત અને અહલેબયતે તાહેરીન અ.ના સદકાથી મુજ અદના નાચીજ ગુનેહગારના હાથથી જે બે રીસાલા ઉર્દુ ભાષામાં પ્રસિધ્ધ થએલા. પ્રથમ રિસાલો 'હુકુકુલ વાલેદૈન' અને બીજો રિસાલો 'મફાતિહુલ જીનાન' પ્રગટ કરેલ હતો. પહેલા પર બે અને બીજા પર સાત

સૈયદ બુઝુર્ગવાર આલીમો અને મુજતહીદોએ બહુજ પસંદ કરી અને ‘તકરીઝ’ (સર્ટીફીકેટ) લખી પોતાની મોહર પણ લગાવેલ. તેમાં જે જે કલામ લખ્યા છે (હકીકતમાં હું તેને લાયક નથી) પણ એ બુઝુર્ગવારોની મહેરબાની અને બખ્શીશ છે, અને ખાસ કરીને મુજતહીદે હીંદ જનાબ મવલાના મ. સૈયદ મુસ્તુફા સાહેબે (ઉરફે મીર આગાસાહેબ) તકરીઝમાં કેટલાંક કલેમા અને ખાસ કરી એ રીસાલા જોવા અને પસંદ કરવા પછી અને તેઓની ખીદમતમાં થોડા દિવસ બે સફરમાં હાજર

થવા બાદ જે ‘ઈજાઝો’ ઈનાયત અને મહેરબાનીથી મોકલી તેમા ચંદ કલેમા લખ્યા તેને ચુમી આંખો અને માથા પર રાખી ખુદાનો શુક્ર અને અઈમ્મએ માઅસુમીન અ.ના વસીલાથી આખેરતમાં નજાત માટે ઈ. કાફી અને વાફી થશે. તેમજ જનાબે નાએબે ઈમામ મરહુમ શેખ ઝૈનુલ આબેદીન સાહેબે પણ એજ મતલબના ચંદ ફીકરા લખી મોકલ્યા હતા તે પણ એવીજ રીતે શુક્ર ગુજારીને લાયક છે.

હાસીલ કલામ શાહની મરજી એવી હતી કે એ બુઝુર્ગ આલીમને તેડાવવા, પરંતુ

અંગત માણસોએ અર્જ કરી કે એ બુઝુર્ગવાર આવશે નહીં, માટે તમો જનાબ શેખ બહાઈ (મુજતહેદ)ને લેવા મોકલો કે નજફે અશરફ જઈને રાજી કરીને પોતાની સાથે લાવે, તે વખતે શેખબહાઈને અર્જ કરી કે તમો એ બુઝુર્ગવારને બોલાવવા માટે જાઓ.

તે વખતે જનાબે શેખબહાઈ રાજી થયા, બાદશાહે સામાન વિગેરે તૈયાર કરાવી સાથે કેટલાંક માણસો આપી જનાબે શેખને રવાના કર્યા. (એ ઝમાનામાં ઈસફેહાનથી નજફ અશરફ સુધી આશરે બે મહીનાનો રસ્તો હતો)એ સફરમાં મંઝીલો કરતા કરતા

અતબાતે આલીયાત પહોંચ્યા અને ત્યાંથી ઝીયારત કરી નજફે અશરફ જઈ જનાબે મુકદ્દસે અર્દબેલીની મુલાકાત કરી.

પછી ઈસફેહાન આવવા માટે અર્જ કરી, આખરે સવાલ જવાબ થતાં દરેક પ્રકારે રાજી કર્યા, અને ઈસફેહાનના સફરની તય્યારી કરી એ બુઝુર્ગવારને સાથે લઈ રવાના થવા લાગ્યા. તે વખતે એ સાહેબને ઘોડા ઉપર બેસવા કહ્યું, તેઓએ કબૂલ કર્યું નહીં, ઘણી વિનંતીઓ કરી પણ એ સાહેબ કોઈ રીતે ઘોડા ઉપર બેસવા રાજી થયા નહીં, અને ફરમાવ્યું કે મારા માટે જે મારૂ

હેમાર (ગધેડું) છે તેના ઉપર હું બેસીશ, આખર પોતે હેમાર ઉપર બેસી રવાના થયા.

જનાબે શેખ બહાઈ તથા બીજા મોટેરા અને વડીલો જે ઈરાનથી સાથે આવેલા એ તમામ ઘોડાપર સવાર થયા.

થોડેક દુર ગયા ત્યાં જનાબે મુકદ્દસનો હેમાર આહીસ્તા ચાલવા લાગ્યો, તે વખતે જનાબે શેખ બહાઈએ ફરમાવ્યું સાહેબ હેમારને જરા ઉતાવળે ચલાવો, જનાબે મુકદ્દસે જવાબ આપ્યો કે એ નહીં બને, કેમકે હયવાનને તેની મરજી મુજબ ચાલવા

દેવું જોઈએ, આખર એજ મુજબ આહીસ્તા આહીસ્તા જતા હતા, ત્યાં એ જનાબે મુકદ્દસ હેમાર ઉપરથી ઉતરી ગયા અને પગપાળા ચાલવા લાગ્યા, તેનું કારણ પૂછ્યું તો આપે જવાબ આપ્યો કે હયવાન ઉપર મહેરબાની કરવી જોઈએ કે થોડીવાર તેના ઉપર બેસવું અને થોડીવાર પગે ચાલવું કે જેથી હયવાન સાથે પણ ઈન્સાફ કર્યો કહેવાય.

તે વખતે જનાબે શેખે કહ્યું કે હેમારને ખાલી ચલાવો અને તમો બીજી સવારી ઉપર બેસો, તેઓએ કહ્યું નહીં હું બીજા ઉપર પણ નહી બેસું, શેખે કહ્યું તો આવી

રીતે કેવી રીતે રસ્તો કપાશે? મુકદ્દસ સાહેબે જવાબ આપ્યો ગમે તે થાય, પણ હું તો આ મુજબ આવવાનો, આ સંભળીને તેઓ ચુપ થઈ ગયા. તે બીચારા શું કરે એમ તો એમ જેમ તેમ કરીને ઈસફેહાન લઈ જવા જરૂરી હતા.

ચાલતાં ચાલતાં એક જગ્યાએ મુકદ્દસ સાહેબનું હેમાર ચરવા લાગ્યું તે વખતે શેખ બહાઈ સાહેબે તે હેમારને એક ચાબુક માર્યો કે તે આગળ ચાલે, આ બાબત જનાબે મુકદ્દસ સાહેબને પસંદ ન આવી, બલ્કે નાગવાર ગુજરી અને કહ્યું શા માટે મારા

હેમારને ચાબુક માર્યો? અરે તમો ઈરાન મમલેકતે અજમના આલીમ છો, તે છતાં મારી રૂબરૂ અને વળી આ હેમાર મારૂં છે તેને આવી બેઈન્સાફીથી ઈજા આપીને ગુનાહ કર્યો, ત્યારે બીજા મોટેરા તથા અશરાફ અને અવામ લોકો કેવા હશે? તો હવે એવા મુલકમાં મારે આવવું જ નથી.

પછી તો જનાબે શેખ તથા બીજાઓએ જનાબે મુકદ્દસને બહુજ સમજાવ્યા પણ કોઈ રીતે માન્યા નહીં,

આખર એ જનાબે મુકદ્દસે અર્દબેલી એજ મનઝીલથી પાછા નજફ આવ્યા.

‘નાજી’ અરજ કરે છે કેમ સાહેબો? અદલ અને ઈનસાફનો નમુનો જોયો? સુબ્હાનલ્લાહ આવા પણ દુન્યામાં થઈ ગયા છે કે હયવાનને પણ તકલીફ ન આપે અને તેની સાથે પણ અદાલતથી વર્તે.

અને એવા પણ હકપરસ્ત બાદશાહ થઈ ગયા છે કે આલીમોની ખૂબજ કદર અને ઈઝ્ઝત કરી છે.

એ જનાબની બુઝુર્ગી અને પરહેઝગારી ઘણી હતી. પરહેઝગારી વીષે લખે છે કે કલમમાં શક્તિ નથી કે તેઓની પરહેઝગારીનું બયાન લખી શકે.

એ સાહેબની પાસે જે હેમાર હતું તેની ઉપર સવાર થઈને ‘કરબલાએ મોઅલ્લા’ અને સામર્રા જતા હતા, પણ કયારેય તેને તાઝીયાનો મારતા ન હતા, અને અરધા રસ્તા સુધી તેના ઉપર બેસતા અને અરધો રસ્તો પગે ચાલતા, જે વખતે હેમારને ચરવાનું મન થાય તે વખતે ચરે પણ આ સાહેબ અટકાવતા ન હતા.

“અનવારે નોઅમાનીયાહ” માં છે કે તે સાહેબને બગદાદથી લોકો કાગળો આપતા કે નજફે અશરફમાં આપે, તો તેઓ લઈ જતા. પણ જે વખતે સવારીનું હયવાન

પોતાનું ન હોય અને ભાડું ઠેરાવીને લઈ જતા અને તે કાગળો પોતાની સાથે લઈ જવાના હોય તો પોતે તેના ઉપર બેસતા ન હતા અને કહેતા હતા કે જે મારી સવારી માટે ભાડે લીધેલ છે તેના માલીક સાથે કાગળો લઈને બેસવાનું નક્કી કરેલ નથી.

જનાબ સૈયદ નેઅમતુલ્લા "જઝાએરી ઝોહરૂર રબીઅ" નામની કિતાબમાં લખે છે કે એ સાહેબ મોકદ્દસે અર્દબેલીના ઝમાનામાં એક શખ્સથી સુલતાન આદીલ શાહ અબ્બાસ બાદશાહની તકસીર થઈ, તેથી તે શખ્સે એ જનાબની પાસે આવીને અરજ

કરી કે બાદશાહ પાસે મારા હકમાં સીફારીશ કરો અને બે શબ્દો મુનાસીબ રીતે લખી આપો.

આ અરજ સાંભળવાથી એ બુઝુર્ગારે એક કાગળ બાદશાહને એવી રીતે લખ્યો કે થોડી મુદ્દત માટે માગીને લીધેલા મુલ્કના ધણી અબ્બાસને માલુમ થાય કે આ શખ્સે પહેલે આલીમ પણું કર્યું પણ હવે મઝલુમ દેખાય છે, તો તેની તકસીર માફ કરીશ તો કદાચ હક તઆલા તારી થોડીક ભુલોને માફ કરે. લી. બંદા શાહ વીલાયત અહમદુલ અર્દબેલી.

એ કાગળનો બાદશાહે જવાબ આપ્યો કે અબ્બાસ અરજ કરે છે કે જેની સીફારીશ આપે ફરમાવી ઘણીજ ખુશી સાથે તે બજાવી લાવ્યો છું, આ મોહીબને દુઆએ ખૈરથી ભુલશો નહીં. ‘કલ્બે આસ્તાને અલી’, “અબ્બાસ”. એટલે હ. અલી અ.ના દરવાજાનો કુતરો. જરા વિચારવાનું કે આવા મોટા મોટા બાદશાહે એ આલીમને જવાબ લખ્યો તો કેવા શબ્દ વાપર્યા કે એક અદના શખ્સ પણ ન વાપરે, અને બાદશાહે તેમનું કેટલું માન રાખી સીફારીશ કબૂલ કરવા ઉપરાંત એહસાન માનીને જવાબ

લખ્યો. હકીકતમાં એ બાદશાહો આલીમોના નાઝ ઉઠાવતા તો તે બાબતે પોતે ફખ્ર કરતા.

લખે છે એ જનાબે એક વખત શાહ તહમાસબ બાદશાહ ઉપર કેટલાક સાદાત માટે કાગળ લખ્યો, જે વખતે કાગળ બાદશાહ પાસે પહોંચ્યો તો તે કાગળની તાઅઝીમ માટે ઉભા થઈને તેને બોસો આપી આંખો અને માથા ઉપર રાખ્યો અને બહુજ સારી રીતે મતલબ પુરો કર્યો, તે કાગળમાં એકાદ જગ્યાએ ભાઈ નો શબ્દ હતો તેથી બાદશાહે ફખ્ર કરીને કહ્યું એ

સાહેબે મને ભાઈનો શબ્દ લખ્યો છે માટે એ કાગળ મારી સાથે હોવો જોઈએ એમ કહીને પોતાના અંગત માણસને કહ્યું આ કાગળને સાચવી રાખ અને તે મારા કફન સાથે કબરમાં રાખજે, કે એ બાબતથી મુનકીરો નકીર મને અઝાબ ન કરે, આખર તેમના અંગત માણસે તેમની વસીય્યત મુજબ અમલ કર્યો.

એ સાહેબની પરહેઝગારી વિષે લખે છે કે એ જનાબ જે વખતે કરબલાએ મોઅલ્લામાં જતા તો ત્યાં પેશાબ પાયખાને જતા નહીં અને કહેતા કે આ હુરમતવાળી

જમીન છે, અને તે આશરે બાર માઈલમાં કરબલાની જમીન કહેવાય છે, તે તમામ ભાગમાં પેશાબ પાયખાના કરતા ન હતા, પોતે એક ચામડાની બનાવેલી મશ્ક રાખતા અને તેની અંદર ઝાડો પેશાબ કરી મોઢું બાંધી રાખતા અને આઠમે દિવસે તે મશ્ક ખભા ઉપર ઉપાડી બાર માઈલની બાહેર દૂર જઈને ફેંકતા.

લખે છે કે કેટલાક લોકોથી સાંભળવામાં આવ્યું છે કે ચાળીસ વર્ષ સુધી એ જનાબે મુબાહ કામ પણ કરેલ નથી, હરામ અને મકરૂહ કામ વિષે તો વિચારી જ ન શકાય.

એટલે જે આલીમ મુબાહ કામ ન કરે તે મકરૂહ કે હરામ કયાંથી કરે ?

મુબાહ વીગેરેના અર્થ ટુકમાં નીચે મુજબ છે.

વાજીબ - એ કામ જે કરવુંજ જોઈએ, શરઈ ઉઝ્ર વગર ન કરે તો ગુનેહગાર થાય. જેમકે નમાઝ, રોઝા વીગેરે.

સુન્નત - એ કામ કે કરે તો સવાબ, ન કરે તો ગુનાહ નથી,

હરામ - એ કામ કરવાથી ગુનાહ થાય, જેમકે શરાબ પીવો વીગેરે.

મકરૂહ - એ કામ જો ન કરે તો સવાબ, અને ફાયદા કારક અને કરે તો ગુનાહ નથી, પણ વખતે નુકસાન થવાનો સંભવ અને સવાબ જતો રહે છે, જેમ કે હદીસમાં છે કે વઝુ કરીને વઝુના ભાગ લુછવા મકરૂહ છે એટલે ન લુછે તો ત્રીસ સવાબ અને લુછે તો એક સવાબ મળે. ઓગણત્રીસ સવાબની નુકસાની થાય.

મુબાહ - એટલે કે કરે યા ન કરે સવાબ કે અઝાબ કાંઈ નહી, પણ એ બાબતમાં સવાલ ઉત્પન્ન થશે કે જ્યારે કરવા ન કરવામાં સવાબ કે અઝાબ ન હોય અને

બંનેનો એક જ હુકમ હોય, તો જનાબ મુકદ્દસે અર્દબેલી મુબાહ કામ કરતા ન હતા તો તેમાં ફઝીલત કઈ બાબતની થઈ? તો તેનો જવાબ એ છે કે મુબાહ કામ કરવામાં સવાબ કે અઝાબ નથીં તે ખરી વાત છે, પણ મુબાહ કામ કરે એટલો વખત જે મફતમાં જાય તેને બદલે સુન્નત કામ કરે તો સવાબ મળે, તો એ અમુલ્ય વખતને મુબાહ કામમાં વાપરવો તે કરતાં સુન્નત કામમાં વાપરે તો આખેરતની કમાઈમાં ઘણો નફો થવાનો.

તો સાબિત થયું કે ઈન્સાન જે કામ કરે તે આ પાંચ બાબતોથી ખાલી નથી. ગમે તે કામ કરે તે પાંચમાંથી એક ચીજમાં દાખલ થવાનું, પણ છઠી એક ચીજ હલાલ છે પણ તેને જુદી ન ગણીએ તો તે પણ ચાલે કેમ કે હલાલ કામ કરવામાં પણ સવાબ છે અને ન કરે તો કાંઈ નહીં તો તે સુન્નતમાં શામીલ થઈ જશે, અને શામીલ ન કરીએ અને છ ચીજ ગણીએ તો પણ હરજ નથી.

લખે છે કે ચાલીસ વરસ સુધી એ જનાબે સુતી વખતે પગ લાંબા કરેલ નથી, અને કેટલાક કહે છે એ હીકાયત જનાબ

મીર દામાદ આલીમની છે, તે પછી કસસવાળા લખે છે કે એ બંને બુઝુર્ગવારોની એ બાબત હોય તો પણ નવાઈ નથી.

'નાજી' કહે છે કેટલાક આલીમ એવા પરહેઝગાર દીનદાર હતા જે આખેરત માટે પોતાને ફના કરનાર થઈ ગયા છે, તો અંબીયા અને અવલીયાનો કેવો હાલ હશે? હાય અફસોસ મારા જેવા અભાગિયાની હાલત ઉપર કે બીછાના ઉપર ઓછાડ ન હોય તો નહીં સુવાય, ખાવાનું ટાઈમસર થયું ન હોય તો ચેહરો બદલાઈ જાય,

વાજીબ કામ માંડમાંડ અદા થાય, ફકીર આવે તો મોંઢું ફેરવી લેવાય, મુબાહ તો શું મકરૂહ કામ હજારો થાય, હરામ કામ માટે દિલ લલચાય, મજલીસ હોય તો સુઈ જવાનું મન થાય, સિનેમા-નાટક હોય તો જવાનું દિલ થાય, ખુદા રહમ કરે અને પોતે રાજી હોય એવી હાલતમાં બોલાવી લે કે ખાતેમો બિલ ખયર થાય. (આમીન)

એ બુઝુર્ગવારની કરામતો ઘણી છે અને ઓલમાઓની જબાન ઉપર મશહુર છે, જનાબે સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરીએ ‘અનવારૂન્નોઅમાનીયાહ’માં અને જનાબે

અલ્લામએ મજલીસી આખુન્દ મુલ્લા મોહમ્મદ બાકર (અ.મ.)એ ‘બિહારૂલ અનવાર’માં અને ‘લોઅલોઅ’ કિતાબવાળાએ તથા શેખ અબુ અલી ‘મુન્તહુલ મકાલ’ (એ તમામ કિતાબોના નામ છે.) તેમાં કેટલીક કરામતો લખી છે, અને ‘કસસુલ ઓલમા’વાળા લખે છે કે આ ફકીર પણ ટૂંકમાં થોડી કરામતો બયાન કરે છે.

કરામત (૧) એક વખત એ સાહેબે નજફે અશરફમાં સહેનની અંદર કૂવો હતો તે કુવામાં પાણી માટે એક ડોલ નાખી, જે

વખતે એ ડોલ ભરીને બાહેર કાઢી તો જોયું કે તે અશરફી અને દીનાર (એક જાતના નાણાં) થી ભરેલી છે, તે વખતે પોતે તે નાણું કુવામાં પાછું નાખીને દુઆ કરી કે અય ખુદાવંદા! 'અહમદ' તારી પાસે પાણી ચાહે છે સોનું માંગતો નથી. (અહમદ તે આલીમનું નામ છે.)

કરામત (૨) જ. સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરીએ 'અનવારૂન્નોઅમાનીયાહ' માં અને "મુન્તહુલ મકાલ"માં પણ લખેલ છે કે દુકાળના વખતમાં એ બુઝુર્ગવાર પોતાનો માલ ગરીબોને આપી દેતા હતા અને

પોતાની પાસે ફકત એક ફકીરને જેટલો ભાગ આપતા તેટલું જ પોતે રાખતા.

એકાદ વખત એવું થયું કે એવા દુકાળના વખતમાં એ જનાબે પોતાની આદત મુજબ માલ ગરીબો ફકીરોને આપી દીધો, તે વખતે તેઓની બીબીએ ગુસ્સે થઈને કહ્યું પોતાના માલને ફકીરોને આપીને ઘરના છોકરાઓને ભુખ્યા રાખો છો તે ઠીક નથી.

આ સાંભળીને કાંઈ જવાબ ન આપતા મસ્જીદે કુફામાં એઅતેકાફ માટે ગયા, બીજે દિવસે તેઓને ઘરે એક શખ્સ ઉમદા સારા

ઘઉં અને સારો લોટ એક જાનવર ઉપર રાખીને લાવ્યો, અને એ જનાબે મુકદ્દસની બીબીને કહ્યું: તમારા શૌહર મસ્જીદે કુફામાં એઅતેકાફ માટે રોકાયા છે અને આ અનાજ મોકલ્યું છે.

જે વખતે એ એઅતેકાફ તમામ કરીને ઘરે આવ્યા તો બીબીએ કહ્યું પેલા માણસ સાથે આપે અનાજ મોકલ્યું તે બહુજ ઉમદા છે, આ સાંભળી એ જનાબે ખુદાનો શુક્ર કર્યો, મતલબ એ કે સાહેબને તો એ બાબતની ખબર પણ ન હતી, બલ્કે ખુદાએ પોતાની કુદરતે કામેલાથી મોકલી આપ્યું.

કરામત (3) બેહારૂલ અનવારવાળા તથા મકાલવાળા આલીમો અને જનાબે સૈયદે જઝાએરીએ ‘અનવારે નોઅમાનીયા’માં લખ્યું છે કે મને એક એવા બુઝુર્ગ કે જે ઇલ્મ અને અમલવાળા હતા, તેમણે ખબર આપી કે મુકદ્દસે અર્દબેલીનો એક શાગીર્દ હતો, તફરીશનો રહેવાસી હતો, નામે મીર ગુલામ, અને ‘અનવારે નોઅમાનીયાહ’માં તેનું નામ મીર ફયઝુલ્લાહ તફરશી લખ્યું છે, અને બીજા આલીમોએ મીર ગુલામ લખેલ છે, તે ઈલ્મ ફઝલવાળો પરહેઝગાર હતો.

મીર ગુલામ કહે છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ના સહને મુબારકમાં એક કોટડીમાં હું રહેતો હતો, એક વખતે આવો બનાવ બન્યો કે રાતના કિતાબોના મુતાલેઆથી ફારેગ થઈ કોટડીની બાહેર નીકળ્યો તો રાત બહુજ અંધારી હતી, જોયું કે એક શખ્સ હઝરતના હરમમાં જાય છે, હું સમજ્યો કે શાયદ આ શખ્સ ચોર હશે અને હઝરત અલી અ.ના કંદીલને ચોરવા માટે આવ્યો હશે, તેથી હું તેની પાસે ગયો તેણે મને જોયો નહીં પણ મેં તેને જોયો, તે શખ્સ હઝરતના દરવાજા

પાસે ગયો, ત્યાં દરવાજાનું તાળું પડી ગયું અને દરવાજો આપોઆપ ખુલી ગયો, પછી એજ મુજબ બીજો દરવાજો પણ ઉઘડયો.

તે સાહેબે અંદર પ્રવેશ કરી મવલાની કબર મુબારક પાસે જઈ સલામ કરી અને કબરમાંથી સલામનો જવાબ પણ આવ્યો, તે વખતે મેં આવાજથી જાણ્યું અને ઓળખ્યા કે આ મારા ઉસ્તાદ જનાબે 'મુકદ્દસે અર્દબેલી' છે, પછી ઈમામ અ.ની સાથે વાતો કરવા લાગ્યા અને દીની મસાએલ પુછતા હતા, પછી ત્યાંથી બાહર નીકળીને કુફા તરફ રવાના થયા અને હું

પણ તેઓની પાછળ પાછળ ગયો, પણ તેઓ મને જોતા ન હતા હું તેઓને જોતો હતો, એટલે સુધી કે તેઓ મસ્જીદે કુફાના મેહરાબમાં ગયા અને કોઈની સાથે મસલા વિશે ગુફતગુ કરતા હોય એવો અવાજ સંભળાયો, પછી ત્યાંથી નજફ તરફ ગયા.

અને હું પણ તેઓની પાછળ પાછળજ હતો. નજફે અશરફના દરવાજા પાસે ગયા ત્યાં સુબ્હ થઈ ગઈ, તે વખતે હું એ જનાબની સાથે થયો અને અરજ કરી હું શરૂથી લઈ છેક અહીં સુધી આપની સાથે જ હતો, તો ફરમાવો કે હઝરતના રોઝામાં

વાતચીત કરી તે કોણ હતું? અને મસ્જિદે કુફામાં કોણ હતું?

આ સાંભળીને તેઓએ મારી પાસેથી વચન અને અહદ લીધો કે તેઓ જીવે ત્યાં સુધી કોઈને એ બાબત કહેવી નહીં. પછી મને કહ્યું, અય ફરઝંદ જે વખતે કોઈ મસાએલમાં મને શક પડે છે અને સમજણ પડતી નથી તે વખતે રાતના ભાગમાં મવલા અમીરૂલ મોઅમેનીન અ.ના રોઝા મુબારકમાં હઝરતને સવાલ કરૂ છું અને તેઓ જવાબ આપે છે, અને આજ રાત્રે મેં સવાલ કર્યો તો ફરમાવ્યું કે મારા ફરઝંદ

હઝરત મહદી અલય્હિસ્સલામની પાસે જા! કે તેઓ આજ રાત્રે મસ્જિદે કુફામાં છે તેઓને પુછો તેથી હું મસ્જીદે કુફામાં ગયો અને જે સાહેબ સાથે મેં વાત કરી તે મારા મૌલા અને આકા હઝરત મહદી સાહેબુઝ્ઝમાન હતા.

કરામત (૪) એક રાત્રે એ સાહેબે સ્વપ્નામાં જોયું કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની પાસે જનાબે મુસા પયગમ્બર અ. બેઠા છે, હઝરત મુસાએ જનાબે રસૂલેખુદા સ.ને સવાલ કર્યો કે આ શખ્સ

કોણ છે? હઝરતે ફરમાવ્યું તેનેજ પુછી જુવો.

તે વખતે જનાબે મુસાએ આ સાહેબને પૂછ્યું કે તમો કોણ છો? જનાબે મુકદ્દસે જવાબ આપ્યો મોહમ્મદનો ફરઝંદ અહમદ છું અને અર્દબેલનો રહેવાસી છું ફલાણી ગલીમાં ફલાણા ઘરમાં રહું છું.

આ સાંભળીને હઝરત મુસાએ ફરમાવ્યું કે મેં ફકત તમારૂ નામ પૂછ્યું, તમોએ આ તમામ તફસીલ શા માટે બયાન કરી ?

તે વખતે જનાબે મુકદ્દસે જવાબ આપ્યો કે યા હઝરત ખુદાવંદે કરીમે તમોને પુછેલું

કે તમારા હાથમાં શું છે? તો તેના જવાબમાં શા માટે તમોએ તમામ તફસીલ બયાન કરી?

(‘નાજી’ લખે છે કે હઝરતે મુસા અ.ને ખુદાવંદે કરીમે એક વખત પુછયું કે તમારા જમણા હાથમાં શું છે? હઝરતે જવાબ આપ્યો કે આ મારી લાકડી છે, જે વખતે ચાલતા ફરતાં થાકી જાવ છું તો તેના આધારે ટેકો લઉં છું, એના થકી દુંબીયો માટે ઝાડના પાંદડા ખેરવું છું, એ ઉપરાંત તેના થકી બીજા મારા કામ થાય છે.)

આ સાંભળીને હઝરતે મુસાએ અરઝ કરી કે યા હઝરત મોહમ્મદ મુસ્તફા સ. આપે જે ફરમાવ્યું કે મારી ઉમ્મતના આલીમો બની ઈસરાઈલના પયગમ્બરો જેવા છે તે વાત સાચી છે.

એ જનાબે મુકદ્દસે અર્દબેલીના અહવાલમાં જનાબ સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરીએ 'અનવારે નોઅમાનીયાહ'માં લખ્યું છે કે આખુન્દ મુલ્લા અબ્દુલ્લાહ તુસ્તરીએ એ જનાબને કોઈ મસલો પુછયો કે તેમાં બહસ કરે અને તે બારામાં કાંઈ કહે.

એ સવાલ સાંભળીને એ જનાબ ચુપ થઈ ગયા, અને ફરમાવ્યું કે હશે હું એ મસલાને જોઈશ, પછી એ સાહેબનો હાથ પકડીને નજફની બાહેર લઈ જઈ એકાંતમાં જનાબે મુકદ્દસે ફરમાવ્યું હવે તે મસલો બયાન કર, તેઓએ મસલો બયાન કર્યો, આ બુઝુર્ગવારે તેની તહેકીક કરીને જવાબ આપ્યો.

આખુન્દ મુલ્લા અબ્દુલ્લાહ તુસ્તરીએ પૂછ્યું, અય બીરાદર મસલાની તહકીક કરીને જવાબ અહીંયા લાવીને આપ્યો, તો

ત્યાંજ ફરમાવ્યું હોત, મેં સવાલ કર્યો તે વખતે જવાબ કેમ આપ્યો નહીં?

એ જનાબે ફરમાવ્યું તે વખતે લોકોની રૂબરૂમાં હું જવાબ આપતે તો તે વખતે આપણામાં ઝગડો થતે, મારૂં કહેવું તમોને વાજબી ન લાગતે, અથવા તમારી વાત મને પસંદ ન આવતે, તેથી લોકોની સામે આવો બનાવ બને તો ફજેતી થાય તે સારૂં નહીં, અને આ જગ્યાએ એકાંતમા ખુદા સીવાય કોઈ નથી.

એ જનાબની સખાવતના બારામાં લખે છે કે એ જનાબનો તરીકો એ હતો કે માથા ઉપર મોટો અમામો બાંધતા, જે વખતે ઘરેથી બહાર નીકળતા તો તે અમામાંથી આશરે બે હાથ જેટલું ફાડીને જે કોઈ ફકીર અને કપડા વગરનું હોય તેને આપતા, એટલે સુધી કે ઘરે પાછા આવે ત્યારે અમામાનો કેટલોક ભાગ ઓછો થઈ જતો.

મીર મુસ્તુફા 'નકદુર્રીજાલ' નામની કિતાબમાં લખે છે કે એ બુઝુર્ગવાર મોટા જલાલતવાળા હતા તે મશહુર છે, મુતકલ્લીમ, ફકીહ, અઝીમુશ્શાન જલીલુલ

કદ્ર, રફીઉલ મનઝેલતવાળા હતા, (એ તમામ શબ્દો એમની બુઝુર્ગી માટે વપરાએલા છે) પોતાના ઝમાનામાં તમામ કરતાં પરહેઝગાર, આબીદ અને મુત્તકી હતા.

એ બુઝુર્ગવાર આલીમે લખેલી કિતાબોમાંથી કેટલાક નામ અહીં લખ્યા છે:

૧. આયાતુલ અહકામ, યાને ઝુબ્દતુલ અહકામ,

૨. મજમઉલ ફાઈદહ વલ બુરહાન, તે જનાબ અલ્લામાની ઈર્શાદની શરાહ છે,

૩. હકીકતુશ્શીઆ વીગેરે.

એ બુઝુર્ગવારની જેટલી તઅરીફ લખીએ તેટલી ઓછી છે, અલ્લાહો અકબર અદાલતના બારામાં આગળ વાંચી ચુકયા કે એક હયવાનને ચાબુક પણ મારતા ન હતા, અને પોતે ઉપર બેઠા હોય અને તેની મરજીમાં આવે તો ચાલે અને મરજીમાં આવે તો ચરે, વળી અરધા રસ્તા ઉપર બેસે અને અરધો રસ્તો પોતે નીચે ઉતરીને ચાલે, ખુદા તઆલા આપના જે આલી દરજાત હોય તે કરતાં પણ વધારે મોટા દરજ્જા અતા ફરમાવે.

# (૯) જનાબ શેખ જાઅફર બીન શેખ ખીઝર નજફી અઅલલ્લાહો મકામોહુનો અહવાલ.

આ બુઝુર્ગવારનો એવો એહવાલ છે કે વાંચવાથી અજાએબી ઉપજે છે, તેઓની ફઝીલત અને કરામત ઘણી છે જેમકે ઈન્શા અલ્લાહ આગળ આવશે.

આ જનાબના ઈલ્મની ઘણી તઅરીફ છે, આપના માટે કિતાબોમાં ‘ઉસ્તાદે

અકબર’ રઈસે અરબાબે ઈબાદત શબ્દ વાપરેલ છે, આપ સાહેબ જેવા ઈલ્મે ફીકહમાં ઈમામની ગૈયબત પછી અત્યાર સુધી કોઈ આલીમ થયેલ નથી, જેમકે એ સાહેબે પોતે ફરમાવેલ છે કે ફીકહના મસાએલ પોતાની અસલ હાલત ઉપર બાકી છે તેની અંદર સારી રીતે ખોજ અને શોધ અમો ત્રણ જણે કરેલ છે, એક હું, બીજા જનાબ શહીદે અવ્વલ અને ત્રીજો મારો ફરઝંદ શેખ મુસા.

એ બાબતની જેમને ખાત્રી કરવી હોય તો એ શેખની કિતાબ “કશકુલ ગેતા” જુવે,

અને જનાબે શહીદે અવ્વલના બારામાં ખાત્રી કરવી હોય તો “કવાએદે શહીદ” જુવે.

એ સાહેબ એટલે જનાબે શેખ જાઅફરે પોતાના કુતુબ ખાનાને પોતાની અવલાદમાં પેઢી દર પેઢી જે વધારે ફકીહ હોય તેના માટે વકફ કર્યું, શેખની અવલાદમાં મોટા ફરઝંદ શેખ મુસા તેઓની બાદ એ જગ્યાએ બેઠા. તેઓ સબક આપતા અને ઈલ્મેદીન શીખવતા; હકીકતમાં એ સાહેબ પોતાના વાલીદની મીસાલ હતા.

જનાબે શેખ મુસા ગુજરી જવા બાદ તેઓના નાના ભાઈ શેખ અલી સાહેબ એ

જગ્યાએ બેઠા, અને ઈલ્મેદીન શીખવતા હતા, અને તેઓને 'મોહક્કીકે સાલીસ' કહે છે.

એ જનાબ પોતાના વાલીદની જગ્યાએ બેઠા અને તાલીબે ઈલ્મને સીખવતા હતા, તેઓના નાના ભાઈ શેખ હસન હતા, તેમણે પોતાના ભાઈ શેખ અલી ને કહ્યું કે બાપની વસીયત છે કે મારી અવલાદમાંથી જે વધારે ફકીહ હોય તે આ જગ્યા લે અને સબક આપે તથા તાલીબે ઈલ્મોને સીખવે.

શેખ અલીએ જવાબમાં કહ્યું કે આ બાબતમાં આપસમાં ઝગડો કરવો સારો

નથી માટે બહેતર છે કે હું નજફથી કરબલા જાઉં, તમો નજફમાં બાપની જગ્યાએ ઈલ્મ શીખવો. જો તાલીબે ઈલ્મ નજફમાં રહે અને તમારી પાસે સબક લેવા આવે તો તમો વધારે ફકીહ અને બાપની વસીયત મુજબ અમલ કરો, અને જો તાલીબે ઈલ્મ તમારી પાસેથી મારી પાસે કરબલા આવે તો હું વધારે ફકીહ.

આ વાત શેખ હસને કબૂલ કરી તેથી શેખ અલી કરબલાએ મોઅલ્લા ગયા, અને શેખ હસન નજફમાં પોતાના બાપની જગ્યાએ રહ્યા, પણ તાલીબે ઇલ્મોએ તેઓ

પાસે ઈલ્મ સીખવા ન જતાં, કરબલામાં જનાબે શેખ અલીની ખીદમતમાં ઈલ્મ શીખવા માટે ગયા.

આથી શેખ હસન નજફથી કરબલા પોતાના ભાઈ પાસે ગયા અને શેખ અલીને લાવીને પોતાના બાપની જગ્યાએ બેસાડયા અને પોતે હીલ્લા ગયા. એ જનાબના ફરઝંદ શેખ હસને પોતાના ભાઈ શેખ અલીને નજફમાં લઈ જઈ પોતે હીલ્લે ગયા, હીલ્લામાં મસ્જિદ હતી તેમાં શીયા લોકો નમાઝ પડતા હતા અને આ શેખ હસન પેશ નમાઝી કરતા, પણ નમાઝ

પડનાર બહુ થોડા આવતા. ઘણે ભાગે ઔરતો નમાઝે જમાઅત પઢવા આવતી, બલ્કે કોઈ કોઈ વખત ફકત ઔરતો જ નમાઝમાં આવતી.

એક વખત એ સાહેબ ઝોહરની નમાઝ પડાવવા ગયા તે વખતે ઔરતો જ હતી કોઈ મરદ ન હતો. ફકત એ પેશ નમાઝ હતા, આખર જમાઅતની નમાઝ પડાવી પછી એક એવો બનાવ બન્યો કે તેથી તે સાહેબે આસ્માન તરફ હાથ ઉંચા કરીને દુઆ કરી કે ખુદાવંદા તે મારા મુરીદોમાં ઔરતો જ આપી છે?

પછી કેટલીક મુદ્દત બાદ જનાબે શેખ અલી ખુદાની રહમતે પહોંચ્યા અને આ સાહેબ હીલ્લાથી નજફ જઈ પોતાના બાપની જગ્યાએ બેઠા.

જનાબે શેખ જાફરે (ર.)એ વસીયત કરેલી કે દરરોજ રાતના અમુક વજનનું ખાવાનું પકાવવું અને તેઓની અવલાદ જમા થઈને ફીકહના મસાએલ વિશે આપસમાં સવાલ જવાબ કરીને જાણકારી મેળવે જેથી મસાએલમાં કામીલ થાય.

આજ સુધી એજ પ્રથા ચાલુ છે અને તે બાબત બહુ ઉમદા પસંદ કરવા લાયક છે,

કે તેથી તમામ મસાએલના ફકીહ થાય જેમ કે જનાબે શેખ જઅફરના કુટુંબવાળા મરદો તેમજ ઔરતો તમામ ફકીહ છે. તેમજ તે સાહેબે પોતાની અવલાદમાંથી જે સૌથી વધારે ફકીહ હોય તેના માટે કુતુબખાનું વકફ કરેલું એ પણ બહુ જ સારૂં કામ છે. કિતાબના લેખક લખે છે કે ખુદા આપણને પણ એવી વસીયત કરવાની તૌફીક અતા ફરમાવે. પછી એ સાહેબે લખેલ છે મેં પણ એ જ મુજબ મારૂં કુતુબખાનું મારી અવલાદમાંથી મરદો માટે વકફ કર્યું છે, અને ચાહું છું કે એ કીતાબખાના માટે કાંઈ

મિલકત પણ વકફ કરૂં અને તેનું મુતવલ્લીપણું ફીકહમાં જે ચઢિયાતો હોય તેને સોપું. ખુદા એ કામની તવફીક આપે.

જનાબ શૈખ હસન ફરમાવે છે મારા વાલીદે બુઝુર્ગવાર જનાબ શેખ જઅફર(અ.મ.)ની એવી આદત હતી કે હંમેશા રાતના વહેલા ઉઠીને ઘરમાં આવી તમામ જણને નમાઝે શબ પઢવા માટે ઉઠાડતા હતા, જે વખતે હું નાનો હતો તે વખતે મારી કોટડી પાસે પણ આવીને હાંક મારે ત્યારે તે વખતે હું કહેતો કે 'વલ્લઝીન' અથવા 'અલ્લાહો અકબર' કે તેથી તેઓ

સમજે કે એ તો નમાઝમાં જ મશ્ગુલ છે, પછી સૂઈ રહેતો.

જનાબે શૈખ જઅફર(અ.મ.)ની ઈબાદત એટલે દરજ્જે હતી કે રાતના બે ભાગ ઈબાદતમાં ગુજારતા.

સખાવતમાં એવા હતા કે ઘણી વખત એવું થયું કે મકાનો રેહન (ગીરવી) મુકીને ખૈરાત કરતા, પછી ઈરાનમાં જઈને નાણું લાવીને મકાન છોડાવતા. 'શરાયા' નામની કિતાબ ત્રણસો વખત શાગીર્દોને પઢાવી હતી. અને ફિકહના મસાએલમાં એવા કામીલ અને હાફીઝ હતા કે પોતે ફરમાવતા

અગર ફિકહની તમામ કિતાબો પાણીથી ધોવાઈ જાય (એટલે કે નષ્ટ થઈ જાય) તો પણ હું મારી યાદશકિતથી તહારતથી છેક દિયત સુધીના તમામ મસાએલ લખી આપું. એટલે કે વીંટીના નગીના માફક મસાએલ તેઓની સામે હતા.

એક વખતે એ સાહેબ ઝંજાન તરફ ગયા, તેઓ તુર્કી ઝબાન(ભાષા) જાણતા ન હતા, એક મસ્ખરે આવીને સીખવ્યું કે અહીંના લોકો આપની મુલાકાત અને ઈસ્તીકબાલ માટે આવે તો તમો તુર્કી ઝબાનમાં 'પુખયમાહ' કહેશો.

પછી જે વખતે લોકો આવીને મળતા તો આ સાહેબ એ મુજબ કહેતા, તેઓ સાંભળીને ચુપ થઈ જતા, અને હાકીમને પણ એ મુજબ કહ્યું. તેથી તે સમજ્યો કે આ સાહેબ એ શબ્દના અર્થ બાબતથી અજાણ્યા હશે. તેથી પૂછ્યું: સાહેબ! આ શબ્દ વાપરો છો પણ તેનો અર્થ પણ જાણો છો? એ સાહેબે ફરમાવ્યું: નહીં! મને તો કોઈએ એ મુજબ કહેવાની ભલામણ કરી છે, આ સાંભળીને હાકીમે કહ્યું: હવે પછી એ શબ્દ કહેશો નહી, તેનો ખરાબ અર્થ થાય છે. એ જનાબની કરામતના બારામાં લખે છે કે

તેઓ દુઆ કરી કે ખુદાવંદા ફિકાહના મસાએલ મારી ઔલાદ દર ઔલાદમાં કામીલ રીતે બાકી રાખ, તો એ કિતાબ લખતા કહે છે આજ સુધી તે સાહેબના ઈન્તેકાલ થયે સાઠ વરસ થયા કે હજુ સુધી તેઓની અવલાદ ફિકહમાં એવી જ કામીલ અને હોંશિયાર છે, અને ફિકહ એવી રીતે તેઓમાં છે જેમ કે તેમનો વારસો હોય. પોતાના બચ્ચાઓને બચપણથી જ મસાએલ શીખવ્યા કરે છે.

આ સાહેબ એક વખત ‘રશ્ત’માં મુસાફરીએ ગયા, ત્યાંના લોકોએ ખ્વાહીશ

કરી કે શૈખ જમાઅતની નમાઝ પડાવે પણ ત્યાંની મસ્જીદો એવી મોટી ન હતી કે તમામ જણ સમાઈ શકે તેથી મેદાનમાં ભેગા થયા અને ત્યાં જમાઅતની નમાઝ અદા થઈ, નમાઝ બાદ લોકોએ ખ્વાહીશ કરી કે આપ તકરીર (વાએઝ) ફરમાવો.

એ જનાબે જવાબ આપ્યો: ફારસી ભાષા બરાબર જાણતો નથી. પણ લોકોએ બહુ જ ખેંચ કરવાથી આપ મીમ્બર ઉપર ગયા, પછી વાએઝમાં નીચે મુજબ ફરમાવ્યું: 'અય્યોહન્નાસ! શુમા હમા મીમીરીદ વ શેખ હમ મીમીરદ' એટલે કે અય લોકો! તમો

તમામ મરી જશો અને શૈખ પણ મરી જશે. પછી ફરમાવ્યું, કે તમો આખેરતની ફિકર કરો.

અય લોકો! તમારૂં ‘રશ્ત’ શહેર ‘બેહીશ્ત’ જેવું છે, જેમ બેહીશ્તમાં ઉમદા-ઉમદા આલીશાન મકાન, બગીચા અને નહેરો જારી છે, તેવીજ રીતે તમારા ‘રશ્ત’માં ઉમદા ઉમદા મકાન, બાગ અને નહેરો છે, બેહીશ્તની અંદર ખુબસુરત હુરૂલઈન છે, તેમ તમારી ઔરતો પણ તે હુરાઓની માફક છે.

બેહીશ્તની અંદર નમાઝ, રોઝા વિગેરે માફ છે. તેની તકલીફ નથી. તેમ તમારા 'રશ્ત'માં પણ નમાઝ, રોઝાની તકલીફ નથી. કારણ કે તમો કોઈ જાતની ઈબાદત કરતા નથી.

પછી જનાબે મીમ્બરની નીચે જોયું તો એક ઝાકીર બેઠો હતો. જનાબે ફરમાવ્યું ઉભા થાવ અને મુસીબતનું બયાન પઢો.

ત્યાંના આલીમો પોતાના શરીરને વધારે સાચવતા અને નાફેલા નમાઝ પઢતા ન હતા, તેથી તેઓએ હુકમ કર્યો કે જે પેશનમાઝ નાફેલા નમાઝ ન પડે તેની

પાછળ નમાઝ પઢવી નહીં, એ હુકમ કરવાથી તમામ પેશનમાઝ નાફેલા નમાઝ પઢવા લાગ્યા.

એક વખત શૈખ 'કઝવૈન' ગયા. લોકોએ મસ્જિદમાં વાએઝ કરવાની ખ્વાહીશ કરી તેથી તેઓ મીમ્બર પર જઈને વાએઝ શરૂ કરીને બેવાઓના નિકાહ વિશે કહ્યું: શા માટે એનો રીવાજ પ્રથા શરૂ નથી કરતા ? લોકોએ કહ્યું કે એ બાબતે અહીંના આલિમોની ભૂલ છે. ત્યારે આલિમોમાંથી એકને કહ્યું કે તમારે આ બાબતે પ્રથા શરૂ કરવી જોઈએ કે જેથી લોકોમાં એ નેક

રિવાજ શરૂ થાય. એમ કહીને કહ્યું કે મારી એક છોકરી હતી, જે સમય જતાં ઉંમરલાયક થઈ તો મેં તેણીને બોલાવીને કહ્યું: અય બેટી! ખુદાએ શાદીનો હુકમ આપ્યો છે અને હવે તું શાદીને લાયક થઈ ગઈ છો, માટે તારી ઈચ્છા હોય તેની સાથે તારી શાદી કરાવી આપું. એમ કહીને એક એક પોતાના સગા તથા ઓળખીતા અને જાણીતાના નામ લઈને પૂછ્યું પણ તે તમામને માટે તેણીએ ના પાડી, આખર અમારી પાડોસમાં એક બક્કાલી (શાકભાજી વેચવાવાળો) હતો તેનું નામ લીધું તો તે

ચુપ થઈ ગઈ, તેથી હું સમજ્યો કે તેની સાથે શાદી કરવા તે રાજી છે તેથી તે બક્કાલ સાથે શાદી કરાવી આપી.

થોડી મુદ્દત બાદ છોકરી મારે ઘરે આવીને શવહરની શીકાયત કરવા લાગી તે વખતે તેને ટકોર કરીને કહ્યું, કે તારી રાજી ખુશીથી તેની સાથે શાદી કરી, હવે શા કારણથી શીકાયત કરે છે ? માટે જા અને સબર કર એમ કહીને તેજ વખતે તેણીને તેના શવહરના ઘરે મોકલી આપી.

એ જનાબે "કશકુલ ગેતાઅ"માં લખ્યું છે કે મારા વાલીદ શેખ ખીઝરે એક વખત

સ્વપ્નામાં જોયું કે હઝરત રસૂલેખુદા સ. ફરમાવ્યું કે નમાઝમાં ‘તશહુદ’ બાદ ‘વ તકબ્બલ શફા અતહુ ફીઉમ્મતેહી વ રફઅ દરજતહ’ પઢયા પછી આ મુજબ પઢયા કરો ‘વ કરબ વસીલતહુ’ પણ સ્વપ્નાની વાત શરીઅતમાં દાખલ થતી નથી, તેથી મારા વાલીદે એ બે શબ્દ લોકો સાંભળે તેમ પઢતા ન હતા, પણ ધીમા અવાજે પઢતા હતા. એ જનાબની કરામતો વીષે એક લખનાર લખે છે કે એક શખ્સ જે મારી પાસે મોઅતબર અને પરહેઝગાર હતો તેણે વાત કરેલી છે કે મારા એક કાકા હતા, તેને

આંખનું દર્દ કેટલાંક વર્ષથી હતું. તેણે દવા કરવામાં કોઈ કસર બાકી રાખી નહીં, પણ કોઈ હકીમ કે તબીબથી આરામ થયો નહીં, તેથી તેણે એ જનાબ પાસે જવા ચાહ્યું અને સાંભળ્યું કે એ બુઝુર્ગવાર 'લાહીજાન' નામના ગામમાં આવ્યા છે અને તેઓ નાએબે ઈમામ છે, તેથી મારા કાકા ત્યાં ગયા. જે વખતે પહોંચ્યા તો એ જનાબ શેખ જાઅફર સવાર થઈ લાહીજાનથી જતા હતા, તેણે એ જનાબના હાથ ચુમીને અરજ કરી કે કેટલાક વર્ષ થયા આંખોના દર્દમાં મુબતેલા છું અને ખાસ એટલાજ માટે

આપની ખીદમતમાં આવ્યો છું કે આપ દુઆ કરો તો ખુદા મને શફા આપે.

આ સાંભળીને શેખે તેની આંખમાં પોતાનું થુંક ચોપડીને દુઆ કરી, તેથી તેને શફા મળી, પછી કોઈ વખત તેમને આંખોનું દર્દ થયું નહીં.

એ જનાબની બુઝુર્ગી અને મરતબા વીષે લખે છે કે ઈરાનના બાદશાહ ફતેહ અલી શાહને સલ્તનતની મંજૂરી આપીને કેટલીક શરતો સાથે પોતાના નાએબ મુકર્રર કર્યા.

૧. શરત એ કે દરેક ફોજમાં મોઅઝ્ઝીન (અઝાન આપનાર) રાખવો.

૨. લશ્કરમાં પેશનમાઝ રાખવો.

૩. દરેક અઠવાડીએ એક વખત વાએઝ કરવી અને મસાએલ શીખવવા.

એ બાદશાહની વાલેદાહ જે વખતે ઝિયારત માટે ગયા તો નજફમાં એ જનાબને ઘરે ગયા અને અરજ કરી કે મારો ફરઝંદ બાદશાહ છે અને તેથી કેટલીક ખતાઓ થાય છે માટે એવી બાબત કરો કે ખુદા અમારી ખતાઓ માફ કરી જનાબે

સીદ્દીકએ કુબરા ફાતેમએ ઝહરા સ.ની સાથે અમારો હશ્ર કરે.

એક વખત કોઈ કારણસર ફતેહઅલીશાહ બાદશાહ એ જનાબથી નારાજ થઈ ગયા અને નારાજીના સબબથી ગુસ્સામાં હતા, જે વખતે એ જનાબ તેહરાનમાં આવ્યા તો બાદશાહે અમીનુદ્દવલાને કહ્યું કે હું શેખને મળવા નહીં જાઉ અને તેઓ આવે તો મારી પાસે આવવા પણ દેવા નહીં એવો હુકમ કર્યો.

એક દિવસ એ જનાબ બાદશાહને મળવાના ઈરાદાથી ગયા, દરબાર પાસે

પહોંચ્યા તો પાસબાન ચોકીદાર વીગેરે ઈસ્તીકબાલ માટે સામે ગયા અને હાથ ચુમ્યા. બાદશાહે જોયું કે શેખ તખત પાસે ચાલ્યા આવે છે, વિચાર કર્યો કે મેં તમામ માણસોને મના કરેલી કે શેખને આવવા દેવા નહી, તે છતાં કેમ આવવાની રજા આપી હશે? પછી અમીનુદ્દવલાને કહ્યું કે શેખ અહીંયા આવે તે વખતે તાઅઝીમ કરવી નહીં અને માન પણ આપવું નહિ.

શેખે ઉપર જવા ચાહ્યું તે વખતે મોટા અવાજથી 'યા અલ્લાહ' કહ્યું એ અવાજ સાંભળીને બાદશાહ તાઅઝીમ માટે ઉભો

થઈ સામે જઈ હાથ પકડીને ઉપર લાવ્યો, જે વખતે મજલીસ બરખાસ્ત થઈ તો અમીનુદ્દવલાએ બાદશાહને અરજ કરી કે તમોએ જનાબે શેખની તાઅઝીમ કરવા મનાઈ કરેલ તે છતાં શા માટે આપે પોતે તાઅઝીમ અને તવકીર કરી?

બાદશાહે જવાબ આપ્યો કે જે વખતે શેખે યા અલ્લાહ કહ્યું મેં જોયું કે એક મોટો સાપ મારી સામે આવ્યો અને ચાહે છે કે મારી છાતી ઉપર ચડીને મને ઈજા પહોંચાડે તેથી બેઈખ્તીયાર પોતાની જગ્યાએથી ઉભો

થઈ એ જનાબનો હાથ પકડીને તાઅઝીમ કરી તે વખતે સાંપ ગાયબ થઈ ગયો.

લખે છે કે ઈસ્ફેહાનના એક માણસે ખ્વાબમાં જોયું કે પયગમ્બરે ખુદા સ.એક મકાનમાં તશરીફ રાખે છે અને આખુન્દ મુલ્લાઅલી નુરી (એ મોટા આલીમ) તેઓની બાજુમાં છે, અને બીજા ઘણા માણસો સામે બેઠા છે અને જનાબે શેખ જાઅફર દરવાજામાં ઉભા છે, હઝરતે રસૂલેખુદા સ. ઉમ્મત માટે અફસોસ કરે છે અને કહે છે કે લોકો ગુનાહોના કામ કરે છે અને હુકમની નાફરમાની કરે છે. તે વખતે

આખુન્દ મુલ્લા નુરી માફી ચાહે છે કે યા રસુલીલ્લાહ અમે ગુનેહગાર અને કસુરવાર છીએ, પોતાની તકસીરોનો ઈકરાર કરીએ છીએ, ખુદાની પાસે માફીની તમન્ના રાખી તમારી શફાઅતના ઉમ્મેદવાર છીએ, એ મુજબ એ સાહેબ કહે છે અને બીજા બીજા ખામોશ બેઠેલા છે.

કસસુલ ઓલમાના લેખક લખે છે કે એ ખ્વાબથી જનાબે શેખ જાફર સાહેબની બુઝુર્ગી સાબીત થાય છે કેમકે એથી એમ સાબિત છે કે જનાબ આખુન્દ મુલ્લા અલીનુરી તથા બીજા હઝરત મહેમાન

તરીકે હતા, તેથી તેઓ બેઠેલા, અને મુલ્લા અલીનુરીને ખાતરદારી અને માન માટે પાસે બેસાડેલા, કેમકે કાયદો છે કે પરાયા લોકોની ખાતરદારી કરવી જોઈએ, ઘરના અને નજીકના લોકોની ખાતરદારીની જરૂરત નથી, તો જનાબે શેખ જાઅફરને દરવાજા ઉપર ઉભેલા જોયા તેઓ ઘરના માણસ તરીકે હતા તેથી તેઓનો દરજજો વધારે સાબીત થાય છે, અને એવો પણ વહેમ થાય છે કે કદાચ શેખ જાઅફર કરતાં શેખ આખુન્દ મુલ્લા અલી નુરીનો મરતબો મોટો હોય.

એ જનાબની એવી આદત હતી કે કોઈપણ જગ્યાએ જાય અને ખાસ કરીને ઈસ્ફેહાનમાં જે વખતે નમાઝનો વખત નજીક થાય તો જે મસ્જિદ મળે ત્યાં જઈ પહેલી નમાઝ પોતે જમાઅતથી પડાવતા અને બીજી નમાઝ માટે ત્યાંના પેશનમાઝને આગળ ઉભા રાખી પોતે તેની પાછળ નમાઝ પડતા.

એક વખતે ઈસ્ફેહાનમાં બયદાબાદના મોહલ્લામાં પહોંચ્યા ત્યારે મગરીબનો સમય હતો, તેથી ત્યાંની મસ્જિદમાં ગયા. ત્યાં મરહુમ હુજજતુલ ઈસ્લામ આકા સૈયદ

મોહમ્મદ બાકર નમાઝ પડાવતા હતા, આ જનાબે પોતાના દસ્તુર મુજબ મગરીબની નમાઝ જમાઅતથી પડાવી, પછી જોયું કે આખુન્દ મુલ્લા અલીનુરી બેઠા છે તેથી તેઓને કહ્યું કે મેહરાબમાં આવી ઈશાની નમાઝ જમાઅતથી પડાવો, આખુન્દ સાહેબે ઈન્કાર કર્યો તેથી જનાબે શેખ તેઓનો હાથ પકડીને ખેચ્યો અને ફરમાવ્યું ઉઠો, અમારી આગળ ઉભા રહી નમાજ પડાવો, તેઓએ જવાબ આપ્યો મારામાં પેશ નમાઝની શરતો પુરી નથી, આ સાંભળીને શેખે તેઓનો હાથ છોડી દીધો અને ચેહરાનો રંગ

બદલીને કહ્યું, અરે તમારા જેવા આલીમ કે જેની સીત્તેર એશી વર્ષની ઉમ્મર થઈ અને કહે છે પેશ નમાઝની શરતો મારામાં નથી તે બહુજ અજબ છે.

પછી આકા સૈયદ મોહમ્મદ બાકર સાહેબને કહ્યું તમો નમાઝ પડાવો તેથી તેઓએ નમાઝ પડાવી અને એ સાહેબ પણ પાછળ નમાઝ પડયા.

લખે છે એક વખતે એ જનાબ ઈસ્ફેહાનમાં હતા, ત્યાંથી ઘોડા ઉપર સવાર થઈને બાહર જવા નીકળ્યા, રસ્તામાં એક સૈયદે આવીને સવાલ કર્યો કે હું મોહતાજ

ફકીર છું અને એકસો તુમાનની મને જરૂરત છે માટે મને આપો, જનાબે જવાબ આપ્યો કે તું ઘરે આવ્યો નહીં, હવે હું રસ્તામાં શું આપું? સૈયદે કહ્યું ગમે તેમ કરો પણ મને આપો, અને બહુજ હુજજત કરી.

એ વખતમાં ઈસ્ફેહાનમાં અમીનુદ્દવલા હાકીમ હતો, જનાબે શેખે તે સૈયદને કહ્યું અમીનુદ્દવલા પાસે જઈને કહે જે કે શેખે સો તુમાન આપવાનું કહ્યું છે, સૈયદે કહ્યું અગર તે ન આપે તો !! અને તમે પણ જાઓ છો તો પછી હું કેમ કરૂં ? જનાબે શેખે ફરમાવ્યું

તું પાછો આવીશ ત્યાં સુધી હું અહીંયા ઉભો રહીશ માટે જા.

તે વખતે સૈયદ અમીનુદ્દવલા પાસે જઈને જનાબે શેખનો પયગામ આપ્યો, અમીનુદ્દવલા પૂછ્યું શેખ કયાં છે? સૈયદે કહ્યું કે તે ત્યાં ઘોડાપર સવાર થઈને ઉભા છે, અને હું અહીયાંથી જઈશ ત્યાં સુધી ત્યાંજ રહેવાના.

આ સાંભળીને અમીનુદ્દવલાએ નોકરોને કહ્યું બહુજ જલ્દી તાકીદે સો તુમાન લાવીને સૈયદને આપો, તે વખતે નોકર એક કોથળી લાવ્યો અને તુમાન ગણવાનો ઈરાદો કર્યો,

તે વખતે અમીનુદ્દવલાએ કહ્યું ગણવાની જરૂરત નથી એમજ થેલી આપી દો, અગર વાર લાગી તો શેખ પોતે અહીંયા આવશે અને તેઓના આવવાથી વધારે ખર્ચ થશે, એવો હુકમ થવાથી તે થેલી સૈયદને આપી, તેઓ તે થેલી લઈને જનાબે શેખની પાસે ગયા, શેખ હજુ ત્યાંજ ઉભા હતા, શેખે કહ્યું ગણી જુવો કેટલા તુમાન છે ? તે ગણ્યા તો બસો તુમાન થયા, તેમાંથી સો તુમાન સૈયદને આપ્યા, સૈયદે કહ્યું તમામ મને આપો, જનાબે ફરમાવ્યું એમ નહી બને,

કેમકે તમોએ સો તુમાન માગ્યા હતા તેથી તેટલી રકમ લઈલો.

પછી હુકમ કર્યો ગામમાંથી ફકીરોને બોલાવો, ફકીરો આવ્યા ત્યારે એ બાકીના સો તુમાન તેઓને વહેંચી દીધા અને પોતે રવાના થયા.

એ સાહેબનો એવો રીવાજ હતો કે ઘણી વખત એવું કરતા કે જમાઅતની સફોમાં પોતાનો પાલવ પાથરીને લોકો પાસેથી દીરહમો દીનાર લેતા અને ગરીબોને આપતા, અને જે વખતે કોઈ ઝાલીમ અથવા વેપારીને ત્યાં દાઅવતમાં જમવા

જતા તો જે વખતે દસ્તરખાન ઉપર ખાણું આવતું તો તમામ ચીજો આવી રહયા પછી ફરમાવતા કે એ તમામ ખાવાની ચીજોની કીંમત કરો કેટલી થાય છે. પછી તે કીંમત રોકડી લીધા પછી જમવાની રજા આપતા અને પોતે જમતા, એટલે સુધી કે એક વખત રાતના કોઈના ઘરે જમવા ગયા અને તે ખાવાની કીંમત કરી તો ત્રીસ તુમાન થઈ, તે વખતે ઓગણીત્રીસ તુમાન હતા તેણે કહ્યું એક તુમાન પછી આપીશ, એ જનાબે કબૂલ કર્યું નહી, કહ્યું જમવાનું ઠંડુ થઈ જાય છે, તેઓએ જવાબ આપ્યો ભલે

ઠરી જાય, પછી એક તુમાન લાવી પુરા ત્રીસ તુમાન કરી આપ્યા તે વખતે જમવાની રજા આપી, અને એ પૈસા જે આવતા તે મીસ્કીનો અને ગરીબોને તકસીમ કરી આપતા હતા, કેટલીક વખત એવું પણ બનતું કે કોઈને ઘરે જાય તો તેના ઘરની તાઅરીફ કરતા, લોક સમજતા જનાબને પંસદ આવ્યું છે તેથી તે ઘર તેઓને બખ્શીશમાં આપતા, એ સાહેબ એની કીમત કરાવી તેનેજ વેચી નાખી, તેની કીમંત લઈને ગરીબો મોહતાજોને આપતા, અગર કોઈને એવો શક થાય કે એ

સાહેબ આવી રીતે જબરાઈથી કામ લેતા હતા, તો તેનો એક જવાબ આ પણ છે કે તેઓ નાએબે ઈમામ હતા, વળી જાણતા હતા કે ખુમ્સ, ઝકાત વીગેરે ગરીબોનો હક તેઓ ઉપર છે, તેથી એવી રીતે લઈને આપતા તો તે ગોયા એક વાજીબ કામ અદા કરાવ્યું તેમાં કાંઈ હરજ નથી.

કેટલાક મોટા અને ફાઝીલ શખ્સોની જબાની સાંભળ્યું છે કે મરહુમ શહીદે સાલીસ ફરમાવતા હતા કે આ જનાબ મરહુમ શેખ જાઅફર એક વખત કઝવૈનમાં પધાર્યા અને શહીદના ભાઈ હાજી મોહમ્મદ

સાલેહના ઘરે ઉતર્યા, તે મકાનમાં બગીચો પણ હતો, તમામ જણ પોત પોતાની જગ્યાએ સુતા હું પણ એ બાગના એક ખુણામાં સુતો, કેટલીક રાત થઈ હશે, ત્યાં મેં સાભળ્યું કે શેખ બોલાવે છે અને કહે છે કે ઉઠ નમાઝે શબ પઢ, મેં જવાબ આપ્યો ઠીક ઉઠું છું. એ મુજબ જવાબ આપીને હું સુઈ રહયો, પણ દીલમાં દર્દ થવા લાગ્યું અને ચૈન પડયું નહી તેથી ઉઠયો અને સમજ્યો કે અવાજ આવી તેથી મારો એવો હાલ થયો તેથી દીલગીર થઈ તે સાહેબ પાસે ગયો તો જોયું કે જનાબ શેખ બહુજ

ગીરયા વ ઝારી અને બેકરારી સાથે મુનાજાત કરે છે, અને રડી રહ્યા છે, એ બુઝુર્ગવારની આવાજની એવી તો અસર થઈ કે આજે તે વાતને પચ્ચીસ વર્ષ થયા તે રાતની હયબતથી હમેશા રાતના ઉઠીને મુનાજાતમાં મશગુલ થાઉં છું.

એક વખતે એ જનાબે ઈસ્ફહાનમાં ગરીબોને કાંઈક વહેંચ્યું, પછી નમાઝ પઢવામાં મશ્ગુલ થયા, એ નમાઝ તમામ થઈ ત્યાં એક સય્યદે આવીને કહ્યું: મારા દાદાનો હક મને આપો, એ સાહેબે જવાબ આપ્યો કે આપ આવવામાં મોડા પડયા

અને હવે કાંઈ બાકી નથી, તમામ અપાઈ ગયું. એ સૈયદે આ સાંભળીને શેખની દાઢી પર થુંકયા. તે વખતે શૈખ ઉભા થઈ કપડાનો ટુકડો લઈ સફની અંદર જઈ લોકોને કહ્યું: જે કોઈને શેખની દાઢી વહાલી હોય તે આ સૈયદને માટે કંઈક આપે, તે વખતે લોકોએ એ જનાબનો દામન નાણાંથી ભરી દીધો. તે તમામ માલ સૈયદને આપીને પછી અસરની નમાઝ પડયા.

એક વખત એ જનાબે શૈખ કઝવીનમાં ગયા અને હાજી મુલ્લા અબ્દુલ વહહાબના મકાનમાં ઉતર્યા, બજારના વેપારીઓએ

ઈચ્છા કરી કે એ જનાબ તેઓની દુકાને આવે, એ બાબતે જનાબને વાત કરી ત્યાં જવા રાજી કરી હાજી મુલ્લા અબ્દુલ વહહાબ તેઓને સાથે લઈ બજાર તરફ ગયા, જનાબની સાથે ઓલમા અને તાલીબે ઈલ્મ પણ હતા. જે વખતે બજાર પાસે પહોંચ્યા તો વેપારીઓ સ્વાગત માટે આવ્યા, એ જનાબ બજારના દરવાજામાં ગયા. ત્યાં વેપારીઓમાં આપસમાં ઝગડો થવા લાગ્યો. એક કહે પહેલે મારી દુકાને આવે, બીજો કહે પહેલે મારી દુકાને આવે. એ તકરાર સાંભળવાથી એ સાહેબ ત્યાંજ

બેસી ગયા અને ફરમાવ્યું: તમારો ઝગડો દૂર કરવા એક ઉપાય બતાવું છું. જે શખ્સ વધારે નાણું આપે તેની દુકાને પહેલો આવીશ.

તે વખતે તેઓમાંનો એક શખ્સ એક વાસણમાં નાણા ભરીને એ જનાબની ખિદમતમાં ગયો. એ જનાબે પહેલા ફકીરો, ગરીબોને બોલાવી એ નાણું વહેંચી આપ્યું. પછી આપ તેની દુકાને ગયા.

‘નાજી’ કહે છે કે કોઈને એવો વહેમ ન જાય કે એ સાહેબ નાણાના લાલચુ હતા, જો

નાણાના લાલચુ હોત તો ત્યાંને ત્યાં જ ફકીરો-ગરીબોને આપી ન દેત.

એક વખતે એક તાલીબે ઈલ્મે, બીજા તાલીબે ઈલ્મને કહ્યું: હું ચાહું છુ કે એ જનાબની દીકરી સાથે શાદી કરૂં, મારા માટે શેખની દીકરીની માંગણી કરો અને શેખને વાત કરો. બીજે દિવસે સબક લેવા ગયા તે વખતે તે શખ્સે ચાહ્યું કે શેખને એ વાત કરે, પણ શેખના રોઅબના કારણે બોલી શકયો નહી. અને શરમના કારણે પરસેવાથી રેબઝેબ થઈ ગયો. એ જ વિચાર અને ફિકરમાં હતો એટલે સુધી કે એ વાત

કરવાનું માંડી વાળી પાછો જવાનો વિચાર કર્યો. દર્સ પૂરો થયો અને બધા પોત-પોતાના ઘરે ગયા. અને આ શખ્સે પણ જવાનો ઈરાદો કર્યો તો જનાબ શૈખે એકાંતમાં લઈ જઈને પૂછયું: તું કંઈક વાત કરવા માંગે છે તો બયાન કર. તેણે ઈન્કાર કરીને કહ્યું: વાત તો કંઈ કહેવાની નથી. જનાબે ફરમાવ્યું: અલબત્ત કાંઈ હાજત હોય તો બયાન કર, અને જે હાજત હશે તે પૂરી થશે.

તે વખતે એ શખ્સે વિચાર કર્યો કે હવે શરમ છોડવી પડશે અને શેખ સ્વીકારવા

તૈયાર છે તો બેહતર છે કે પોતાના માટે જ વાત કરૂં, એમ વિચારીને કહ્યું: આપની દીકરી સાથે શાદી કરી આપો. આ સાંભળીને શેખ તેનો હાથ પકડી ઘરમાં લઈ જઈ તેજ વખતે પોતાની છોકરી સાથે નિકાહ પઢી આપ્યા, અને તેજ રાત્રે તેઓ માટે એક ઓરડી ખાલી કરી તેઓને સોંપી દીધી, જ્યારે અર્ધી રાત થઈ તો શેખે તેઓના રૂમ પાસે જઈને કહ્યું કે ઉઠો, તમારા માટે ગરમ પાણી તૈયાર છે. ગુસ્લ કરીને નમાઝે શબ પડી લ્યો.

એ જનાબની કરામત વિશે એક નકલ છે કે લાહીજાન નામના ગામમાં પોતે ગયા, ત્યાં એક શખ્સે આવીને અરજ કરી યા હઝરત આપની ખીદમતમાં ખાનગીમાં એક અરજ કરવાની છે, તે વખતે એ જનાબે ખીલવત (એકાંત) કરી, તેણે કહ્યું મને ઓરત છે પણ એક દીવસ જંગલમાં ગયો ત્યાં એક છોકરીને જોઈ બહુજ ખુબસુરત અને રૂપાળી હતી તેને જોઈ હયરાન થયો, તેણીને પૂછ્યું તું કોણ છો? અને અહીં શા માટે આવી છો ? તેણે કહ્યું હું જીન્નાતની કૌમમાંથી છું, પણ તારા પર આશક થઈ

ગઈ છું માટે ઘરે જઈને મારા માટે એક કોટડી જુદી ખાલી કરી રાખજે. અને પોતાની ઓરતોથી છેટે રહેજે હું હંમેશા રાત્રે ત્યાં આવીશ, અને ખબરદાર આ વાત કોઈને કરીશ નહીં, અગર જો કોઈને વાત કરી તો યાદ રાખજે તને હલાક કરી નાખીશ.

તે વખતે તેણીની બીકથી તમામ બાબતો તૈયાર કરી રાખી, તો તે દીવસથી આજ સુધી હમેંશા તે જીનની છોકરી મારી પાસે આવે છે, અને મારે ત્યાં માલ પણ ઘણો લાવે છે, પણ હું તેણીથી કંટાળીને

મરવાની હાલતે પહોંચ્યો છું તેથી આજે આપને મારા ભેદની વાત બયાન કરી દીધી, તમો નાએબે ઈમામ છો માટે મહેરબાની કરી એ બાબતનો ઈલાજ કરો અને એ બલાથી મને નજાત આપો.

આ કયફીયત સાંભળીને એ જનાબે બે ચીઠ્ઠી આપીને ફરમાવ્યું એક ચિઠ્ઠી તારી પાસે હાથમાં રાખજે અને બીજી ચીઠ્ઠી તે જે માલ લાવી છે તે માલ ઉપર રાખજે, અને તે જીનની છોકરી આવે તે વખતે એ ચીઠ્ઠી બતાવીને કહેજે કે આ ચીઠ્ઠી શેખ જાઅફર નજફીએ લખી છે, પછી એ શખ્સે તે મુજબ

અમલ કર્યો અને ચીઠ્ઠી લઈને બેઠો ત્યાં પોતાની હંમેશની આદત મુજબ તે છોકરી આવી. એ શખ્સે તે ચીઠ્ઠી બતાવીને કહ્યું આ ચીઠ્ઠી જનાબે શેખ જાઅફર નજફીએ લખી છે એ જોઈને તે છોકરી ત્યાંની ત્યાંજ ઉભી રહી આગળ આવી નહીં, પણ તે પોતે માલ લાવેલી ત્યાં ગઈ કે પોતાનો માલ ઉપાડી જાય, પણ તેના ઉપર પણ ચીઠ્ઠી જોઈ તેથી માલ લીધો નહીં અને તે શખ્સને કહ્યું શું કરૂં હું મજબુર છું. જો જનાબ શેખ સાહેબે ચિઠ્ઠી લખી ન હોત તો તને હલાક કરી નાખત,

એ મુજબ કહીને ચાલતી થઈ. પછી ફરીને કોઈ વખત આવી નહી.

# (૧૦ થી ૧૫) છ આલીમોનો અહવાલ.

કસસુલ ઓલમાની અંદર કેટલાક આલીમનો અહવાલ ઘણો લબાંણથી છે અને કેટલાકનો ટુંકમાં છે, અને તેમાં તેઓએ લખેલી કિતાબો વીગેરેનું જ બયાન લખેલ છે.

૧૦. જનાબે શેખ ફખરૂદ્દીન સાહેબ તુરયહી નજફી રહમતુલ્લાહ. એ સાહેબ ઘણા પરહેઝગાર, આબીદ અને આલીમ હતા, તેઓની તસનીફ કરેલી કિતાબ

“મજમઉલ બહરૈન” “મતલેઉનનય્યેરયન” કુરઆની તફસીર તથા એ સીવાય બીજી કેટલીક કિતાબો ઈમામે હુસૈન અ.ના અહેવાલમાં લખેલ છે.

૧૧. જનાબે શેખ જાઅફર બીન કમાલુદ્દીન બહરૈની, તેઓની હાલત તંગ હોવાથી બહરયનથી શીરાઝ ગયા, ત્યાંથી હિન્દુસ્તાનમાં હયદરાબાદમાં આવીને વસ્યા.

૧૨. જનાબે શેખ અહમદ બીન સાલેહ બહરૈની પરહેઝગાર અને ઝાહીદ હતા, કેટલીક કિતાબો તસનીફ કરેલ છે,

રીસાલએ ઈસ્તેખારાહ વીગેરે, સને ૧૧૨૪ હીજરીમાં ખુદાની રહમતે પહોંચ્યા.

૧૩. અલી ઈબ્ને અબદુલ્લાહ બહરૈની, હીકમત વીગેરેમાં કામીલ હતા, અને કેટલીક કિતાબો જેમકે રીસાલએ ઈલ્મે કલામ વી. તસનીફ કરેલ.

૧૪. અલી ઈબ્ને હુસૈન બીન યુસુફ તે પણ એક બુઝુર્ગ શખ્સ હતા.

૧૫. જનાબ શેખ મહમ્મદ બીન અબદુસ્સલામ એ પણ એક સારા આલીમ હતા, એકસો વર્ષની જિંદગી ભોગવી જન્નતે નઈમમાં તશરીફ લઈ ગયા.

# (૧૬) આખુન્દ મુલ્લા હસન યઝદી સાહેબનો અહવાલ

એ જનાબ બહુજ ઝબરદસ્ત આલીમ અને ફાઝીલ હતા, ઈરાનમાં રહેતા હતા. પરહેઝગારી અને ઈબાદત જનાબે મઝલુમે કરબલા ઈમામે હુસૈન અ.ની મુસીબતમાં રોવું અને મજલીસો કરવી એ બાબતોમાં ખૂબજ આગળ વધી ગયેલા હતા, અને આખરમાં કરબલાએ મોઅલ્લા રહેવા આવેલા અને ત્યાંજ ખુદાની રહમતે પહોંચ્યા. તેઓની તાલીફ કરેલી કિતાબ

“મહીજુલ અહઝાન” છે કે જેની અંદર ઈમામે હુસૈન અ.ની મુસીબતની મોઅતબર રીવાયતો દરજ કરેલ છે. સુલતાને અઅઝમ ફતેહ અલીશાહે પોતાની દીકરી એ જનાબના ફરઝંદને આપવાની ખાહીશ કરી પણ એ સાહેબે કબૂલ કર્યું નહીં.

એ સાહેબની એક કરામતની હીકાયત એ છે કે જે વખતે પોતે ઈરાનના ગામ યઝદમાં હતા, તે વખતે ફતેહઅલી શાહ તરફથી જે હાકીમ હતો તે લોકો પર બહુજ ઝુલ્મ કરતો હતો, તમામ રય્યત તેનાથી નારાજ અને તંગ થઈ ગઈ હતી. એ

આલીમ મુલ્લા હસન અલીએ રય્યતને હુમક આપ્યો કે એ ઝાલીમ હાકીમને બેઈઝ્ઝત કરી ગામમાંથી કાઢી મુકો, રય્યતે આ હુકમ માથે ચડાવી તેને કાઢી મુકયો, બાદશાહને આની ખબર પડી, લોકોએ ખરી હકીકત ન કહેતાં ગોટાળા ભરેલી વાત કરી, તેથી બાદશાહને આલીમ ઉપર બહુજ ગુસ્સો આવવાથી દરબારમાં બોલાવી એ બાબત પુછી અને એવી વાતો કરી કે આલીમ એ બારામાં ઈનકાર કરે કે મેં હાકીમને કાઢી મુકવાનો હુકમ કરેલ નથી કે તેથી તેને સજા કરવી ન પડે; પણ આ

સાહેબ એવા પરહેઝગાર હતા કે ફતેહઅલીશાહને ગુસ્સામાં જોયા અને તેની મરજી ઈનકાર કરવાની હોવા છતાં પોતે ઈનકાર ન કરતાં જે ખરી હકીકત હતી તે બયાન કરીને કહ્યું, એ તમારા હાકીમનો બેહદ ઝુલ્મ હોવાથી રય્યત કંટાળી ગઈ, તેથી મેં હાકીમને કાઢી મુકવાનો હુકમ કર્યો; સુલતાનને વધારે ગુસ્સો આવવાથી હુકમ કર્યો કે મુલ્લાના પગ બાંધી ઉપર છડી મારો તેજ વખતે નોકરોએ એ બીચારાના પગ બાંધ્યા, પણ બાદશાહની મરજી એવી કે કોઈ રીતે મુલ્લા ઈનકાર કરેતો સજા

કરવી ન પડે તેથી અમીનુદ્દવલાને કહ્યું, આ તકસીર આ મુલ્લા આખુન્દથી થઈ નહીં હશે, લોકોએ નાહક તેઓનું નામ લીધું હશે, મતલબ કે હજુ પણ મુલ્લા ઈનકાર કરે તો છોડી મુકે.

પણ આખુન્દ સાહેબે ફરમાવ્યું, અરે બાદશાહ શા માટે મારી પાસે ખોટું બોલાવો છો, તેના ઝુલમના સબબથી મેં પોતે તેને કાઢી મુકાવ્યો છે, અને રઅ્યત તથા ગરીબ લોકો વગેરે કોઈની તકસીર નથી, તે વખતે બાદશાહે ઈશારો કરવાથી અમીનુદ્દવલાએ બાદશાહ પાસે સીફારીશ કરીને આખુન્દ

મુલ્લાના પગ છોડાવી નખાવ્યા, આખુન્દ પોતાને ઉતારે ચાલતા થયા.

તેજ રાતના બાહશાહે હઝરતે રસૂલેખુદા સ.ને સ્વપ્નામાં જોયા કે હઝરતના બંને પગના અંગુઠા ભેગા બાંધેલા છે અને હઝરત ભોંય પર પડેલા છે, ફતેહ અલીશાહે હઝરત પાસે જઈ સલામ કરી, હઝરતે બાહશાહ તરફ ધ્યાન ન આપ્યું. બાદશાહે અરઝ કરી યા રસૂલેખુદા આપના પગ મુબારક કોણે બાંધ્યા છે? મને કહો એટલે બાંધનારને સખત સજા કરૂં. હઝરતે ફરમાવ્યું, અરે મારા પગતો તેં બાંધેલા છે,

ફતેહઅલી શાહે અરજ કરી યા મૌલા મારાથી આ બેઅદબી થઈ નથી, હઝરતે ફરમાવ્યું, અરે ભુલી ગયો? આજેજ તેં આખુન્દ મુલ્લા હસનના પગ બંધાવ્યા છે, મતલબ કે તેના પગ બંધાવ્યા તે ગોયા મારા પગ બંધાવ્યા બરાબર છે. 'નાજી' કહે છે કુરબાન થાય આપણી જાન એ રસૂલે નામદાર પર કે પોતાની ઉમ્મતના આલીમોની કેટલી કદર કરે છે? પછી એ સ્વપ્નું જોવાથી શાહ ડરી ગયો, સવારના ઉઠી મુલ્લા આખુન્દની ઈઝ્ઝત કરી ખીલઅત (પોશાક) ઈનામમમાં આપી વતન

ન જવા અરજ કરી, એ સાહેબ વતન ન જતાં ત્યાંજ રહ્યા.

પછી એ જનાબ આખરી ઉમરમાં ‘કરબલાએ મોઅલ્લા’ માં ગયા, ત્યાં હંમેશા પોતાના ઘરે જનાબે ઈમામે હુસૈન અ.ની મજલીસ કરતા હતા, બીજા ઝાકીર લોકો પઢતા પછી છેલ્લે પોતે પઢીને મજલીસ ખત્મ કરતા હતા, અને મસ્જિદમાં પણ વાએઝ કરતા અને મુસીબતનું બયાન પઢતા. આ કિતાબ લખનાર આલીમ લખે છે હું પણ એ સાહેબને ત્યાં મજલીસમાં જતો, તેઓને રબશાની બીમારી હોવાથી

બરાબર સમજાય તેવી રીતે પડી શકતા ન હતા, તો પણ રીકકત સારી રીતે થતી હતી.

એ જનાબની ઝબાનથી મીમ્બર ઉપરથી કહેલી વાએઝમાંથી એક આ પણ છે. તેઓ ફરમાવતા મેં હઝરતે રસૂલેખુદા સ.ને સ્વપ્નામાં જોયા, તે વખતે મેં હઝરતને પૂછ્યું કે રિવાયતમાં છે કે જનાબે ઈમામ હુસૈન અ.ને શહાદતની વખતે બે વખત ગશ આવી ગયો છે તે સાચી વાત છે? હઝરતે જવાબ આપ્યો ખરી વાત છે, બલ્કે અય આખુન્દ મારા ફરઝંદ હુસૈનને શહાદતને વખતે ચાર વખત ગશ આવેલ

છે, એની તફસીલ ‘અસરારૂલ મસાએબ’ તથા ‘ઈકલીલુલ મસાએબ’ નામની કિતાબમાં હું લખી ચુકયો છું, અને એક વખતનો ઝિક્ર છે કે મોહર્રમના દિવસોમાં મારા ઉસ્તાદ આકા સૈયદ ઈબ્રાહીમ સાહેબ અલયહીર રહમાને ત્યાં મજલીસમાં હુ ગયો, ત્યાં એ જનાબ આખુન્દ મુલ્લા હસન સાહેબ પણ આવ્યા અને મારા ઉસ્તાદની બાજુમાં બેસી ગયા, મારા ઉસ્તાદે તેઓની સારી રીતે તાઅઝીમ કરી, પછી કોઈ ઝાકીર મજલીસમાં પડયા, તેમાં એ બયાન કર્યું કે કરબલામાં શહીદોની લાશ પાસે સિંહ

આવ્યો અને એ સિંહ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ. હતા, કે સિંહની સુરતમાં કત્લ ગાહની અંદર આવેલા.

જે વખતે તે પડીને નીચે ઉતર્યા તો આ જનાબ આખુન્દ સાહેબે તેમને પોતાની પાસે બોલાવ્યા, તે ઝાકીર પાસે જઈ એ સાહેબના હાથ ચુમી સામે બેઠા, એ જનાબે ફરમાવ્યું કેમ મુલ્લા મીમ્બર ઉપર બયાન કર્યું કે તે સિંહ હઝરત અલી અ. હતા, પણ એ બાબત ખોટી છે હઝરત અલી અ. સિંહ બનીને આવે નહી માટે હવેથી એવી બાબતો

મીમ્બર ઉપરથી પડીશ નહી અને તૌબા કર.

આ સાંભળીને તે ઝાકીર તૌબા કરી, એ તમામ હકીકત મારા ઉસ્તાદ જોઈ રહ્યા પણ કાંઈ બોલ્યા નહી.

અને એ રીવાયત સિહની ઘણે ઠેકાણે મશહુર છે, પણ તે સિહ પોતે હઝરત અલી અ. હતા તેવું હદીસથી સાબિત નથી, અને એ કીસ્સો જેઓએ બયાન કર્યો છે તે એક અલ્કમી ખેતીવાળા પાસેથી બયાન કરેલ છે, અને તેણે એક જીન્નાણી પાસેથી સાંભળ્યું છે, તેથી તે કોલનો એઅતેબાર નથી, અને

એ કીસ્સો તફસીલથી 'ઈકલીલુલ મસાએબ'માં લખી ચુકયો છું, અને તે બાબતે ઘણી મહેનત લઈ તહકીક કરી છે.

# (૧૭) જનાબ સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરી સાહેબનો અહવાલ.

જનાબ સૈયદ નેઅમતુલ્લાહ બીન સૈયદ અબદુલ્લાહ જઝાએરી. તે બહુજ મોટા આલિમ, ફાઝીલ, અદીબ, લબીબ, હસીબ, અને નસીબ હતા. તેમની સમજ શક્તિ ઘણી ઉંચી હતી. તેઓના ફરઝંદ સૈયદ વલીયુલ્લાહ તે પણ ફાઝીલ હતા. એ સાહેબના ખાનદાનની બુઝર્ગી હજુ સુધી

ચાલી આવે છે, તેઓ અરબના લોગત અને હદીસના ઈલ્મમાં વધારે હોંશિયાર હતા, અને મોટા મોટા આલીમો પાસે ઈલ્મ હાસીલ કરેલ, જેવાકે આકા જમાલ ખાનસારી, મુલ્લા મોહસીને ફયઝ, શેખ અલી બીન શેખ મોહમ્મદ બીન શેખ હસન બીન શેખ ઝયનુદ્દીન શહીદ, આખુનદ મુલ્લા મોહમ્મદ બાકર મજલીસી, અને બીજાઓ કરતાં જનાબે મજલીસી અલયહીર રહમા પાસેથી વધારે ઈલ્મ હાસીલ કરેલ છે, જેમકે પોતે પોતાની કિતાબ 'અનવારૂન્નોઅમાનીયાહ'માં લખે છે કે

જનાબે મજલીસીના એક હજાર કરતાં વધારે શાગીર્દ હતા, અને સૌથી વધારે મારા પર મહેરબાની રાખતા અને વધારે પ્યાર કરતા હતા, એટલે સુધી કે ઘણે ભાગે રાતના વખતે મને કિતાબ ખાનામાં રોકતા, તે સમયે તેઓ 'બેહારૂલ અનવાર' નામની કિતાબ તસનીફ કરતા હતા, તેમાં મારી મદદ લેતા અને મજલીસી સાહેબ ખુશમીઝાજ અને બહુજ મીઠાશવાળા હતા. તેમનામાં રોઅબ અને હયબત પણ હતો. જે વખતે તેઓની પાસે જતો તો હયબતના સબબથી મારૂં દીલ ધડકતું હતું, તેથી

દરવાજા પાસે થોડીવાર ઉભો રહેતો, અને થોડીકવાર ઠહેરીને પછી અંદર જતો. આપ જનાબ મીરઝા ઈબ્રાહીમ આખુન્દ મુલ્લા સદરીના ફરઝંદની પાસે પણ તાલીમ લેતા હતા.

‘અનવારે નોઅમાનીયાહ’માં એ સાહેબ લખે છે કે એક વખત માહે રમઝાનની ઈદની રાતે કે તે જુમ્આની રાત હતી, દિવસના ભાગમાં ઘણી આજેઝી કરેલી. તે રાતના સ્વપ્નામાં જોયું કે એક મોટા જંગલમાં ઉભો છું, તે મેદાનમાં એક ઘર છે, લોકો ચારે તરફથી આવીને તે મકાન તરફ

જાય છે. મેં પણ તે મકાન તરફ જવા ચાહયું અને તે મકાન પાસે ગયો તો દરવાજાની ઉપર એક શખ્સને જોયા કે તે બેઠેલો છે અને લોકોની આગળ મસાએલ બયાન કરે છે, મેં પૂછ્યું આ કોણ છે? જવાબ મળ્યો પયગમ્બર છે. એ સાંભળીને હું સફોની અંદર જગ્યા કરીને હઝરતની પાસે પહોંચી ગયો અને અરજ કરી, અય અમારા જદ તમારી ફરમાવેલી એક દુઆ મળી છે કે તે નમાઝ શરૂ કરવાની પહેલે પઢવાની છે તે દુઆની અંદર આપનું મુબારક નામ છે, પણ આપના નામ સાથે

હઝરત અલી અ.નું નામ નથી, તો પણ હું તો તે જગ્યાએ હું અલીએ મુરતઝાનું નામ લઉં છું, તો તે વિષે મને ડર રહે છે કે કદાચ એ બીદઅત ન ગણાય.

હઝરતે બંને આંગળીઓને આપસમાં મેળવીને ફરમાવ્યું, મારા ઝિક્રની સાથે અલીનો ઝિક્ર બીદઅત નથી, જે વખતે ખ્વાબથી બેદાર થયો તો બીજી કોઈ કિતાબની અંદર જોયું કે તે દોઆમાં હઝરતે રસૂલેખુદા (સ.અ.વ.)ના નામ મુબારક સાથે જનાબે અમીરૂલ મોઅમેનીન અ.નું પણ નામ લખેલું છે.

એ જનાબ પોતાના અહવાલમાં એક કિતાબ લખી છે, એ જનાબ બહુજ મીઝાહ (મીઠી મઝાક) કરતા હતા, કેટલીક કિતાબો સારી લખી છે તેમાં વળી રમુજી બાબતોની પણ કિતાબ છે, તેનાથી ઈલ્મ સિખનાર ખુશ થાય અને નસિહત પણ મળે.

એ સાહેબે પોતાનો અહવાલ લખ્યો તેમાં છે કે મારો જન્મ સને ૧૦૫૦ હીજરીમાં થયો અને આ વખતે મારી ઉમ્મર ૩૯ વરસની થઈ છે, આટલી નાની ઉમ્મરમાં મારા પર કેવી કેવી મુસીબતો આવી છે જે આ મુજબ છે.

પાંચ વરસની ઉમ્મરમાં બચ્ચાઓમાં રમતો હતો, એક વખત મારા મિત્રો સાથે રમતગમતમાં મશ્ગુલ હતો ત્યાં મારા વાલીદે ફરમાવ્યું ઓ ફરઝંદ મારી સાથે ચાલ, આપણે મોઅલ્લીમ પાસે જઈએ, તું લખવા પઢવાનું સીખ, તેથી તું મોટે દરજે પહોંચીશ. એ સાંભળીને મેં રોઈને ઈનકાર કર્યો પણ કાંઈ વળ્યું નહી, આખરે મોઅલ્લીમ પાસે લઈ ગયા અને અલીફ, બે શીખવા શરૂ કર્યા, બીજે દીવસે મારી મા પાસે જઈને કહ્યું મારે મકતબમાં જવું નથી, મારી માએ મારા વાલીદને કહ્યું, વાલીદે

માન્યું નહિ. આખર મેં વિચાર્યું કે ઝટ લઈને મકતબમાં જે શિખવાનું હોય તે શીખી લઉ એટલે પછી રમવા થાય, એવો વિચાર કરી એટલી એટલી મહેનત કરી કે છ મહીનામાં એટલે સાડા પાંચ વરસની ઉંમર થઈ ત્યાં કુરઆને શરીફ ખતમ કર્યું, કેટલાક કસીદા અને શેર યાદ કરી લીધા, તે વખતે મેં મારી માને કહ્યું હવે મને મકતબમાંથી ઉઠાવી લો, હવે બચ્ચાઓ સાથે જઈને રમું, તે વખતે મારા વાલીદે ફરમાવ્યું અય ફરઝંદ આ મસલાની કિતાબ લઈને ચાલ કે ઉસ્તાદ તને શીખવે, હું રોવા લાગ્યો.

તેઓએ સખ્તી કરી, આખરે એક આંધળાની પાસે લઈ ગયા, તેને ઝબાન પર મસઅલા, બસરવીય્યહ, અને તસરીફે ઝંજાની (અરબી ભાષા શીખવવાની કિતાબો છે) યાદ હતી, તે મને યાદ કરાવતો હું તેની લાકડી પકડીને દોરતો અને તેની ખીદમત કરતો કે તે સારી રીતે શીખવે, આખર ત્યાંથી બીજા પાસે ગયા, તે શખ્સે હમેંશા બાગમાં લઈ જઈ ઘાસ કપાવી ભેગું કરાવી, માથે ઉપડાવી ઘરે લઈ જતો, અને તે કહેતો આ ઘાસ કપાવી ઉપડાવવું છું તે કોઈને કહીશ નહી, જે વખતે ઘાસની મોસમ ખતમ થાય

તો બીજું કામ બતાવતો અને ભાર ઉપડાવતો, એટલે સુધી કે મારા માથામાં ખાડા પડી ગયા, વાલીદે પૂછ્યું કે આ ખાડા કેવા છે? મે કહ્યું ખબર નથી એમજ થયા હશે, તેઓએ દવા કરી તેથી રૂઝાઈ ગયા, ત્યાંથી બીજી કિતાબ શીખવા એક ગામડે ગયો ત્યાં હું શીખતો હતો, એક દીવસ મસ્જિદમાં એક શખ્સ સફેદ કપડાં પહેરી મોટી મોટી પાઘડી બાંધીને આવ્યો, એવો હાલ હતો કે લોકો સમજે જાણે કોઈ મોટા આલીમ છે. મેં તેને સર્ફનો સીગો પુછયો, તો જવાબ આપી શકયા નહી, તેથી મેં કહ્યું

એટલું જાણતા નથી તો શા માટે આવડી મોટી પાઘડી માથે રાખી ? આ સાંભળી લોકો હસવા લાગ્યા અને તે બીચારો ચાલતો થયો. પછી હું તે વિષે તવબા કરી કે શામાટે તે મોમીનને શરીમીંદો કર્યો, પણ ખુદાનો શુક્ર કરૂ છું કે તે વખતે હું બાળક હતો, બાલીગ થયો ન હતો.

કેટલીક મુદ્દત પછી બીજે ગામ ગયો, ત્યાં એક મોટા આલીમ રહેતા હતા અને મારા મોટા ભાઈ મરહુમ મગફુર ફાઝીલ, સાલેહ, નેકબખ્ત સૈયદ નજમુદ્દીન પણ ત્યાંજ હતા, પણ મારા ભાઈ ત્યાંથી આવતા

રહયા તેથી હું પણ તેઓની સાથે પાછો આવ્યો.

વળી ઘરેથી ‘શત્તે બની અસદ’માં ગયો, ત્યાં એક આલીમ પાસે લાંબી મુદ્દત સુધી રહયો, વળી ત્યાંથી પાછો આવ્યો. મારો મોટો ભાઈ ‘હવીઝા’માં ગયો હતો, તેથી મેં વાલીદને કહ્યું મારે પણ ત્યાં જવું છે, તેથી વાલીદે ‘શત્તે સહાબ’માં કશ્તી ઉપર બેસાડી દીધો, અમો રવાના થયા, નદી ઘણી નાની બંને કીનારા પાસે પાસે હતા, ફકત એક કીશ્તી ચાલી શકે એટલી જગ્યા હતી, રસ્તામાં મચ્છર મોટા મોટા ઝંબુર જેવડા

હતા, જ્યા ડંખ મારે ત્યાં સુજી જતું હતું, રસ્તામાં ભેંસો ચારનારા હતા તેથી તેઓના ઝુંપડામાં ગયા કે કાંઈ ખાવાનું આપે, અસરને વખતે ત્યાં ગએલા, ઘરધણીએ બીછાનું બીછાવી આપ્યું, મગરીબને વખતે અમો નમાઝ પડયા, હવે ભુખ લાગેલી ખાવાની ઈન્તેઝારીમાં બેઠા હતા, આખર સુવાનો વખત થયો પણ જમવાનું આવ્યું નહિ, આખર વાટ જોઈને થાકી ગયા છેવટે ઉંઘ આવવા લાગી, થોડી રાત ગયા પછી ઘરધણીએ આવી પોતાની ભેંસોના નામ લઈને બોલાવી તેથી તે ભેંસો તરત ત્યાં

આવી, મેં કોઈને પૂછ્યું આ શખ્સ ભેંસોને શા માટે બોલાવે છે? તેણે કહ્યું તેનું દુધ દોઈ, તેમાં ચોખા નાખી તમારા માટે ખાવાનું પકાવશે, મેં કહ્યું " ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન" પછી સુઈ ગયો, સુબ્હનો વખત નજીક હતો તે વખતે એક મોટો પ્યાલો લાવીને અમને જગાડયા, અમોએ પ્યાલાની અંદર ચોખા તો જોયા નહી પણ દુધ હતું, કાંડા સુધી હાથ અંદર નાખીને તે ખાધું, ભુખ વધારે લાગી હતી, પ્યાલાના તળીએ ચોખાના થોડા દાણા દેખાણા, આખર સવારના રવાના થઈ

હવીઝે પહોંચ્યા, મારો ભાઈ કોઈ વડીલના ઘરે મહેમાન હતો અને ‘શરહે જામી’ કિતાબ કોઈની પાસે પડતો હતો, હું પણ તેના સબકમાં શરીક થયો, તે ઉસ્તાદ પણ અમારી પાસે બહુજ કામ કરાવતો હતો.

તે ઉસ્તાદનું નામ શેખ હસન હતું, દરેક શાગીર્દને હુકમ કરેલો કે જે વખતે જાજરૂ માટે નદી તરફ જાય તો બબે પત્થર અથવા ઈંટો કીલ્લા પાસેથી લાવવી, કોઈ વખતે વધારે વખત જવું પડે તો વધારે પત્થર લાવતા, જે વખતે પત્થર ઘણા થઈ ગયા તો મકાન ચણવું શરૂ કર્યું , કડીયા તો

પૈસા આપીને બોલાવ્યા પણ મજુરોને બદલે અમો કામ કરતા હતા, અને જે વખતે કોઈ ઠેકાણે જતા તો ભાર પણ ઉપાડવાનો વખત આવે. તેઓ પોતાની કીતાબના હાંશીયા ઉપર જે લખ્યું હોય તેની નકલ કરવા આપતા ન હતા, આખર અમો ચોરીથી તે લખાણ લખી લેતા હતા, અમારી એવી હાલત હોવા છતાં અમો તેમનાથી બહુજ રાજી રહેતા હતા અને ઘણી ખીદમત કરતા કે તેઓની જિંદગીની બરકતથી અમોને ફયઝ મળે, અને તેઓ કિતાબના બહુજ શોખીન અને હરીસ હતા, તેઓને

અવલાદમાં દીકરો ન હોવાથી એ કિતાબો તેઓના દામાદ (જમાઈ)ના હાથમાં આવી.

આગળ તેઓના પઢવાનો અહવાલ બયાન થયો, હવે તે સાહેબના જમવાનો હાલ બયાન થાય છે કે જે સાંભળવાથી દીલ ભરાઈ આવે છે, ત્યાંના એક અકાબેર (મોટા માણસ)ને ત્યાં ખાતા હતા, હવે ઘણી વખત એવું બનતું કે મદ્રેસામાં વાર લાગતી તેથી બપોર થઈ જતી, અને ઉતારે જતા તો તેઓ ખાઈ પીને ફારેગ થતા તેથી અમોને ખાવાનું મળતું નહિ અને રાત સુધી ભુખ્યા રહેતા, મારો મિત્ર રસ્તામાંથી ખરબુઝાની

છાલો વીણીને ખાતો, પણ શરમથી મારાથી એ હાલ છુપાવાતો હતો, તેને એમ કે મને ખબર નથી, પણ મારો પણ એવોજ હાલ હતો, હું પણ ખરબુઝાની છાલ ઉપાડીને ખાતો. એક વખત કામ માટે તેની પાસે ગયો તો જોયું કે દરવાજાની પાછળ બેસી ખરબુઝાની છાલો ભેગી કરીને ખાય છે તેને માટી પણ ચોંટી હતી, તે જોઈને હું હસ્યો, તેણે પૂછ્યું શા માટે હસે છે? મેં કહ્યું ભાઈ તારા વિશે નથી હસતો, બલકે મારો પણ એજ હાલ છે. તે વખતે તેણે કહ્યું, આપણને એક બીજાના હાલની ખબરી પડી ગઈ,

પરદો ઉઠી ગયો, માટે હવેથી આપણે બંને ભેગા થઈ, ખરબુઝાની છાલો વીણી તેને ધોઈને ખાઈશું. રાતના વખતે દીવો ન હોવાથી ચંદ્રની રોશનીમાં કિતાબો વાંચતા, અને અંધારામાં જે ચીજો મોંઢે યાદ કરી હોય તે ફરીને યાદ કરતા કે ભુલી ન જઈએ, અને જે વખતે લોકોની વચ્ચે બેઠો હોઉં તો કહેતો કે મારૂં માથું દુ:ખે છે એમ કરીને બંને ગોઠણની વચમાં માથું નાખી પોતાનો સબક યાદ કરતો હતો, એ મુજબ એક મુદ્દત સુધી મારી એવીજ હાલત રહી.

અંતમાં એ જનાબ લખે છે કે પછી મારા વાલીદે બુઝુર્ગવાર જઝાએરથી આવ્યા અને કહયું, તમારી મા તમારા દીદારની તલબગાર છે માટે ચાલો, તેથી અમો પાછા જઝાએર પોતાના ગામે ગયા, ત્યાં થોડા દિવસ રહી પાછા હવીઝે આવ્યા, ત્યાં એક શખ્સ જઝાએરનો રહેવાસી શીરાઝ જવા ચાહતો હતો, તેથી હું તેની સાથે જઝાએર આવ્યો મારા ભાઈ બસરે ગયા, હું જઝાએરમાં ચાર દિવસ રહી તે શખ્સની સાથે કિશ્તીમાં બેસી બસરા ગયો, અને ઘરે એ બાબતની ખબર કરી નહિ, જતી વખતે

ધાસ્તી હતી કે મારા વાલીદ મને બોલાવી લેશે તેથી કેટલેક દૂર સુધી પાણીની અંદર ચાલીને ગયો, અને પછી કીશ્તી પર સવાર થયો, રસ્તામાં કીનારે કેટલાક માણસો મળ્યા, કીશ્તીવાળા સાથે વાતો કરતા કરતા તકરાર થઈ, તેઓ કીશ્તી ઉપર પત્થર ફેંકતા હતા, અને કીશ્તી ચાલી જતી હતી, છેવટે બસરે પહોંચી ગયા, બસરામાં કેટલીક મુદ્દત રહી એક સાદાત આલીમ પાસે થોડું શીખ્યા, ત્યાં મારા વાલીદ જઝાએર લઈ જવા આવ્યા. અમોએ ખુશી સાથે હા પાડીને છુપી રીતે ભાડું બાંધી

શીરાઝ ગયા, મારો ભાઈ પણ સાથે હતો, રસ્તામાં પહાડ હોવાથી ચાલતા હતા, તે વખતે મારી ઉમ્મર ૧૧ વર્ષની હતી, અમો શીરાઝમાં સુબ્હની નમાઝ વખતે ગયા અને શેખ અમારી ભેગો હતો તેને ઘેર ગયા, ત્યાંથી મદરસએ મનસબીયામાં જવા નીકળ્યા કેમકે ત્યાં અમારા સગાઓમાંથી હતા, પણ અમો ફારસી બોલી જાણતા ન હતા તેથી જેમ તેમ કરીને ત્યાં પહોંચ્યા. જે જે તાલીબે ઈલ્મ બાહર નીકળતા તેને અમારી આવી હાલત જોઈ તેમને દુ:ખ થતું, ત્યાં ખરચ માટે થોડો સામાન થયો,

ઈલ્મ સીખવા લાગ્યા, પણ ખર્ચાની તંગીથી બહુજ ગભરાણા. મારા મિત્રે તથા ભાઈએ કહ્યું ચાલો પાછા, મેં કબૂલ કર્યું નહી, ગરમીના દિવસોમાં રાતના બીજાઓ મદરેસાના કોઠા ઉપર જતા, હું તો કોટડીમાંજ રહી આખી રાત સબક યાદ કરતો, સુબ્હની અઝાનનો સમય થવા આવે તે વખતે કિતાબ ઉપર માથું રાખીને થોડું સુતો; સવારના ઉઠી દર્સમાં જતા, રોટીનો ટુકડો કોઈ વખતે મળે, કોઈ વખતે ન મળે. કોઈ વખત શક થતો કે આજે ખાધું છે કે નહી, કોઈ વખત રસ્તામાં રોટી લઈ

ખાતાખાતા જતો, રાતના દીવો ન મળે, ચંદ્રના તેજમાં વાંચતો, એવી સખતાઈથી ત્યાં ત્રણ વર્ષ ગુજાર્યા અને આંખોમાં રોશની ઓછી થઈ ગઈને હજુ સુધી આંખોનો એજ હાલ છે, સરદી એટલી પડતી કે આંગળાઓમાં ઝખમ પડતા અને લોહી નીકળતું.

(એ પછી એ જનાબે જે જે કિતાબો સીખેલ તેના નામ લખેલ છે, પરંતુ તે નામો અહીંયા લખવાની જરૂર ન લાગી તેથી નથી લખતા) એક વખત દેશમાંથી ખબર આવી કે ફલાણા ફલાણા સગાઓ

ગુજરી ગયા છે, તેથી અમો તે દિવસે પઢવા ન જતાં મજલીસ કરી. બીજે દિવસે પઢવા ગયા તો ઉસ્તાદે કહ્યું, જાઓ હું હવે નહી પઢાવું, ગઈ કાલે કેમ આવ્યા ન હતા? અમોએ અમારો અહવાલ કહ્યો તેણે કહ્યું ભલે મરી ગયા પણ તમારે સબક લીધા પછી ગમીની મજલીસ કરવી હતી. જાઓ તમને પઢાવું તો મારા મા બાપ ઉપર લાઅનત છે, આખર અમોએ બહુજ વિનંતી કરી તે વખતે તેઓએ કહ્યું, તમારા બાપાના મરી જવાની ખબર આવે તો પણ સબક લેવા આવવું પડશે, અમોએ કબૂલ કર્યું .

એક વખતે પઢવામાં અદારી બાબત આવી, ઉસ્તાદે કહ્યું એ બાબત વિષે રાતના તમો વિચારી સમજીને સવારે આવશો, જેમને નહી આવડે તેમની પીઠ ઉપર, જેને આવડશે તેને બેસાડી ફલાણી જગ્યા સુધી લઈ જવાનું કહીશ.

સવારના અમો ગયા સર્વે તે બાબતનો અર્થ બયાન કર્યો, પછી મેં પણ જવાબ આપ્યો, તે વખતે ઉસ્તાદે કહ્યું એ તમામ જણે ગલત કહ્યું. તારૂં કહેવું દુરસ્ત અને બરાબર છે, માટે તે દરેકની પીઠ પર બેસીને ફલાણી જગ્યા સુધી જા, આખર

તેઓના હુકમ મુજબ અમલ કર્યો ને તે તમામ જણે મને પોતાની પીઠ પર બેસાડી તે જગ્યા સુધી બેસાડીને લઈ ગયા. અને એ મારો કહેલો અર્થ પોતાની કિતાબ ઉપર લખી રાખ્યો તે દિવસે ઉસ્તાદે મને પોતાના ઘરે લઈ જઈને કહ્યું, મારી છોકરી તને આપવા ચાહું છું, મેં જવાબ આપ્યો હમણાં નહિ, પણ જો ખુદા ચાહશે અને હું આલીમ થઈ, ઈલ્મથી ફારેગ થઈશ તે વખતે શાદી કરીશ.

પછી એ મારા ઉસ્તાદને હીંદુસ્તાન તરફ જવાનું થયું અને હયદરાબાદમાં

તેઓની ગોઠવણ થઈ. એક દીવસે મેં મારા ઉસ્તાદને પૂછ્યું કે શેખ અબ્દુલઅલી હવેઝીએ જે તફસીર લખી છે તે વિશે શું કહો છો? તેઓએ કહયું જયાં સુધી શેખ અબ્દુલઅલી જીવતા છે ત્યાં સુધી તેમની તફસીરની કદર એક પૈસાની નથી, પરંતુ મરવા પછી તેની એટલી તો કદર થવાની કે સર્વેથી પહેલે હું સોનાના પાણીથી લખી લઈશ.

લખે છે કે ઈસફેહાનના ફાઝીલોમાંથી એક શખ્સે એક કિતાબ લખી, પણ તેનો ફેલાવો થયો નહી અને કોઈએ ઉતારો કર્યો

નહી, તેથી કોઈ આલીમે પૂછ્યું, તમારી કિતાબની શોહરત શા માટે થતી નથી? તેઓએ જવાબ આપ્યો કે મારી કિતાબનો એક દુશમન છે, જે વખતે તે દુશમન મરી જશે તે વખતે કિતાબ મશહુર થશે, તેઓએ પૂછયું તે દુશમન કોણ છે? જવાબ આપ્યો કે તે દુશમન હું પોતે છું, એટલે હું મરી જાઉં તો તેની શોહરત થાય.

'નાજી' કહે છે હકીકતમાં ખરી વાત છે. વળી ખાસ કરીને કારણ તો એ કે જે આજુબાજુ વાળા હોય તેઓ જો મશહુર કરે તો થાય અને જયારે તેઓ કોઈ પણ

કારણથી ઉત્તેજન ન આપે તો બીજાઓને કેમ ખબર પડે? એક આ 'રાહેનજાત' ઓફીસનીજ કિતાબો તેમાં ખાસ કરીને કુરઆને શરીફની તફસીર 'અનવારૂલ બયાન'નો જ દાખલો જુઓ કે કેટલાક એવા શહેર અને ગામો છે કે જયાં પચીસ, પચાસ, સો સો, બસો બસો, સાહેબોએ તફસીર લેવી જોઈએ તેને બદલે ફકત બબે, ત્રણ ત્રણ, કે પાંચ પાંચ, સાહેબોએ તફસીર લીધી હશે. કેમકે કોઈ પુછે કે આ તફસીર કોણે પ્રગટ કરી છે? તો બીજો કહે અરે ઓલા ગુલામ અલીએ, તો ત્રીજો કહેશે

ઠીક, તેમાં શું હશે? ચોથો કહેશે કે અરે એમાં કાંઈ નથી (અગરચે એવી એવી બાબતો તેમાં છે કે એ સાહેબોએ ખ્વાબમાં પણ સાંભળી નહી હોય) પણ જો કોઈ પરદેશવાળો કે બીજી કોમવાળો એવી, બલકે એથી પણ ઓછા દરજાની લખાણ વાળી તફસીર પ્રગટ કરે તો કહેતે અહોહો વાહવાહ શું ખુબી ! તેની તાઅરીફ તો થઈજ શકે નહિ! બીજો કહેશે અરે ભાઈ એમાં શુ કહેવું? અરે લખનવ અને દિલ્હીવાળાએ લખી છે તે તો જરૂર લેવી જોઈએ, ત્રીજો કહેશે લ્યો આજે મજલીસમાં

મોઅમીનોને વંચાવીને ગ્રાહક કરીશું, ચોથો કહેશે અરે કેટલાક શેઠીયા મજલીસમાં નથી આવતા માટે દુકાનો ઉપર જઈને લેવા ભલામણ કરીશું, સવાર થઈ કે ત્રણ કે ચાર દોસ્તો રફીકો ભેગા થઈને નીકળે, દુકાને દુકાને જાય, ધડાધડ નામ નોંધવા શરૂ કરી, કોઈ જરા આના કાની કરે તો એકાદ જુવાનીયાએ મેણા મારવા શરૂં કર્યા, કેમ સાહેબ અરે તફસીર લેવી ભારે પડે છે ? ફલાણા ફલાણા કામમાં તો આગળ પાછળ જોતા નથી. તો ભાઈ સાહેબ બોલે છે તો લ્યો તમારી મરજી છે તો કાંઈ ના પડાશે?

પણ મને વાંચવાનો શોખ નથી, જવાબ સાંભળે કે ભલે તમો ન વાંચો પણ તમારી ઘરવાળી, છોકરા, દોસ્તો અને આવતા જતા ઘણા લાભ લેશે? અરે ઘરમાં હશે તો કોઈ પણ ઉપાડીને બે કલામ વાંચી લાભ લેશે, તરત એક સપાટામાં એકસો ગ્રાહક એકજ શહેરમાં થઈ જાય? ખયર. અલ્લાહ તઆલા સૌને નેક તવફીક આપે. (આમીન)

પછી એ જનાબે કહ્યું હુ શીરાઝમાં નવ વર્ષ સુધી રહ્યો, અને એ મુદ્દતમાં મારા ઉપર ખાવા પીવા વગેરેની એટલી સખ્તી પડી કે ખુદા સિવાય કોઈ જાણતું નથી. મને

યાદ છે કે એક વખત બુધવાર અને જુમેરાત, બે દીવસ ઉપરા ઉપર પસાર થઈ ગયા પણ કાંઈ ખાવાનું મળ્યું નહિ. જુમ્માની રાત્રે એવી હાલત થઈ કે આંખોમાં અંધારા આવવા લાગ્યાં, તેથી જનાબે ઈમામે મુસીયે કાઝીમ (અ.સ.)ના ફરઝંદ સૈયદ અહમદ સાહેબના કુબ્બામાં ગયો અને કબરને છાતીએ લગાડીને કહ્યું, હું તમારો મહેમાન છું. એમ કહીને ઉભો થયો ત્યાં એક સૈયદે આવીને મને ખાવાનું આપ્યું તેથી ખુદાનો શુકર કરી હમ્દ કર્યો.

એવો હાલ હોવા છતાં ઘણી વખત ઓલમા અને અસહાબો સાથે બાગમાં પણ જતો અને એક અઠવાડીયું અથવા તેથી વધારે કે ઓછા દીવસ ત્યાં રહેતો, ત્યાં પણ ઈલ્મ શીખવામાં મશગુલ રહેતો હતો, મારો મિત્ર ગામની બહાર રહેતો, હું તેને ત્યાં સુવા જતો કે ત્યાં ચીરાગની રોશનીથી કીતાબો વાંચું, અને પાછલી રાતના જુમ્મા મસ્જિદમાં જતો કે ત્યાંના દીવા થકી કીતાબો જોઉં, પણ તે રસ્તો બહુજ છેટે હતો. રાતના અંધારૂ હોય અને દરેક દુકાન ઉપર વાછરડા જેવડા મોટા મોટા કુતરા

ચોકી માટે હોય, હું ત્યાં પહોચ્યું તો મોટા અવાજથી શેઅર પડતો કે કુતરા મને ચોર સમજીને ફાડી ન ખાય. હમેશા એકાંતમા રહેતો, મારી પાસે કોઈ આવે તે મને પસંદ ન હતું.

એવી હાલતમાં દિવસો ગુજારતો હતો ત્યાં ઘરેથી મા બાપનો કાગળ આવ્યો કે હવે પાછા આવો તેથી અમો ઘરે ગયા, જેટલા જણ ઈલ્મ શીખવા ગયેલા તેઓ વગર શીખે પાછા આવેલા, અને અમો ઈલ્મ શીખીને ગયા તેથી તમામ જણ બહુજ ખુશી થયા, પછી મારી વાલેદા (મા)એ કહયું

હવે તારી શાદી કરવી છે, મેં જવાબ આપ્યો, હું ઈલ્મ શીખ્યો પણ હજુ હદીસ અને ફીકહનું ઈલ્મ બાકી છે, પણ મારી વાલેદાએ કહયું શાદી કરવી જોઈશે, તેથી શાદી કરવી પડી.

શાદી કરે વીસ દીવસ થયા હશે કે એક બુઝુર્ગવારથી મુલાકત થઈ, વાતોના પ્રસંગમાં તેઓએ કહયું અફસોસ તમારાથી હદીસનું ઈલ્મ છેટે રહ્યું, મે કહ્યું શા માટે? શું હજુ નહી શીખાય? તેઓએ કહ્યું, ઓરત છે તે ઈલ્મને ઝબહ કરનાર છે, એટલે ઓરત કરી એટલે ઈલ્મ શીખવું મુશ્કીલ થઈ પડે

છે, આ સાંભળીને ગૈરત, અને જોશમાં આવીને કહ્યું ખુદાની કસમ છે અહીંયાથી ઘેર નહી જાઉં એમ કહીને શીરાઝ ગયો, ત્યાં મારા વાલીદ ગુજરી જવાના સમાચાર મળ્યા, અને શીરાઝમાં મદરેસો બળી ગયો વિગેરે કારણોથી (મારો ભાઈ પણ પાછો આવેલ) ત્યાંથી અમો ઈસ્ફહાન ઘણી સખતી ભોગવીને ગયા, ત્યાં પહેલા ઘણી તકલીફ ભોગવી, કપડાં વિગેરે વેચી વેચીને ખાધું, અને જાણી જોઈને ખારી ચીજ ખાતા કે પાણી વધારે પીવાય અને ભારે ભારે ચીજ ખાતા કે જલદી ભુખ ન લાગે, આખર

ખુદાએ અમારા હાલ ઉપર મેહરબાની કરી કે જનાબે મુલ્લા મોહમ્મદ બાકર મજલીસી પોતાને ઘેર લઈ ગયા અને ચાર વરસ સુધી તેઓને ત્યાં રહ્યો, અને તેઓના સબબથી કેટલાક દોસ્ત થયા અને સારી રીતે ગુજરાન ચાલવા લાગ્યું અને એ જનાબ પાસેથી હદીસનું ઈલ્મ શીખ્યો, પછી ત્યાંના મદરેસામાં મને મોઅલ્લીમ (શિક્ષક)ની જગ્યા મળી, અને આઠ વરસ સુધી તે નોકરી કરી, કિતાબોના વધુ પડતા મુતાલેઆ (વાંચન)થી મારી આંખોમાં

ઝાંખપ આવી, ઘણી દવા કરી પણ સારૂં થયું નહી.

આંખોની દવા જેમ જેમ કરતો હતો તેમ તેમ દર્દ વધતું જતું હતું, મેં વિચાર કર્યો કે હું દવા સારી રીતે જાણું છું, એમ વિચારીને મારા ભાઈને કહ્યું મારો ઈરાદો ઈમામોના રોઝા મુબારક તરફ જવાનો છે, તેઓએ કહ્યું ભલે હું પણ આવું છું, પછી અમો રવાના થયા, રસ્તામાં કીરમાનશાહ પહોંચ્યા અને પછી હારૂનીયાહ આવ્યું. એક પહાડ ઉપર ગયા ત્યાં વરસાદ આવ્યો, અને સરદી પઢવા લાગી, પથરા ઉપરથી પગ લપસી

જતા હતા, કોઈમાં શક્તિ ન હતી કે સવારી પર બેસીને પસાર થાય, પણ મેં આયતુલ કુરસી પઢવી શરૂ કરી, તમામ જણ સવારી ઉપરથી પડી ગયા, પણ હું અલહમ્દો લીલ્લાહ પડયો નહી, મંઝીલે પહોંચ્યા ત્યાં છાણા સળગેલા જેથી તમામ કારવાં સરામાં (મુસાફરખાનામાં) ધુમાડો ભરાઈ ગએલો, અંદર જઈએ તો ધુમાડાની તકલીફ, બાહર આવીએ તો વરસાદની પીડા, આખર મહામુશ્કિલે રાત ગુજરી, સવારે રોટી વિગેરે વેચવાવાળા આવ્યા, તેમાં અજબ એ જોયું કે એક ઓરત આવી, તેણીને લાંબી દાઢી

હતી, વળી તે અડધી સફેદ અને અડધી કાળી હતી.

ત્યાંથી રવાના થયા અને સામર્રા જવાનો ઈરાદો કર્યો. એક ગામમાં પોતાનો સામાન વિગેરે અમાનત મુકીને જતા હતા, એક ફરસખ ગયા ત્યાં એક શખ્સે કહ્યું નદીની અંદર ચોર છુપેલા છે, અમો વિચારમાં પડી ગયા કે હવે શું કરવું? પણ આખર આગળ જવાનો મત કરીને આગળ ચાલ્યા, ત્યાં ચોરોના ચાર ઘોડા દેખાણા ને તેઓ અમારા તરફ આવ્યા, મેં આયતુલ કુરસી પઢવી શરૂ કરી.

તેઓ અમારી પાસે આવી વિચારમાં પડી ગયા અને આખરે બોલ્યા સાહેબો તમો રસ્તો ભુલી ગયા છો, ને હકીકતમાં અમો રસ્તો પણ ભુલી ગયેલા, તેઓમાંથી એક માણસ અમારી સાથે આવીને રસ્તો બતાવી આપ્યો, ત્યાં સામર્રાના સાદાતો અમારી પાસે આવ્યા, તેઓ સમજ્યા કે આ લોકોની સવારી ચોર લઈ ગયા હશે, પણ અમારી સવારીના જાનવર અમારી પાસે હતા, તો પણ તેઓએ કહ્યું આની ઉપરથી ઉતરી અમારી સવારી પર બેસો, આખર અમો

તેઓની સવારી પર બેસી ગયા, રાતના સામર્રામાં પહોંચ્યા.

સવારમાં ઉઠીને ઝિયારત માટે જવા ચાહ્યું તો જે સૈયદને ઘરે ઉતરેલા તેઓએ ફરમાવ્યું કે મારી દાઅવત ખાધા પછી જજો, અમોએ કહ્યું અમારી પાસે ખાવાનું છે, તેઓએ કહ્યું ગમે તેમ કરો પણ ખાઈને જાઓ, પછી એક મોટો પ્યાલો લાવ્યા, જેની અંદર કાળુ પાણી દેખાતું હતુ, નાના ચમચા લાવ્યા, અમો તેનાથી ખાવા ચાહ્યું પણ ચમચા ઉંડે પહોંચ્યા નહી, તેથી હાથ નાખ્યા તો નીચેથી ચોખાના દાણા નીકળ્યા,

અમો એક એક ચમચો તે રાબ પીને ઝીયારત માટે રોઝા મુબારકમાં ગયા. ઘર ધણીએ કહ્યું અત્રેના લોકોને ખુદાનો ખોફ નથી, કુબ્બામાં જશો કે તમારા કપડાં છીનવી લેશે, તમોએ મારૂં નમક ખાધું છે માટે તમોને કહું છું તમો આ સારા સારા કપડાં અહીં રાખી જુના કપડાં પહેરીને જાઓ.

'નાજી' કહે છે આયતુલ કુરસીની ખાસીયત હકીકતમાં ઘણી છે. તફસીરમાં તેમજ મરાતેબુલ કુરઆનમાં તથા મુરાદેદીલ વઝીફા વીગેરેમાં અમોએ લખેલ

છે, અને અમોને પણ આયતુલ કુરસીનો ઘણો ફાયદો થયો છે, એક વખત મેદાનમાં સુતેલા ત્યારે ઓશીકા નીચેથી ચોર મુસલ્લો લઈ ગયો અને પડખામાં આશરે અઢીસો રૂપીયાની કોથળી હતી તેને હાથ લાગી નહી અને બાજુમાં ગાડાવાળાની કેડમાંથી વાંસળી કાપીને રૂપીયા લઈ ગયા, તેમજ રસ્તામાં લૂંટવા આવેલા ચોરથી પણ અજબ રીતે બચાવ થયો છે.

પછી એ મુજબ ઘરધણીએ કહ્યું તેથી તેઓના હુકમ મુજબ વરતીને ગયા, કે સારા સારા કપડા કાઢીને રાખ્યા, પણ મને

શરદીના કારણે બીક લાગવાથી કપડાં ઉપરા ઉપર કેટલીક જોડ પહેર્યાં, જે વખતે ઝીયારત માટે ગયા તો પહેલા દરવાજા પાસે ચાર મોહમ્મદી (એક જાતનું ચલણ) અમારી પાસેથી લીધું, બીજા દરવાજા પાસે પણ લીધું, ત્યાં ઝીયારત કરીને સરદાબમાં ગયા ત્યાં જતાજ ત્યાંના લોકો અમોને વળગી પડયા અને જે કાંઈ કપડાં હતાં તે ઉતારી લીધા, ફકત એક એક લુંગી બાંધવા બાકી રહી.

ત્યાંથી ઉતારે પાછા આવી ઘરવાળા પાસે કપડાં માગ્યા, તેણે જવાબમાં કહ્યું કે

પહેલે મારો હક અદા કરો, અમોએ જવાબ આપ્યો બહુજ સારૂં તમોજ હીસાબ કરીને કહો, તેણે કહ્યું પહેલો હક ઈસ્તીકબાલનો છે અમોએ કહ્યું આ હક ખુલ્લો છે, તેણે કહ્યું તમો દરેક જણ બબે મોહમ્મદી આપે, તે અમારી પાસેથી લીધા. પછી કહ્યું મારો બીજો હક ગઈ કાલે રાત્રે અહીં રહ્યા તે છે, તેનું પણ લીધું, પછી ખીદમતગારનો અને દાઅવત કરવાનો પણ હક લીધો, પછી કહ્યું હવે તમારી હીમાયત ન કરતે તો તમામ માલ લૂંટાય જતે તેંનુ પણ લીધું, પછી

સાથે ચાલવાનો હક માંગીને તે પણ લીધો, આખર કહ્યું હવે તો અમારા કપડાં આપ!!!

તેણે જવાબ આપ્યો કે તમો જરા વીચાર કરી જુઓ કે અગર તમો આ કપડા પહેરીને હરમમાં જતે તો ત્યાંના સાદાત તમારા શરીર ઉપરથી ઉતારી ન લેતે? તો શું હું સાદાત નથી? તો સમજો કે આ કપડાં મેં એવી રીતે લીધા કે તમોને કોઈ જાતની હરકત થઈ નહી, તેમ તમારી ઈજ્જતમાં પણ આંચ આવી નહી.

અમે શું કરીએ? તેને કહ્યું ખુદા તને જઝાએ ખૈર અતા કરે. પછી ત્યાંથી બગદાદ

ગયા, અને બગદાદથી પછી કાઝમૈન આવ્યા, અને ત્યાંથી જનાબે સૈયદુશ્શોહદા ઈમામે હુસૈન (અ.સ.)ની ઝીયારત માટે ગયા.

મેં દરેક ઈમામ (અ.સ.)ના સીરાના પાસેથી ખાક લીધી અને ઈમામે હુસૈન (અ.સ.)ના પગ મુબારક તરફથી ખાક લીધી, તે બીજી ખાક ઉપર રાખી અને આંખોની અંદર લગાડી; તો તે દીવસથી મારી આખોમાં નુર વધી તેજ આવ્યું, તેથી કીતાબ વાંચવાની કુવ્વત આવી, સહીફાની ઉપર શરાહ લખતો હતો તે દીવસથી તે

પુરી કરવામાં મશગુલ થયો, અને ત્યારપછી જ્યારે આંખો દુખવા આવે ત્યારે તે ખાકને સુરમા તરીકે આંખમાં આંજુ છું.

પછી જનાબે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની ઝીયારત માટે ગયો અને સીરાના પાસેના બીછાનાની ખાક લેવા માટે હાથ નાખ્યો તો દુર્રેનજફ હાથમાં આવ્યો, તે લઈ બહાર નીકળી બીરાદરે મોઅમીનીનને બતાવ્યો. તેઓએ અજબ થઈ કહ્યું કે આ ઠેકાણે કોઈને દુર મળતા નથી, આ દુર કોઈ ફરીશ્તો લાવ્યો હશે, કેમકે અહીંયા દુર કયાંથી હોય? હા ઘણા વરસો પહેલાં સહન

મુબારકમાં એક ખુદ્દામને દુર મળેલો તે લઈને શાહ સફીને મોકલ્યો, હવે જે દુર મને મળ્યો તે મારી પાસે છે તેને મેં વીંટીમાં મઢાવી રાખેલ છે, અને તબર્રૂક તરીકે રાખું છું.

એ જનાબ ફરમાવે છે પછી અમો ઝીયારતથી ફારેગ થઈ ફાઝીલો અને મુજતહીદોની મુલાકત કરવા અને તેઓ સાથે ચર્ચા કરવામાં મશગુલ થયા, પછી રમાહીયામાં ગયા ત્યાં કીશ્તી ભાડે કરી જઝાએર રવાના થયા, કીશ્તી બે ફરસખ ચાલી ત્યાં બેસી ગઈ ત્યાં એક રાત અને

દીવસ રહ્યા. વળી એક ફરસખ અથવા કાંઈ વધારે ચાલીને કીશ્તી બેસી ગઈ, વળી થોડેક છેટે ચાલે, વળી બેસી જાય. મતલબ એ કે વારંવાર એમ થવા લાગ્યું, એ જોઈને કીશ્તી વાળા અજબ થયા કે આવો બનાવ કોઈ વખત બન્યો નથી.

તે વખતે મે વિચાર કર્યો કે આ જમાદીઉલ આખરનો મહીનો છે અને માહે રજબ નજીક છે, રજબ મહીનામાં પઢવાની ઝીયારતો મુકીને હું જઝાએર જાઉં છું તેથી આ આફત આવી છે એમ વિચાર કરીને કીશ્તી વાળાને કહ્યું અગર તારી કીશ્તી

બરાબર ચાલે એવી તારી મરજી હોય તો મને નીચે ઉતારી દે, મારા સબબથી કીશ્તી ચાલતી નથી, એમ કહી જે બાબત મારા વિચારમાં આવેલી તે જાહેર કરી, આ સાંભળીને તે અજબ થયો, મેં કહ્યું કે આ ઠેકાણે એક ગામડું છે ત્યાં એક મારો દોસ્ત રહે છે તેને ત્યાં હું રહીશ, એમ કહી નીચે ઉતર્યો, તેણે મારી સાથે એક માણસ મોકલ્યો, હું દોસ્તના ઘરે ગયો, તેઓએ પોતાના ગુલામને મોકલીને મારો સામાન કીશ્તી ઉપરથી મંગાવી લીધો, અને મારા

ઉતરવાથી એ કીશ્તી બરાબર ચાલવા લાગી.

થોડા દીવસ ત્યાં રહી મારો દોસ્ત તથા હું, રજબમાં જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ની ઝીયારત માટે ગયા. ઝીયારતથી ફારેગ થઈ પાછા ત્યાંજ આવ્યા, તે ગામડું ફુરાતને કીનારે હતું, અને પાણીની અંદર એક મજબુત ઝાડ હતું, તેની ડાળો ઉપર મકાન હતું તે મકાનની નીચેથી કીશ્તીઓ જતી હતી, તે કરતાં બેહતર અમોએ કોઈ મકાન જોએલું ન હતું, અને ફુરાતનું પાણી બહુજ સાફ અને મીઠું હતું, કેમકે હદીસમાં

છે કે કુરાતની અંદર હંમેશા બેહીશ્તના પાણીનો ખાળીઓ (ઝરણું) પડે છે, મતલબ એકે કુરાતમાં બેહીશ્તનું પાણી હંમેશા પડે છે. હદીસમાં છે કે કુરાતના પાણીમાં એટલી શફા હતી કે કોઢવાળા તથા ઘણી જાતના બીમારો સારા થતા હતા, પણ મુખાલેફીન (દુશ્મન)ની નજાસત તે પાણીમાં પઢવાથી તેની મોટી મોટી ખાસીયતો નષ્ટ ગઈ, અને સેજ સેજ બાકી રહી.

મારા આકા જનાબે ઈમામે જાઅફરે સાદિક અ.સ. ખાસ કુરાત માટે મદીનાથી આવતા અને પાણી પીતા તેમજ ગુસ્લ

કરીને જતા હતા, એક વખત પોતે ફુરાતને કીનારે ગયા, ત્યાં એક શખ્સ હતો તેને હઝરતે ફરમાવ્યું આ પ્યાલો પાણી ભરીને મને આપ, તેણે આપ્યો. હઝરતે ફરમાવ્યું ફરીથી આપ, ફરીથી તેણે આપ્યો, હઝરતે તે પીધું, દાઢી ઉપર લગાવ્યું, પછી ફરમાવ્યું "અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન" આ પાણીમાં બહુજ મોટી બરકત છે.

પછી તે ગામડામાંથી એક કીશ્તી ઉપર બેસી જઝાએર ગયો. અગાઉ જેઓ મારી સાથે કીશ્તીમાં હતા તેઓની સાથે મારી

મુલાકાત થઈ. તેઓએ કહ્યું જે વખતે તમો કીશ્તી ઉપરથી ઉતરી ગયા તે પછી કીશ્તી બીલકુલ રોકાણી નહી ને બરાબર ચાલી. દારે પહોંચ્યો ત્યારે મને જોવાથી મારા ઘરના તમામ લોકો બહુજ ખુશ થયા.

પછી ત્યાં ત્રણ મહીના રહયો અને ‘શરહે તહઝીબ’ લખવામાં મશગુલ થયો. પછી ત્યાંથી નેહરે સાલેહ તરફ ગયો, જોયું કે ત્યાંના લોકો બુઝુર્ગ, સાલેહ અને પરહેઝગાર છે અને ત્યાંના આલીમો ઈમાનદાર છે, નીફાક અને હસદથી પાક છે. તેઓએ મારા ઉપર ઘણુંજ સારી રીતે

એહસાન કર્યું , છ મહીના અથવા કાંઈક વધારે અમો ત્યાં રહ્યા.

પછી સુલતાન મોહમ્મદે, બસરાના સુલતાન તરફ તેની સાથે જંગ કરવા પોતાનું લશ્કર મોકલ્યું કે જઝાએર તથા બસરા તેની પાસેથી લઈ લે, તો બસરાનો સુલતાન સમજ્યો કે જઝાએર અને બસરાને ખતમ કરશે તેથી ત્યાંના લોકોને હવીઝાની પાસે સહાબ તરફ મોકલ્યા, તેથી અમો સરવે ત્યાં ગયા અને તેણે પોતાનું લશ્કર 'કરના' નામના કીલ્લામાં રાખ્યું, પોતે જઝાએરના લોકોની સાથે સહાબમાં આવ્યો,

તે સુલતાન અમારી પાસે આવતો હતો ત્યારે અમો તે જંગલમાં તેના માટે પોતાની અબા બીછાવી આપતા હતા અને જે વખતે અમો તેની પાસે જતા તો તે ઉભો થઈ જતો અને અમોને પોતાની અબા પર બેસાડતો અને બહુજ મોહબ્બત કરતો હતો.

પછી જ્યારે સુલતાન મોહમ્મદનું લશ્કર નજીક પહોંચ્યું અને કીલ્લાને ઘેરી લીધો, તે કીલ્લા ઉપર હજાર તોપ ચઢાવતો હતો અને તેથી નીચેની ઝમીન ધ્રુજતી હતી. હું શરહે તહઝીબ નામની કીતાબ તાલીફ કરવામાં મશગુલ હતો પછી કીતાબો અને

બાલ બચ્ચાઓને મારા ભાઈની સાથે ‘હવીઝા’ તરફ મોકલ્યા, હું તે કીતાબ લખવા ત્યાંજ રહ્યો, પછી મેં સુલતાન પાસે હવીજા તરફ જવાની રજા માંગી. તેઓએ મને રજા આપી નહી અને કહ્યું અગર તું જઈશ તો અમારી અંદર કોઈ બાકી નહી રહે, તેથી હું ચાર મહીના સુધી ત્યાં રહ્યો એટલે સુધી કે માહે મુબારક રમજાન આવી પહોચ્યો. તેથી હું હવીજા તરફ ગયો અને રાહ જોતો હતો કે હવે તે લડાઈનું પરીણામ શું આવે છે. ત્યાં માહે મુબારકની પંદરમી રાત આવી, તે જુમ્માની રાત હતી તે વખતે

અમોને ખબર પહોંચી કે લશ્કરની ખયાનતથી સુલતાન ડરીને ‘ઝોરક’ તરફ ભાગી ગયો છે. જે વખતે આ ખબર પહોંચી તો ઓરતો, મરદો, નાના મોટા તમામ હવીઝા તરફ નાસી ગયા. ત્યાંથી ત્રણ દીવસનો રસ્તો હતો, તે બીયાબાનમાં ખડ અને પાણીનું નામ નિશાન ન હતું.

તે જંગલમાં ડર, ભુખ અને પ્યાસથી ઘણા લોકો મરી ગયા કે તેઓની ગણતરી ખુદા જાણે છે. જે લશ્કર કરનામાં હતું તેઓએ ઘણા લોકોને કત્લ કરી નાખ્યા, હાસીલ કલામ એ વખત એવો હતો કે તે

જોઈને કયામત યાદ આવતી હતી અને હવીઝાનો સુલતાન સૈયદ અલીખાન કે તેને ખબર પડી કે જઝાએરના લોકો આવે છે તો પોતાનું લશ્કર અને ખાવા પીવાનું તેઓ માટે મોકલ્યું. ખુદા તેને જઝાએ ખૈર આપે. અમો હવીઝામાં તેની પાસે રહેતા હતા એટલે સુધી કે આશરે બે મહીના સુધી ત્યાં રહ્યા અને પછી ઈસ્ફેહાનની મુસાફરી કરી, જ્યારે અમો શુશતર પહોંચ્યા તો જોયું કે ત્યાંના લોકો નેક અને ગરીબ છે. ત્યાં એક શખ્સ મીરઝા અબ્દુલ્લાહ સાદાતોમાંથી બુઝુર્ગ હતો, અમો તેને ઘેર ગયા અને જે

કાંઈ ચીજની અમોને જરૂરત પડે તે ચીજ તેણે તૈયાર કરી આપી. થોડાક સમય પછી તેઓ ખુદાની રહમતે પહોચેલ. તેના બે છોકરા છે એક સૈયદ શાહ મીર અને બીજા સૈયદ મોહમ્મદ મોઅમીન, નાનપણથીજ તેઓએ બહુજ કમાલ મેળવેલ છે અને અરબ તથા અજમમાં તેઓ જેવું કોઈ સખી નહી હોય, પછી તે મીરઝા અબ્દુલ્લાએ હવીઝાની અંદર પોતાના છોકરાને મોકલી અમારા બાલ-બચ્ચાંઓને બોલાવી લીધા અને તેમના માટે મકાન આપી જરૂરી સામાન તૈયાર કરી આપ્યો. શુશ્તરમાં અમો

ત્રણ મહીના રહી બાલબચ્ચાઓ ને ત્યાંજ મુકીને ઈસ્ફેહાન તરફ રવાના થયા.

જ્યારે અમો રશ્તના ગામમાં પહોંચ્યા તો કારાવાસમાં એક કોટડી લઈને ત્યાં રહ્યા. થોડીવાર પછી એક રફીકને કહ્યું કે ગામમાં જઈને જો કોઈ પણ દોસ્ત મળે તો આપણા માટે મકાન લે, આ સાંભળીને તે શખ્સ બાહર ગયો અને એક સૈયદને લાવ્યો કે તે ઈસ્ફેહનમાં મારી પાસે સબક લેતો હતો, તે મને જોઈને બહુજ ખુશ થયો અને કહ્યું અહીંના લોકો તમારા શાગીર્દ છે. તેણે તેઓને જઈને ખબર આપી અને અમારા

માટે મકાન લીધું. તે ગામનો હાકીમ મોહમ્મદ ઝમાનખાન હતો અને તે આલીમ અને સખી હતો. સખાવતમાં એટલે બધે દરજ્જે પહોંચ્યો કે તેની બરાબર કોઈ ન હતું; જે વખતે તેને મારા જવાની ખબર મળી તો તેના વઝીરને મારી પાસે મોકલ્યો અને જે કાંઈ જરૂરતની ચીજ જોઈએ તે તૈયાર કરાવી આપી. પછી અસરના વખતે અમોને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે મેં સાભળ્યું છે કે તું સહીફાની ઉપર શરાહ લખે છે! મેં કહ્યું કે હા, તે વખતે તેઓએ મને અરફાના દીવસની દુઆના ફીકરા વિષે કહ્યું

તેની શરાહ કેવી રીતે કરી છે, તે વખતે તેઓ તે ફીકરા મને કહેતા અને મેં તેની શરાહ કહી સંભળાવી. તે પછી આપસમાં અમો મુબાહેસો (ચર્ચા) કરવા લાગ્યા અને હું બહુજ અદબ અને હુરમતથી વાતો કરતો હતો, તે વખતે તે હાકીમ ગોઠણભેર બેસીને બોલ્યો કે આ પ્રમાણે વાતો ન કર, બલકે જેવી રીતે મદરેસાની અંદર ભાઈબંધ સાથે વાતો કરે છે તે મુબજ મારી સાથે વાતો કર, અને એ ફૈઝથી મને મહેરૂમ ન રાખ. તે પછી તો અમો બરાબર આપસમાં મુબાહેસો કરવા લાગ્યા અને હું તેઓને એક ઈલ્મથી

બીજા ઈલ્મ તરફ લઈ જવા લાગ્યો પણ તે એ બાબતોમાં મારાથી વધી જતો હતો, એટલે સુધી કે ઝોહરનો વખત થયો, તે વખતે મુબાહેસો કર્યો તો ત્રણ મહીના સુધી અમો ત્યાં હતા, અમે એજ પ્રમાણે તેમાં મશ્ગુલ રહ્યા કરતા હતા. મેં તેના કરતાં કોઈ વધારે ઝહીન અને હોંશીયાર હોય એવું મેં જોયું નથી, એટલુંજ નહી પણ આલીમો અને ગરીબો ઉપર મહેરબાની અને સખાવત કરવામાં એટલો વધેલો હતો કે ચારે તરફ મશહુર હતો.

પછી તે હાકીમથી અમોએ ઈસ્ફેહાન જવાની રજા માંગી, તો તેણે અમારા ઉપર ઘણુંજ એહસાન કર્યું પછી અમો ત્યાંથી ઈસ્ફેહાન તરફ રવાના થયા અને અમારા ઉપર કેવી કેવી મુસીબત પડી તે જુઓ. એક મંઝીલમાં પહોંચ્યા ત્યાં બહુજ સારી રીતે પાણીની નહેર જારી હતી અને ઝાડો પણ હતા, તેથી અમો બહુજ ખુશ થયા, પરંતુ હું વધારે ખુશ થયો. એથી મારા દીલમાં મેં કહ્યું આજની ખુશીથી ખુદાની પનાહ; કેમકે મારી આદત હતી એક દીવસ ખુશી થાઉ તો બીજે દીવસે મોટી મુસીબત

આવી પડે, પછી જ્યારે અમો રવાના થયા તો અમારી સાથે એક રફીક હતો તે અમારી આગળ વધી પથ્થર નીચે બેસી ગયો, જ્યારે હું તથા મારો ભાઈ ત્યાં પહોંચ્યા તે વખતે તે ત્યાંથી ઉભો થઈ ગયો તેથી અમારા જાનવર ભડકીને ભાગ્યા, હું એક પથરા ઉપર પડી ગયો અને બેહોશ થઈ ગયો. જયારે મને હોશ આવ્યો તો જોયું કે મારો જમણો હાથ બહુજ દરદ કરે છે. પછી મારા રફીકોએ આવી મારા હાથે પાટો બાંધી આપ્યો, પછી અમો જ્યારે ઈસ્ફેહાન પહોંચ્યા તો મીરઝા તકી દૌલતા બાદીના

મદ્રેસામાં એક કોટડીમાં ઉતારો કરી હાથનો ઈલાજ કરાવ્યો. પાંચ મહીના અમો ત્યાં રહ્યા અને હાથ સારો થયો, ત્યાં મારા બદનમાં બીમારી જાહેર થઈ એટલે સુધી કે કોઈ વાત હું સમજતો ન હતો અને હું સમજયો કે હવે મારૂં મૌત આવ્યું અને તેથી ખુદાની તવફીકાતથી રાજી થયો, એક મુદ્દત પછી ખુદા તઆલાએ મને શફા અતા ફરમાવી. પછી મારા ભાઈને તાવ આવ્યો અને તેમાંથી બીમારી વધી ગઈ. માહે શાબાનની પહેલી તારીખ અને જુમાની રાત્રે તે ખુદાની રહમતે પહોંચ્યો. અને તે સદમો

એટલો થયો કે જેની હદ નથી એટલે સુધી કે તે રંજ હજુ સુધી મારા દીલમાં બાકી છે અને હું મરીશ ત્યાં સુધી બાકી રહેશે, અત્યારે હી. સન ૧૦૮૯ છે; તો આજ સુધી હંમેશા હું તેને બહુજ સારી હાલતમાં ખ્વાબમાં જોઉં છું, અને દીવસના ભાગમાં હંમેશા તેની કીતાબો મારી સામે રહે છે, તેનો હું મુતાલેઓ કરૂં છું અને જે વખતે હું તેની કીતાબ જોઉ છું તો મારી મુસીબત તાઝી થાય છે “ઈન્ના લીલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન”.

પછી ઈસ્ફેહાનની અંદર હું હૈરાન અને પરેશાન રહેતો હતો અને રંજ તથા મુસીબતના દરીયામાં ગોતા ખાતો હતો. તે વખતે મેં કહ્યું આ મુસીબતની કોઈ દવા નથી, પણ હઝરતે ઈમામે અલી રઝા અલયહીસ્સલામની ઝીયારત કરૂં કે તેથી મારી મુસીબતો દુર થશે એ વિચાર કરી રવાના થઈ ગયો, રસ્તામાં અંધારી રાત હતી તેથી રસ્તો ભુલી ગયો, સવાર થઈ તો જોયું કે રેતીના રણમાં ફસાએલા છીએ અને તે રેતી એવી નરમ પોચી અને ઉંડી હતી કે અમો પેટ સુધી રેતીમાં ઉતરી જતા હતા

અને સવારીના જાનવર પણ ઝીન સુધી ધુસી જતા હતા એટલે સુધી કે અમો હલાકતની નઝદીક પહોંચ્યા, પણ ખુદાએ તઆલાએ અમારા ઉપર બહુજ એહસાન કરી એ હલાકતથી નજાત આપી અને અમોને રસ્તો મળ્યો આખર અમો ‘મશહદે મુકદ્દસ’ પહોંચ્યા અને ત્યાં કેટલીક મુદ્દત સુધી અમો રહ્યા.

ત્યાંથી અમો ઈસ્ફેહાનને રસ્તે પાછા ફર્યા અને તે રસ્તામાં અમોએ બહુજ અજબ તરાહના મકાનો અને હાલ જોયા જે વખતે અમો સબ્ઝવારમાં પહોંચ્યા તો મને

બીમારી શરૂ થઈ, તે વખતે મેં ઉંટ ઉપર બેસવા મેહમીલ લીધી અને ત્યાંથી ઈસ્ફેહાન ગયો, થોડીક મુદ્દત ત્યાં રહી શુસ્તર તરફ રવાના થયો અને તેને પોતાનું વતન બનાવ્યું અને રહેવા મકાન બનાવ્યું. મારી દોસ્તી હવીઝાના સુલતાન સાથે હતી, તેથી તે દર વરસે તે ઘણી ચીજ વસ્તુઓ મોકલતો હતો અને પોતાની પાસે મને બોલાવવાની ખ્વાહીશ રાખતો હતો તેથી તેઓની પાસે જતો હતો અને તેઓ મારા ઉપર ઘણું એહસાન કરતા હતા કે તેમનો શુક્ર અદા કરવાની મારામાં તાકાત નથી.

પછી લખે છે કે આ નાની એવી ઉમરમાં ઝમાનાની ઘણી મુસીબતો જોઈ કે તેને વિગતવાર લખવાની મને તાકાત નથી પણ એ મુસીબતોને હું આસાન સમજયો. તેનું કારણ એ કે મોઅમીનને બલામાં મુબતેલા થવાની હદીસો જોઈ. જેમકે વારીદ થયું છે અગર મોઅમીન દરિયામાં ગરક થયો હોય અને તખતા ઉપર બેઠો હોય તો હક તઆલા એવો બનાવ બનાવે છે કે ત્યાં પણ તેને અઝીય્યત પહોંચે કે તેથી તેના સવાબમાં વધારો થાય. મારા ઉસ્તાદ આખુંદ મુલ્લા

મોહમ્મદ બાકિર મજલીસી જેવા આલીમ ઈલ્મ અને અમલમાં એમના જેવા બીજા કોઈ ન હતા. તેઓને પણ ઘણી મુસીબતો પડી હતી અને મારા ઉપર સખતમાં સખત અને ભારેમાં ભારે જે મુસીબતો ગુઝરી તે ઘણી બધી છે.

૧. પોતાના દોસ્ત આશનાઓની જુદાઈની મુસીબત.

૨. મારા ભાઈની જુદાઈ અને તેનું મરવું અને તેના મરવાથી મુસીબતોનો એવો ઝખમ થયો કે મારા છેલ્લા શ્વાસ સુધી તે ઝખમ રૂઝાવાનો નથી.

૩. અવલાદના મરવાની મુસીબત તે મોટી મુસીબત છે.

૪. પોતાના ઝમાનાના પોતાના બરોબરીયા લોકોના હસદ કે તેઓ મારા ઉપર બહુજ હસદ કરતા હતા એટલે સુધી કે જે ગામમાં જાઉં તે ગામમાં પણ મારા ઉપર હસદ કરતા હતા એટલે સુધી કે શીરાઝની અંદર જે મારી પાસે લખેલી ઉમદા મહત્વની કિતાબો હતી અને હું નિયમીત પડતો હતો, તેના ઉપર મેં હાશીયા લખેલા હતા, મારા ઘરેથી કોઈએ ચોરી લઈ જઈ પછી કુવામાં નાખીને નાશ

કરી નાખ્યો. તે કિતાબો લઈ જનારનો છેવટે પત્તો લાગ્યો; પણ મેં એક શબ્દ પણ મોંઢામાંથી કાઢયો નહી એટલે સુધી કે ખુદાવંદે આલમે મને બીજી કીતાબો નસીબ કરી અને તે ચોરીને લઈ જનારનો એવો હાલ થયો કે તેની પાસે એક પાઈ પણ રહી નહી અને એવો મોહતાજ થઈ ગયો કે કાફરોની પાસે ભીખ માંગવા લાગ્યો, હંમેશા લોકો મારી ઉપર હસદ કરતા હતા પરંતુ મેં કોઈ ઉપર હસદ કરેલ નથી, ખુદાએ એવા લોકોનો મને કોઈ દીવસ મોહતાજ પણ

કર્યો નથી અને આ બાબત જાહેર કરવાથી તે ખુદાના ફઝલને જાહેર કરૂં છું.

૫. લોકોની સાથે બેઠક રાખવાથી પણ મને મુસીબત પહોંચી છે, કેમકે લોકોના સ્વભાવમાં ઘણો ઈખ્તીલાફ છે. દરેક શખ્સ ચાહે છે કે પોતાની મરજી પ્રમાણે આગલો શખ્સ વરતે અને તે બહુજ મુશ્કીલ છે કે દરેક શખ્સની મરજી પ્રમાણે અમલ કરીએ; કેટલીક વખત એવું પણ બને છે કે આપસમાં દુશ્મની પણ થઈ જાય છે અને કોઈ વખતે એવી તકલીફ થઈ પડે છે કે તે હરામ પણ હોય; સર્વે લોક આપણાથી રાઝી

રહે એ કોઈ રીતે શકય નથી. જેમકે રીવાયતમાં છે કે હઝરતે મુસા અ. ખુદા પાસે ચાહ્યું કે બની ઈસરાઈલના તમામ લોકો તેઓથી રાઝી રહે અને તેઓ ખતા કે બે હુરમતી ન કરે, તેમ ગીબત પણ ન કરે. તો હક સુબ્હાનહુ તઆલાએ ફરમાવ્યું કે અય મુસા આ એ બાબત છે કે તે મેં મારા માટે પણ કરી નથી, તો તે તારા માટે કેવી રીતે હોય ? પછી લખે છે કે જે કોઈ લોકોના હાલ તરફ ધ્યાન કરે અને જુવે તો કોઈ જબ્બાર ખુનરેઝ બાદશાહથી શિકાયત રાખતા હોય તેથી પણ વધારે શિકાયત

ખુદાથી રાખે છે અને આપણે જેને જોઈએ તે કઝા અને કદર એટલે ખુદા તરફથી જે કાંઈ બનાવ બન્યા કરે છે તેમાં ખુદા ઉપર તોહમત રાખે છે અને એ બાબત ફકીરી, બીમારી અને સારી હાલતમાં ફેરફાર થાય અને નેઅમત ચાલી જાય એ વખતે થાય છે.

૬. એવા ગામમાં છીએ કે અગર કોઈ મોટો મુશ્કીલ મસઅલો આવી પડે તો મુફતી અથવા મુજતહીદની પાસે જઈએ તેવું અહીંયા નથી, પણ કોઈ સવાલ કરે કે તું એ શખ્સ છો કે આટલી આટલી કીતાબો

તારી પાસેછે અને ફલાણા ફલાણા પાસે દર્સ પઢેલો છે કે તે બહુજ મોટા જબરા આલીમ હતા, તો તમોને બીજાનું શું કામ છે? તો જાણવું કે કોઈ કોઈ એવો મુશ્કીલ મસઅલો આવી પડે છે તેમાં બીજાની મદદની જરૂર હોય છે વિગેરે.

૭. કીતાબો તાલીફ અને તસનીફ કરવાનો સામાન પુરતો નથી, આલીમોને કીતાબોથી ફાયદો પહોંચે છે અને અલહમ્દો લીલ્લાહ અમારી પાસે ઘણી કીતાબો છે અને ખુદાવંદે કરીમે આ મુલ્કમાં અમને

કેટલીક કીતાબો તાલીફ કરવાની તૌફીક આપી છે તેના નામ નીચે મુજબ છે.

(૧) નવાદરૂલ અખબાર બે જીલ્દ (૨) શરહે તહઝીબે હદીસ ૮ જીલ્દ (૩) કિતાબે હિદાયાહ (૪) કશકુલ અસરાર - બે જીલ્દમાં (૫) અનવારે નોઅમાનીયાહ - બે જીલ્દ (૬) શરહે સહીફાહ (૭) શરહે મુગની (૮) શરહે તહઝીબે નહવ (૯) શરહે કાફીયાહ (૧૦) મસકેનુશ શુજુન ફીલ ફરારે અનીલ તબાએ વત્તાઉન (૧૧) ઝોહરૂર રબીઅ અને કેટલાક રીસાલા વિગેરે છે વસ્સલામ.

# (૧૮) જનાબ આકા સૈયદ મોહમ્મદ મહદી “બહરૂલ ઓલુમ”નો અહવાલ.

જનાબ આકા સૈયદ મોહમ્મદ મહદી બીન સૈયદ મુરતઝા મોહમ્મદ હસન હુસેની તબાઈ કે જેઓ બહરૂલ ઉલુમના નામથી મશહુર છે તેઓની તઅરીફ બેહદ લખેલી છે, તેમજ તેઓના ઈલ્મ વિષે પણ એવા એવા શબ્દો વાપરેલા છે કે તેની તફસીર કરવી મુશ્કેલ થઈ પડે, એટલુંજ નહી પણ

ઘણી જાતના ઈલ્મો તે જાણતા હતા, અને ઈબાદત અને પરહેઝગારીમાં પણ પોતે બેહદ વધેલા હતા. એ સિવાય તેઓની કેટલીક કરામતો પણ છે એ બુઝુર્ગવારની જન્મની રાત્રે તેઓના વાલીદે બુઝુર્ગવારે સ્વપ્નામાં જોયું કે હઝરત ઈમામે રઝા અ.સ.મે, મોહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ બીન બઝીઅને એક શમાઅ (મીણબત્તી) આપી અને તેને તે સાહેબના ઘરની ઉપર રોશન કરી, અને તે શમાની રોશની બહુજ અજબ તરેહની હતી. તેજ રાત્રે તેજ ઘરમાં આ સાહેબ કરબલાએ મોઅલ્લામાં શવ્વાલ

મહીનાની જુમ્આની રાત્રે સન ૧૧૫૫માં જન્મ પામ્યા. જે વખતે પઢવાને લાયક થયા તો પોતાના વાલીદે બુઝુર્ગવાર પાસેથી ઈલ્મ હાસીલ કર્યું તે પછી નજફે અશરફમાં જઈ આલીમો અને ફાઝીલો જેમકે જનાબે શેખ મોહમ્મદ કુતુની અને જનાબે શેખ મોહમ્મદ તકી દુરકી વિગેરે પાસેથી ઈલ્મ હાસીલ કર્યું, પછી કરબલાએ મોઅલ્લા પાછા આવ્યા, ઉસ્તાદુલ મુજતહેદીન મોઅસ્સસે બેહબહાની આકા મોહમ્મદ બાકર સાહેબની ખીદમતમાં રહ્યા પછી ફરીને નજફે અશરફમાં ગયા અને

બહુજ મહાન ફાઝીલ બન્યા એટલે સુધી કે જનાબે મોઅસ્સસે બેહબહાની ઈરાક, અજમ અને અરબમાં તેઓના ઈલ્મનો શોહરો (ખ્યાતિ) થયો, એ સાહેબની તાલીફ કરેલી કીતાબો થોડી છે કેમકે તેઓ ઘણે ભાગે બીજી કીતાબોના મુતાલેઆ (વાંચવા)માં મુશ્કીલ મસાએલોના જવાબ શોધવામાં રહેતા હતા, પછી તે સાહેબે તાલીફ કરેલી કેટલીક કીતાબોના નામ લખીને લખે છે કે એ જનાબ એઅતેકાફ કરતા હતા. (રોઝા રાખીને મસ્જિદમાં ખૂબજ ઈબાદત કરતા હતા) તેઓની હીદાયતથી કેટલાક લોકો

શીઆ મઝહબના થઈ ગયા. એ જનાબની ઘણી કરામતો છે તેમાંથી જુજ નીચે મુજબ છે.

કરામત (૧) લખે છે કે સાંભળવામાં આવ્યું છે કે એક રાત્રે એ સાહેબે કહ્યું કે મને ભુખ લાગી નથી એમ કહી એક વાસણમાં વધારે પ્રમાણમાં ખાવાનું લઈ નજફે અશરફની ગલીયોમાં ગયા, અને એક શખ્સ કે જેણે નવી શાદી કરેલી તેના ઘરે પહોંચ્યા, તે રાત્રે તે બંને જણ (પતિ-પત્ની) ભુખ્યા હતા અને તેઓ પાસે કોઈ ચીજ ખાવાની ન હતી. તો આ જનાબ બહરૂલ

ઉલુમે તેમનો દરવાજો ખખડાવ્યો તો એ શખ્સ બહાર આવ્યો, તે વખતે જનાબે ફરમાવ્યું કે મને પણ આ વખતે ઘણી ભુખ લાગી છે, પછી તે ખોરાકના ત્રણ ભાગ કરી એક ભાગ મજકુર શખ્સની ઔરતને આપ્યો અને બાકીના બે ભાગ તે શખ્સની સાથે બેસીને ખાધા.

કરામત (૨) કસસુલ ઓલમાના લેખક સાહેબ લખે છે કે આખુંદ મુલ્લા ઝયનુલ આબેદીન ઘણાંજ પરહેઝગાર અને નેકબખ્ત હતા, તેઓ ઝઈફીમાં પણ જનાબ બહરૂલ ઉલુમની શાગીર્દી કરતા હતા અને

નજફે અશરફમાં રહેતા હતા. આ કીતાબ લખનાર સાહેબ લખે છે કે જે વખતે હું પવિત્ર રોઝા મુબારકની ઝીયારતથી મુશર્રફ થયો તો કાઝમૈનથી સામર્રા તરફ જતી વખતે મજકુર આખુન્દ મુલ્લા ઝયનુલ આબેદીન સફરમાં હતા અને સુર્રમનરાયમાં એકજ ઘરમાં ઉતર્યા, આખુંદ મુલ્લા ઝયનુલ આબેદીન જનાબ બહરૂલ ઉલુમનો અહવાલ બયાન કરીને કહેતા હતા કે હું જનાબે બહરૂલ ઉલુમની ખીદમતમાં શાગીર્દી કરતો હતો, અને હંમેશા જ્યાં તેઓ જાય ત્યાં તેઓની ખીદમતમાં હાજર રહેતો

હતો, એક વખતે તેઓની સાથે અમો સુર્રે મનરાયમાં આવ્યા અને અહીંયા કેટલાક દીવસ સુધી રહ્યા, તે વખતમાં જનાબ મીરઝા કુમ્મી અઅલલ્લાહો મકામહુ સુર્રે મનરાયની ઝીયારત માટે આવ્યા તો એક દિવસ બહરૂલ ઉલુમને કહ્યું કે જરા એકાંત હોય તો મારે કાંઈક વાત કરવી છે, તો જે વખતે લોકો ચાલ્યા ગયા તો આખુન્દ મુલ્લા ઝયનુલ આબેદીને કહ્યું કે મેં ચાહ્યું હું પણ ઉઠી જાઉં, પણ એ જનાબ બહરૂલ ઉલુમ મારી સાથે બહુજ મોહબ્બત રાખતા હતા તેથી કહ્યું કે આ મારા ખાસમાંથી મારા

ભેદનો જાણનાર છે, તે વખતે જનાબ મીરઝા કુમ્મીએ આ જનાબ બહરૂલ ઉલુમને કહ્યું કે હું ચાહું છું કે તમારા છુપા ભેદમાંથી એક બાબત અમોને બતાવો કે તેથી હું લઝ્ઝત પામું, તે વખતે જનાબે બહરૂલ ઉલુમે ઈન્કાર કરીને કહ્યું કે એવી કશી બાબત મારી પાસે નથી, જ્યારે તેઓએ બહુજ આગ્રહ કર્યો તો કહ્યું કે આગળ હું સ્વપ્નામાં જનાબે સીદ્દીકએ કુબરા હઝરતે ફાતેમએ ઝેહરા સલામુલ્લાહે અલયહાની ખીદમતમાં પહોંચ્યો તો એ બુઝુર્ગવાર મારી દાદીએ આશ (એક જાતના ખાણા)નો એક

પ્યાલો ભરીને મને તે આશ ખવરાવી કે હરગીઝ એવી આશ મેં ખાધી ન હતી. તેની અંદર બહુજ લઝ્ઝત હતી, અને એવી મેં જોઈ પણ ન હતી, તે પછી એક મુદ્દત બાદ ખુરાસાનની ઝીયારત નસીબ થઈ, તો નેશાપુરમાં જેના ઘરે ઉતર્યો હતો તે મારી પાસે આશ લાવ્યો તે આશ મેં જોઈ તો મેં જે સ્વપ્નામાં ખાધી હતી તેના જેવો સ્વાદ હતો, તે વખતે ઘરવાળાને પૂછ્યું કે આ આશનું શું નામ છે? તે વખતે તેણે કહ્યું આ ગામમાં આને ‘આશે ફાતેમા’ કહે છે, તો ટુંકમાં એ કે તે સ્વપ્નમાં મેં ખાધી હતી તે

વખતે મારી દાદી ફાતેમા અ. મે ફરમાવ્યું, તું ચાહે છે કે તું તારા નાનાની ઝીયારત કરે ? તે વખતે મેં અરજ કરી અલબત્ત મારી ઘણી ઉમ્મીદ છે, તે વખતે મને એક ઘરમાં લઈ ગયા, ત્યાં હું દરવાજા ઉપર જઈને ઉભો રહ્યો અને જોયું તો ઘરની અંદર હઝરતે પયગમ્બરે ખુદા સ. બેઠા છે અને જનાબે અમીરૂલ મોઅમેનીન અ. દરવાજા પાસે બેઠા છે. તે વખતે મેં સલામ કરી તો હઝરતે રસૂલેખુદા સ. મેં ફરમાવ્યું કે બેસી જા, તે વખતે મેં ખયાલ કર્યો કે હું કોઈ પણ ઠેકાણે ઘરમાં બેસીશ તો અમીરૂલ

મોઅમેનીન અ.ની બેહુરમતી થશે, કેમકે તેઓ દરવાજા ઉપર બેઠેલા છે. પછી વિચાર કરતા કરતા હું ઘરના ખુણામાં જઈને બેઠો, તે જગ્યા હઝરતે રસૂલેખુદા સ.થી અમીરૂલ મોઅમેનીનની બેઠક કરતાં છેટે છે, તે વખતે હઝરતે રસૂલેખુદા સ.મે મોં મલકાવી ફરમાવ્યું કે અય ફરઝંદ તારો ખયાલ બરાબર હતો, પછી મેં રસૂલેખુદા સ. પાસે કેટલાક સવાલ કર્યા અને તેઓએ મને જવાબ આપ્યા, તે વખતે જનાબે મીરઝા કુમ્મીએ પૂછ્યું કે તમોએ હઝરત રસૂલેખુદા સ. પાસે કયા સવાલ કર્યા હતા

અને તેઓએ શું જવાબ આપ્યો હતો? તે વખતે જનાબે બહરૂલ ઉલુમે કહ્યું કે એ બાબતો હું બયાન નહી કરૂં, તે વખતે જનાબ મીરઝા કુમ્મી વારંવાર પુછતા ગયા પરંતુ તેઓ તે વાત ન કહેવા વિષે મક્કમ રહ્યા. મતલબ એ કે આખરે કહ્યું નહી.

પછી લખે છે કે આખુન્દ મુલ્લા ઝયનુલ આબેદીન કહેતા હતા કે અગર જમવાના વખતે તેઓની પાસે કોઈ હાજર હોય તે છતાં તેઓની સાથે જમવા ન બેસે તો તેઓને બહુજ ખરાબ લાગતું, અને એક વખત મગરીબના વખતે ઈમામે

અસકરીઐન અ.ના નવા રોઝા પાછળ એ જનાબ નમાઝ પડતા હતા, અને અમો કેટલાક જણ તેઓની પાછળ નમાઝ પડતા હતા, એટલે સુધી કે નમાઝની છેલ્લી રકાતનું તશહુદ પડી 'અસ્સલામો અલયના' કહીને ચુપ થઈ ગયા અને કાંઈ બોલ્યા નહી તેથી અમો સમજ્યા કે એ જનાબની કંઈક ભુલ થઈ ગઈ છે, પછી કેટલીકવાર બાદ એ જનાબે 'અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વબરકાતોહુ' કહ્યું. તે વખતે અમો ઘણા અજબ થયા પણ એ સાહેબ બહુજ રોઅબ અને દબદબાવાળા હોવાથી

કોઈની હીમ્મત એ વિષે પુછવાની થઈ નહી, આખર આખુંદ મુલ્લા ઝયનુલ આબેદીન કહે છે કે મેં મારા રફીકો સાથે મશવેરો કર્યો કે આજે રાત્રે ખાવાની વખતે એ જનાબ આપણને બોલાવે તો આપણે કબૂલ કરવું નહી અને કહેવું કે તમો નમાઝની અંદર ચુપ થઈ ગયા હતા તે ભેદ બયાન નહી કરો ત્યાં સુધી જમીશું નહી, અને એ સાહેબની આદત છે કે તેઓની પાસે કોઈ બેઠું હોય તો જમવા માટે તે ભેગો બેસે નહી ત્યાં સુધી ખાતા નથી, તેથી જરૂર બયાન કરશે. પછી રાત્રે જમવાના

સમયે અમો ત્યાં હાજર હતા, છતાં હાથ ધોયા નહી. તે વખતે એ સાહેબે ફરમાવ્યું કે હું હુકમ કરૂં છું કે તમે જમવા માટે બેસો આ સાંભળી અમો એ અરજ કરી કે તમો નમાઝમાં ચુપ થઈ ગયા હતા તેનું કારણ બયાન ફરમાવો તો જમીયે નહીતો જમીશું નહી. તે વખતે એ સાહેબે ફરમાવ્યું કે હાલ તમો જમી લ્યો પછી તેનો હું ખુલાસો કરીશ, પછી અમોએ જમીને તે બાબત પુછી તો એ સાહેબે ફરમાવ્યું કે જે વખતે મેં નમાઝમાં તશહુદ પઢીને પહેલી સલામ કહી ત્યાં એકા એક જોયું કે હઝરતે ઈમામે અસ્ર

અજ્જલ્લલ્લાહો ફરજ હુમ (બારમા ઈમામ) પોતાના વાલીદ તથા દાદાની ઝીયારત માટે અંદર આવ્યા તેથી મારી ઝબાન તોતડાવા લાગી અને એ જનાબના રોઅબ અને હયબતના સબબથી બોલવાની શક્તિ રહી નહી, તેમજ નમાઝની હાલતમાં હોવાથી નમાઝને તોડીને એહતેરામ અને તઅઝીમ માટે ઉભો પણ થઈ શકયો નહી. પછી તેઓ ઝીયારતથી ફારેગ થઈ પાછા ફર્યાં તે વખતે મારો હોશ ઠેકાણે આવ્યો અને તે વખતે મેં સલામ કહીને નમાઝ તમામ કરી.

એ સાહેબની કરામતોમાંથી એક આ કરામત પણ બયાન કરે છે કે ‘મીફતાહુલ કરીમા’ કિતાબના લેખક જનાબ સૈયદ જવાદ આમીલી સાહેબ કે તેઓ એ જનાબના શાગીર્દ હતા અને ‘જવાહેરૂલ કલામ’ ના બનાવનાર જનાબ શેખ હસન નજફી સાહેબ મજકુર જનાબ સૈયદ જવાદની પાસે થોડી મુદ્દત કાંઈક તાલીમ લીધી હતી. તો એ જનાબ સૈયદ જવાદ સાહેબ કહે છે કે એક રાત્રે મેં જોયું કે મારા ઉસ્તાદ જનાબ બહરૂલ ઓલુમ અમીરૂલ મોઅમેનીન અ.ના સહેનનો દરવાજો

ખોલીને હરમ તરફ ગયા અને મને તેઓએ જોયો નહી પણ હું તેમની પાછળ ગયો ત્યાં રવાકનો દરવાજો બંધ હતો અને તાળુ લાગેલું હતુ પણ એ જનાબ માટે દરવાજો ખુલી ગયો. એ સાહેબ હરમ તરફ રવાના થયા તો હરમનો દરવાજો પણ ખુલી ગયો, તે વખતે તેઓએ જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ને સલામ કરી તો હઝરતની કબર મુબારકમાંથી સલામનો જવાબ આવ્યો તે વખતે હું ડરીને પાછો ફર્યો.

જનાબ સૈયદ જવાદ સાહેબ કહે છે કે એક રાત્રે મારા ઉસ્તાદ બહરૂલ ઉલુમ

સાહેબ નજફે અશરફના દરવાજાથી બાહેર ગયા, હું પણ તેઓની પાછળ પાછળ ગયો, તો એ જનાબ બારમા ઈમામની જગ્યાએ પહોંચ્યા અને તેઓની સાથે વાતો કરવા લાગ્યા. તેમાં તેઓએ હઝરતને એક મસઅલો પુછયો તેના જવાબમાં હઝરતે ફરમાવ્યું કે શરાઅના અહકામમાં ઝાહેરી દલીલો ઉપર તમારે અમલ કરવો જોઈએ, હકીકતમાં તેનો હુકમ શું છે તેની જરૂરત નથી.

મુલ્લા ઝયનુલ આબેદીન સલમાનીએ કહ્યું કે આ સાહેબ બહરૂલ ઉલુમ રાતના

વખતે હંમેશા નજફે અશરફની ગલીયોમાં ફરતા હતા અને ફકીરો મીસ્કીનોને રોટલી વિગેરે પહોંચાડતા હતા, એક વખતે પોતાના શાગીર્દોને પઢાવવાનું બંધ કરી દીધું તેથી તેઓએ મને સીફારીશ કરવા કહ્યું તેથી મેં એ જનાબની ખીદમતમાં અરજ કરી પણ એ સાહેબે મારી અરજ સ્વીકારી નહી, થોડા દીવસ પછી ફરીને તાલીબે ઈલ્મોએ મને કહ્યું કે અમને ન પઢાવવાનું કારણ પૂછો, તે વખતે મેં એ સાહેબની ખીદમતમાં અરજ કરી તો એ જનાબે ફરમાવ્યું કે હું રાતના વખતે ઘણે ભાગે

નજફની ગલીયોમાં ફરૂં છું પણ આ તાલીબે ઈલ્મ જે મારી પાસે પઢતા હતા તેઓમાંથી કોઈનો રોવાનો અને ગીરયાઓ ઝારી કરવાનો તથા મુનાજાત કરવાનો અરધી રાત્રે અવાજ આવતો ન હતો, તો એવા તાલીબે ઈલ્મ શીખવાને લાયક નથી, તેથી મેં તેઓને પઢાવવું મોકુફ કર્યું છે, જે વખતે તાલીબે ઈલ્મોને એ બાબતની બખર પડી તો તમામ જણ રાતના સમયે દુવા માંગવા અને મુનાજાત કરવા અને ગીરયાઓ ઝારી કરવામાં મશગુલ થયા, તેથી એ સાહેબે ફરીને તેઓને શીખવવું શરૂ કર્યું .

લખે છે કે એક વખતે એ સાહેબ જે વખતે મસ્જિદે કુફામાં હતા, તો એ સાહેબે પોતાના મુલાઝીમો તથા અસહાબોને કહ્યું કે આ વખતે કેટલાક માણસો અહીંયા આવશે એવું મને લાગે છે અને તેઓ ભુખ્યા હશે તો તેઓ માટે ખાવાનું તય્યાર કરો, એ જનાબે એ પ્રમાણે ફરમાવ્યું, ત્યારે એ જનાબે કહેલ તેટલાજ માણસો આવી પહોંચ્યા અને એ જનાબના દસ્તરખાનમાં જમીને લઝ્ઝત પામ્યા.

એ જનાબના ઉચ્ચ સંસ્કાર વિષે લખે છે કે તે વખતે એ સાહેબે નમાઝ માટે એકામત

આપી અને હજુ નીય્યત કરી ન હતી અને તકબીરતુલ એહરામ કહી ન હતી ત્યાં એક શખ્સ એ જનાબ માટે હુક્કો લઈને આવ્યો, તે વખતે એ સાહેબ બેસી ગયા અને હુક્કો પીધા પછી નમાઝ પડયા તો એ સાહેબને એનું કારણ પૂછ્યું તો ફરમાવ્યું હું તે સમયે હુક્કો ન પીતો, તો તે મોઅમીનના દીલને દુભાવવા જેવું થતે. પછી કેટલીક બાબતો લખીને લખે છે કે જનાબ સૈયદ સદરૂદ્દીન નીહાવંદી શુશતરીની આદત એવી હતી કે હંમેશા મુસલ્લો બીછાવેલ રાખતા હતા અને નમાઝ પડયા કરતા હતા. તેઓ નેક શખ્સ

અને ફાઝીલ હતા અને હંમેશા નમાઝ પડયા કરતા હતા. મશહુર એવું હતું કે તેમની પાસે કરામત છે અને આએ કિતાબ લખનાર સાહેબના માસા મરહુમ આકા સૈયદ સાદિક પેશ નમાઝ તેઓએ હીકાયત કહી છે કે એક વખત હું અતબાતથી ઈસ્ફેહાન ગયો, અને નીહાવંદ તરફ થઈને નીકળ્યો કે મજકુર સૈયદની કરામતો સાંભળી છે તે જોઉં, તેથી એ સૈયદની ખીદમતમાં ગયો, એ સાહેબ બહુજ સારી રીતભાતના અને ઠંડા સ્વભાવના દેખાયા અને તે તરફના લોકો તેઓની સાથે બહુજ

સારી રીતે વર્તતા હતા, એટલે સુધી કે શાહઝાદાઓ તેઓની ઘણીજ હીમાયત અને રીઆયત કરતા હતા, અને તેથી તેઓનો એ મતલબ હતો કે એ સાહેબની દોઆથી ફતેહઅલીશાહ જન્નત આરામગાહની પછી સલ્તનત મળે, મજકુર સૈયદ સાહેબે મારો અહવાલ પુછયો અને પુછયું કે અહીંયા તમારૂં કેમ આવવાનું થયું ? મેં કહ્યું કે આપ સાહેબની ઘણી કરામતો મારા સાંભળવામાં આવી છે તેથી તેમાંથી એકાદ જોવા માટે અહીંયા આવ્યો છું, તે વખતે એ સાહબે ફરમાવ્યું કે મારા પાસે કોઈ કરામત નથી

અને મારી કરામત મશહુર થવાનું કારણએ છે કે જ્યારે ઈન્સાનોમાં જે વખતે દુન્યામાં કોઈ જન્મ પામે છે તો તે વખતે જીન્નાતનું પણ એક બચ્ચું જન્મ પામે છે અને એ બચ્ચાને આ બચ્ચું જે પેદા થયું તેનો હમઝાદ કહે છે, તો મતલબ એ કે દરેક શખ્સ માટે હમઝાદ છે એટલે તેની સાથે જન્મેલો છે, તો મારો હમઝાદ જીન્નાત લોકોનો બાદશાહ છે અને તે મારો હમઝાદ પોતાની કૌમમાંથી પાંચ છ જીનને મારી પાસે મોકલે છે જેથી મારી ખીદમત કરે, જેમકે મારા ઘરમાં પાણી ખલાસ થયું હોય

ત્યાં એકાએક જોઈશ કે પાણી ભરાઈ ગયું, કોઈ વખતે છોકરૂં રોતું હોય તો જોઈશ કે ઝુલો હલે છે અને હલાવવાવાળો કોઈ દેખાતો નથી, અને કોઈ વખત લાકડા ખલાસ થયા હોય ત્યાં એકાએક લાકડા આવી જાય છે. તો આવી આવી બાબતો જોવાથી લોકોને મારા ઉપર ગુમાન છે કે આ કરામતવાળો છે, તો એ કાંઈ મારી કરામત નથી બલકે જીન્નાત લોકો કામ કરી આપે છે.

આ કિતાબ લખનાર સાહેબ કહે છે કે હમઝાદની હીકાયત મઅરૂક અને મશહુર

છે. એટલે જે વખતે ઈન્સાન પેદા થાય છે તો તે વખતે જીન્નાતમાં પણ એક છોકરૂ પેદા થાય છે અને તેને તે શખ્સનો હમઝાદ કહે છે, શેખ અહમદ અહસાઈને કોઈએ સવાલ કર્યો કે કોઈ કોઈ વખત વગર કારણે કોઈ ગમગીન અને ઉદાસ શા માટે થઈ જાય છે? તે વખતે શેખ અહમદે કેટલાક જવાબ આપ્યા, તેમાંથી એક જવાબ એ છે કે દરેક શખ્સને જીન્નાતમાંથી એક હમઝાદ છે તો જે વખતે તે જીન ગમગીન થાય છે તો વગર કારણે એ શખ્સ પણ ગમગીન થાય છે. કેમકે તે તેની સાથે રબ્ત

(મેળાપ) રાખે છે અને તેને પોતાને પણ ખબર નથી પડતી કે હું શા માટે ગમગીન થાઉં છું. અને બીજુ કારણ એ છે કે ઈમામ અ. શીયાનું આમાલનામું જુવે છે કે તેઓએ ગુનાહ કર્યાં છે, તો પોતે ઉદાસ થાય છે અને ઈમામ તે દુન્યાના એક દીલરૂપી છે, તો દીલ જયારે ગમગીન થાય તો અંગના તમામ ભાગોમાં તેનો અસર જણાય છે, તો થઈ શકે છે કે જે શખ્સના ખરાબ અઅમાલથી ઈમામ ગમગીન થાય તો તેનો અસર તે શખ્સને પણ પહોંચે અને તેથી પોતે પણ ગમગીન થાય.

# (૧૯) જનાબે સૈયદ રઝી અબુલ હસન મોહમ્મદ ઈબ્નીલ હુસયન અઅલલ્લાહો મકામોહુનો અહવાલ

જાણવું જોઈએ કે જનાબે સૈયદ મોહમ્મદ બીન મુસા બીન મોહમ્મદ તે જનાબે સૈયદ મુરતઝા અલમુલ હોદાના ભાઈ છે, તેઓની કુન્નીયત 'અબુલ હસન'

અને ‘લકબ રઝા’ છે, અને તે લકબથી ‘સૈયદ રઝી’ મશહુર છે. તેઓનું નામ મોહમ્મદ છે. તેઓની વિલાદત સને ૩૫૯ હીજરીમાં થઈ છે. એ સાહેબ ઈલ્મ અને ફનમાં બહુજ હુશીયાર અને સખી તથા શાયર હતા, અને દસ વર્ષની ઉમરમાં શેર બહુજ સારી રીતે કહેતા હતા, અને કુરઆને શરીફને ઝબાન ઉપર (મોંઢે) યાદ કર્યું હતું અને કોઈ પાસેથી હદીયો કે તોહફો લેતા ન હતા, એટલે સુધીકે પોતાના બાપા પાસેથી પણ હદીયા કબૂલ કરતા ન હતા.

અબુ ઈસહાક ઈબરાહીમ બિન હીલાલ સાબીએ હીકાયત કહી છે, કે એક દીવસ અબી મોહમ્મદ મહદી વઝીરની પાસે હું બેઠો હતો, ત્યાં ચોકીદાર આવીને કહ્યું કે જનાબે સૈયદ મુરતુઝા અંદર આવવા ઈઝન (રજા) માંગે છે, તે વખતે વઝીરે રજા આપી અને જનાબે સૈયદ મુરતુઝાની તઅઝીમ માટે ઉભા થઈ ઘણીજ સારી રીતે માન આપી બેસાર્યા, અને જતી વખતે ઉભા થઈ તઅઝીમ કરી, રૂખસત કર્યા. એ બુઝૂર્ગવારના જવા પછી વઝીર સાહેબ લખવામાં મશગુલ થયા, ત્યાં ચોકીદારે

આવી ને કહ્યું કે જનાબ સૈયદ રઝી સાહેબ અંદર આવવાનું ઈઝન માંગે છે, એ સાંભળતાંજ વઝીરે હાથમાંથી કાગળ નાખી દઈ ગભરાએલાની જેમ પોતાની જગ્યાથી ઉભા થઈ સેહનમાં આવી જનાબે સૈયદ રઝી સાહેબનો ઈસ્તીકબાલ કરી તેઓનો હાથ પકડી પોતાની જગ્યાએ બેસારી, પોતે તેઓની સામે બહુજ આજીજી અને નમ્રતાથી બેઠા, જ્યારે સૈયદ રઝી સાહેબ ઉભા થયા તો વઝીર તેઓને ઘરના દરવાજા સુધી મુકવા ગયા.

જે વખતે મેં આ બનાવ જોયો તો મેં વઝીરને કહ્યું કે અગર રજા આપો તો હું તમોને કાંઈક પુછું, તે વખતે વઝીરે કહ્યું કે ગોયા તારો સવાલ એ છે કે જનાબ સૈયદ મુરતુઝા અલમુલહોદા મોટા અને ઈલ્મમાં વધારે હોવા છતાં, તેઓ કરતાં તેઓના નાના ભાઈ જનાબ સૈયદ રઝીની તઅઝીમ શા માટે વધારે કરી?! મેં કહ્યું હા, એજ સવાલ પુછવો છે, તે વખતે વઝીરે કહ્યું કે મેં જનાબ સૈયદ રઝીથી એક એવી બાબત જોઈ કે તેથી તેઓ ઉપર મારો બહુજ વધારે એઅતેકાદ થયો છે, એમ કહી કેટલીક વાત

કહીને કહ્યું કે ખુદાએ તઆલાએ તેઓને એક ફરઝંદ અતા કર્યો, તેથી મેં મુબારક બાદી માટે એક થાળામાં હઝાર દીનાર રાખીને એ જનાબ સૈયદ રઝી સાહેબને મોકલ્યા, તો એ જનાબે મજકુર હદીયો કબૂલ ન કરતાં પાછો ફેરવીને કહેવરાવ્યું કે વઝીર જાણે છે કે હું કોઈનું કાંઈ કબૂલ કરતો નથી, તે વખતે મેં બીજી વખત મજકુર થાળ મોકલીને કહેવરાવ્યું કે આ દીનાર ખાસ આપના ફરઝંદ માટે છે, તેમાં તમારો કશો અધિકાર નથી, તે વખતે પણ તેઓએ એ દીનાર પાછા મોકલીને કહેવરાવ્યું કે

અમારા ફરઝંદો પણ કોઈ પાસેથી કબૂલ કરતા નથી, તે વખતે એ દીનારો ત્રીજી વખતે મોકલીને મેં કહેવરાવ્યું કે આ દીનાર તે બચ્ચાની સુયાણી માટે છે, તે વખતે તે બુઝુર્ગવારે મજકુર દીનાર પાછા મોકલીને ફરમાવ્યું કે વઝીર જાણે છે કે અમારી ઔરતો માટે પરાઈ ઔરતો સુયાણી હોતી નથી, બલકે અમારા કબીલામાંથીજ અમારી ઓરતો સુયાણીનું કામ કરે છે, અને તેઓ પણ કોઈ પાસેથી કોઈ ચીજો કબૂલ કરતી નથી, તે વખતે ચોથી વખતે મેં એ દીનાર મોકલીને કહેવરાવ્યું કે તમારી ખીદમતમાં

જે તાલીબે ઈલ્મો સીખે છે તેઓ માટે આ દીનાર છે. આ પયગામ સાંભળીને એ જનાબે ફરમાવ્યું કે તમામ તાલીબે ઈલ્મો હાજર છે માટે જેને જેટલું જોઈએ તેટલુ લઈ લે, આવો હુકમ હોવા છતાં કોઈ પણ તાલીબે ઈલ્મે એ થાળમાંથી કાંઈ લીધું નહી, પણ એક તાલીબે ઈલ્મે એક દીનાર ઉપાડી તે દીનારમાંથી જરા કરચ કાપી લઈ પાછું મુકી દીધું, તે વખતે જનાબ રઝી સાહેબ તેને પૂછ્યું કે તેં આ મુજબ શા માટે કર્યું ? તેણે જવાબ આપ્યો કે ગઈ રાત્રે દીવો કરવા માટે તેલ ન હતું, અને આપે

તાલીબે ઇલ્મો માટે વકફ કરેલા ખઝાનાનો ચોકીદાર હાજર ન હતો તેથી ફલાણા દુકાનદાર પાસેથી દીવા માટે તેલ ઉધાર લીધું છે, તો એ તેલની કીંમત આપવા માટે આ દીનારમાંથી મેં કરચ કાપી લીધી જેથી મજકુર કરજમાંથી મુકત થઈ જાઉં, પછી એ દીનાર મારી પાસે પાછા મોકલી આપ્યા તો આ કારણોથી એ સાહેબ ઉપર મારો વધારે એઅતેકાદ થઈ ગયો છે.

પછી લખે છે કે એ સાહેબે ઈલ્મ શીખનારાઓ માટે કેટલાક મકાન બનાવ્યા હતા અને તેનું નામ 'દારૂલ ઈલ્મ' (ઈલ્મનું

ઘર) રાખ્યું હતુ અને તાલીબે ઈલ્મની જરૂરતની તમામ ચીજો ત્યાં તૈયાર કરાવી હતી અને જ્યારે એ વજીરના દીનારો પાછા મોકલવાનો બનાવ બન્યો અને એક તાલીબે ઈલ્મે ઉધારે તેલ લીધેલું હતું તે કરજ અદા કરવા માટે તે દીનારમાંથી જરા કરચ કાપી લીધેલી તેથી એ જનાબે દરેક તાલીબે ઈલ્મ માટે ખઝાનાની એક એક ચાવી બનાવીને આપી કે જે વખતે કોઈ ચીજની જરૂરત હોય તો તેથી અટકી રહે નહી.

એ જનાબની કરામતોમાંથી એક કરામત વિશે લખે છે કે એક વખત પોતાના ભાઈ જનાબ સૈયદ મુરતઝાની પાછળ નમાઝ પઢવા માટે ઉભા રહ્યા, જે વખતે રૂકુઅમાં ગયા તો આ જનાબ પોતાની નમાઝ જુદી પડયા તો તેઓને નમાઝ જુદી પઢવાનું કારણ પૂછ્યું તો આપે જવાબ આપ્યો કે જયારે હું મારા ભાઈ પેશ નમાઝની સાથે રૂકુઅમાં ગયો તો તેઓ 'હયઝ'ના મસલા વિશે કાંઈ વિચાર કરવા લાગ્યા એટલે લોહીના દરીયામાં ગોતા મારવા લાગ્યા તેથી મેં પોતાની નમાઝ

જુદી પડી લીધી, અને તેઓની બીજી કરામત કે તેઓ વિષે જનાબે મુફીદે સ્વપ્નું જોએલું તે જનાબે સૈયદ મુરતઝા અલેમલહોદાના અહવાલમાં લખી ચુકયા છીએ.

એ જનાબની તસનીફ કરેલી કીતાબો ઘણી છે, અને તે બહુજ તઅરીફ કરવા લાયક છે, ઉપરાંત તેઓએ કુરઆન શરીફની તફસીર પણ લખી છે. એ જનાબની વફાત હીજરી સન ૪૬૬ મોહરમની છઠી તારીખે થઈ છે. અને એ જનાબના ગુજરી જવા પછી સુલતાનના

વઝીર બહાઉદ્દૌલા ફખરૂલ મુલ્ક અને અશરાફો તથા અમીરો અને કાઝીયો જનાઝા સાથે હાજર રહ્યા હતા, અને તેઓ ઉપર નમાઝ પડયા હતા, અને ત્યાં દફન થયા. પરંતુ ત્યારપછી ઈમામે હુસૈન અ.ના રોઝામાં એ જનાબના વાલીદની પાસે દફન કર્યા છે.

# (૨૦) જનાબ મોહમ્મદ બીન મોહમ્મદ ખાજા નસીરૂદ્દીન તુસી અ.ર. રહમાનો અહવાલ

મોહમ્મદ બીન મોહમ્મદ બીન હસન તુસી રસદી કે જેઓ 'ખાજા નસીર' નામે મઅરૂફ છે અને 'મોહક્કીકે તુસી'થી મશહુર છે અને તેઓનો લકબ 'નસીરૂદીન' છે અને એ સાહેબના ઈલ્મ વિષે એટલી તો તઅરીફ લખી છે કે જેની હદ નથી ઘણા બધા

ઈલ્મોમાં બહુજ કામીલ અને પ્રવીણ હતા. એ સાહેબનો જન્મ થયો તે દીવસે આપણા મઝહબનો વિરોધી એક મોટો શખ્સ ગુજરી ગયો છે અને તેઓની જન્મની તારીખમાં કુરઆનની નીચે મુજબ આયત નીકળે છે.

'જાઅલ હક્કો વઝહકલ બાતેલ ઈન્નલ બાતેલ કાન ઝહુકા' 'એટલે હક આવ્યું અને બાતીલ ગયું, તહકીકકે બાતીલ છે તે જવા વાળું છે', એ સાહેબનો જન્મ 'તુસ' નામના મુકામે જમાદીઉલ અવ્વલની અગીયારમી તારીખ સને ૫૯૭ હીજરીમાં થયો હતો. અને તેમની ઉમર ૭૫ વર્ષની થઈ હતી.

તેઓની વફાત ઝીલહજ મહીનાની અઢારમી તારીખ ૬૭૨ હીજરીમાં થઈ છે. એ સાહેબની કેટલીક ઉમદા અને અજાએબ બાબતો કીતાબોમાં લખાએલી છે, તેમજ લોકોમાં મશહુર છે કે તે જનાબ મોહકકકે તુસીએ અહલેબયતે અતહાર અ.ના ફઝાએલમાં વીસ વર્ષ સુધી એક કિતાબ લખી અને તૈયાર કરી, પછી તે કિતાબ બની અબ્બાસીના ખલીફાને બતાવવા માટે બગદાદ લઈ ગયા. જે વખતે એ જનાબ તેની પાસે ગયા તો તે ખલીફા ઈબ્ને હાજીબની સાથે બગદાદની નદીમાં સૈર

કરતો હતો, એટલામાં એ જનાબે ખલીફાની સામે કીતાબ રાખી, ખલીફાએ એ કિતાબ ઈબ્ને હાજીબને આપી ઈબ્ને હાજીબ નાસબી અને અહલેબયત અ. નો દુશ્મન હતો, તો તેણે એ કિતાબ જોતાંજ પાણીમાં ફેંકી દીધી અને બોલ્યો કે આ કિતાબ પાણીની અંદર નાખવાથી જે પાણીના પરપોટા ઉપર આવ્યા તે મને બહુજ સારા લાગ્યા એટલે હું ખુશી થયો, પછી જયારે નદીમાંથી બહાર નીકળ્યા તો ઈબ્ને હાજીબે એ જનાબ મોહકકકે તુસીને પૂછ્યું કે અય આખુન્દ તું કયાંનો રહેવાસી છે?

તેઓએ કહ્યું કે હું તુસનો રહેવાસી છું, તે વખતે ઈબ્ને હાજીબે કહ્યું કે તું તુસની ગાયોમાંથી છો કે ગધેડાં માંથી? આ સાંભળીને એ જનાબે જવાબ આપ્યો કે હું તુસની ગાયોમાંથી છું, તે વખતે ઈબ્ને હાજીબે કહ્યું કે ગાયોને શીંગડા હોય છે તારા શીંગડા કયાં છે? તો એ જનાબે ફરમાવ્યું મારા શીંગડા તુસમાં છે, તે હું જઈને લઈ આવું છું.

કિતાબને પાણીમાં નાખી દેવાથી એ જનાબને બહુજ દુ:ખ થયું.ઉદાસ દીલે અફસોસ અને મુસીબત ભરેલા પાછા ગયા.

પછી એક રાત્રે સ્વપ્નામાં જોયું કે એક મકાનમાં એક મકબરો છે, અને તે મકબરાની સંદુકની અતરાફ બાર ઈમામ વિશે દુરૂદ લખેલ છે કે જેને 'દુરૂદે તુસી' અને 'દોવાઝદાહ ઈમામે ખ્વાજાનસીર' કહે છે અને તે જગ્યાએ એક બુઝુર્ગવાર બેઠેલા હતા, તેઓએ એ દુરૂદ અને તેને ખતમ કરવાનો તરીકો બતાવ્યો અને તે બુઝુર્ગવાર બારમા ઈમામ અ.સ. હતા. પછી જયારે ખ્વાજા નસીર સાહેબ ઉઠયા તો એ દોઆના કેટલાક ફીકરા ભુલી ગયા, તેથી બીજી રાતે એજ પ્રમાણે સ્વપ્નું આવ્યું અને

તે ભુલી ગએલા ફીકરા તઅલીમ કર્યા અને જયારે જાગ્યા તો એ દુરૂદને પોતે લખી લીધા અને એ ખલીફા અબ્બાસીને દફે કરવા માટે એ દુરૂદનો અમલ શરૂ કર્યો.

પછી ખુરાસાનની અંદર હવે પછી કોણ બાદશાહ થનાર છે તે વિષે ‘રમલ’માં જોયું તો ‘રમલ’માં આવ્યું કે ફલાણા મહોલ્લામાંથી બાદશાહ થશે, પછી ‘રમલ’માં જોયું કે એ મહોલ્લામાં ફલાણા ઘરની અંદરથી કોઈ બાદશાહ થશે ! તો તપાસ કરતાં ખબર પડી કે તે ઘરની અંદર એક ઓરત અને બે બચ્ચાં છે, તો તે બન્ને

છોકરાઓની એ જનાબે તરબીયત કરી, પછી તેમની હુશીયારીથી સમજયા કે આ બંન્નોમાંથી ફલાણો બાદશાહ થશે અને તેનું નામ હલાકુખાન હતું તેથી તે હલાકુખાનની તરબીયતમાં વધારે કોશીશ કરવા લાગ્યા. પછી એક દીવસ એ જનાબે હલાકુખાનને કહ્યું કે અગર તું બાદશાહ થાય તો મારા માટે શું કરીશ ? હલાકુખાને કહ્યું કે હું તમને પોતાનો વઝીર બનાવીશ. તો એ જનાબે એ વિષે તેની પાસેથી અહદનામું લખાવી લીધું. પછી એવો બનાવ બન્યો કે મજકુર હલાકુખાન ખુરાસાનનો હાકીમ થયો અને

તેણે પોતાનો વાયદા પ્રમાણે એ જનાબને પોતાના વઝીર બનાવ્યા. અને ત્યાંથી શહેરો ફતેહ કરતા કરતા બગદાદ આવ્યા.

ખલીફા અબ્બાસ તથા ઈબ્ને હાજીબ સાથે એ જનાબને દુશ્મની હતી તેથી તે ખલીફાને મારી નાંખી બની અબ્બાસીનું મુળ ઉખાડી નાખ્યું, એ બનાવથી ઈબ્ને હાજીબ એક માણસના ઘરમાં છુપાઈ ગયો, તે પોતે જાણતો હતો કે ખ્વાજા નસીર 'રમલ'નું ઈલ્મ જાણે છે તેથી મારી શોધ કરી લેશે તો એ બીકથી એક થાળમાં લોહી ભરાવી તેની ઉપર કોઈ ચીજ રાખી તેના ઉપર ગાદી

બીછાવીને બેઠો કે જનાબ ખ્વાજાને તે વિશે ખબર ન પડે.

જયારે ખ્વાજાએ ઈબ્ને હાજીબની તપાસ કરી તો તેનો પત્તો મળ્યો નહીં તેથી એ જનાબે 'રમલ' નાંખીને જોયું તો નીકળ્યું કે લોહીના દરિયાની વચમાં ઈબ્ને હાજીબનું રહેઠાણ છે તેથી તેઓ વીચારમાં પડી ગયા પછી એ જનાબે બગદાદના તમામ લોકોને બોલાવી દરેક ઘરવાળાને એક એક બકરૂં આપી કહ્યું કે થોડી મુદત પછી મને આ પાછું આપજો એવી શરતે કે હાલ હું તેને

તોળીને આપું છું તેથી તેનું વજન વધું અથવા ઓછું થવું જોઈએ નહીં.

પછી જયારે સર્વે લોકો પોત પોતાના ઘરે લઈ ગયા તો જેના ઘરમાં ઈબ્ને હાજીબ સંતાયો હતો તે ઘરવાળાએ ઈબ્ને હાજીબને મજકુર બાબત કહી, તો ઈબ્ને હાજીબે તેને દીલાસો આપીને કહ્યું કે તેને હમેશા એક સરખી ખોરાકી આપ અને વરૂનું એક બચ્ચું લાવીને રાખ અને હંમેશા એક વખત તે બકરાને બતાવ્યા કર કે તેથી તે બકરૂં હંમેશા જેટલો ખોરાક ખાશે તે વરૂના બચ્ચાને જોવાથી બીકને લીધે તે ખોરાકનું

પાણી થઈ જશે અને ગોશ્ત થવા પામશે નહીં.

પછી જ્યારે સરવે લોકોના બકરા ખ્વાજા નસીર સાહેબે મંગાવી તોળી જોયા તો તમામમાં ફેરફાર થયો પણ ઈબ્ને હાજીર જેના ઘરે મહેમાન હતો તેનું બકરૂં બરાબર થયું, તેથી ખ્વાજા સમજ્યા કે આ હીકમત ઈબ્ને હાજીબની છે તેથી તે બકરાવાળાને ઘરે માણસ મોકલી ઈબ્ને હાજીબને પકડી લાવ્યા. જ્યારે બાદશાહ અને ખ્વાજા સાહેબ પાસે તેને લાવવામાં આવ્યો તે વખતે જનાબ ખ્વાજાએ ઈબ્ને

હાજીબને કહ્યું કે કેમ? મેં તને કહ્યું ન હતું કે હું તુસની ગાયોમાંથી છું ? તેમજ મેં કહ્યું હતું કે મારાં શીંગડા તુસમાં છે તે લેવા જાઉ છું, તો મારા શીંગડા જો આ બાદશાહ છે તેને હું સાથે લાવ્યો છું. પછી ખ્વાજા નદીને કીનારે જઈ ઈબ્ને હાજીબના કુતુબખાનામાંથી તમામ કીતાબો અને ખાસ કરીને તેની બનાવેલી કીતાબો પાણીમાં નાખી દઈને જેમ ઈબ્ને હાજીબે એ જનાબે ખ્વાજાની કીતાબ પાણીમાં નાખીને કહેલ તેમ કહ્યું કે આ કીતાબો પાણીમાં ડુબવાથી જે પરપોટા ઉપર આવે છે તે મને ઘણા

સારા લાગે છે, એ વખતે ઈબ્ને હાજીબ તેઓની હજુરમાં ઉભો હતો અને અફસોસથી જોતો હતો. ગોયા કે તે રોતો હતો અને તેણે ખ્વાજાને કહ્યું કે મારી ફલાણી ત્રણ કિતાબો પાણીમાં નાખો નહી કે તે તાલીબે ઈલ્મ માટે ઘણી ફાયદા કારક છે, તો ખ્વાજાએ તેની ઈલ્તેમાસ કબૂલ કરી તે કિતાબોને પાણીમાં નાખીં નહી, પછી ખ્વાજાએ હુકમ કર્યો કે બકરાના ચામડાની જેમ એનું ચામડું ખેંચી કાઢો, તો હુકમ થતાંજ તેની ચામડી ખેંચી કાઢી અને તેને બગદાદની નદીમાં ફેંકી દીધો.

પછી એ હીકાયત વિષે લખે છે કે સાહેબે મકામે ફરમાવ્યું છે કે એ હીકાયત સહીહ નથી. પછી કેટલીક બાબતો લખીને લખે છે કે મુલ્લા કુતુબદ્દીન શીરાઝી કે જે શીઆ મઝહબના ન હતા અને ઈલ્મના દર્સ આપતા હતા, અને તેઓ ઘણી જાતના ઈલ્મમાં કામીલ હતા, તો એક વખત આ જનાબ ખ્વાજા સાહેબ પોતાનો વેશ બદલીને તેઓની પાસે જઈને બેસી ગયા અને તેઓ સબક આપતા હતા તે સાંભળતા હતા અને વચમાં કાંઈ બોલતા ન હતા એટલે સુધી કે ઉઠીને પાછા ઘેર ગયા.

તો જે શખ્સની પાસે એ સાહેબ બેઠા હતા તેણે એ જનાબને ઓળખેલા નથી, એ સબકની મજલીસ ખલાસ થયા પછી પોતાના ઉસ્તાદ મુલ્લા કુતુબને કહ્યું કે જે શખ્સ મારી બાજુમાં બેઠા હતા તે ખ્વાજાનસીરૂદ્દીન હતા, તો મુલ્લા કુતુબે કહ્યું કે અલબત્તા તે આવતી કાલે પણ આવવા જોઈએ તો મારી સલાહ એ છે કે જે ચીજના ઈલ્મમાં તેઓને દખલ ન હોય તે વિષે ભાષણ ચલાવીએ, તે વખતે તેણે કહ્યું કે ખ્વાજા સાહેબ દરેક ઇલ્મની અંદર પ્રવીણ અને કાબીલ છે અને તેઓએ કીતાબો

તાલીફ કરી છે પણ ઈલ્મેતીબ (વૈદક)માં તેઓનો દખલ લાગતો નથી, અને તે વિષે તેઓની કોઈ કિતાબ પણ નથી, તે વખતે મુલ્લા કુતુબે કહ્યું કે આવતી કાલે સર્વે જણ તીબના કાનુન નામની કિતાબ લાવે અને નબઝ (નાડ) વિષે ભાષણ આપવું.

જ્યારે સવાર થઈ અને તાલિબે ઈલ્મ ભેગા થયા તો નાડ વિષે ભાષણ ચલાવ્યું અને આ જનાબ પણ ત્યાં જઈને બેઠા અને મુલ્લા કુતુબે એ કિતાબ બનાવનાર શેખ રઈસ ઉપર ઘણા એઅતેરાઝો કરી પોતાની તહકીક અને વિચાર બયાન કર્યા; પછી જે

તાલીબે ઈલ્મની પાસે આ જનાબ ખ્વાજા બેઠા હતા તેને કહ્યું કે કેમ આ વિષે તું સમજ્યો? તેણે કહ્યું હા, તો મુલ્લા કુતુબે કહ્યું કે બયાન કર. તે વખતે તે બયાન કરવા લાગ્યો પણ તેની જબાન અટકી જવા લાગી, તે વખતે જનાબ ખ્વાજાએ કહ્યું કે અગર રજા હોય તો હું બયાન કરૂં, આ સાંભળીને મુલ્લા કુતુબે કહ્યું કે શું તમો પણ સમજ્યા છો ? તેઓએ કહ્યું કે હા, તો તેણે કહ્યું ઠીક છે બયાન કરો. ખ્વાજા સાહેબે કહ્યું કે પહેલે તમારી ગલતીઓ બયાન કરૂં, જે હક વાત છે તે બયાન કરૂં ? મુલ્લા કુતુબે

કહ્યું કે પહેલે તમે મારી કહેલી બાબત બયાન કરો, તે પછી મારી ગલતી હોય તે કહો, અને ત્યારપછી તમારી તહકીક અને વિચારો બયાન કરો. તે વખતે એ જનાબે તેણે કહેલા કલામ બયાન કર્યા અને તેણે કરેલા દરેક એઅતેરાઝનો જવાબ પણ આપ્યો. પછી જે કાંઈ ખરી હકીકત હતી તે બયાન કરી. આ મુજબના ખરા જવાબો સાંભળતાજ મુલ્લા કુતુબે પોતાની જગ્યાએથી ઉઠી જનાબ ખ્વાજાનો હાથ પકડી પોતાની જગ્યાએ બહુજ ઈજ્જત અને અદબથી બેસાર્યા.

પછી એ જનાબ સાથે ઈમામો વિષે કેટલીક ગુફતગુ કરી, તો ખ્વાજાએ તેઓના તમામ સવાલોના જવાબ આપી જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ની ખીલાફત સાબીત કરી આપી. તેથી મુલ્લા કુતુબ શીઆ મઝહબમાં આવ્યા પણ કેટલાક દીવસો પછી વટલાઈ ગયો. વળી જનાબ ખ્વાજાએ તેની સાથે મુબાહેસો કરી તેને શીઆ કર્યો એટલે સુધી કે ત્રણ વખત એજ મુજબ થયું. પછી ચોથી વખતે જનાબે ખ્વાજાએ તેઓની સાથે વાદવીવાદ કરવા ચાહ્યું તો મુલ્લા કુતુબે કહ્યું કે હું તમારી

સાથે વાત કરી શકતો નથી, પણ તમારા કોઈ શાગીર્દને હુકમ કરો કે તે મારી સાથે બહસ કરી મને કાયલ કરે. તો હું એવી રીતે પક્કો શીઆ થઈ જાઉં અને તે પછી કદી ફરૂં નહી, તેથી જનાબ ખ્વાજાએ પોતાના શાગીર્દને હુકમ કર્યો, તેણે એવી એવી દલીલો બયાન કરી કે મુલ્લા કુતુબ કાયલ થઈ શીઆ થઈ ગયો અને તે પછી ફર્યો નહી. એ જનાબ ખ્વાજાના શાગીર્દોમાં દાખલ થયા અને કેટલીક મુદ્દત સુધી એ જનાબની ખીદમતમાં રહ્યા.

એક દીવસ જનાબ ખ્વાજા સાહેબ ખલીફા અબ્બાસી સાથે જંગ કરવા માટે સફ ગોઠવતા હતા. તેવામાં નહવના ઈલ્મના બાર એઅતેરાઝ પુછયા અને તે એવા એઅતેરાઝ હતા કે તે દીવસ સુધી કોઈથી તેનો ખુલાસો થયો ન હતો, પછી મુલ્લા કુતુબ એક એકનો સવાલ કરતા હતા અને જનાબે ખ્વાજા એક એક સફ દુરસ્ત કરતા જતા હતા, અને જવાબ આપે જતા હતા, એટલે સુધી કે બાર સફ દુરૂસ્ત કરી અને બારે એઅતેરાઝના જવાબ આપ્યા.

આકા સૈયદ અબુ જાઅફર તનકાબનીથી મજકુર છે કે હલાકુખાન બાદશાહનું ઈમાન સુસ્ત હતું, એક વખતે તેણે ખ્વાજાને કહ્યું કે દરેક સુલતાન પોતાની રય્યત માટે ફરમાન લખે છે તો તમારા ખુદાનું ફરમાન કયાં છે? ખ્વાજાએ કહ્યું કે આપણા ખુદાનું ફરમાન ઈન્શાઅલ્લાહ હું તમોને બતાવીશ, પછી એ જનાબે હુકમ કર્યો કે હરણના ચામડા ઉપર કુરઆન એવી રીતે લખો કે પચાસ ઉંટનો ભાર થાય, પછી હુકમ આપ્યો કે ઢોલ નગારા વિગેરે વગાડતા રોઅબ અને

દબદબા સાથે એ કુરઆનને લઈને આવે, ખ્વાજા બાદશાહની પાસે બેઠા હતા કે તે વાજાની અવાજ સાંભળતાંજ બેઈખ્તીયાર ઈસ્તીકબાલ માટે દોડયા અને બાદશાહને કહ્યું કે જો મારા ખુદાનું ફરમાન આવે છે, તે વખતે હલાકુ પણ ઉભો થઈ જઈ ખ્વાજાની સાથે ઈસ્તીકબાલ માટે ગયો અને ઘણીજ ઈજ્જત અને માન સાથે કુરઆનને લાવ્યો.

લખે છે કે એક વખતે હલાકુખાને એ જનાબને કહ્યું કે ખુદાની ઈબાદતના જે કાંઈ એહકામ છે તે મારી સમજમાં આવે એવી દલીલથી અક્કલ પ્રમાણે સાબીત કરી

આપો (એટલે દરેક ચીજનું કારણ એવી રીતના બયાન કરવું કે તે વિષે અક્કલ પણ કબૂલ કરે જેમકે શરાઅમાં છે કે સુર્યથી ગરમ થએલા પાણીથી વઝુ કરવું મકરૂહ છે તો એમાં ભેદ એ છે કે સુર્યથી ગરમ થએલા પાણીથી વઝૂ કરવાથી ધોળા ડાઘ પઢવાનો સંભવ રહે છે.) તો એ જનાબે શરહના તમામ અહકામ અક્કલ કબૂલ કરે એવી રીતના દાખલાથી સાબીત કરી આપ્યા અને હલાકુખાને પસંદ કર્યા પણ એ જનાબે હજના અહકામમાં 'હરવલા' તથા 'રમીએ જમરાત' ('હરવલા' હજની અંદર એ

અઅમાલ છે કે જે મક્કામાં 'સફા' અને 'મરવા' નામની પહાડની વચમાં સાત વખત ફરે છે અને એમા અમુક ભાગમાં દોડવાની જેમ થોડુંક ચાલવું પડે છે તે, અને 'રમીએ જમરાત' હજના અઅમાલમાં 'મીના' નામની જગ્યામાં ત્રણ જગ્યાએ શેતાનને કાંકરા મારવામાં આવે છે)એ બે ચીઝ વિષે સંતોષકારક દલીલ આપી શકયા નહી.

લખે છે કે જે વખતે હલાકુખાન બાદશાહની મા મરી ગઈ તો શીઆ સિવાયના બીજા કોઈ મોટા આલીમે

હલાકુખાનને કહ્યું કે મરવા પછી મુરદાને કબરની અંદર મુનકીર અને નકીર એઅતેકાદ અને અઅમાલ વિશે સવાલ કરે છે તો આપ સાહેબના માતાજી અભણ અને જવાબ આપવાને અશકત છે માટે બેહતર છે કે ખ્વાજા નસીરૂદ્દીનને તમારી માની કબરમાં દફન કરો તો તેઓ મુનકર અને નકીરનો જવાબ સારી રીતે આપશે, આ બાબતની જનાબ ખ્વાજાને ખબર પડી, તેથી બાદશાહને અરઝ કરી કે એ બાબત હક અને સાચી છે કે કબરની અંદર દરેક શખ્સને એટલે સુધી કે બાદશાહને પણ

મુનકરો નકીર સવાલ કરશે તો જે વખતે આપ દુન્યાથી ગુજરી જશો તો આપ પણ સવાલના જવાબ બરાબર આપી શકશો નહી, માટે બેહતર છે કે તમો મને તમારા માટે રાખી મુકો અને ફલાણા આલીમને (કે જેણે બાદશાહને ઉશ્કેર્યો હતો) તમારી માતાજીની કબરની અંદર દફન કરી દો કે તે સારી રીતે સવાલનો જવાબ આપી શકશે, આ સાંભળીને બાદશાહે તે મુજબ અમલ કરી તે ઉશ્કેરનાર આલીમને પોતાની માની કબરમાં જીવતોજ દફન કરી આપ્યો.

લખે છે એ જનાબ દરેક જાતના ઈલ્મની અંદર બહુજ પ્રવીણ અને કામીલ હતા એટલે સુધી કે ઈલ્મે રમલ, જફર અને નુજુમમાં પણ બહુજ કામીલ હતા. તે વિષે તેઓએ રીસાલા પણ લખ્યા છે. એક વખતે પોતે મુસાફરીમાં જંગલમાં ઉતારો કર્યો ત્યાં એક ઝુપડી હતી તેની પાસે રાતે સુઈ રહેવાનું નક્કી કર્યું, તો ઝુંપડીવાળાઓએ આવીને અરજ કરી કે તમો અમારી ઝુંપડીની અંદર આવો કેમકે આજ રાતે વરસાદ આવનાર છે, ખ્વાજા પોતે જે ઈલ્મ જાણતા હતા તેના આધારે તપાસ કરીને

કહ્યું કે આજ રાતે વરસાદ નહી આવે, એમ કરીને તે રાત્રે પોતે ત્યાંજ સુતા પણ થોડી રાત પસાર થયા પછી વરસાદ આવવો શરૂ થયો, તેથી ખ્વાજા પોતાના માણસો સાથે ઉઠી તે ઝુપડીની અંદર ગયા, પછી તેને પૂછ્યું કે તને કેવી રીતે ખબર પડી કે આજે વરસાદ આવનાર છે? તે વખતે તેણે કહ્યું કે હું બીજું કાંઈ જાણતો નથી પણ મારી પાસે કુતરો છે અને જ્યારે વરસાદ આવનાર હોય ત્યારે તે કુતરો ઝુંપડીમાં અવી જાય છે તેથી અમો સમજીએ છીએ કે વરસાદ આવશે, તો આજે અસ્રના વખતે તે કુતરો

અંદર આવ્યો હતો તેથી અમો સમજયા કે આજે વરસાદ આવવો જોઈએ, આ સાંભળીને ખ્વાજાએ કહ્યું કે અફસોસ છે કે આટલી મોટી ઉમર ખોઈ નાખી પણ આ કુતરા જેટલી પણ સમજણ આવી નહી.

પછી એ જનાબની કેટલીક બાબતો લખીને લખે છે કે એ જનાબ શીરાઝ ગયા અને ત્યાં એક મેડી ઉપર જઈ ને ઉતર્યા, શેખ સાઅદીને ખબર પડી કે જનાબ ખ્વાજા આવ્યા છે તેથી તેઓને મળવા ગયા. પછી જ્યારે તેઓના મકાન ઉપર જઈ દાદરો ચઢવા લાગ્યા તો દરેક પગથીયા યા અલી

કહેતા કહેતા ચઢયા, જયારે જનાબે ખ્વાજાની ખીદમતમાં પહોંચ્યા ત્યારે સલામ કરી, જનાબ ખ્વાજાએ પૂછ્યું કે તુંજ શેખ સાઅદી છે? તેઓએ કહ્યું કે હા, પછી જયારે પુછયું કે તું કયો મઝહબ પાળે છે? તેઓએ કહ્યું કે શીઆ મઝહબ પાળું છું, આ સાંભળીને ખ્વાજાએ કહ્યું કે અગર તું શીઆ હોતે તો એહલેબયતના દુશ્મનોની તઅરીફન કરતે. સાઅદીએ કહ્યું, મેં તકય્યો કર્યો છે. તે વખતે જનાબે ફરમાવ્યું કે ધણા દીવસ થયા અમોએ મુસ્તઅસીમ અબ્બાસી(જે ઈમામનો દુશ્મન હતો તે)ને મારી નાખ્યો છે

તો તેં તકીય્યો કર્યો? અને શા માટે તેં તેનો મરસીયો બનાવ્યો? અને કહ્યું કે

આસમાનરા હકબુદ ગર ખું બેબરિદે બરઝમીં

દરઅઝાએ મલીકમુસ્તઅસીમ અમીરૂલ મોઅમેનીન

ભાવાર્થ : મુસ્તઅસીમ ખલીફાની મુસીબતમાં અગર આસમાન, જમીન ઉપર લોહી વરસાવે તો હક હતું.

આ સાંભળીને શેખ સાઅદીએ કાંઈ જવાબ આપ્યો નહી, તે વખતે એ જનાબે હુકમ કર્યો કે શેખ સાઅદીના પગ બાંધીને

માર મારો, પછી તેઓને ખુબ માર મારી ખભા ઉપર બેસાડીને તેઓને ઘેર મુકી આવ્યા અને તે આશરે સાત આઠ દીવસમાં ગુજરી ગયા. કેટલાક લખે છે કે શેખ સાઅદીની ઉમર ૧૧૦ વર્ષની હતી. કેટલાક તેને શીઆ કહેતા હતા, પરંતુ આ કિતાબના લખનાર સાહેબ લખે છે કે શેખ સાઅદી શીઆ ન હતા. ઘણે ભાગે શાએર લોકો ફાસેદુલ અકીદાહ (ખરાબ અકીદાવાળા) અથવા ફાસીક હોય છે અગરચે તેઓની વાતોની તાવીલ થઈ શકે છે.

પછી લખે છે કે હું એક ઉમદા મુનાઝેરો બયાન કરૂં કે એક દીવસે હું લાહીજાન ગયો, ત્યાંના આલીમોએ મારી ઘણીજ ઈઝ્ઝત કરી અને મારી મહેમાની કરવા લાગ્યા. ત્યાંના ઘણા આલીમો જુના અને હુકમા (દાનીશમંદ) હતા પણ તે પુરા હકીમ ન હતા અને હીકમતના ફનમાં કામીલ ન હતા. એટલુંજ નહી પણ શરીઅતના તરીકાથી બરાબર વાકીફગાર ન હતા. તો એક રાત્રે ત્યાંના આલીમોમાંથી એક આલીમ કે જે સર્વે કરતાં શ્રેષ્ઠ અને વધારે મશહુર હતા તેઓએ માઅરેફતના બારામાં

દીવાન (કાવ્ય સંગ્રહ) લખેલ હતો. જેમકે દીવાને હાફીઝ. ખાણું ખાધા પછી એ સાહેબે પોતાનો કાવ્ય સંગ્રહ મને બતાવીને કહ્યું કે આને તમો ઠીક કરો; મેં કહ્યું કે તમારા દીવાનની શાન એથી વધારે છે કે હું તેમાં સુધારો કરૂં.

એ જનાબના અહવાલમાં લખેલ છે કે જયારે બીજી વખતે એ જનાબ બગદાદમાં તશરીફ લાવ્યા તો તેઓ બીમાર થઈ ગયા ત્યારે એ જનાબે પોતાના ગુસ્લો કફન અને દફન વિષે મોઅમીનોમાંથી બુઝુર્ગ લોકોને વસીયત કરી, તે વખતે હાજર લોકોમાંથી

એક સાહેબે અરજ કરીકે મુનાસીબ એ છે કે આ સાહેબની મય્યત નજફે અશરફમાં જનાબે અમીર અ.ના રોઝામાં દફન કરવા માટે લઈ જવી, તે વખતે એ જનાબે બહુજ ઈખ્લાસથી ફરમાવ્યું કે હું જનાબે ઈમામે મુસીએ કાઝીમ અ.ના રોઝાની બાજુમાં મરી જાઉં, પછી એ જનાબની દરગાહથી નીકળીને બીજી જગ્યાએ જવું તેથી મને શરમ થાય છે, ભલે તે જગ્યાએ જવું અફઝલ હોય. ટૂંકમાં એ કે તેઓ ખુદાની રહમતે પહોંચવાથી ત્યાંજ કાઝમેનમાં દફન કર્યા, અને એક કિતાબમાં મજકુર છે કે એ

જનાબની વસીયત પ્રમાણે દફન કરવા માટે ઈમામે મુસેકાઝીમ અ.ના રોઝા પાસે લઈ ગયા અને ત્યાં અમુક જગ્યા મુકરર કરી કબર ખોદવી શરૂ કરી તો નીચેથી એક સરદાબ શણગારેલું નીકળ્યું તો તપાસ કરતાં માલુમ થયું કે નાસીર અબ્બાસીએ પોતાના માટે બનાવ્યું હતું, પણ તે તેને નસીબ ન થયું અને તે બીજે ઠેકાણે દફન થયો, તો એ જનાબને એજ જગ્યાએ દફન કર્યાં, લખે છે કે સરદાબ હીજરી સન ૫૯૭ જમાદીઉલ અવ્વલની નવમી તારીખ અને શનીવારના દીવસે તૈયાર થઈ ચુકયું હતું

અને તેજ દીવસે આ જનાબનો જન્મ થયો હતો, અને એ જનાબની વફાતની તારીખ સન ૬૭૨ હીજરી, ઝીલહજ મહીનાની અઢારમી તારીખ છે અને એ જનાબની ઉમર ૭૫ વર્ષ અને સાત મહીનાની હતી.

# (૨૧) જનાબ હાજી સૈયદ મોહમ્મદ બાકર બીન સૈયદ મોહમ્મદતકી મુસવી શફતી રશ્તી.

એ જનાબનો લકબ "હુજ્જતુલ ઈસ્લામ" છે. તેઓ ઈસ્ફેહાનમાં રહેતા હતા એ જનાબની ઈલ્મની તાઅરીફ વિશે લખે છે કે તેઓને એટલું તો ઈલ્મ હતું કે તેની વિગત લખવી મુશ્કેલ છે, અને તેઓ ઘણી જાતના ઈલ્મ જાણતા હતા, અને તેઓ ઈલ્મમાં

એક્કા હતા, અને તકવા અને પરહેઝગારીમાં તેમના જેવું બીજું કોઈ ન હતું, અને તેઓની યાદ શક્તિ ખૂબજ તીવ્ર હતી. તેઓએ ઘણી કિતાબો તાલીફ કરેલી છે, તેમાં "મતાલેઉલ અનવાર" નામની કિતાબ સાત ભાગમાં બનાવી છે. તેમાં નમાઝ વિશે ઘણાજ ખુલાસા સાથે બયાન છે, તો પણ નમાઝની પુરી બાબત લખી નથી અને તે દરેક ભાગમાં આશરે વીસ હજાર બેત (લીટી) છે અને તેની અંદર જે કોઈ મઅસલો જે કોઈ બાબતોનો આવ્યો તેને દલીલ અને દાખલા સહીત લખેલ છે.

એટલુંજ નહી પણ તેમાં જે અદારા શબ્દો આવેલા છે તેનો પણ ખુલાસો લખેલો છે.

એ જનાબની ઈબાદત વિષે લખે છે કે મારી કલમમાં તેની તઅરીફ લખવાની શક્તિ નથી અને તેઓ જેવી રીતે નમાઝ પઢતા હતા તેની તફસીલ એક સાહેબ લખી ચુકયા છે. "મુનાજાતે ખમસા અશર" તેઓને ઝબાની યાદ હતી અને જે વખતે તેઓ પઢતા હતા, તો રોતા હતા અને ખુદાની ઈબાદતમાં બહુજ મશગુલ રહેતા, એટલે સુધી કે અડધી રાતથી સવાર સુધી ખુદાએ તઆલાની બારગાહમાં ગીરયા ઓ ઝારી

કરતા હતા અને કિતાબ ખાનાના સહેનમાં દીવાનાની જેમ ફરતા હતા અને દુઆ તથા મુનાજાત પડતા અને છાતી તથા માથું કુટતા હતા એટલે સુધી કે એ હાલતમાં સવાર થઈ જાતી અને એ વખતમાં કોઈ પડોશમાં જાગતું તો એ જનાબની મુનાજાત કરવા અને રોવાની અવાજ સાંભળતું; પોતાની ઉમરના છેલ્લા ભાગમાં તો એટલું રડતા અને અફસોસ અને બેકરારી કરતા કે તેથી એક જાતની બીમારી થઈ ગઈ. તે બીમારીનો હકીમોએ ઘણોજ ઈલાજ કર્યો પણ તેથી ફાયદો થયો નહી. છેવટે

હકીમોએ રડવાની મનાઈ કરી અને કહ્યું કે તમારા માટે રોવું હરામ છે, કેમકે તેથી તમારી બીમારીમાં વધારો થાય છે. એજ કારણથી ઝાકિર લોકોએ પોતાની એવી આદત રાખેલી કે એ જનાબ મસ્જિદમાં હોય ત્યાં સુધી મીમ્બર ઉપર જઈ કાંઈ પડતા ન હતા, પણ જ્યારે એ જનાબ મસ્જિદની બહાર ચાલ્યા જતા ત્યારે જે કાંઈ પઢવાનું હોય તે પડતા, અને કોઈ વખત એવું બની જતું કે એ જનાબ મજલીસમાં શરીક થતા તો જ્યાં સુધી ઝાકીર મીમ્બર ઉપરથી ન ઉતરે ત્યાં સુધી તેઓ ઉઠતા ન હતા અને

રોતા હતા, એ બાબતમાં એમના જેવું કોઈ ન હતું, પણ તેઓના ફરંઝદ આકા અસદુલ્લાહ અને હાજી મુલ્લા મોહમ્મદ અશરફી અને શહીદે સાલીસ પણ આ જનાબ જેવી ઈબાદત અને ગીરયાઓ ઝારી કરતા હતા પણ એ જનાબને પહોંચતા ન હતા.

આ કિતાબ લખનાર સાહેબ લખે છે કે જે વર્ષે હું હઝરતે ઈમામે રઝા અ.ની ઝીયારત કરવા માટે ગયો, તે વખતે રસ્તામાં હાજી સુલયમાનખાન કે તે સબ્ઝવાર નામના ગામના હાકીમ થઈને

સબ્ઝવાર જતા હતા, તેઓ સાથે રાતના વખતે બેસી વાતો કરતો હતો, તો એક વખત આ જનાબ હાજી સૈયદ મોહમ્મદ બાકર હુજ્જતુલ ઈસ્લામ વિષે વાત નીકળી તો હાજી સુલયમાન ખાને કહ્યું કે કોઈ શેહઝાદો ઈસ્ફેહાનમાં રહેતો હતો તેણે મને વાત કરી કે મારી કનીઝ નાસી ગઈ અને તે જનાબે હુજ્જતુલ ઈસ્લામના ઘરે કેટલાક દીવસ રહી, પછી તે જનાબે એ કનીઝને એક રૂક્કો લખી આપીને મોકલી, તે રૂક્કામાં લખ્યું હતું કે અગર આ કનીઝની કાંઈ તકસીર થઈ હોય તો મારી ખાતરથી માફ

કરી આપો અને હવે પછી તમારા ઘરના લોકોને હુકમ કરો કે દરેક જણ તેની સાથે સારી રીતે વર્તે, તો અમોએ કનીઝને એ જનાબના ઘરનો હાલ પુછયો તો કનીઝે કહ્યું કે એ જનાબ રાતના વખતે દીવાના થઈ જતા હતા અને દીવસના પાછા અક્કલવાળા થતા હતા, અમોએ પૂછ્યું કે તેઓ રાતના કેવી રીતના દીવાના થઈ જતા હતા? તો તેણીએ કહ્યું કે થોડીક રાત પસાર થયા પછી કિતાબખાનાના સહેનમાં દીવાના માણસની જેમ માથું કુટતા અને આહોઝારી કરીને રોતા અને સવાર સુધી

મુનાજાત અને દુઆ પડતા હતા અને સવારના માથા ઉપર અમામો બાંધી ખભા ઉપર અબા રાખી અક્કલવાળાની જેમ બેસતા અને હંમેશા એ જનાબનો એવોજ હાલ હતો.

તેઓ હંમેશા કિતાબખાનામાં એકલા રહેતા અને દરવાજા પાસે એક લોંડી સુતી હતી, તેઓ દીવામાં બે વાટ રાખતા હતા, એક ઝીણી અને એક જાડી, સુતા ત્યારે ઝીણી વાટ સળગાવતા અને જાગતા ત્યારે જાડી વાટ સળગાવતા અને હંમેશા સાંજના વખતે મગરીબની પહેલે દીવો કરતા હતા

અને સુર્યોદય થવા પછી દીવો બુઝાવતા હતા, કહે છે આ મુજબ કરવાથી બરકત થાય છે.

તેઓને એવી આદત હતી કે બુધવારના દિવસે હમ્મામમાં નાહવા જતા, અને હદીસમાં પણ એવો મતલબ વારીદ થએલો છે. મશહુર છે કે બુધવારના દીવસે હજામત કરવાથી બરકત થાય છે, લખે છે કે એ જનાબે એટલી મુદ્દત મસ્જિદમાં જમાતની નમાઝ પડાવી પણ કોઈ વખત નમાઝમાં કાંઈ પણ ભુલ્યા નહી, પણ માત્ર એક વખતે કે તેઓનો સૈયદ હાશમ નામનો ફરંઝદ

ગુજરી ગયો હતો તે દીવસે ઝોહરની નમાઝમાં કાંઈક ભુલી ગયા હતા.

એ જનાબ લોકોના ઝગડા પતાવવામાં બહુજ બારીકીથી તપાસ કરતા હતા, અને ઝટપટ ખુલાસો કરતા ન હતા, બહુજ લંબાણ કરતા હતા, કયારેક એવું પણ બનતું કે કોઈ કોઈ ઝગડાનો ચુકાદો એક વરસે અથવા તેથી ઓછા સમયમાં અથવા વધારે મુદ્દતે આપતા અને ઝગડાના ચુકાદા કરવાના કામમાં ઘણાંજ હુશીયાર હતા, એવી રીતે પોતે હુશીયારીથી વર્તતા કે જેવી રીતે ઓલમા ઝગડા ચુકવવા વિષેની

બાબતમાં લખી ગયા છે. કે કાજીઓએ ઝગડા ઉકેલવામાં બહુજ હુશીયારી અને બારીકી વાપરવી જોઈએ. અને અમીરૂલ મોઅમેનીન અ. ઝગડો પતાવતા હતા તે ઝગડાઓને આ સાહેબના ચુકાદાનો લોકો દાખલો આપતા હતા. તેઓના ચુકાદામાંથી કેટલાક ચુકાદા અહી લખવામાં આવે છે.

ચુકાદો પહેલો : એક ઓરતે આ જનાબ હુજ્જતુલ ઈસ્લામની ખીદમતમાં આવીને અરજ કરી કે ફલાણા ગામના માલીકે મારા સગીર બચ્ચાઓની મીલકત ગસબ કરી છે. તો એ જનાબે તે શખ્સને બોલાવી તપાસ

કરી તો તેણે એ વિષે ઈન્કાર કરી ઈસ્ફેહાનના ૧૪ કાજીના, ૧૪ હુકમ રજુ કર્યા. દરેક વખતે એ ઓરતના સવાલના જવાબ આપ્યા. આ જનાબ એ કાજીયોના હુકમને જોતા હતા અને એ કાગળીયા પોતાની સામે રાખ્યા હતા. પછી આપે એ ઔરતને ફરમાવ્યું આ શખ્સ ઠીક માણસ લાગે છે અને કાયદાથી વાત કરે છે આ સાંભળીને તે ઓરત રડવા અને ફરિયાદ કરવા લાગી.

તે વખતે એ જનાબ બીજા લોકોના ઝગડા ચુકવવામાં મશગુલ થયા અને તે

દરમીયાનમાં તે શખ્સને પૂછ્યું કે એ મીલકત તેં વેચાતી લીધી છે? તેણે કહ્યું કે નહી હું એ ગામનો માલીક છું, અને માલીકને પોતાના માલનું વેચાતું લેવું લાઝીમ છે ? તો આપે ફરમાવ્યું કે નહી, કાંઈ જરૂરીયાત નથી. પછી પોતે બીજા ઝગડા ચુકવવામાં મશ્ગુલ થયા તે દરમીયાનમાં તે શખ્સને પુછયુ કે શું એ મીલકત તને વારસામાં મળેલી છે? તો તે શખ્સે કહ્યું કે નહી, શું માલીક માટે જરૂરી છે કે માલ વીરસામાં પહોંચ્યો હોય? આપે ફરમાવ્યું કે નહી. પછી કહ્યું કે મારી પાસે

પણ મીલકત છે અને તે કાંઈ મને મીરાસમાં મળી નથી એમ કહી ઝગડા ચુકવવામાં મશગુલ થયા. વળી તે દરમિયાન આપે તેને પૂછ્યું કે શું એ મીલકત તમોને કોઈ સાથે સુલેહ કરવાથી મળી છે? કે કોઈ તમોને આપવાની વસીય્યત કરી ગયું હતું ? તો તે શખ્સે કહ્યું કે નહી હું એનો માલીક છું તેમા શું એવી શરતોની કાંઈ જરૂર છે? આપે ફરમાવ્યું કે નહી. વળી પોતે ઝગડા ચુકવવામાં મશગુલ થયા. હાસીલ કલામ શરાએ પ્રમાણે જેટલી રીતથી ઈન્સાનને માલ મળી

શકે છે અને તે તેનો માલીક થઈ શકે છે એ મુજબ તમામ સવાલ તેને પુછયા તો તે દરેક સવાલના જવાબમાં ના ના કહેતો ગયો. તે વખતે એ જનાબે તેને કહ્યું કે જ્યારે તને આવા શરઅના કોઈ પણ કારણથી એ મીલકત મળી નથી તો તું બતાવ કે કયા કારણથી તને આ મીલકત મળી છે? તેણે કહ્યું કે ગમે તે કારણથી મને મળી હોય, તે વિષે પુછવાનો તમોને કાંઈ હક નથી. આસમાનમાં બાકોરૂં થઈને તે મારા હાથોમાં પણ આવી શકે છે, તો જનાબે ફરમાવ્યું કે તો એવી મીલકત

આસમાનમાંથી મારા માટે શા માટે નથી આવતી? એમ કહીને ફરમાવ્યું કે એ મીલકત તારી નથી, તેં આ સગીર બચ્ચાઓની મીલકત ગસબ કરી છે, માટે તેને પાછી આપી દે. પછી એ જનાબે એ ૧૪ કાઝીના ૧૪ હુકમનામા ફાડી નાખી તે ગામના ઉપરીને એ મીલકત તે ઓરતને સોંપવાનો હુકમ કર્યો.

ચુકાદો બીજો : લખે છે કે એક શખ્સે ઈસ્ફેહાનના એક ગામડાની પોતાના નામની સનદ બતાવી તેના ઉપર ઈસ્ફેહાનના આગળના આલીમોની મોહર તેઓના

વારીસો પાસેથી કોઈ મકર અને ફરેબથી મેળવીને કરી. એ મોહર મોટા મોટા મશહુર આલીમોની હતી, જેમકે આકા જમાલ, આકા હુસૈન અને મજલીસી અ.ર. વિગેરે. એ કાગળને કેટલીક તરકીબથી ઘણા વરસનો જુનો પુરાનો કરી નાખ્યો, પછી એ ગામ જે લોકોના કબજામાં હશે તેઓ ઉપર ફરીયાદ કરી અને એ ફરીયાદ આ જનાબની હુઝુરમાં આવી. પછી તપાસ કરતાં તે કાગળની અંદર બરાબર સનદ અને મોહર સાથે લખેલુ હતું, અને કાગળ પણ ઘણા વરસોનો જુનો પુરાનો દેખાતો હતો, આ

સાહેબે મોટા મોટા બુ઼ુઝુર્ગ આલીમોની તેમાં મોહર પણ જોઈ, તેથી તેનો હક સાબીત થતો હતો, પછી આપે ફરમાવ્યું કે કાગળની અંદર કાગળ બનાવ્યાનો સન હોય છે તે જુવો લોકોએ અજવાળામાં રાખી તે કાગળમાં જોયું તો કાગળ બનાવ્યાનો સન લખ્યો હતો તો તે કાગળ બનાવ્યાનો હિસાબ કરતા વીસ વરસ થયા હતા અને કાગળ ઉપર થએલું લખાણ પચાસ વરસ પહેલાનુ હતું, તો આપ સમજયા કે પચાસ વરસ આગળની તારીખ નાખીને તેણે ખોટું ખતપત્ર (સનદ) બનાવેલ છે. તેથી તે

કાગળ ફાડી નાખ્યો અને તેનો દાવો રદ કર્યો.

ચુકાદો ત્રીજો : એક શખ્સે એક શખ્સને સાથે લાવી, એ જનાબ પાસે ફરીયાદ કરી કે આ આકા હસન પાસે મારા ચારસો તુમાન (એક તુમાન આશરે ત્રણ રૂપીયાનો થાય છે.) લેણા છે. તો એ જનાબે એ શખ્સને પૂછ્યું, શું આ તારી પાસે ચારસો તુમાન માંગે છે? તો તે શખ્સે કહ્યું કે આ શખ્સ કહે છે કે હું આકા હસન પાસે માંગુ છુ. તો મારૂ નામ આકા હસન નથી તેમ તે માંગતો પણ નથી.

પછી એ જનાબ બીજા લોકોના ચુકાદામાં મશગુલ થયા અને ફરીયાદી તથા આરોપી વચ્ચેની તકરારો અને ખુલાસા અને સાક્ષીઓની ઝબાની લેવામાં ગુંથાયા. તે આગલો શખ્સ ત્યાં બેઠો હતો, જ્યારે એ લોકોમાં આપસમાં વધારે ગડબડ થવા લાગી તે વખતે આ સાહેબે એકાએક અવાઝ આપ્યો કે અએ ‘આકા હસન’ તો એ અવાજ સાંભળતાજ તે મજકુર આકા હસને જવાબ આપ્યો કે ‘જી’ અય સૈયદ શું ફરમાવો છો? તો આપે ફરમાવ્યું જાઓ વાદીને ચારસો તુમાન ગણી આપો.

મતલબ એ કે શખ્સનું નામ આકા હસન હોવા છતાં તેણે ઈન્કાર કરેલો પણ આ જનાબે ગફલતમાં નાખી એકાએક તેને બોલાવવાથી તે સાચું બોલી ઉઠયો. ટૂંકમાં એ કે એવા અજાયબ ભરેલા એ હઝરતે ઘણા ચુકાદા આપેલા છે.

એ જનાબની શરૂઆતની હાલત વિષે લખે છે કે જ્યારે એ જનાબ નજફે અશરફમાં 'બહરૂલ ઉલુમ'ની ખીદમતમાં ઈલ્મેદીન શીખતા હતા અને હાજી મોહમ્મદ ઈબ્રાહીમ કલબાસી સાથે તેઓને દોસ્તી હતી, એક દીવસ હાજી કલબાસી એ

જનાબને ત્યાં ગયા, તો જોયું કે એ જનાબ ભુખના સબબથી બેહોશ પડયા છે, તો એ જનાબની એવી હાલત જોવાથી આ સાહેબે બજારમાંથી ખાવાનું લાવી તેઓને ખવરાવ્યું.

એ જનાબ શરૂઆતમાં પોતે બહુજ તહારત રાખતા હતા અને પોતાના ઉસ્તાદને ત્યાં હોઝ હોવાથી ઘણે ભાગે ત્યાં તહારત કરવા જતા હતા. પછી જ્યારે તેઓના ઉસ્તાદ “બહરૂલ ઉલુમ”ને આ જનાબના ફકર અને ફાકાની ખબર પડી, તો આપે એ જનાબને ફરમાવ્યું કે ખાવાના

વખતે હંમેશા તમારે મારે ત્યાં આવવું, તો આ જનાબે એ બાબતનો ઈન્કાર કર્યો. છેવટે જ્યારે એ જનાબે બહુજ આગ્રહ કરીને કહ્યું તો આ જનાબે કહ્યું કે અગર નજફે અશરફમાં રહીને તમારી પાસે ઈલ્મ શીખવા આવવા દેવો હોય તો આ બાબતથી માફ રાખો, એ સાંભળીને તેઓના ઉસ્તાદ ચુપ થઈ ગયા અને ખાવા વિષે પછી તાણ કરી નહી.

જ્યારે એ જનાબ કરબલાએ મોઅલ્લામાં જનાબ આકા સૈયદ અલી પાસે ઈલ્મેદીન શીખતા હતા, તે વખતે પણ એ

જનાબ ઘણી તંગ હાલતમાં હતા. તેથી તેઓના ઉસ્તાદે એક શખ્સને કહી રાખેલું કે હંમેશા સવારે અને સાંજે એક રોટી તેઓના ખાવા માટે આપી આવે. પછી જ્યારે તેઓ ઈસ્ફેહાન ગયા તો તેઓ પાસે એક કપડું અને કિતાબ સિવાય બીજુ કાંઈ ન હતું.

આ કિતાબના લેખક સાહેબ લખે છે કે મારા વાલીદે બુઝુર્ગવારને આ જનાબની સાથે મોહબ્બત હતી અને એ ઝમાનામાં મારા વાલીદ પણ ઘણા તંગદસ્ત હતા. તેઓએ ફરમાવ્યું કે આ જનાબ હુજ્જતુલ ઈસ્લામે એક વખતે મને પોતાના ઘરે

બોલાવ્યો, જ્યારે હું ત્યાં ગયો તો તેઓએ ખાણા માટે સુફરો બીછાવ્યો, પછી તેઓ ખાવા માટે રોટલીના કેટલાક સુકા ટુકડા લાવ્યા તે અમો બંને જણાએ ખાધા.

લખે છે કે એ જનાબ એક વખતે પોતાના બાલબચ્ચા માટે ખાવાનો સામાન લેવા માટે ગયા, જ્યારે બજારમાં દાખલ થયા તો તેઓએ વિચાર કર્યો કે જે ચીજ બહુજ સસ્તી હોય તે લઈ જવી કે તેથી મારા બાલ બચ્ચાની ભુખમાં વધારો ઘટાડો થાય, તેથી કસ્સાબ પાસેથી બકરાની કલેજી લઈ ઘર તરફ રવાના થયા. જ્યારે રસ્તામાં

એક ઉકરડા ઉપરથી એક કુતરીનો અવાજ આવ્યો તો આપે જોયું કે તે કુતરી બહુજ દુબળી અને ભુખી સુતેલી છે અને તેના નાના નાના બચ્ચાં દુધ પીવા જાય છે પણ તેણીને બીલકુલ દુધ ન હોવાથી બચ્ચાંઓ ફરિયાદ કરતા હતા, આ જનાબને તેની ઉપર રહમ આવવાથી તે તમામ કલેજી એ કુતરી તથા તેના બચ્ચાં સામે રાખી દીધી. કુતરી અને તેના બચ્ચાં તે ખાતા હતા અને આ જનાબ ઉભા ઉભા જોતા હતા. જ્યારે તે કુતરી ખાઈ રહી તો તે આસમાન તરફ મોંઢું કર્યું. જાણે કે તે જનાબ માટે દુઆ

કરતી હતી. આ એ જનાબ તે મહાન હસ્તીઓની અવલાદમાંથી હતા કે જે બુઝુર્ગવારોએ પોતે ભુખ્યા રહીને કયદી, ફકીર અને યતીમ વીગેરેને ખાણું ખવરાવ્યું અને ખુદા તઆલાએ તેઓની શાનમાં “સુરએ હલઅતા” નાઝીલ ફરમાવ્યો, એ જનાબ ફરમાવે છે કે મજકુર કુતરી ઉપર રહેમ આવવાથી તેણીને ખાવા માટે કલેજી આપી હતી તે પછી તરતજ ખુદાએ તઆલાએ મને દુન્યાની દોલત આપવી શરૂ કરી.

એ જનાબને ખુદાએ તઆલાએ બહુજ સખ્તી અને તંગી અને મોહતાજી ભોગવ્યા પછી એટલી તો દોલત આપી કે જેનો હિસાબ થઈ શકતો નથી. લોકો એ આ બાબતથી નસીહત લેવી જોઈએ. લખે છે કે શફતના બાદશાહે તેઓને કેટલોક માલ વેપાર કરવા માટે આપ્યો. એ જનાબ લોકોને માલ આપી વેપાર કરાવતા હતા, તો ચારે તરફથી નફો અને નફોજ થતો હતો, એટલે સુધી કે તેમણે ટૂંકી મુદ્દતમાં પુષ્કળ માલ ભેગો કર્યો, એ જનાબે કેટલાક મોટા મોટા મકાન બનાવ્યા તેઓને સાત

ફરઝંદ હતા કે દરેક માટે જુદા જુદા ઉમદા મકાન બનાવી આપ્યા કે તેમના મોટા ફરંઝદ આકા ઝયનુલ આબેદીન સાહેબના તબેલામાં બહુજ ઉમદા ભારે કીંમતના સત્તર ઘોડા હતા. એ જનાબની અવલાદ અને તે અવલાદની અવલાદ ઉપરાંત પોતાની બીબીયો, કનીઝો અને ખીદમતગારો મળી સો જેટલા માણસ હતા. ઈસ્ફેહાનની અંદર તેઓના ચારસો ગોદામ હતા અને તે દરેકમાં માલ ભર્યો હતો. ઉપરાંત આજુબાજુના ગામોમાં ઘણી બધી મીલકત હતી, એ જનાબ ઘણા સખી હતા.

જેમકે એ વિષે આગળ જતાં વાંચશો. તેઓની પાસે ચારે તરફથી ખુમ્સ, ઝકાત, ખૈરાત વિગેરેની મોટી મોટી રકમો આવતી હતી. તેઓ તરતજ હકદારોને પહોંચાડી આપતા હતા, લખે છે કે ફતેહ અલીશાહ બાદશાહ ઈસ્ફેહાનમાં શહેર બાહરની ઈમારતમાં રહેતા હતા. એક વખત દુરબીનથી જંગલનો તમાશો જોતા હતા, એટલામાં જોયું કે એક હાથી ઉપર માલ ભરીને લાવે છે, તેથી બાદશાહે પોતાના નોકરોને કહ્યું કે આ હાથી મારા માટે કોઈ લાવે છે. પણ જ્યારે તે હાથી નજીક આવ્યો

તો જોયું કે તેને શહેરમાં લઈ ગયા, તેથી તે બાદશાહે તપાસ કરાવી કે તે હાથી કોનો છે? અને તેના ઉપર શું લાદેલું છે? તો ખબર મળી કે એ હાથી હીંદુસ્તાનના મોઅમીનોએ જનાબ હુજ્જતલ ઈસ્લામ સૈયદ મોહમ્મદ બાકર માટે મોકલ્યો છે અને તેની ઉપર કારેખૈરનું નાણું લાદેલું છે. આ સાંભળીને બાદશાહ નારાજ થયો, જ્યારે એ હાથી જનાબની પાસે લઈ ગયા અને બાદશાહ પાસે થએલી વાતની પણ તેઓને બખર પડી તો એ જનાબે એ તમામ માલ ઉતારી લઈ એ હાથી બાદશાહને મોકલી

આપ્યો. એ જનાબ પાસે એટલો તો માલ અને દોલત હતી કે અગાઉના અને હાલના કોઈ આલીમ પાસે ન હતી, પણ જનાબે સૈયદ મુરતઝા પાસે એજ પ્રમાણે નાણું હતું, કિતાબ લખનાર સાહેબ લખે છે કે જનાબ સૈયદ મુરતઝાનું નાણું તેઓ કરતા ઓછું હતું અને લખે છે કે જે વખતે એ જનાબ હજ કરવા માટે ગયા તે વખતે તેઓની કિતાબોનો હિસાબ કર્યો તો બે લાખ રૂપિયાની કિતાબો હતી અને તેઓને કિતાબોનો એટલો શોખ હતો કે જિંદગીના

છેલ્લા દિવસોમાં પણ કિતાબો વેચાતી લીધા કરતા હતા.

એ જનાબ ચારે તરફ ઘણા મશહુર થઈ ગયા હતા. અને તેઓના મશહુર થવાનાં કેટલાંક કારણ છે, તેમાંનું એક કારણ એ પણ છે કે ત્યાં એક આલીમ મુજતહીદ આકા સૈયદ મોહમ્મદ નામના રહેતા હતા તેઓને પૂછ્યું કે જનાબ હુજ્જતુલ ઈસ્લામ સૈયદ મોહમ્મદ બાકર મુજતહીદ છે? તો તેઓએ જવાબમાં કહ્યું કે એ જનાબ મુજતહીદ છે એવું મને ન પુછો બલકે હું મુજતહીદ છું કે નહિ તે વિષે તેઓને પુછો. એટલે તેઓ તો

મુજતહીદ છેજ, તેઓના મુજતહીદ હોવાની મારાથી ખાતરી ન કરો, બલકે મારા વિષે તેઓ પાસે ખાતરી કરો.

લખે છે કે ફતેહઅલી શાહે મીરઝા કુમ્મી નામના આલીમ પાસે દરખાસ્ત કરી કે તમામ જાતના શકથી જે આલીમ પાક હોય તેને તેહરાનની મસ્જિદમાં જમાઅતની જમાઝ પડાવવા માટે મુકર્રર કરો કે અમો પણ તેઓની પાછળ નમાઝ પઢીએ. તો એ સાહેબ તેઓના જવાબમાં લખ્યું કે હુજ્જતુલ ઈસ્લામ આકા સૈયદ મોહમ્મદ બાકર સાહેબ કે જેઓ હાલ ઈસ્ફેહાનમાં છે તેઓ લાયક

અને કાબીલ છે, તેઓથી બેહતર બીજાને જાણતો નથી. તે વખતે બાદશાહે ઈસ્ફેહાનના હાકીમને લખ્યું કે જનાબ હુજ્જતુલ ઈસ્લામને સફરનો સામાન આપી, તેહરાન રવાના કરો. ઈસ્ફેહાનના હાકીમે એ જનાબને ફરમાવ્યું કે બાદશાહ તમોને ચાહે છે માટે તમો તહેરાન જાઓ, હું સફરનો સામાન તૈયાર કરાવી આપું. એ જનાબે તો એ બાબતે ઈન્કાર કર્યો, તેથી હાકીમ અચંબો પામી પોતે કહેવા માટે ગયો તો તે વખતે પણ તેઓએ ઈન્કાર કરીને ના પાડી, તો હાકીમે કહ્યું કે આપને લાઝીમ છે કે

બાદશાહના હુકમની નાફરમાની ન કરો, તો તેઓએ કહ્યું કે હું મારા ઈખ્તીયારથી નહી જાઉં, પછી હાકીમે ના ઉમ્મીદ થઈ એ હકીકત બાદશાહને લખી મોકલી, તો એ બાબતથી બાદશાહને એ જનાબથી ઘણો સારો અસર થયો. આખર બાહશાહ તેહરાનથી ઈસ્ફેહાન આવ્યો, પછી લોકો એ જનાબને બાદશાહ પાસે મુલાકાત માટે લઈ ગયા તો બાદશાહે કહ્યું કે આપ સાહેબ મારી પાસે કાંઈ પણ માંગો, તો એ જનાબે કહ્યું કે મારે કાંઈ જોઈતું નથી, તો તે વખતે બાદશાહે ઘણી તાણ કરી કહ્યું ના કાંઈ પણ

માંગો, જ્યારે બહુ આગ્રહ કર્યો તો એ જનાબે કહ્યું કે મારી એવી ખ્વાહીશ છે કે જે નક્કારખાનામાં (નગારા અને બીજા સંગીતના સાધનો વગાડવાના સ્થળે) નગારા વગાડવામાં આવે છે તે તમો બંધ કરાવો. આ સાંભળીને બાદશાહ ચુપ થઈ ગયો, પછી એ જનાબના ગયા. ત્યારે બાદશાહે અમીનુદ્દવલાને કહ્યું કે આ જનાબ અજબ પ્રકારના છે કે મારી પાસે બીજુ કાંઈ ન માંગતા નગારા બંધ કરાવવાની માંગણી કરી કે જે બાદશાહની નીશાની છે, તે કેવી રીતે બંધ થઈ શકે ?

એ જનાબના અખ્લાક (સંસ્કાર) વિષે લખે છે કે એટલા તો નમ્ર અને સારા સ્વભાવના હતા કે જેની હદ નથી. એક વખત એ જનાબ ઈસ્ફેહાનમાં ચાર બાગના મદ્રેસામાં જઈને ઉતર્યા, ત્યાં લોકોને ઈલ્મેદીન શીખવવા લાગ્યા, તો એ જનાબનું ઈલ્મ જોઈને ત્યાંના મદ્રેસાનો મોઅલ્લીમ સમજ્યો કે આ જનાબ બહુજ કાબીલ અને હુશીયાર છે તો એવું ન બને કે તે મારી જગ્યાએ નીમાઈ જાય. માત્ર એજ કારણથી બીજી કોઈ પણ બાબત સિવાય એ જનાબને એ મદ્રેસાના મકાનમાંથી નીકળી

જવાનો હુકમ કર્યો તેથી એ જનાબ એ મદ્રેસાની બહાર નીકળી, બીજી જગ્યાએ ચાલ્યા ગયા.

એ જનાબ ‘અમ્રબીલ્ મઅરૂફ’ (સારા કામ કરવા માટે કહેવું.) અને ‘નહીઅનીલ મુનકર’ (બુરા કામ કરવાથી રોકવા માટે કહેવું) ખૂબજ સક્રિય હતા. એ બાબતની તાઅરીફ લખવાની શક્તિ નથી, એ જનાબ પોતાના શરૂઆતના વખતમાં ઈસ્ફેહાનની અંદર વધારે પ્રખ્યાત ન હતા, એક દિવસ પોતે એક ગલીમાંથી નીકળ્યા તો જોયું કે કેટલાક લોકો રમત ગમતમાં અને વાજા

વગાડવામાં મશગુલ છે તેથી તે જનાબે તેઓની પાસે જઈ ગુસ્સામાં આવીને ચાહ્યું કે તેઓને મારે, તો એ જનાબનો એ હાલ જોતાંજ તે લોકોએ પકડીને તેઓને પુરી દીધા. જ્યારે આ વાતની વિદ્યાર્થીઓને ખબર પડી તો તેઓએ જુમ્આની નમાઝ પડાવનાર ઈમામને ખબર કરી, તેથી એ સાહેબે એ જનાબને ત્યાંથી મુકત કરાવ્યા.

એ જનાબ બહુજ દુબળા અને ઠીંગણા હતા ઘણે ભાગે દિવસના કાંઈ ખાતા ન હતા. મસ્જિદમાં સુબ્હની નમાઝ પડતા, તે પછી ઝોહર સુધી લોકોના ઝગડા

પતાવવામાં મશગુલ રહેતા અને સુબ્હની નમાઝ માટે કરેલ વુઝુથી ઝોહરની નમાઝ પડતા હતા. બલ્કે એ સુબ્હના વુઝૂથી ઝોહર અસર અને મગરીબની પણ નમાઝ પડતા હતા અને ખાણું ખાતા ન હતા પણ કોઈ વખતે બપોરના વખતે શિંકનજ બિનનું શરબત પીતા હતા અને કોઈ વખતે ખાતા પણ હતા.

એક વખત મોહમ્મદશાહ ઈસ્ફેહાનમાં આવ્યો ત્યારે આ જનાબ તેની મુલાકત કરવા માટે ખચ્ચર ઉપર બેસીને ગયા અને સૈયદ અલી નકી અરબ હંમેશા એ

જનાબની આગળ મોટા અને ખુશ અવાજથી પોતાના રીવાજ પ્રમાણે કુરઆન પડતા ચાલ્યા, મોહમ્મદશાહ પોતાના મકાન ઉપરથી એ જનાબના આવવાની ધામધુમ જોતો હતો. જયારે એ જનાબ બાદશાહના લશ્કરની જગ્યાની નજીક આવ્યા તો એ સૈયદ અલી નકી 'કોલિલ્લાહુમ્મ માલેકુલ મુલ્ક'ની આયત પડયા, પછી જ્યારે તોઈઝ્ઝો મન્તશાહો (જેને ચાહે તેને ખુદા ઈઝ્ઝત આપે છે)ની આયત પઢયા તો મોહમ્મદ શાહે કહ્યું કે ખરીવાત છે, ઈઝ્ઝત ખુદાનાજ હાથમાં છે. જુઓ કે એ જનાબને

ખુદાએ કેટલી ઈઝ્ઝત આપી છે? પછી જયારે એ જનાબ લશ્કરની જગ્યાની વધુ નજીક પહોંચ્યા તો એ સૈયદ અલી નકી 'યા અય્યો હન્નામ લદખોલુ મસાકેનકુમ'(હઝરતે સુલયમાન પયગમ્બરે પોતાનું લશ્કર લઈ કીડીયોના મયદાન પાસે પહોચ્યા તે વખતે કીડીયોના સરદારે કીડીયોને કહ્યું કે તમો તમારા ઘરમાં દાખલ થઈ જાઓ, એવું ન બને કે સુલયમાન અને તેનું લશ્કર તમોને કચડી નાંખે એ વિષેની આ કુરઆનની આયત છે.) તે આયત પડયા. તો તે આયત સાંભળીને બાદશાહનું લશ્કર તથા

બીજા લોકો ભેગા થઈ ગયા અને તે લોકો એ જનાબના હાથ ચુમવા લાગ્યા અને ઘણા લોકો એ જનાબના હાથ ચુમી શકયા નહી, તેથી તેઓના ખચ્ચરને ચુમવા લાગ્યા.

પછી જયારે એ જનાબ બાદશાહના મકાનમાં પહોંચ્યા ત્યારે સૈયદ અલી નકી 'ઈન્ના અરસલ્ના એલાફીર અવન રસુલા ફઅસા ફિરઅવનુર રસુલ'ની આયત પડયા કે જેનો અર્થ એમ થાય છે કે 'ખુદાએ ફરમાવ્યું છે કે તહકીક કે અમોએ ફીરઓન તરફ રસુલ મોકલ્યા તો ફીરઓને રસુલની નાફરમાની કરી'. લખે છે કે એ સૈયદ અલી

નકી કાઝમૈન શહેરના રહેવાસી હતા અને હેજાઝના લહેજા મુજબ કુરઆન પઢતા હતા અને સવારના એ જનાબની પાછળ નમાઝ પડતા અને અઝાન કહેતા અને તકબીર કહેતા અને તેઓની અઝાનનો અવાજ ઘણે દૂર સુધી જતો હતો.

એ જનાબ શરહના અહકામ પ્રમાણે લોકોના લડાઈ-ઝઘડા-કજિયા વિગેરેના ફેસલા કરતા હતા. એ જનાબે શરહની હદ લાગુ થવાથી સીત્તેર જણને કત્લના હુકમ કર્યાં છે. એ કત્લ સિવાયની બીજી પણ ઘણી શીક્ષાઓ કરેલી છે. સૌથી પહેલા

કત્લકરવાની એક શખ્સને એટલા માટે સજા કરવામાં આવી કે તેણે મરદ સાથે નિતી વીરૂધ કામ કર્યું હતું. તો એ બાબત એના ઉપર સાબીત થવાથી એ જનાબે તેને કત્લ કરવાનો હુકમ આપ્યો, પણ કોઈની હીમ્મત ચાલી નહી તેથી છેવટે પોતે તેને ધા માર્યો પણ તે ધા ન લાગવાથી બીજા એક શખ્સે ઉભા થઈ તેની ગરદન જુદી કરી. ત્યારબાદ એ જનાબ તેની મય્યત ઉપર નમાઝ પડયા અને નમાઝની અંદર પાછા ગશ ખાઈ ગયા.

એ જનાબ કોઈ વખત શહેરના હાકીમ પાસે જતા ન હતા. પણ જયારે સુલતાન ઈસ્ફેહાનમાં આવતો ત્યારે તેની મુલાકતે જતા અને ઈસ્ફેહાનનો હાકીમ હઝરતની ખીદમતમાં આવતો અને જયારે એ હઝરતની પાસે જતો ત્યારે દરવાજા ઉપર જઈ સલામ કરી ઉભો રહેતો. અને એવું પણ બનતું કે કેટલીક વખત એ જનાબ ઘણીવાર સુધી તેની તરફ ધ્યાન પણ આપતા નહી, અને થોડીવાર પછી તેને બેસવાની રજા આપતા અને તેની તઅઝીમ પણ કરતા ન હતા.

એ જનાબને ત્યાં કેટલાક ખીદમતગાર અને ચોકીદાર હતા અને જે ઝમાનામાં એ જનાબ મક્કાએ મોઅઝ્ઝમા તશરીફ લઈ ગયા, તે ઝમાનો મોહમ્મદ અલી બાદશાહ મીસરીનો હતો, તો આ જનાબે તેની પાસેથી બાગે ફિદક લઈ મદીનાના સાદાતોને સોંપી દીધો હતો.

એ જનાબ 'હુજ્જતુલ ઈસ્લામ' નામની મસ્જિદમાં માહે રમઝાનમાં એક દિવસ નમાઝ પડયા, લોકોએ તેમની પાછળ નમાઝ પડનારાઓની સંખ્યાની ગણત્રી કરી તો બાવીસ હઝાર માણસો હતા. એ જનાબ

ચારે તરફ મશહુર હતા, એ જનાબનો હુકમ ચારે તરફ મોઅમીનોમાં ચાલતો હતો. તેઓના મુકલ્લીદ તમામ ઠેકાણે હતા. શીઆ મઝહબના આલિમોમાં એ જનાબ જેટલું કોઈ પૈસાદાર ન હતું, હા જનાબે સૈયદ મુરતઝા અલેમલ હોદા અગરચે બહુજ પૈસાદાર હતા પણ આ જનાબની દોલત તેઓ કરતા વધારે હતી. એ જનાબની સખાવત બેશુમાર હતી. હાતિમ અને મકિયાન જે અરબમાં સખી તરીકે મશહુર હતા તેઓના નામ આ જનાબની સખાવતથી ઢંકાઈ ગયા. આખુંદ મુલ્લા

અલી અકબર ખાનસારી કહે છે કે એક દિવસ આ જનાબના કુતુબખાનામાં હું ગયો, તો એ જનાબની સામે ઈમામ અ.ના હકના (ખુમ્સના) સોના રૂપાના નાણાંનો એવડો ઢગલો પડયો હતો કે આ તરફ બેઠેલો માણસ એ જનાબને જોઈ ન શકે, પછી એ જનાબે મારા માટે હુક્કો મંગાવ્યો, હું હુક્કો પીવામાં મશગુલ થયો અને ફકીરો તથા સાદાતોને એ જનાબે બોલાવ્યા તો જેમ જેમ આ લોકો આવતા ગયા તેમાંથી એક એક મુઠી એ જનાબ દરેક જણને આપતા ગયા, હજું તો હું હુક્કો પુરો પી રહ્યો ન હતો

એટલી વારમાં એ તમામ નાણું વહેંચી આપ્યું. તે વખતે મેં ખુશ અને અજબ થઈને અરજ કરી કે આપને ઈમામનો માલ વહેંચવામાં ઘણો ઈખ્તીયાર છે, તો એ જનાબે જવાબ આપ્યો કે હા, દીકરો બાપના માલને આ કરતાં પણ વધારે સારી રીતે આપી શકે છે. આ કિતાબ લખનાર સાહબે લખે છે કે હું એક દિવસ પોતાના મકાનથી મીરઝા હુસૈનના મદ્રેસામાં જતો હતો તો રસ્તામાં આ જનાબના મકાનની ગલી પાસેથી નીકળ્યો, ત્યાં ફકીરો અને સૈયદો એ જનાબના મકાન ઉપર એટલા તો જતા

હતા કે તે ગલીમાંથી જવાનો રસ્તો ન હતો, તે વખતે મેં કહ્યું કે આ શાની ગડબડ છે ? તો કોઈએ કહ્યું કે ઈમામ અ.નો કારેખૈરનો પૈસો જનાબે હુજ્જતુલ ઈસ્લામને ત્યાં આવેલ છે, તેથી એ જનાબે ફકીરો અને સૈયદોને બોલાવ્યા છે.

લખે છે કે એ જનાબના ઝમાનામાં ‘મુલ્લા કુરબાન’ નામનો અહલેબયત અ.ની મદહ અને કસીદા વિગેરે કહેનારો શાએર હતો. તેનું તખલ્લુસ ‘બેદીલ’ હતું, એક વખત તે પરેશાન અને કરજદાર થઈ ગયો. તેથી આ જનાબની ખીદમતમાં આવી

પોતાનો હાલ બયાન કર્યો, તો એ જનાબે એકસો તુમાન તેને આપ્યા અને એક વેપારી ઉપર કારેખૈરના પૈસામાંથી સો તુમાન આપવાની ચીઠ્ઠી લખી આપી, ‘બેદીલ’ એ ચીઠ્ઠી લઈને વેપારી પાસે ગયો તો તેણે નાણાં આપ્યા નહી, તો ‘બેદીલે’ લખી મોકલ્યું કે મને નાણાં આપતા નથી તો એ જનાબે બીજા વેપારી ઉપર એકસો તુમાનની ચીઠ્ઠી લખી મોકલી તો તેણે એ ચીઠ્ઠીથી નાણાં આપી દીધા; તે વખતે પહેલા વેપારીએ કહ્યું કે હું પણ પહેલી ચીઠ્ઠીના નાણાં આપું છું, તો એ ‘બેદીલે’ એ

જનાબને લખી મોકલ્યું કે બીજી ચીઠીના નાણાં વસુલ થયા છે અને પહેલી ચીઠીવાળો હવે નાણાં આપવા કહે છે, તો તે વિષે શું કરવું ? તો એ જનાબે જવાબમાં લખ્યું કે તે નાણાં વસુલ કરીને તમોજ વાપરો, તે પણ તમોને બક્ષી આપ્યા. લખે છે કે ઈદે ગદીરના દિવસે ઈસ્ફેહાનના વેપારીઓ પોતાના ગજા પ્રમાણે એ જનાબ પાસે ગરીબોને આપવા માટે નાણું મોકલતા હતા, તો એક વખત ઈદે ગદીરના દિવસે એ જનાબ મીમ્બર ઉપર ગયા અને મીમ્બરની અતરાફ સોના, રૂપા અને

ત્રાંબાના નાણાંથી ભરેલી કોથળીઓ લોકોએ રાખી. પછી એ જનાબે હુકમ કર્યો કે ફકીરો દરવાજા પાસે ભેગા થાય અને એક એક આવતો જાય, અને એક એક ત્યાંથી નીકળતો જાય, તે વખતે એ જનાબે એક એક મુઠી ભરીને એ તમામ નાણું આપી દીધું અને હીસાબ કર્યો તો એ તમામ નાણું અઢાર હજાર તુમાન હતું.

એ જનાબે પોતાના પૈસામાંથી બે દુકાન મુકર્રર કરેલી, એકમાંથી રોટી અને બીજામાંથી ગોશ્ત, ગરીબોને મફત આપતા

હતા. એટલે સુધી કે હંમેશા આશરે બે બજાર માણસ લાભ લેતા હતા.

એક શખ્સ કહે છે કે એક વખત મારો હાલ બહુજ તંગ થયો એટલે સુધી કે ફાકા થવા લાગ્યા, કોઈ ઈલાજ હાથ આવતો ન હતો. એટલામાં એક વખત રાતના હું એક ગલીમાંથી પસાર થયો, ત્યાં જોયું કે આ જનાબ હુજ્જતુલ ઈસ્લામ એ ગલીમાંથી આવે છે. જ્યારે મારી નજીક પહોંચ્યા તો સોનાના સીક્કાનું નાણું એક મુઠી ભરીને મને આપીને ચાલતા થયા.

‘રશ્ત’ નામના ગામમાં એક વખત કોલેરાની ભયંકર બિમારી આવી. તેથી લાવારીસ લોકોનો માલ આ જનાબ પાસે બહુજ ભેગો થયો. ફતેહ અલીશાહ બાદશાહ એ જનાબને મળવા આવ્યો અને કહ્યું કે બાદશાહનો ખર્ચ વધી ગયો છે, બાલ બચ્ચા ઘણા છે, તેથી હાલત તંગીમાં છે. માટે તમોએ રશ્તમાં જે માલ ભેગો કર્યો છે તે મને આપી દો, તે વખતે એ જનાબે આશરે એંસી હજાર રૂપિયા જેટલો માલ આપ્યો કે તેમાંથી રશ્તના લોકોની મદદ કરે.

એ જનાબે મદીનાના ગરીબો માટે દર વરસે અમુક રકમ મુકર્રર કરી હતી, અને ઈલ્મ સીખનારાઓની બહુજ મદદ કરતા હતા અને અમીરો તેમજ રઈસો અને વેપારીઓની પણ મદદ કરતા અને તેઓને કરજ તરીકે આપતા.

બૈદાબાદમાં એક આલીશાન એવી મસ્જિદ બનાવવી શરૂ કરી કે હજી તે મસ્જિદ અડધી પણ થઈ ન હતી ત્યાં આશરે બે લાખ ચાલીસ હજાર રૂપિયા જેટલું નાણું વપરાણું. પરંતુ તે મસ્જિદનું બાંધકામ પુરૂં થાય તે પહેલાં તેઓ ખુદાની

રહેમતે પહોંચ્યા. તે વખતે હજી તે મસ્જિદમાં આશરે બે લાખ એંસી હજાર રૂપિયા જેટલું કામ બાકી હતું.

એક વખત અમીનુદ્દવલાએ એ જનાબ ઉપર આશરે એસી હજાર રૂપિયાનો દાવો કર્યો. આપે જવાબ આપ્યો કે તમોએ મજકુર નાણું રદ્દે મઝાલીમનું ગરીબો અને ફકીરો માટે આપ્યું હતું, તે મેં તેઓને આપી દીધું. અમીનુદ્દવલાએ કહ્યું કે મેં તો અમાનત તરીકે આપ્યું છે, તે વખતે એ જનાબે ફરમાવ્યું અગરચે મારા ઉપર તારો હક નથી અને તને કબૂલ નથી, તો ભલે

મારા માલમાંથી તમોને પાછા આપું છું અને જે ફકીરોને આપ્યું તે મારા હિસાબમાં ગણું છું. એજ પ્રમાણે તાએફના એક વેપારીએ પણ કર્યું , તેને પણ પાછું આપવાનો હુકમ કર્યો.

એ જનાબ લોકોને ખુદાના અહકામ બજાવી લાવવાની ઘણીજ તાકીદ કરતા હતા અને મનાઈ થએલા કામથી અટકાવતા અને શરાની હદ જારી કરતા, તેથી લોકો એ જનાબની સાથે દુશ્મની રાખતા. અને એ નુરે ખુદાના નુરને બુઝાવવાની કોશીશ કરતા હતા. એટલે

સુધી કે કેટલાક મલઉનોએ ખુદાનો ખોફ ન કરતાં, એ જનાબના ખાણામાં ઝેર નાખ્યું. પણ પહેલે તે ખાણું બબરચીઓએ બીલાડીને આપ્યું તેથી તે મરી ગઈ. તે વખતથી બબરચીખાનાને તાળું રાખતા હતા કે કોઈ પણ માણસ ગફલતથી અંદર પેસી ન જાય.

એક વખત તે ગામના ઉપરીએ ચાર મરદુદ નાલાએક બદમાશોને એ જનાબને મારી નાખવા માટે તૈયાર કર્યા. દરેકને સો તુમાન એટલે ચારસો, ચારસો રૂપિયા આપવા મુકર્રર કર્યા, તેથી અરધી રાતના

તે મલઉનોએ જનાબના મકાનમાં પેઠા તો જોયું કે એ જનાબ ઘરમાં એક પહેરણ પેહરીને બેઠા છે, સામે દીવો બળે છે અને દુઆની કિતાબ ખુલ્લી છે તેમાંથી દુઆ પડતા જાય છે અને ઝાર ઝાર રોતા જાય છે. એવો હાલ જોવા છતાં પણ એ મલઉનોને કાંઈ પણ રહમ આવી નહી. એક મલઉને બંદુક લઈને ચાહ્યું કે આ જનાબની છાતી મુબારક ઉપર વાર કરે, ત્યાં તે મરદુદ ઉપર એવી હયબત થઈ કે તે ધ્રુજવા લાગ્યો, તેના હાથમાંથી બંદુક પડી જવા લાગી ત્યાં પોતાના રફીકને ઈશારો

કર્યો, તેથી તે નાપાકે તે બંદુક લઈ લીધી તો તે ખબીસનો પણ એજ હાલ થયો. તે વખતે તેઓ પસ્તાઈને પાછા ચાલ્યા ગયા. એ જનાબે તેઓ તરફ કાંઈ પણ ધ્યાન આપ્યું નહી. ટૂંકમાં એ કે એ જનાબ હક વાત કહેતા, અને લોકોને નસીહત કરતા, અહકામે દીન જારી કરતા, તેથી બેદીન અને દુનિયાના લાલચી કુતરાઓને બહુજ ભારે લાગતું હતું. તેથી એ જનાબની પાછળ લાગતા પણ તેઓની ચાલબાજી કાંઈ કામ આવી નહીં.

એ જનાબનો જયારે આખરી વખત આવ્યો તો બીમાર થઈ ગયા. હાજી કલબાસી તેઓને જોવા આવ્યા, કેટલીક વાર ત્યાં બેસી ઝોહરના વખતે તેઓ પાસેથી ઉઠીને ચાલ્યા ગયા. આ જનાબે નમાઝ માટે વઝુ કર્યુ , ઝોહરની સુન્નતની આઠ રકાત પડીને, ઝોહરની નમાઝ ઉભા ઉભા પડયા. પછી કમજોરીના લીધે મુસલ્લા ઉપરજ બેસી ગયા અને ઈમામે હુસૈન અલય્હિસ્સલામની તુરબતની ખાકની એક ગોળી ખાધી અને તરતજ એ જનાબની પાક રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

હાજી કલ્બાસી જે જોવા આવ્યા હતા તેઓ હજુ પોતાના ઘરે પહોંચ્યા ન હતા, ત્યાં રસ્તામાં એ જનાબના ગુજરી જવાની ખબર સાંભળી તેથી તેઓ બેહોશ થઈ ગયા. જયારે હોશ આવ્યો તો પાછા એ જનાબના ઘરે ગયા અને તેઓ ઉપર ખૂબજ રડયા. આખુન્દ મુલ્લા અલી અકબરે એ મરહુમને ગુસ્લ આપી એ જનાબના હાથ ચુમીને કફન પહેરાવ્યું. તેમની વસીય્યત મુજબ એ જનાબને મસ્જિદની બાજુમાં દફન કર્યા.

# (૨૨) જનાબ આખુંદ મુલ્લા મોહમ્મદ બાકર મજલીસી અઅલલ્લાહો મકામોહુનો અહેવાલ.

જનાબે મજલીસી બહુજ મોટા આલીમ થઈ ગયા છે. તેઓના વાલીદનું નામ મુલ્લા મોહમ્મદ તકી બીન મકસુદઅલી મજલીસી છે. એ જનાબના ઈલ્મ વીશે ઘણી તારીફ લખેલી છે. એ તારીફના શબ્દોનો તરજુમો ગુજરાતીમાં લખવા માટે ગુજરાતી

શબ્દો મળી શકતા નથી. ટુંકમા એ કે એ જનાબના કારણે શીઆ ઈસ્નાઅશરી દીનનો ઘણો ફેલાવો થયો છે, એટલે સુધી કે તેઓએ અરબી કીતાબોનો ફારસીમાં તરજુમો કર્યો તેથી લોકોને ઘણો ફયઝ પહોંચ્યો છે, એ જનાબનો શીઆ મઝહબ ઉપર ઘણો હક છે, શીઆ મઝહબનો ફેલાવો તેઓની કિતાબોથી થયેલ છે.

મશહુર છે કે એ જનાબે 'હકકુલ યકીન' નામની કીતાબ લખી અને એ કિતાબનો ચારે તરફ ફેલાવો થયો. તે કીતાબ શામ અને શામની અતરાફના ગામોમાં પહોંચી

તો સીત્તેર હજાર સુન્નીઓ શીઆ થઈ ગયા. એ જનાબના અરબ અને અજમ બધાજ તાબેદાર હતા, તે જનાબ સખાવત અને પરહેઝગારીમાં ઘણાંજ મશહુર હતા, તેઓ ઈલ્મમાં અલ્લામા હતા, અલ્લામા ઘણી જાતના ઈલ્મ જાણનારને કહે છે. અને તેઓ વીશે ફાઝીલ લોકો કહી ગયા છે કે જો કોઈ ચાહે કે એ જનાબની ફઝીલતથી વાકેફ થાય તો એ જનાબની બનાવેલી 'બેહારૂલ અનવાર' નામની કીતાબમાંથી 'સમાએ વલ આલમ'નું પ્રકરણ ભાગ વાંચી જુવે. હાસીલ કલામ તે જનાબ ઈલ્મના એક મોટા ઉંડા

દરિયા હતા. એક એક મસઅલો તેઓએ એવી રીતે લખેલ છે કે જાણે ઈલ્મનો ખજાનો ચારે તરફ ફેલાવી દીધો છે.

જનાબ સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરીએ અનવારૂન્નોઅમાનીયામાં લખ્યું છે કે જનાબ આખુંદ મજલીસી પાસે એક મોઅમીન બીરાદરે ખ્વાહીશ કરીને પોતાના કફન ઉપર ખાકે શિફાથી લખાવ્યું કે 'લા રયબ ફી ઈમાનેહી' એટલે 'તેના ઈમાનમાં કાંઈ શક નથી', અને તે પછી તે લખનારના નામની સહી કરાવી અને કેટલીક વખત તે લખાણની નીચે મોહર કરતા હતા, તેઓની

પહેલે સુફી લોકોની જમાઅત (સંખ્યા) વધી ગઈ હતી પણ એ જનાબે તેઓનો એટલો તો વિરોધ કર્યો કે તેઓને જડ મુળથી ઉખેડી નાખ્યા.

એ જનાબ લોકોને ખુદાના હુકમ પહોંચાડવામાં અને ખુદાની નાફરમાની કરવાથી રોકવા માટે અને દીન તથા ઈલ્મને વધારવા માટે કિતાબોની તસનીફ અને તાલીફ કરવામાં મહારત રાખતા હતા, તેઓ ઈસ્ફેહાનમાં જમાઅત અને જુમ્આની નમાઝના ઈમામ હતા, તેઓ ત્યાં 'શયખુલ ઈસ્લામ'થી મશ્હુર હતા. દીન અને દુનિયા

બંનેની રીયાસત રાખતા હતા, દરેક જણ ઉપર મહેરબાની અને સખાવત કરતા હતા, ઈમામ અ. ગાયબ છે ત્યાં સુધી જે મુજતહીદ આદીલ અને પુરી શરતોવાળો હોય તે એ હઝરતનો નાયબ કહેવાય છે, તે વખતના સફવી ખાનદાનના બાદશાહો શરીઅતની ઘણી પાબંધી રાખતા હતા તેથી દરેક બાદશાહને તે ઝમાનાના મોટા મુજતહીદ પોતાનો નાયબ બનાવી સલ્તનતના તખ્ત ઉપર બેસાડતા હતા અને તે બાદશાહ પોતાને એ મુજતહીદનો નાયબ ગણતા હતા. એ પ્રથા પ્રમાણે

સુલતાન હુસૈન સફવીને આ જનાબ મૌલાના મોહમ્મદ બાકર મજલીસીએ સલ્તનતના તખ્ત પર બેસાડયા, પણ એ સુલતાન સલ્તનતની તદબીર બરાબર રાખતો ન હતો તે છતાં જનાબ મજલીસી અ.ર. હયાત રહ્યા ત્યાં સુધી એ સલતનત બરાબર કાયમ રહી. પણ જ્યારે એ જનાબ ખુદાની રહમતે પહોંચ્યા ત્યારે વીલાયતે ઈકતેદાર (સત્તા) બાદશાહના હાથમાંથી ચાલી ગઈ અને તેના કબ્જા હેઠળથી મુલ્ક જવા લાગ્યો અને દિન બ દીન મુલ્કની હાલત ખરાબ થતી ગઈ અને બીજા

બાદશાહો ધીરે ધીરે કબજો કરતા ગયા એટલે સુધી કે અફગાનીયો ઈસ્ફેહાનમાં આવ્યા અને સુલતાનને મારી નાખ્યો.

એ જનાબનો જન્મ હીજરી સન ૧૦૩૭ માં છે જેમકે એ જનાબે બેહારૂલ અન્વારમાં હાશીયા ઉપર એ કિતાબના નામની બાબતમાં લખ્યું છે કે એક અજબ બાબત એ પણ છે કે મારા જન્મની તારીખ આ કિતાબના નામ ઉપરથી નીકળે છે જેમકે ‘જામેએ કિતાબે બેહારૂલ અન્વાર’ (બેહારૂલ અન્વાર કિતાબનો કર્તા)એ વાકયના તમામ અક્ષરના અદદ ૧૦૩૭ થાય છે અને એ

જનાબનો જન્મ ૧૦૩૭ હીજરી સનમાં થયેલો છે, એ જનાબની વફાત સન ૧૧૧૧ હીજરી છે.

એ જનાબની ઘણી કરામતો છે તેમાંથી કેટલીક નીચે મુજબ છે.

કરામત પહેલી - સાંભળવામાં આવ્યું છે કે જીનના કેટલાક આલીમો એ જનાબથી ઈલ્મ શીખવા મજલીસમાં હાજર થતા હતા.

કરામત બીજી - એ જનાબ નાના હતા તે વખતે તેઓને કપડામાં વિંટાળીને બારમા ઈમામ અ.ની પાસે લઈ ગયા હતા.

કરામત ત્રીજી - એ જનાબે એટલી તો કિતાબો તસનીફ અને તાલીફ કરી છે કે એટલી ઉમરમાં એટલું બધું લખાણ કરવું શકય નથી, કેમકે લખાણ કરવા ઉપરાંત લોકોને ઈલ્મ શીખવવું, નમાઝ પડાવવી, મસલા મસાએલ બયાન કરવા, ખાવું-પીવું, સુવું તથા લોકોના ઝગડા પતાવવા વીગેરે કામમાં પણ કેટલોક વખત ગાળતા હતા. તો સાબીત થયું કે એટલી બધી કિતાબો બનાવવી કરામતના કારણથી છે.

કરામત ચોથી - મરહુમ આકા સૈયદ મોહમ્મદ બીન આકા સૈયદ અલી

તબાતબાઈએ પોતે જે મશહુર ગલતીઓ વિષેની કિતાબ લખેલી છે તેમાં લખ્યું છે કે એ બાબત પણ ગલત મશહુર છે કે જે લોકોમાં અફવા ઉડી છે કે કોઈ શખ્સે જનાબે મજલીસી અ.ર.ને સ્વપ્નામાં જોયા અને તેઓને પછયું કે આપનો શું હાલ થયો? તો આપે ફરમાવ્યું કે મને મારા કોઈ અમલે કાંઈ પણ ફાયદો પહોંચાડયો નહી, પણ એક દિવસ એક યહુદીને એક સેબ (સફરજન) આપ્યું હતું તેથી મારી નજાત થઈ. મજકુર આકા સૈયદ મોહમ્મદ કહે છે કે અકલ અને નકલની રૂએ મજકુર સ્વપ્નું

ગલત અને જુઠું છે, એ જનાબ મજલીસી અ.ર.ની કરામત વિષે નકલ કરે છે એક બુઝુર્ગવાર કે જેઓ ખુરાસાનના રઈસ હતા, તેઓ અતબાતે આલીયાતની ઝિયારત કરવા ગયા અને તેઓ મજકુર જનાબે મજલીસી અ.ર.ના વાલીદ આખુંદ મુલ્લા મોહમ્મદ તકી મજલીસી સાથે દોસ્તી રાખતા હતા, અને જયારે એ જનાબ ખુરાસાનની અતબાત તરફની ઝીયારત કરીને પાછા ફર્યા તો રસ્તામાં સ્વપ્નામાં જોયું કે એવી જગ્યાએ પોતે ગયા કે ત્યાં હઝરતે રસૂલેખુદા સ. અને બાર ઈમામો

રીતસર બેઠેલા છે અને સર્વેથી છેલ્લા બારમા ઈમામ અ. બેઠા હતા, આ જનાબ ત્યાં ગયા, તેઓને બારમા ઈમામની નીચેની જગ્યાએ બેસવાની જગ્યા મળી એટલામાં એકાએક જોયું કે જનાબે મજલીસી અ.ર.ના વાલીદ મુલ્લા મોહમ્મદ તકી સાહેબ ગુલાબનો શીશો લઈને આવ્યા, તે ગુલાબ હઝરતે રસૂલેખુદા સ. અને બાર ઈમામો એ વાપર્યુ અને મજકુર ખુરાસાનવાળા મહેમાન ને પણ આપ્યું, પછી જનાબ મુલ્લા મોહમ્મદ તકી સાહેબ ત્યાંથી બહાર જઈ કપડાંમાં વીટેલું એક

બચ્ચું હઝરતે રસૂલેખુદા સ.ની ખીદમતમાં લાવી અરજ કરી કે આ બચ્ચા માટે દુઆ કરો કે ખુદાવંદે આલમ તેને દીનનો ફેલાવો કરનાર અને દીનનો પ્રચાર કરનાર બનાવે, એ સાંભળીને હઝરતે રસૂલેખુદા સ. મજકુર બચ્ચાને હાથમાં લઈ દુઆ કરી, પછી હઝરતે અમીરૂલ મોઅમેનીન અ.ના હાથમાં આપી દુઆ કરવા ફરમાવ્યું, તે પછી અમીરૂલ મોઅમેનીન અ. દુઆ કરી, હઝરતે ઈમામે હસન અ.ને આપીને દુઆ કરવા ફરમાવ્યું, તે પછી એક ઈમામ બીજા ઈમામને આપતા ગયા એટલે સુધી કે છેલ્લે

બારમા ઈમામ અ.ના હાથમાં આપ્યું, તેઓએ પણ દુઆ કરી મજકુર ખુરાસાની આલીમને આપ્યું, તેઓએ પણ હાથમાં લઈ દુઆ કરી પછી ખુરાસાની આલીમ આ સ્વપ્નું જોઈ જાગ્રત થયા અને ત્યાંથી ઈસ્ફેહાનમાં આવી જનાબ મુલ્લા મોહમ્મદ તકી સાહેબને ત્યાં ઉતર્યા, જનાબ મોહમ્મદ તકી સાહેબે મેહમાનદારીની રીતભાત કરી, ગુલાબનો શીશો લાવી તેઓએ તેમાંથી ગુલાબ વાપર્યું અને જનાબ મુલ્લા મોહમ્મદ તકી સાહેબ તરતજ ઘરમાં જઈ કપડામાં વીંટેલું બચ્ચું લાવી એ સાહેબને આપી કહ્યું

કે આ મવલુદ આજેજ પેદા થયું છે માટે તમો તેના માટે દુઆ કરો કે ખુદા તઆલા તેને દીનનો પ્રચારક અને વધારનાર કરે, તે વખતે એ જનાબ ખુરાસાનીએ તે ફરઝંદ માટે દુઆ કરી અને રસ્તામાં જોએલા સ્વપ્નાની તમામ હકીકત કહી સંભળાવી.

કરામત પાંચમી - કસુસલ ઓલમાના લખનાર સાહેબ લખે છે કે મારા મરહુમ વાલીદે લખ્યું છે કે જનાબ આખુંદ મુલ્લા મોહમ્મદ બાકરનું લખાણ મેં જોયું છે, તેમણે લખ્યું છે કે આ બંદએ ખાતી (ગુનેહગાર) મોહમ્મદ બાકર બિન મોહમ્મદ

તકી જુમ્આની રાતોમાંથી એક રાત્રે દોઆઓ જોતો હતો તેમાં એક દુઆ એવી જોવામાં આવી કે તે ઘણી જ ટૂંકી પણ પુષ્કળ મતલબ વાળી હતી, તેથી દિલમાં થયું કે તે રાત્રે એ દુઆ પડું તો તે દુઆ હું પડયો, પછી બીજા જુમ્આની રાત્રે મેં ચાહ્યું કે એજ દુઆ પડું એટલામાં ઘરની છત પરથી અવાજ આવ્યો કે ‘અય્યોહલ ફાઝેલુલ કામીલ’ હજુ ગયા જુમ્આની રાત્રે દુઆ પડયો તો તેનો સવાબ કિરામન કાતેબીન સંપૂર્ણ લખી શકયા નથી એટલામાં બીજી વખત પઢવા ચાહે છે?

જાણવું જોઈએ કે મજકુર દુઆ જુમ્આની રાત્રે તેમજ કોઈપણ વખતે પઢવામાં ઘણો સવાબ છે, આ કિતાબ લખનાર સાહેબ લખે છે કે મારા વાલીદ દરેક જુમ્આની રાત્રે આ દુઆ પડતા હતા, અને લખે છે કે મેં ખુરાસાનની મુસાફરીમાં મજકુર દુઆની શરાહ લખી છે. 'નાજી' કહે છે કે મજકુર દુઆ એક વરસ પહેલાં કરબલાએ મોઅલ્લાથી અમારા દોસ્ત મવલાના શેખ હાજી મોહમ્મદઅલી સાહેબે ભાવનગર અમોને લખી મોકલી હતી અને તે દુઆ અમારા રફીકે શફીક કુરઆનના

હાફીઝ મૌલાના જનાબ હાફિઝઅલી સાહેબ યાદ કરી હંમેશા દર જુમ્આની રાત્રે મજલીસ પછી સર્વે બીરાદરોને પડાવતા હતા. (દોઆઓનો મજમૂઓમા મજકુર દુઆ દર્જ છે.)

કરામત છઠ્ઠી - લખે છે કે મરહુમ આકા સૈયદ મોહમ્મદ સાહેબે લખ્યું છે કે જનાબે મજલીસી અ.ર.ના ઝમાનામાં બે શખ્સ એ બેઝુર્ગવાર સાથે અદાવત રાખતા હતા અને હંમેશા એ જનાબની ગીબત કરતા હતા, પછી જ્યારે એ જનાબનો આખર વખત આવ્યો અને બીમાર થઈ ગયા તો એક રાત્રે

મજકુર શખ્સોએ સ્વપ્નામાં જોયું કે તેઓ એ જનાબના ઘરે ગયા ત્યાં જોયું જનાબ મજલીસી અ.ર. સુતા છે અને એકાએક જનાબે રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અલયહીસ્સલામ તશરીફ લાવ્યા અને હઝરતે રસૂલેખુદા સ. જનાબે મજલીસીનો જમણો હાથ પકડયો છે અને જનાબે અમીરૂલ મોઅમેનીન અ.સ. ડાબો હાથ પકડયો છે પછી એ બંને બુઝુર્ગવારે ફરમાવ્યું કે ઉઠીને અમારી સાથે ચાલો, એમ ફરમાવી પોતાની સાથે લઈ ગયા અને

સ્વપ્નું જોઈ એક જણે જાગૃત થઈ પોતાના દોસ્ત પાસે જઈ પોતાના સ્વપ્નાનો હાલ બયાન કર્યો તો તેના દોસ્તે કહ્યું મેં પણ હમણાં એજ પ્રમાણે સ્વપ્નું જોયું છે, પછી એ બંને શખ્સોએ અંદાજો કરીને આપસમાં કહ્યું કે આ સ્વપ્નાથી એવું અનુમાન થાય છે કે જનાબે મજલીસી આ ફાની દુનિયાથી ખુદાની રહમતે પહોંચ્યા હશે, પછી એ બંને જણ એ વાતની ખાત્રી માટે જનાબે મજલીસીના ઘર તરફ રવાના થયા, જયારે તેઓના ઘર પાસે પહોંચ્યા ત્યાં રોવાનો અવાજ આવ્યો તેથી રોવાનું કારણ પુછતાં

જવાબ મળ્યો કે જનાબે મજલીસી હમણાંજ ગુજરી ગયા છે, આ સાંભળીને એ જનાબની દુશ્મની અને ગીબત કરનાર મજકુર બન્નો જણ ઘણો અંચબો પામ્યા.

કરામત સાતમી - બહરૈનનો રહેવાસી એક શખ્સ તે જનાબની સાથે મહોબ્બત રાખતો હતો. તેણે એક વખત ચાહ્યું કે એ જનાબની ખીદમતમાં જઈ મુલાકાત હાસીલ કરૂં, તેથી બહરૈનથી નીકળી એ જનાબના ગામ તરફ રવાના થયો, જયારે ગામની પાસે પહોંચ્યો તો લોકોને એ જનાબનો અહવાલ પુછયો તો જવાબ મળ્યો એ

જનાબતો ખુદાની રહમતે પહોંચી ગયા, આ સાંભળીને એ શખ્સ ઘણોજ ગમગીન અને દીલગીર થયો, પછી તેણે સ્વપ્નામાં જોયું કે તે એક એવી જગ્યાએ ગયો કે ત્યાં એક બહુજ ઉંચુ મીમ્બર રાખેલું છે, અને હઝરતે રસૂલેખુદા સ.તે મીમ્બર ઉપર બેઠા છે, અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ. તેઓથી જરા નીચે બેઠા છે અથવા ઉભા છે, અને નબીઓની એક સફ મીમ્બર સામે ઉભી છે, અને તે પછી બીજી ઘણી સફો ઉભેલી છે, તે સફોની અંદર આ જનાબ મુલ્લા મોહમ્મદ બાકર મજલીસી અ.ર. પણ ઉભેલા છે,

એટલામાં મે સાંભળ્યું કે હઝરત રસૂલેખુદા સ. ફરમાવ્યું કે આખુંદ મુલ્લા મોહમ્મદ બાકર મારી પાસે આવી જાવ, એ સાંભળતાંજ એ સફોમાંથી એક શખ્સ નીકળી નબીઓની સફ પાસે ગયો, તો હઝરતે રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવ્યું હજુ નજીક આવો, હઝરતનું ફરમાન થવાથી એ જનાબ નબીઓની સફથી પસાર થઈ આગળ ગયા. તે વખતે હ.રસૂલેખુદા સ. ફરમાવ્યું બેસી જાઓ, તો આ સાંભળીને જનાબ આખુંદ મુલ્લા મોહમ્મદ બાકર અ.ર. અરજ કરી કે

આપ સાહેબની ખીદમતમાં આ હકીરની અરજ છે કે આ પયગમ્બરો ઉભા છે અને હું બેસી જાઉં ! તે શરમીંદગીથી મને માફ રાખો. તે વખતે હઝરતે રસૂલેખુદા સ. ફરમાવ્યું, અય નબીઓ ! તમો બેસી જાઓ કે જેથી મુલ્લા મોહમ્મદ બાકર પણ બેસે, તે વખતે નબીઓ બેસી ગયા અને આ જનાબ મજલીસી પણ હઝરતે રસુલે ખુદા સ.ની પાસે બેઠા.

સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરી (કે તેઓ એક મોટા મુજતહીદ થઈ ગયા છે) જનાબ મજલીસીના શાગીર્દ હતા, અને આ જનાબે

તેઓને મુજતહીદપણાનો ઈજાઝો આપ્યો હતો, તો એ સાહેબ પોતાની કિતાબ “અન્વારે નોઅમાનીયાહ”માં લખે છે કે જનાબે મજલીસીએ ‘બેહારૂલ અન્વાર’ નામની મોટી કિતાબ લખી તેના કેટલાક ભાગમાં હું પણ લખવામાં શરીક હતો, પણ તેથી મતલબ એમ ન સમજવો કે મુશ્કીલ બાબતોને હલ કરવા અને મતલબોની તહકીક કરવામાં શરીક હોય બલકે જનાબે મજલીસી અ.ર. નો કાયદો એવો હતો કે જેમકે વરસાદ આવવો અને વાદળનું ગાજવું અને વીજળીનું થવું તેની તહકીક

કરવી હોય તો કોઈ એક શાગીર્દને કહેતા હતા કે મજકુર બાબતો વિષેની આયતો ગોતી કાઢો અને ત્યાં નિશાની તરીકે કાગળ રાખી દો, પછી એ જનાબ એ આયતોને જોઈ તપાસીને અને બીજી આયતના મતલબ મેળવી, તહકીક કરીને તેનો ખુલાસો લખતા હતા અને કોઈ શાગીર્દને કહેતા કે ફલાણી ફલાણી બાબત ફલાણી કિતાબમાંથી કાઢીને લખી લાવો, તો એ શાગીર્દ તેઓએ બતાવેલી કિતાબોમાંથી એ મતલબની હદીસો ભેગી કરી કોરો કાગળ રાખી એ જનાબને આપતા, તે વખતે એ

જનાબ એ વિષે જે કાંઈ લખવું હોય તે લખતા હતા, ટૂંકમાં એ કે જનાબ સૈયદ નેઅમતુલ્લાહ સાહેબ “બેહારૂલ અન્વાર”ના લખાણમાં એ પ્રમાણે શરીક હતા. પરંતુ તે કિતાબોની તહકીક અને તપાસ કાંઈ સરવે કિતાબોમાં, સરવે ઠેકાણે લીધી નથી.

એ જનાબનો રોઅબ અને દબદબો ઘણો હતો. કેમકે જે કોઈ ખુદાની ઈબાદત કરે અને હંમેશા ખુદાથી ડરે તો તમામ મખલુકાત તેનાથી ડરે છે અને લોકોના દિલમાં તેનો રોઅબ બેસે છે. મજકુર સૈયદ સાહેબ ‘અનવારે નોઅમાનીઆ’માં લખે છે

મારા ઉસ્તાદ અલ્લામાએ મજલીસી સાથે રાત દિવસ અમો બેસતા અને હસતા અને કયારેક રમુજની વાતો પણ કરતા, એ છતાં એ જનાબનો રોઅબ એવો હતો કે જયારે તેઓને ઘરે જતા અને દરવાજામાં દાખલ થતા તો અમારા દિલમાં તેઓનો એવો રોઅબ બેસતો કે જાણે અમોને સજા કરવા સુલતાન પાસે લઈ જાય છે. અજીબ કૈફિયતથી અમારા દિલ ધ્રુજતા હતા.

મજકુર સૈયદ સાહેબ તે કીતાબમાં લખે છે કે આ જનાબ મજલીસી અ.ર. પાસે કોઈ શખ્સ કીતાબ વાંચવા માટે લેવા આવતો

ત્યારે એ જનાબ તેને પુછતા કે તારે ત્યાં સુફરો છે ? કે તેના ઉપર રોટી મુકીને ખાતા હોય, અને જો ન હોય તો મને કહે કે હું તને સુફરો પણ આપું કે તેના ઉપર રોટી રાખીને ખા, અને કિતાબ ઉપર રોટી રાખીને ખાતો નહિ. મતલબ એ કે કેટલાક લોકો એવા હોય છે કે ઘરમાં સુફરો ન હોવાથી કિતાબ ઉપર રોટી રાખીને ખાય છે, તેથી કિતાબ ખરાબ થઈ જાય છે, અને તેના ઉપર ડાઘ પડે છે. હકીકતમાં કિતાબની હીફાઝત અને હુરમત કરવી લાઝીમ છે. કિતાબને તડકામાં મુકવી નહી કે તેની જીલ્દ અને

કાગળ ખરાબ થઈ જાય છે. તેમજ કિતાબ ઉપર જુ કે માંકડ મારવા નહી. આખુન્દ મુલ્લા અલી નુરી સાહેબ ઈલ્મી ચીજોની ઘણી હુરમત કરતા હતા એટલે સુધી કે કાગળ કાપતી વખતે જે કટકા જમીન પર પડતા તેને એવી જગ્યાએ નખાવતા કે જયાં કોઈના પગ નીચે ન કચરાય જેથી બેઅદબી ન થાય. તેમજ કલમ કરતી વખતે જે કટકા પડે છે તેની પણ હુરમત કરવી જોઈએ. આ કસસુલ ઓલમા લખનાર સાહેબ લખે છે કે એ વિષે મેં એક જુદીજ કિતાબ લખી છે, તે ઈલ્મના અદબ

અને આદાબ વી.ના વિષયમાં ઘણી સરસ અને સારી છે. એવું સાંભળવામાં આવ્યું છે કે આ જનાબે મજલીસી અ.ર.ના વાલીદે બુઝુર્ગવાર મુલ્લા મોહમ્મદ તકી સાહેબે પોતાની બીબીને એવો હુકમ કરેલો કે જનાબતનું ગુસ્લ હોય તે વખતે તેઓના આ ફરઝંદ મુલ્લા મોહમ્મદ બાકર મજલીસીને દુધ ન પીવરાવે.

જાણવું જોઈએ કે શરૂઆતના ઝમાનામાં અહલેબયત અ.થી વારીદ થએલી રીવાયતો અને હદીસો વિગેરે કોઈ એક જગ્યાએ ન હતાં. બલ્કે અલગ અલગ

કિતાબોમાં દર્જ હતું. જે કોઈ માણસ ઈમામ પાસેથી જે મસઅલો સાંભળતો તે જે પ્રમાણે સવાલ થયો હોય અને જવાબ મળ્યો હોય તે પ્રમાણે લખી રાખતો હતો. જેમકે કોઈ દિવસ ઈમામની મજલીસમાં વુઝુના મસઅલા પુછયા હોય તો તેને લખી રાખતા અને તે પછી રોઝાના મસઅલા પુછયા હોય તો તે લખી રાખતા. મતલબ એ કે ફીકાહના મસાએલ ક્રમવાર ન હતા. જેમકે વુઝૂના મસઅલાની જુદી કિતાબ હોય, નમાઝના મસલાની જુદી કિતાબ હોય એમ ન હતું, બલ્કે તમામ બાબતો એક બીજામાં

ભળેલી હતી, અને એ કિતાબોને ‘ઉસુલ’ની કિતાબો કહેતા હતા. એ પ્રમાણે દસમા અને અગ્યારમા ઈમામના ઝમાના સુધી ચાલતું આવ્યું, હઝરતે ઈમામે ઝયનુલ આબેદીન અ.ના શરૂઆતના ઝમાના સુધીમાં ચાર અથવા છ હઝાર અસલ કિતાબ ઈમામોની રીવાયતોથી ભેગી થઈ, પણ તેમાંથી કેટલીક કિતાબ નાબૂદ થઈ ગઈ હતી અને ઘણી હદીસો એવી ભેળસેળ થઈ ગઈ કે જે તકય્યાની હાલતમાં વારીદ થએલી હતી. તેથી મતભેદ પડયો હતો અને કેટલોક ઝમાનો એવો હતો કે લોકો શીઆના સખત

દુશ્મન હતા. તેઓ ન ઓળખાય એટલા માટે પણ ઈમામ અ. કેટલાક મસઅલા તકય્યા પ્રમાણે કહેતા હતા, હાસીલ કલામ ૧૦મા અને ૧૧મા ઈમામના ઝમાના સુધીમાં અને ૧૨મા ઈમામ અ.ના ગાયબ થવાના નજીકના ઝમાનામાં એક બીજાથી વિરોધાભાસી હદીસો ભેગી થઈ ગઈ. તેથી શીઆ મઝહબના આલિમોએ ભેગા થઈને તે ચાર અથવા છ હઝાર બિતાબોમાંથી ચુંટીને ચારસો અસલ કિતાબ બાકી રાખી કે તે ચારસો કિતાબો મોઅતબર ભરોસા લાયક થઈ. તે એટલા માટે ભરોસા લાયક કહેવાઈ

હશે કે એ કિતાબ ઈમામ અ.ની નજરેથી પસાર થઈ હશે, જેમકે યુનુસ બીન અબ્દુર રહમાનની કિતાબ અથવા એ કે તે કિતાબો ભેગી કરનાર મોઅતબર અને ભરોસાવાળા હોવાથી મોઅતબર કહેવાઈ. જેમકે 'ઝોરારા અને મોહમ્મદબિન મુસલીમ' વિગેરે.

તે ચારસો અસલ કિતાબો ક્રમવાર પણ ન હતી. તેમાં પણ કેટલોક મતભેદ હતો. પછી મોહમ્મદ બીન યઅકુબ કુલયની કે જેઓનો લકબ 'સેકતુલ ઈસ્લામ' છે, તેઓએ વીસ વર્ષ બેસીને ઉસુલેદીન તથા ફુરૂએદીન વિગેરે બાબતોને અનુક્રમે લખી તે કિતાબનું

નામ 'કાફી' રાખ્યું, અને એ જનાબ બારમા ઈમામ પહેલી વખત ગયબતે સુગરામાં ગયા તે ઝમાનામાં હયાત હતા, અને તેઓએ પોતાની કોશીશ અને મેહનતથી મોઅતબર અખબારો(હદીસો) ચુંટી કાઢીને લખ્યા, તેઓ પછી મોહમ્મદ બીન અલી બીન મુસા બાબવય કુમ્મી આવ્યા. અને તેઓએ પોતાની પાસે જે કાંઈ મોઅતબર અને ભરોસા લાયક બાબતો હતી તે ભેગી કરીને લખી, તે કિતાબનું નામ 'મનલા યહઝોરોહુલ ફકિહ' રાખ્યું. એ બુઝુર્ગવારનો લકબ 'સદુક' છે, તેમના પછી મોહમ્મદ

હસન તુસી આવ્યા. કે જેઓને 'શેખુત્તાએફા' કહેતા હતા તેઓએ પણ બે કીતાબ લખી એકનું નામ 'તહઝિબ' અને બીજીનું નામ 'ઈસ્તીબસાર' રાખ્યું. અને આ ત્રણે બુઝુર્ગ આલિમો કે તે ત્રણેનું નામ 'મોહમ્મદ' છે, તેઓએ મજકુર ચાર કિતાબો લખી અને એ કિતાબોને 'કુતુબે અરબાઅ' (ચાર કિતાબો) કહે છે. તે ઘણી મશહુર અને મોઅતબર કિતાબો છે, અને શીઆ મઝહબમાં સુર્યની જેમ પ્રકાશીત છે, અને તે લખનારને 'ત્રણ મોહમ્મદ' કહે છે, અને ત્રણ સાહેબોના ઝમાનાને આગલો ઝમાનો કહે છે. અને

તેઓ પછી આ પાછલા ઝમાનામાં બીજા ત્રણ ‘મોહમ્મદ’ આવ્યા અને ત્રણે આલિમોએ એ ચારે કિતાબ અને બીજા અખબારો (હદીસો)ને આધારે ત્રણ કિતાબો લખી. તેઓમાં પહેલા ‘મોહમ્મદ બિન મુરતુઝા કાશાની’ છે, તેઓનો લકબ ‘ફયઝ’ અને ‘મોહસીન’ છે. તેઓએ જે કિતાબ લખી તેનું નામ ‘વાફી’ રાખ્યું, બીજા મોહમ્મદ બીન હસન બીન હુર્રે આમેલી છે. તેઓએ અઢાર વર્ષની મુદ્દતમાં કિતાબ લખી તેનું નામ ‘વસાએલ’ રાખ્યું. અને ત્રીજા એ આલીમ કે જેઓનું બયાન લખાય છે તેઓ

મોહમ્મદ બાકર બીન મોહમ્મદ તકી મજલીસી અ.ર. છે. તેઓએ ‘બેહારૂલ અનવાર’ નામની મોટી કિતાબ લખી છે કે જેના મોટા મોટા પચીસ ભાગ છે અને તેના જેવી કિતાબ સુન્ની તેમજ શીઆમાં કોઈએ લખી નથી, એ જનાબે પોતેજ એ કિતાબની પ્રસ્તાવનામાં લખ્યું છે કે મારા સિવાય સુન્ની અથવા શીઆમાંથી કોઈએ પણ આવી કિતાબ લખવામાં પહેલ કરી નથી. હકીકતમાં એ જનાબે ખરૂં લખ્યું છે કેમકે તેઓએ ઉપર બયાન થએલી ચારે કિતાબ, ઉપરાંત શીઆના અખબાર (હદીસો) તમામ

કિતાબોમાંથી એકઠા કરીને લખેલ છે, બલ્કે મશ્હુર છે કે એ જનાબે ઉસુલમાંથી બસો ઉસુલ ભેગા કર્યા હતા અને તેમાંથી મોઅતબર અખબારો ચુંટી કાઢીને લખ્યા, અને કેટલાંક વિગતવાર પણ બયાન લખ્યા અને સુન્નત જમાઅતના અખબારોમાંથી પણ ઘણી ચીજો લખી અને દરેક બાબતમાં કુરઆનની આયતથી દલીલ લાવીને તફસીર કરી, અને પોતાની કોશીશથી જેટલી બની શકી તેટલી તહકીક કરીને દલીલો લખી, એ જનાબની બનાવેલી કિતાબ એ 'બેહારૂલ અનવાર'ના પચીસ

ભાગ ઉપરાંત બીજી અઠ્ઠાવન કિતાબોના નામ લખેલા છે જેમકે ‘અયનુલ હયાત’ ‘જીલાઉલ ઓયુન’ ‘હકકુલ યકીન’ ‘હુલ્યતુલ મુત્તકીન’ ‘હયાતુલ કોલુબ’ ‘તોહફતુઝ્ઝાએર’ વિગરે કિતાબો છે.

બેહારૂલ અન્વારની પચીસ જીલ્દ લખી છે તે દરેકમાં જે બાબતો લખી છે તે ટુંકમાં નીચે પ્રમાણે લખવામાં આવે છે. :

પહેલી જીલ્દમાં અકલ ઈલ્મ અને જેહલ(અજ્ઞાનતા)નું બયાન છે.

બીજી જીલ્દમાં તૌહીદનું બયાન છે.

ત્રીજી જીલ્દમાં અદલ અને કયામતનું બયાન છે.

ચોથી જીલ્દમાં મુનાઝરા અને કેટલાક ઈલ્મનું બયાન છે.

પાંચમી જીલ્દમાં પયગમ્બરોના અહવાલ છે.

છઠ્ઠી જીલ્દમાં આખર ઝમાનાના પયગમ્બર હઝરતે મોહમ્મદ મુસ્તફા સ.નો અહેવાલ છે.

સાતમી જીલ્દમાં ઈમામતનું બયાન અને ઈમામોનો અહવાલ છે.

આઠમી જીલ્દમાં હઝરતે રસૂલેખુદા સ. પછી થએલા બનાવો અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ.ની લડાઈનો અહવાલ છે.

નવમી જીલ્દમાં હઝરતે અમીરૂલ મોઅમેનીન અ.ના ફઝાએલ અને તેઓના અહવાલ છે.

દસમી જીલ્દમાં જનાબે ફાતેમા સ. અને ઈમામે હસન અને હુસૈન અ.ના ફઝાએલ, મોઅજીઝા અને અહવાલ છે.

અગીયારમી જીલ્દમાં ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા ઈમામ અ.ના ફઝાએલ મોઅજીઝા અને તેઓના અહવાલ છે.

બારમી જીલ્દમાં આઠમા નવમા દસમા અને અગ્યારમા ઈમામ અ.ના ફઝાએલ મોઅજીઝા અને અહવાલ છે.

તેરમી જીલ્દમાં બારમા ઈમામ અ.સ.ની ગયબત વિશે નો અહવાલ છે.

ચૌદમી જીલ્દમાં અર્ષ, કુરસી, આસમાન, મલાએકા, જીન્નાત, ઈન્સાન, પશુ અને પંખીનો અહવાલ તેમજ તેમાં શિકાર અને તીબ (વૈદક)નું બયાન છે.

પંદરમી જીલ્દમાં ઈમાન, કુફ્ર અને ઉત્તમ ગુણો વિષે બયાન છે.

સોળમી જીલ્દમાં આદાબ, સુન્નાતો, હુકમ, મનાઈ, કબીરા ગુનાહ તથા હદોનું બયાન છે.

સત્તરમી જીલ્દમાં વાએઝ, નસીહત અને ખુત્બા વીગેરે છે.

અઢારમી જીલ્દમાં તહારત અને નમાઝનુ બયાન છે.

ઓગણીસમી જીલ્દમાં કુરઆન અને દોઆનુ બયાન છે.

વીસમી જીલ્દમાં ઝકાત, રોઝા અને બાર મહીનાના અઅમાલનું બયાન છે.

એકવીસમી જીલ્દમાં હજનું બયાન છે.

બાવીસમી જીલ્દમાં ઝિયારતો વીગેરેનું બયાન છે.

ત્રેવીસમી જીલ્દમાં નીકાહ વીગેરેનું બયાન છે.

ચોવીસમી જીલ્દમાં અહકામ છે.

પચ્ચીસમી જીલ્દમાં આલિમો એક બીજાને સર્ટીફીકેટ આપે છે તેનું અને તેને લગતી બાબતોનું બયાન છે.

# (૨૩) જનાબે શહીદે અવ્વલનો અહવાલ

જનાબ શેખ શહીદ શમશુદ્દીન મોહમ્મદ બિન મકકી બીન મોહમ્મદ બીન હામેદુલ આમેલી કે જેઓ ‘શહીદે અવ્વલ’ના નામે મશહુર છે, એ જનાબની બુઝુર્ગી અને પરહેઝગારી વિષે કેટલીક બાબતો લખાયેલી છે. તેઓ ફીકાહના મસાએલમાં બહુજ કામીલ અને હુશીયાર હતા કે તે ઝમાનામાં તેઓના જેવો કોઈ ફકીહ ન હતો પણ જનાબે શેખ જાઅફર નજફી અને

તેઓના ફરઝંદ શેખ મુસા અને શેખ અલી ફીકાહમાં ઘણા હુશીઆર હતા. જેમકે મશહુર છે કે શેખ જાઅફર કહેતા હતા કે ફીકાહની અંદર સારી રીતે માહીતગાર કોઈ નથી પણ હું અને શહીદે અવ્વલ તથા મારા ફરઝંદ મુસા અને જાઅફર અને એ સાહેબે એમ પણ ફરમાવ્યું કે ફિકાહના તહારતથી દીયત (શરીઅતે ઈસ્લામમાં નક્કી કરવામાં આવેલ નુકસાન માટેના વળતર) સુધીના તમામ મસાએલ હું ચાહું તો કોઈ પણ કિતાબ જોયા વીના મોંઢે લખી શકું અને ફિકાહના તમામ મસાઈલ જનાબે શહીદે

અવ્વલની સામે એવી રીતે હતા કે જેમ આંગળીમાં વીંટી. આ જનાબ શહીદે અવ્વલે, જનાબે અલ્લામાએ હીલ્લીની ઘણી તારીફ સાંભળી હતી તેથી ચાહ્યું કે તેઓની ખીદમતમાં જઈ ઈલ્મ હાસીલ કરે, તેથી પોતે હીલ્લા ગયા અને એક દિવસ એ જનાબની ઈલ્મની મજલીસમાં બેઠા. પછી ચાહ્યું કે કરબલાએ મોઅલ્લા અને નજફે અશરફ જઈ અતરાફની ઝિયારત કરી આવીને હીલ્લામાં મજકુર જનાબની ખીદમતમાં ઈલ્મ હાસીલ કરે તેથી તેઓ ઈરાક ગયા અને છેલ્લે નજફે અશરફમાં

જઈ ઝીયારતથી ફારીગ થઈ હીલ્લા તરફ રવાના થયા ત્યાં રસ્તામાં જનાબે અલ્લામાએ હીલ્લી અઅલલ્લાહો મકામોહુનો જનાઝો જોયો કે નજફે અશરફમાં દફન કરવા માટે લોકો લઈ જતા હતા તેથી આએ જનાબ જનાઝા સાથે પાછા નજફે અશરફ આવ્યા અને અલ્લામાએ હીલ્લીને હઝરતે અમીરૂલ મોઅમેમીન અ.સ.ની નજીકમાં દફન કર્યા. આ જનાબ ત્યાંથી પાછા હીલ્લે આવી જનાબે અલ્લામાએ હીલ્લીના ફરઝંદ તથા બીજા શાગીર્દોની ખીદમતમાં સાત મહીના રહી,

કેટલુંક ઈલ્મ શીખી તેઓ સર્વે પાસેથી સનદ લઈ પોતાને વતન પાછા ગયા.

આએ જનાબની કેટલીક કરામતોમાંથી થોડી નીચે લખવામાં આવે છે.

૧. તે જનાબને મોટા મોટા મશ્હુર એક હજાર ફોકહાના ઈજાઝા હતા. જેમકે કાઝી મીર હુસૈન ઈબ્ને સૈયદ હયદર કરખી કે જેઓ મીરદામાદની માસીના દીકરા થતા હતા. તેઓએ નમાઝે જુમ્આના રિસાલામાં લખ્યું છે કે શહીદે અવ્વલ પાસે હજાર ફકીહોના ઈજાઝા છે અને એ મરતબો કોઈ

પણ ફકીહને મળ્યો નથી, આ બાબત બુઝુર્ગવારની કરામતમાં દાખલ છે.

૨. જ્યારે એ જનાબને ઝાલીમો શહીદ કરવા માટે લઈ જતા હતા ત્યારે એ જનાબે રૂક્કા (ચિઠ્ઠી)માં લખ્યું કે 'રબ્બે ઈન્ની મગલુબુન ફન્તસીર' (એટલે અય મારા પરવરદીગાર તહકીક કે હું ઘેરાઈ ગયો છું માટે મારી મદદ કર.) એટલામાં એકા એકા એ રૂકકો પાછો ફર્યો અને તેની પાછળ લખેલું હતું કે 'ઈન કુન્ત અબ્દી ફસ્તબીર' (એટલે અગર તુ મારો બંદો છે તો સબર કર) આ કિતાબ લખનાર સાહેબ લખે છે કે

આ બાબત કોઈ જગ્યાએ મેં લખેલી જોઈ નથી પણ લોકોમાં ઘણી મશહુર છે.

૩. ‘લુમઆહ’ નામની અરબી કિતાબ એ જનાબે માત્ર સાત દિવસમાં લખી છે તો આ પણ એ જનાબની એક મોટી કરામત છે કે એ કિતાબમાંનો એક થોડો ભાગ પણ સાત દિવસમાં લખાઈ શકાય તેમ નથી, એટલુંજ નહી પણ એ કિતાબમાં એ જનાબે તહકીક કરીને મસાએલ લખેલા છે, માત્ર જો નકલ કરવી હોય તો પણ સાત દિવસમાં લખાય શકાય તેમ નથી.

૪. ‘અમલુલ આમેલ’વાળા લખે છે કે એ જનાબે મજકુર કિતાબ કયદખાનામાં લખી છે (જેમકે આગળ બયાન આવશે) તો આ કરામત પણ એક ઘણી મોટી કરામત છે કે જેને કત્લ કરવા માટે કયદ કર્યા હોય ત્યારે તેના હોશહવાસ પણ બરાબર ન હોય તેમ છતાં આવી મસાઈલની સંપુર્ણ કિતાબ ભુલચૂક વિનાની સાત દિવસમાં લખાય તે આશ્ચર્ય કારક છે.

૫. આલિમોએ લખ્યું છે કે ‘લુમઆ’ નામની મોટી કિતાબ જે સાત દિવસમાં લખી તે વખતે તેઓ પાસે એક

‘મુખતસરૂન્નાફેએ’ કિતાબ સીવાય બીજી કોઈ કિતાબ મવજુદ ન હોવા છતાં એ કિતાબ લખી તે મોટી કરામત છે.

૬. એ જનાબ તકીયામાં હતા અને તેઓની પાસે સુન્નત જમાઅતના આલિમો આવજાવ કરતા હતા તો તેઓએ આ કિતાબ લખી તે વખતે ડરતા હતા કે રખે આ કિતાબ લખતી વખતે કોઈ આવી જાય અને જોઈ જશે તેથી તેઓ શીઆ મઝહબ રાખે છે તે ભેદ ખુલ્લો થઈ જશે, પણ કુદરતે ખુદાથી એ કિતાબ સંપૂર્ણ લખાઈ ગઈ ત્યાં સુધી કોઈ આવ્યું નહી.

એ જનાબ જ્યારે ઈલ્મ સીખતા હતા ત્યારે તેઓ રાતના વખતે ત્રાંબાનો લોટો પાસે રાખતા અને તેને ગરમ કરતા, જ્યારે ઉંઘ આવતી ત્યારે તે ગરમ ગરમ લોટો માથા ઉપર મુકતા તેથી માથાને ઈજા થતી અને ઉંઘ ઉડી જતી હતી, માથા ઉપર ગરમ લોટો મૂકવાથી માથાના વાળ ખરી ગયા અને ફરી પાછા વાળ ઉગ્યા નહી.

એ જનાબ તકવ્યો કરી સુન્નત જમાતનો દેખાવ કરતા હતા, અને તેઓ એ લોકોમાં મશહુર હતા, તેઓ જમાઅતની નમાઝ પડાવતા હતા, ઝગડા ચુકવતા હતા, અને

સુન્નત જમાઅતના ચાર મઝહબ મુજબ ફતવો આપતા હતા અને જ્યારે ચારે તરફ તેઓની શોહરત થઈ તો બીજાઓના દિલમાં હસદની આગ સળગી અને તેથી કેટલીક અદાવતો કરી પણ તેથી કાંઈ વળ્યું નહી, તેથી શામના વાલી પાસે જઈ તોહમત મુકયું કે આ શીઆ અને રાફઝી છે તેથી શામના વાલીએ એ જનાબને સખત ઈજા આપી શહીદ કર્યા, શહીદ કરવાના અહેવાલમાં એવી બાબત લખે છે કે તે વાંચતા અને લખતા દિલ ભરાઈ આવે છે. લખે છે કે એ જનાબના બે પગ ઉંટની સાથે

બાંધી બંને ઉંટને બે તરફ ચલાવ્યા (એટલે બંને પગ ચીરાઈ ગયા અને તેથી શહીદ થઈ ખુદાની રહમતે પહોંચ્યા.)

એ બુઝુર્ગવાર આપણા શીઆ મઝહબના આલીમોમાં જે ચાર શહીદ ગણાય છે તેમાં તેઓ પહેલા શહીદ છે, તેથીજ તેઓને 'શહીદે અવ્વલ' કહે છે. તેઓની શહાદત જમાદીઉલ અવ્વલ મહીનાની ૧૯મી તારીખ અને ૭૮૬ હીજરીમાં થયેલ છે.

એ જનાબ કેવી રીતે શહીદ થયા તેમાં ઈખતેલાફ છે, એક બાબત તો ઉપર લખી

અને બીજી બાબત આ પ્રમાણે છે. આ કસસુલ ઓલમા લખનાર સાહેબ લખે છે કે કેટલાક જણ પાસેથી સાંભળ્યું છે અને તેઓમાંના એક મારા વાલીદે બુઝુર્ગવાર પણ છે, અને જનાબ કાઝી નુરૂલ્લાહ શુસ્તરીએ પોતાની કિતાબ “મજાલીસુલ મોઅમેનીન”માં લખ્યું છે (તેનો ખુલાસો) કે એ ઝમાનામાં શીઆ ઈમામીયાહની રીયાસત મજકુર જનાબે શેખ સુધી પહોંચી, અને ખુરાસાનના હાકીમ સુલતાન અલી મોઅય્યદ કે તેઓ શીઆ હતા. તેઓએ એક નેક બખ્ત અને માનવંતા મીર શમસુદ્દીન

સાહેબને શામ મોકલ્યા કે જનાબ શેખ શહીદે અવ્વલને બોલાવી લાવે, પણ જનાબે શેખ ખુરાસાન જવા માટે ઉઝર કર્યો અને પોતાના ફતવા ‘લુમઆ’ નામની કિતાબમાં લખેલ મોકલી આપ્યા.

દમીશ્કનો કાઝી કે જેને ઈબ્ને જમાઆ કહેતા હતા તે ખરાબ હતો. જવાનીની હાલતમાં તે આ જનાબ સાથે પઢવામાં જોડાયો હતો, તેણે જોયું કે તેના ચારે મઝહબવાળા તેમજ પાંચમા શીઆ મઝહબવાળા સર્વે એ જનાબ તરફ વલણ રાખે છે, તેથી હસદ કરવા લાગ્યો અને જેમ

તેમ મેહનત કરીને દમીશ્કનું કાઝીપણું પોતે લીધું તો પણ આ જનાબ ઉપર લોકોનો ભરોસો વધારે હતો, આખર તે જનાબ રાફઝી છે એવી વાત ફેલાવીને શામના વાલી પાસેથી જનાબે શેખને કતલ કરવાનું ફરમાન મેળવ્યું, જે દિવસે જનાબે શેખને કતલ કરવાના હતા, તે દિવસે ઈબ્ને જમાઆ પણ હાજર થયો અને જલ્લાદે જનાબે શેખને કતલ કરવા ચાહ્યું તે વખતે ઈબ્ને જમાઆ તાલીબે ઈલ્મીના દિવસો યાદ કરીને રડવા લાગ્યો. જનાબ શેખે જયારે તેનું દેખાડવા માટેનું રડવું જોયું

ત્યારે તેની તરફ ધ્યાન કરીને ફરમાવ્યું કે તારી માએ તારૂં નામ ખોટું રાખ્યું નથી.

જનાબે શેખને દમીશ્કના કીલ્લામાં સન ૭૮૬ હીજરી જમાદીઉલ અવ્વલ મહિનાની ૧૯મી તારીખે જુમેરાતના દિવસે સવારે નાશ્તાના વખતે શહીદ કરીને સુળીએ લટકાડી દીધા અને અસરને વખતે લાશને ઉતારી બાળી નાખી.

અને 'લોઅલોઅ' નામની કિતાબવાળા લખે છે કે એ જનાબને સન ૭૮૦માં તલવારથી કતલ કરી સુળીએ ચડાવીને પથ્થરો મારીને મારી નાખ્યા. તે પછી

લાશને બાળી નાંખી. મૃત્યુ પહેલે એક વર્ષ સુધી કેદમાં રાખ્યા હતા અને પછી શહીદ કર્યા છે, અને કેદખાનામાંજ ‘લુમઆ’ નામની કિતાબ સાત દિવસમાં લખી છે.

# (૨૪) જનાબ મોહમ્મદ બીન યાકુબ કુલયની અઅલલ્લાહો મકામોહુનો અહવાલ.

એ જનાબનો લકબ 'સીકતુલ ઈસ્લામ' છે. એ જનાબે શરાએ મોકદ્દસના અહકામમાં 'કાફી' નામની કિતાબ વીસ વર્ષમાં લખી, તેમાં સોળ હજાર એકસોને નવ્વાણું હદીસો છે. એ જનાબ શીઆ મઝહબને તાજો કર્યો છે, તેઓની ઘણી ફઝીલત અને બુઝુર્ગી છે,

તેઓની બુઝુર્ગી માટે આ એક ચીજ બસ છે કે ‘રવઝતુલ જન્નત’ ને આધારે લખે છે કે તેઓની કિતાબ ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ) બતાવવામાં આવી તો હઝરતે ફરમાવ્યું ‘કાફીન લે શીઅ તેના’ એટલે ‘આ કિતાબ અમારા શીઆ માટે કાફી (બસ) છે.’ અને એ હઝરતે એ કિતાબ પસંદ કરી.

એ જનાબ ઈમામે હસને અસકરી અ.ની શહાદતના ૬૯ વર્ષ પછી હીજરી સન ૩૨૯માં ખુદાની રહમતે પહોંચ્યા છે, અને

ઈમામે હસને અસ્કરી અ. સન ૨૬૦ હીજરીમાં શહીદ થયા છે.

એક લાંબી મુદ્દત પછી બગદાદના કોઈ હાકીમે એ જનાબની કબરની ઈમારત જોઈને પૂછયું કે આ કબર કોની છે? કોઈએ કહ્યું કોઈ શીઆની છે. આ સાંભળીને તે હાકીમે કહ્યું કબર ખોદી નાંખો, જયારે ખોદાવી તો જોયું કે મય્યત સલામત છે, કફન પણ ખરાબ થયું નથી અને તેઓની સાથે એક બચ્ચું પણ દફન છે, તેનું અંગ પણ સલામત છે. પછી હુકમ કર્યો કે દફન કરી દો. અને ત્યાં એક કુબ્બો બનાવી દીધો.

બીજી કિતાબમાં એમ છે કે લોકો ઈમામે મુસીએ કાઝીમ અ.ની ઝીયારત બહુજ કરતા હતા. તેથી ગુસ્સે થઈ બગદાદના કોઈ હાકીમે એ જનાબની કબર ખોદી નાખવાનો હુકમ આપ્યો અને કહ્યું કે શીઆ કહે છે કે તેઓના ઈમામનું અંગ મર્યા પછી સડી જતું નથી, માટે હું ચાહું છું કે તેઓનું જુઠાણું જાહેર થઈ જાય, આ સાંભળીને તેના વઝીરે કહ્યું કે એ લોકો તો એમ પણ કહે છે કે તેઓના આલીમોની મય્યત પણ સડતી નથી અને તેઓના એક આલીમ ‘કુલયની’ અહીંયા દફન છે, ઈમ્તેહાન માટે તેની કબર

ખોદીને જુઓ તો બસ છે. તેણે કહ્યું ઠીક એમ કરો. એમ કહી આ જનાબની કબર ખોદાવી તો લાશ સડી ન હતી, કફન પણ બગડયું ન હતું, તે જોઈને ફરી દફન કરાવી એક મોટો કુબ્બો બનાવી આપ્યો અને તેઓની તાઅઝીમ કરવાનો હુકમ આપ્યો.

# (૨૫) જનાબ શેખ અલી બીન શેખ મોહમ્મદનો અહવાલ.

આ જનાબ જલીલુલ કદ્ર અને બુઝુર્ગ આલીમ હતા. આપની તસનીફ અને તાલીફ કરેલી સીત્તેર ઉપર કિતાબો છે. તે પૈકી 'દુર્રૂલ મનસુર શરહે ઉસુલે કાફી' નામની કિતાબ ખૂબજ મશ્હુર છે. આપના વાલીદ ઈરાક ગયા તે વખતે આપ ૬ વર્ષના હતા, આપે ૯ વર્ષની ઉમ્મરમાં

કુરઆને શરીફ ખત્મ કર્યુ , આપના ગામમાં આપને ઘણી મુસીબતો પહોંચી. આપની એક હઝાર કિતાબો બળી ગઈ. પછી ‘કરકે નુહ’ નામના ગામડામાં આવીને રહ્યા, ત્યાર બાદ પોતાના ભાઈ સાથે ઈરાક ગયા, તે વખતે આપની ઉમ્મર મુબારક બાર વર્ષની હતી. આપની વાલેદા આપને બહુજ પ્યાર કરતા અને ઉસ્તાદને ભલામણ કરતા કે આપને મારે નહી અને મેહરબાની રાખે. પછી પોતાના બાપદાદાના શાગીદો૦ તેમજ બીજાઓ પાસે ઈલ્મ શીખવા લાગ્યા.

આપના વાલીદ હીજરી સન ૧૦૩૨ અથવા ૩૩માં ખુદાની રહમતે પહોંચ્યા તે વખતે આપની ઉમ્મર ૧૬ વર્ષની હતી. અને તે વખતે આપ મકકા ગયા હતા. આપ લખે છે કે મારા ઉપર ખુદાની ઘણી મેહરબાની હતી અને મકકાની મુસાફરીમાં કેટલીક વિચિત્ર બાબતો બની તેમાંની કેટલીક નીચે મુજબ છે.

૧. શામથી સફર કરી તો પહેલી મનઝીલમાં હું એક ઉંટ પર સવાર હતો અને હાજીઓના ટોળાથી આગળ વધી ગયો અને ઉંટ પાછળ આવતા હતા, અમારો એક

રફીક હતો તેની પાસે એક નાની વયનો હીંદી ગુલામ હતો તે ઉંટ ઉપર સુતો હતો, રસ્તામાં મારી પાસે એક છુરી હતી તે પડી ગઈ અને એ ગુલામ પણ પડી ગયો. તેને એ છુરી મળી, તે તેણે ઓળખી તેથી ઉપાડી લીધી, બીજી મનઝીલમાં પહોંચ્યા ત્યારે તેણે મને આપી.

૨. બીજી એક મનઝીલે પહોંચ્યા, ત્યાંથી અમો આગળ વધી ગયા, અને કેટલોક સામાન ત્યાં ભુલી ગયા, તે સામાન પણ પાછળવાળા લાવ્યા.

૩. આગળ ચાલતાં રસ્તામાં મુસાફરીના સામાનની એક ચીજ પડી ગઈ, એક શખ્સ પગપાળા ચાલતો હતો તેને મળી તેણે મને આપી.

૪. મકકાની નજીક પહોંચ્યા તો હું સર્વેથી પહેલે હરમમાં ગયો અને તવાફે ઉમરાહ કરવા માટે ચાહ્યું તેથી પહેલે હરમની અતરાફ ફર્યો એટલે સુધી કે તવાફ વખતે ધ્યાનમાં રાખવાની જગ્યાને ઓળખી, તે વખતે ઈરાદો કર્યો કે તવાફ કરૂં ત્યાં જે શખ્સ લોકોને તવાફ કરાવતો હતો તે મારી પાસે આવ્યો અને બોલ્યો હું તને તવાફ

કરાવું? મેં કહ્યું શામનો રહેવાસી છું, મારી પાસે તને આપવા માટે દીરહમ નથી, એહરામના કપડાં સીવાય બીજું કાંઈ મારી પાસે નથી, માટે જો મફત તવાફ કરાવવો હોય તો કરાવ, નહી તો મને મારી હાલત ઉપર છોડી દે, આ સંભળીને તેણે મારી સાથે કજીયો કર્યો અને સખત શબ્દો બોલ્યો, ત્યાં બીજો એક શખ્સ આવ્યો અને તેને પાછળ ખેંચીને બોલ્યો આની સાથે ઝગડો કરીશ નહી, તે પોતે તવાફ કરશે. આ અને આના બાપે તારા જેવા અસંખ્ય માણસોને તવાફ કરાવ્યો છે, માટે તે પોતે તવાફ

કરશે, તે પછી મેં મારી સમજ મુજબ તવાફ કર્યો.

પ. મકકાથી પાછા ગયા તે વખતે રસ્તામાં નમાઝ પઢવા ઉતર્યા, ત્યાં તલવાર પાસે રાખીને નમાઝ પડયો અને ચાલતી વખતે ભુલી ગયો, મન્ઝીલ ઉપર ગયા પછી યાદ આવ્યું, તેથી હું તથા મારો રફીક તલવાર લેવા ગયા તલવાર જયાં પડી હતી તેની પાસેથી લોકો પસાર થતા હતા પણ કોઈએ લીધી નહી અને એમજ પડી હતી તે અમો લઈ આવ્યા.

૬. એક વખત 'શરહે લુમઆહ' નામની ફીકાહની અરબી કિતાબનો હું દર્સ આપતો હતો. એક શાગીદે૦ પૂછ્યું કે 'સદુકૈન' (બે સદુક) થી કોણ મુરાદ છે? મેં કહ્યું મોહમ્મદ બીન બાબવય તથા તેઓના ભાઈ, એ બંને ને સદુક કહે છે, પછી રાત્રે સુતો તો સ્વપ્નામાં પોતાના જદ શહીદે સાનીને જોયા. આપે ફરમાવ્યું, ઓ ફરઝંદ 'સદુકૈન' તે મોહમ્મદ બીન બાબવયહ અને તેઓના બાપા મળી એ 'બેસદુક' છે.

૭. મારા ગામમાં મારી બાકી રહેલી કિતાબો મેળવવા હંમેશા ખ્યાલ રહેતો, એક

વખત એક શખ્સને તેની મરજી મુજબ મજદુરી આપવાનું નક્કી કરી કિતાબો લાવવાનું નકકી કર્યું, અને ઈન્તેઝાર કરતો હતો કે હવે કયારે આવે ત્યાં એક સ્વપ્નામાં જોયું કે એક શખ્સ મારી પાસે આવ્યો અને તેની પાસે તબક (થાળ) હતો તેમાં માણસની છાતી હતી, તેને પછયું કે આ શું છે? તેણે કહ્યું મારા જદ શહીદે સાની શેખ ઝયનુદ્દીનનો સીનો (છાતી) છે, અને તેજ દિવસે લોકો આવ્યા અને મારી કિતાબો પણ આવી, પણ ઘણી કિતાબોની જીલ્દો

નીકળી ગઈ હતી અને કેટલીક તો ખરાબ થઈ ગઈ હતી.

૮. બીજી વખત સ્વપ્નામાં જોયું કે મારા જદ શહીદે સાનીને એક જમાઅતે પકડેલ છે, મેં પછયું શા માટે પકડયા છે? કહ્યું કે મારી નાખવા માટે, તે વખતે મેં કહ્યું કે એક વખત શહીદ કર્યા તે બસ નથી? કે હવે બીજી વખત શહીદ કરો છો? તે પછી ટુંકી મુદ્દતમાં ખબર મળી કે મારી બાકી રહેલી કિતાબો મારા ગામમાં કોઈએ બરબાદ કરી નાખી.

૯. એક વખત અમો ઈસ્ફેહાનથી બસરે જતા હતા, રસ્તામાં મેં સાંભળ્યું કે એક શખ્સ મારા વિષે ખરાબ વાતો કરે છે અને ઈજા આપવા ચાહે છે તે એક વખતે મળ્યો, તેથી તેને પૂછ્યું કે આ પ્રમાણે લોકો કહે છે તે ખરી વાત છે? તેણે કહ્યું હા ખરી વાત છે, અને જોજે ટુંક સમયમાં તારા ઉપર શું કરૂં છું, મેં પૂછ્યું શા માટે મારી સાથે આવી બદ સુલુકી કરવાનો વિચાર રાખ્યો છે? તેણે કહ્યું ઈસ્ફેહાનમાં તું હતો તે વખતે તેં મને કાંઈ આપ્યું નહી તેથી તેનું વેર લઈશ, આ સાંભળીને મેં કહ્યું હું ખુદા પાસે દુઆ

કરીશ કે તારા શરથી મને બચાવે, પછી તે પોતાની જગ્યાએ ગયો, ત્યાં તાવ આવી ગયો અને થોડા દીવસ પછી અમે બસરે ગયા ત્યાં તે મરી ગયો. ખુદાવંદે આલમે તેનો શર મારાથી દફે કર્યો.

૧૦. અમો એક વખતે બગદાદથી ઈસ્ફેહાન જતા હતા મારી સાથે ત્રણ કનીઝ અને ઓરત પણ હતી, એક મંઝીલ ઉપર પહોંચ્યા, તેને 'યાકુબયાહ' કહેતા હતા, ત્યાં હાકીમ તરફથી એક માણસ બહુજ ખરાબ મીજાજનો મુકરર્ર હતો, તે નહરને કીનારે બેસતો અને દરેક કનીઝ તેમજ ગુલામનું

દાણ (વેરો) બબે અશરફી લેતો હતો, અને દરેક ઉંટ માટે બબે અશરફી લેતો હતો. ઉપરાંત ઈજા પહોંચાડતો હતો. અમો નહેરની પાસે ઉતરી ગયા, તે દરેક ઓરતના હાથ તરફ નજર કરતો હતો કે આ કનીઝ છે કે નહી, અમોએ ખૈમો ઉભો કર્યો, તેમાં ઉતર્યા અને બે કનીઝને કજાવાની પાછળ છુપાવી. જયારે તે જોવા અને દાણ લેવા આવ્યો ત્યારે કહ્યું કે એકજ કનીઝ છે. પછી તે બીજા ખૈમામાં ગયો ત્યાં એક મરદ તેની ઓરત અને ગુલામ હતો. તે ઓરતે કહ્યું તને ત્રણ કનીઝ બતાવીએ

તો આ ગુલામનું દાણ મુકી દઈશ? તેણે કહ્યું હા, તેથી તે ઓરતે પોતાના મરદને સાથે આપી અમારા ખૈમામાં મોકલ્યો કે તે ત્રણે કનીઝ બતાવે, મને ખબર પડી તેથી હું ગભરાણો કે એક કનીઝ કહી છે તેને બદલે ત્રણ કનીઝો જોશે તો સખત ઈજા પહોંચાડશે, તેથી ઉંટ વાળાને કહ્યું કે બે ઓરતોની સાથે બે કનીઝોને પણ કજાવામાં બેસાડ તો આ વખતે આપણી આબરૂ રહે, તેણે કબૂલ કરીને બંને કનીઝોને બે ઓરતો સાથે બેસાડીને ઉંટ હાંકી મુકયો, તે શખ્સે આવીને જોયું કે ફકત એકજ કનીઝ છે તેથી

તે ઓરતના મરદને જોરથી લાકડી મારી પાછો ગયો અને તે ઓરતના ગુલામને છીનવી લીધો, અને બોલ્યો તેં ખોટી વાત કરી, તે ઓરતે કહ્યું ખોટી વાત નથી, ખરી વાત છે. પણ તેણે ઓરત ભેગી કનીઝોને બેસાડીને રવાના કરી દીધી છે. આ સાંભળીને તે શખ્સ ઉંટની પાછળ ગયો અને તપાસ કરી પણ ખુદાએ તેને આંધળો કર્યો અને બે ઓરત સીવાય કાંઈ જોયું નહી તેથી પાછો આવ્યો. તે ત્રણ માઈલનો રસ્તો કાપીને આવ્યો હતો, તેથી તે ઓરત ઉપર ગુસ્સે થયો. છેવટે મહા મહેનતે તે ઓરતે

દસ કુરૂશ (ચલણી નાણું) આપીને તે ગુલામ પાછો લીધો અને બગદાદની હદમાં એવીજ રીતે બનાવ બન્યો અને દરેક જગ્યાએ અમો ખુદાની મેહરબાનીથી બચી ગયા.

૧૧. એક વખત એક શખ્સ માટે ઈસ્તેખારો જોયો તો આ આયત નીકળી ‘યા ઈબ્રાહીમ અઅરીઝ અન્હાઝા’ (અય ઈબ્રાહિમ આથી મોંઢું ફેરવ) પછી મેં તેનું નામ પૂછ્યું તો કહ્યું ‘ઈબ્રાહીમ’ નામ છે.

આ જનાબના ફરઝંદનો અજબ અહવાલ લખ્યો છે કે તે વાંચીને ગાફીલ જાગૃત થાય અને ઉમદા નસીહત હાસીલ

થાય, એ જનાબ પોતાની કિતાબ દુર્રતુલ મન્સુરમાં લખે છે કે અરે એ ફરઝંદોની જુદાઈ અને ગમમાં મારૂં દિલ કેમ ન બળે? અને કેમ ન સળગી ઉઠે? કે તે મારા કલેજાનો એવો ટુકડો હતો કે તેને ઉમ્મરની શરૂઆતથી તે છેલ્લા દમ સુધી કોઈ વખત રમત ગમતમાં મશગુલ જોયો નહી અને અદબ વીના જોયો નહી. કોઈ વખત મારી સામે વાતો કરતાં જોતો નહી અને જયારે મારી સાથે વાત કરતો ત્યારે એવો ગભરાતો કે તે બોલે ત્યારે તો કાંઈ સમજાતું નહિ, અને કાંઈ ચીજ જોવે તો મારી પાસે

પોતે માગતો નહી, બલકે કોઈના દ્વારા કહેવરાવતો હતો, જયારે દસ વર્ષની ઉમ્મર થઈ ત્યારે નમાઝે શબ (તહજજુદની નમાઝ)ની આદત પડી, તે હંમેશા મારી પાસે શરાયેઅ, અલફીયા વીગેરેનો સબક લેતો હતો અને શરાયેઅ તેણે પોતાને હાથે લખી લીધી, અને માહે રમઝાનની તમામ રાતોમાં જાગતો હતો, અને ઈબાદતમાં મશ્ગુલ રહેતો હતો, કુરઆન પડતો અને દુઆ માંગતો, તેને કેટલાક બચ્ચાં હોવા છતાં તેને ખર્ચ માટે હું જરા તંગીથી આપતો પણ તે કોઈ પાસે શિકાયત કરતો

ન હતો, અને તેને ખર્ચ કરવા તંગીથી આપતો તેથી મારો હેતુ એ હતો કે તેને કિનાઅત (સંતોષ)થી રહેવાની આદત પડે, જ્યારે લોકો પાસે બેસે ત્યારે હયાના સબબથી બોલવામાં પહેલ કરતો ન હતો, બલ્કે ચુપ બેસી રેહતો હતો, આઠ વરસની ઉમરમાં એક વખત મને પુછ્યું કે બાલીગ થવા પહેલાં જે બચ્ચાં મરી જાય તે જન્નતમાં જતા હશે? મેં કહ્યું: હા! તેણે કહ્યું: દુઆ કરો કે બચપણમાં મને ખુદાએ તઆલા ઉપાડી લે કે તેથી બેહીશ્તમાં જાઉ. તે વખતે મેં કહ્યું: મોટી ઉમરવાળા નેક

અમલ કરે તો તેઓ પણ બેહીશ્તમાં જશે, અને તે બહુજ કમસુખન ઓછા બોલો હોવાથી હું સમજ્યો કે તે બોલવામાં અશકત છે, પણ એમ ન હતું. કેમ કે જ્યારે સબક પડતો ત્યારે તેજ તલવારની ધાર કરતાં પણ વધારે જીભ ચાલતી હતી, કોઈ વખત તેનાથી મેં કોઈની પણ ગીબત સાંભળી નથી. માહે રમઝાનમાં હું તેની પાસે જતો તો મારા આવવાની અવાજ સાંભળીને કુરઆન અને મુસલ્લો ઉપાડી લેતો ત્યારે હું કહેતો હતો કે આ ઈબાદતની રાત છે કેમ ચુપ બેઠો છે? તો શરમ અને

હયાના સબબથી કાંઈ પણ કહેતો ન હતો અને માથું નીચું નમાવી લેતો. પણ તેની ઔરત કહેતી કે તે ઈબાદતમાં મશ્ગુલ હતા, પરંતુ તમે આવ્યા એટલે ચુપ થઈ ગયા.

અવલાદમાં ખુદાએ તેને એક દીકરો આપ્યો. અને તે નાની ઉમ્મરમાં ગુજરી ગયો, હું તે છોકરા માટે બહુજ રડયો, તે થોડું રડયો અને ખુદાની મરજી ઉપર રાજી રહેવાની નિશાની તેનાથી જાહેર થતી હતી. તે પછી તેને ખુદાએ ત્રણ દીકરી આપી. જ્યારે દીકરી પેદા થતી ત્યારે ખુશ થતો

અને પોતાની પત્નીને કહેતો કે આપણા સવાબમાં વધારો થયો, અગર કોઈ છોકરી કાંઈ માગતી તો તરત બજારમાં જઈને લાવતો.

મારા ઘરમાં ઘોડો હતો અને મને તેની જરૂરત ન હોવા છતાં તે ઘોડા ઉપર બેસતો ન હતો. ઘરનો ખર્ચ લેવાનો વખત આવે તે વખતે પોતે માંગતો નહીં પણ ખાદેમા અથવા બચ્ચાને કહીને મંગાવતો.

નસીહત રૂપે હું ભલામણ કરતો હતો કે વધારે વાપરવું નહીં, તો ચુપ રહેતો અને કોઈ વખતે એમ કહેવરાવતો કે આપ પણ

બાલ બચ્ચાવાળા છો તેથી ખર્ચનો હિસાબ જાણતા જ હશો.

જ્યારે બાવીસ વરસની ઉમર થઈ ત્યારે મારી પાસે ઈમામે રઝા(અલય્હિસ્સલામ)ની ઝિયારત કરવા જવાની રજા માંગી. મેં કહ્યું: તારી જુદાઈની મને તાકત નથી માટે હાલ સબર કર. ઈન્શા અલ્લાહ આગળ આપણે બંને સાથે જઈશું. પછી તેણે કહ્યું: કુરઆનમાં મેં ફાલ જોયો તો આ આયત નીકળી કે ખુદા ફરમાવે છે કે ‘ફલનઅબ્ર હલ અર્ઝ હત્તા યા અઝનલી અબી, અવ યહકોમલ્લાહોલી,

વહોવ ખયરૂલ હાકેમીન'(આ આયત હે. યુસુફ (અલય્હિસ્સલામ)ના અહેવાલમાં આવી છે તેનો ખુલાસો એ કે જ્યારે હ. યુસુફ (અલય્હિસ્સલામ) મીસરના બાદશાહ થયા અને તેઓના ભાઈઓ અનાજ લેવા ગયા અને હ. યુસુફે મસ્લેહતથી પોતાના ભાઈ બીનયામીનને પોતાની પાસે રાખ્યા અને બીજા ભાઈઓએ તકરાર કર્યો અને છેવટે હારી ગયા અને પાછા જવા લાગ્યા તે વખતે તેઓમાંના મોટા ભાઈએ જે કહ્યું તે આ આયતમાં છે તેનો જાહેરી તરજુમો એ છે કે "મારા બાપ રજા નહીં આપે ત્યાં સુધી

હું અહીંયાથી હરગીઝ નહીં જાઉં અથવા મને ખુદા હુકમ કરે તો જાંઉ અને તે તમામ હુકમ કરનારાઓમાં શ્રેષ્ઠ હુકમ કરનાર છે”.)

આ આયતથી મેં જવાની રજા આપી નહીં અને થોડા દિવસ પછી તે બિમાર થઈ ગયો અને આઠ દિવસ બિમાર રહીને ખુદાની રહમતે પહોંચ્યો, તે પછી તેની લાશ ખુરાસાન મોકલી અને થોડી મુદ્દત પછી તેના કાકાના દીકરા ભાઈએ તેને સ્વપ્નામાં જોયો, તે કહે છે કે તેણે મારા ઘરે આવીને દરવાજો ખટખટાવ્યો તેથી હું બાહેર નીકળ્યો તો જોયું કે તેઓ ઉમદા

ઘોડા ઉપર સવાર છે મેં કહ્યું: અંદર આવો, તેણે જવાબ આપ્યો કે હવે તમારૂં આ ઘર મને પસંદ આવતું નથી કેમકે હું જે ઘરમાં રહું છુ તે ઘર મોતી અને હીરાથી બનેલું છે, હું તમારી પાસે ફકત એટલાજ માટે આવ્યો છું કે મુલ્લા અફઝલની એક કિતાબ વાંચવા માટે લાવ્યો હતો, તે બિતાબ મેં તેને આપી નથી માટે પાછી આપજો અને પેટીમાં ફલાણી ચીજ છે તે તેના કહેવા પ્રમાણે નીકળી.

એ છોકરાનો જન્મ હીજરી સન ૧૦૫૬, ઝીલ્હજ મહીનાની ૧૮મી તારીખે

શનીવારના થયો હતો. અને વફાત હીજરી સન ૧૦૭૮ ઝીલ્હજ મહીનાની ૨૨ મી તારીખ થઈ છે, વફાતના બે વરસ પહેલાં તેનો એક છોકરો આઠ વરસની ઉમરનો ગુજરી ગયો.

અલ્લામા હાજી ગુલામઅલી હાજી ઈસ્માઈલ (હાજી નાજી) સાહેબ આ કિતાબની પ્રથમ આવૃત્તિ પહેલી માહે ઝીલ્કાદ હી.સ. ૧૩૪૭માં પ્રસિધ્ધ કરી હતી.

અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું :

"આગાહ રહો ! કે હું તમને જણાવું છું કે ખરો આલિમે દીન કોણ છે, તે એ છે જે લોકોને અલ્લાહની રહમતથી નિરાશ ન કરે અને ન એમને અલ્લાહના અઝાબથી નિડર બનાવે. અલ્લાહની નાફરમાનીઓની લોકોને રજા ન આપે. પોતાની દુન્યવી ઇચ્છાઓ અને વલણને કારણે કુરઆનની (ચિંતન-મનન ભરી) તિલાવતને ત્યાગી ન દે.

ખરેખર તે ઇલ્મમાં કોઇ નેકી નથી જેમાં શાણપણ ન હોય અને કુરઆનની એ તિલાવતમાં કોઇ બેહતરી નથી જેમાં

ચિંતન-મનન ન હોય. જાણી લ્યો કે એ ઇબાદતમાં કોઇ ફાયદો નથી જેમાં (ઇબાદતના મૂળ ઉદ્દેશ બાબત) કોઇ કાળજી ન હોય."